૪૬૩

કુમાર

સંસ્થાપક

રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું જ્ઞાન સંસ્કાર અને ચારિત્ર્યઘડતરનું એકલું માસિક · વર્ષ ઓગણચાલીસમું અંક સાતમો · જુલાઈ ઓગણીસો બાસઠ



ચીનમાં માઇચીશાન ખાતેની ગુફાઓમાં
એક બૌદ્ધ મૂર્તિની પાછળના આભામંડળ

અનુક્રમણિકા

જુલાઈ ૧૯૬૨ · અંક ૪૬૩

ચિત્રો

ચીનમાં માઈચીશાનની કિન્નરી		પૂંઠું
રાધાકૃષ્ણ (કાંગરા કલમ)		પૃ. ૨૪૯ સામે
સફેદ ઘોડી · ગુલામ મોહમ્મદ શેખ		પૂર્ણરંગી મુખચિત્ર
વણઝારો · પિરાજી સાગરા		પૂર્ણરંગી ચિત્ર પાછલી પ્લેટ
સંસાર સોપાન · ફોટો : ઝવેરીલાલ મહેતા		પાછળની પ્લેટ

કાવ્યો

ફૂલ	લાભશંકર ઠાકર	૨૫૦
ગયાં રે	જશવંત લ. દેસાઈ	૨૫૦
ગઝલમાં જીવન જડે	શેખ પેઈન્ટર	૨૫૦
નવા ફ્લેટમાં પ્રથમ દિવસે	ચિનુભાઈ મોદી	૨૫૦
ખાલી કરેલું ઘર દૂરથી જોતાં	ચિનુભાઈ મોદી	૨૫૦
પ્રવેશ	ગીતા પરીખ	૨૫૦
શી જરૂર?	'ચાતક'	૨૫૦
વગડામાં	મુકુન્દરાય વિ. પારાશર્ય	૨૫૦

ચરિત્ર

સ્વ. વિલાયતહુસેનખાં	હૃષિકેશ પાઠક	૨૫૧
સ્વ. છબિ વિશ્વાસ	અત્રિકુમાર ભટ્ટ	૨૫૨
જીવનપટનાં સ્મૃતિચિત્રો (આત્મકથાનક-૭)	રવિશંકર રાવળ	૨૫૭
મસ્ત કવિની જનેતા (સત્યકથા-૨)	મુકુન્દરાય વિ. પારાશર્ય	૨૫૯

વાર્તા

ત્રિમૂર્તિ	રોહિત પંડયા	૨૫૫

લેખો

બળદ-પાડા (ભારવાહક જાનવરો-૧)	અવંતીલાલ વસાવડા	૨૬૧
ગણિત સરળ બનાવો	માધવજી નરસી દેવળિયા	૨૬૩
વનસ્પતિનાં તેલ (આહાર અને આરોગ્ય-૩૧)	ડૉ. શિવપ્રસાદ	૨૬૪
ફ્રેન્ડશિપ-૭		૨૬૭
ફટકડી (ઘરગથ્થુ ઔષધ-૭)	લાભશંકર ઠાકર	૨૬૯/૩
શતરંજ	સુરેશ મોદી	૨૬૯/૬
પ્રિસ્ટલ (રંગગઠરિયાં-૧૯)	ચન્દ્રવદન ચી. મહેતા	૨૭૪

વિભાગો

વાચકો લખે છે	૨૪૯
જીવી જાણનારા	૨૫૪
ટિકિટસંગ્રહ : રશિયન ટિકિટો	૨૬૬
કલાવાર્તા (કુ. શીલા રાવ, ગુલામ મોહમ્મદ શેખ)	૨૬૯/૧
કંકાવટી (જેન એડમ્સ)	૨૬૯/૫
સાહિત્યસંપર્ક (શબ્દકથા : ભલું)	૨૭૦
પચ્ચીસ વર્ષ પહેલાં	૨૭૮
માધુકરી (સ્વ. વિધાનચંદ્ર રાય અને સ્વ. ટંડનજી)	૨૮૨
બાઈસન	૨૮૨
આ માસ ઇતિહાસમાં (વ્ય. વિ. : હેન્રી ડૅવિડ થોરો)	૩૮૭
છેલ્લું પાનું	૨૮૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

વાચકો લખે છે.

આ વિભાગ માટે હિતકારક ચર્ચા ઉપરાંત નવી શોધખોળ, જ્ઞાનદાયી સામગ્રી કે અભિનવ મુદ્દાઓ ઉપરાંત ખાસ મોકલેલી સાહિત્ય કે કલાની સર્જનાત્મક કૃતિ પણ ચોક્કસ કક્ષા અને મર્યાદામાં આવી શકશે.

★ '૧ થી ૧૦૦ સુધીના અંકોનો સરવાળો કરી લાવો.'—જર્મનીની એક પ્રાથમિક શાળાના શિક્ષકે, પોતાના કાર્યમાં ખલેલ કરતા વિદ્યાર્થીઓને કાર્યરત રાખવાના ઉદ્દેશથી કહ્યું—એ ધારણાથી કે વિદ્યાર્થીઓ બેત્રણ કલાક માથાફોડ કરશે. આજ્ઞાંકિત છાત્રોએ શરૂઆત કરી: 'એક ને બે ત્રણ, ને ત્રણ છો, ને ચાર…' પણ એક બાળકે વિચારપૂર્વક લખ્યું.

માગેલો સરવાળો = ૧ + ૨ + ૩ +……..+ ૯૮ + ૯૯ + ૧૦૦
માગેલો સરવાળો = ૧૦૦ + ૯૯ + ૯૮ +……..+ ૩ + ૨ + ૧

૨× (માગેલો સરવાળો) = ૧૦૧ + ૧૦૧ + ૧૦૧ +……+ ૧૦૧ + ૧૦૧ + ૧૦૧

તેણે વિચાર્યું. કે આ પ્રમાણે ૧૦૧ સો વખત ઉમેરાય છે એટલે ૧૦૧×૧૦૦ થાય; અને આ મેળવતાં ૧ થી ૧૦૦ સુધીના આંકડા બે વખત વપરાયા છે, માટે ૧ થી ૧૦૦ સુધીનો સરવાળો = ૧/૨ × ૧૦૧ × ૧૦૦ = ૫૦૫૦ થાય. દસ મિનિટમાં તેણે સાચો જવાબ શિક્ષક સામે ધર્યો. આ રીતની ખબર તો ખુદ શિક્ષકને યે ન હતી. તેને આ બાળકમાં ભાવિનો કોઈ મહાન ગણિતજ્ઞ દેખાયો. મોટો થતાં એ વિખ્યાત ગણિતજ્ઞ ગૉસ તરીકે પ્રકાશી ઊઠયો.

'કુમાર'માં આવા એકથી અનેક અંકો સુધીના સરવાળાની રીતો આવી ગઈ, સરળ છે.

પણ જૂન અંકમાં શ્રી લાદીવાળાએ આપેલું આવા સરવાળાનું સૂત્ર સાચું નથી. એમણે જણાવ્યા પ્રમાણે ૧૨+૧×૧૨/૨=૧૮ થાય, ૭૮ નહિ. ખરી રીતે એ સૂત્ર આ પ્રમાણે મુકાય: ૧૨/૨ (૧૨+૧)=૭૮. તે જ પ્રમાણે બીજું ઉદાહરણ પણ એ સૂત્રાનુસાર ૧૩/૨ (૧૩+૧)=૯૮ એ રીતે મુકાય.

આ તો માત્ર ૧થી અમુક અંકો સુધીના સરવાળાની વાત થઈ. પણ ધારો કે ૬૧ થી ૮૯ સુધીનો સરવાળો કરવો હોય તો? એક રીત તો સૂત્ર નં. ૧ પ્રમાણે ૧ થી ૮૯ના સરવાળામાંથી ૧ થી ૬૧નો સરવાળો બાદ કરવાની છે. બીજી રીતે, પહેલી ને છેલ્લી રકમના સરવાળાને એ બે રકમોના તફાવતમાં એક ઉમેરી પ્રાપ્ત થતી સંખ્યા વડે ગુણીને બે વડે ભાગવાથી માગેલો સરવાળો મળશે. સૂત્રાનુસાર:

(૮૯+૬૧)(૮૯−૬૧+૧)=૨૧૭૫ ૧/૨ થાય.

(કલકત્તા) —'કચટતપ'

જૂન અંકમાં શ્રી 'કચટતપ' એ 'ગણિત-ગમ્મત'ની બતાવેલી ભૂલ વાસ્તવમાં વિભાજ્યતા ચકાસવાના નિયમની નથી, પરંતુ શ્રી 'કચટતપ'નો જ સમજફેર છે. 'એકી અને બેકી અંકો'નો અર્થ તે સમજ્યા જ નથી. અહીં 'એકી' એટલે 'એકી સ્થાનવાળા' અને 'બેકી' એટલે 'બેકી સ્થાનવાળા' એમ અભિપ્રેત છે. એમણે આપેલાં દૃષ્ટાંતોમાં પણ નિયમ-૯ સાચો જ ઠરે છે. ૧૧૧૪માં એકી અંકોનો સરવાળો ૧+૧+૪=૬ જે બેકી અંકોના સરવાળા ૧+૧=૨ના બરાબર થતો નથી. બીજા દૃષ્ટાંતમાં એકી અંકોનો સરવાળો ૧+૩=૪= બેકી અંકોનો સરવાળો ૩+૧ થાય છે. માટે ૧૧ વડે ભાગી શકાય છે.

(રાધનપુર) —નિરંજન ઠક્કર

ઉપરાંત શ્રી પુ. મા. બુધેલિયા (અમદાવાદ) શ્રી ધીરુભાઈ દોશી (શારદાગ્રામ) અને શ્રી રતિલાલ કેશવલાલ ભટ્ટ (ભાવનગર).

★ શ્લોકોમાં જે પ્રશ્નો કર્યા હોય તેના જવાબ તેમાંથી જ નીકળે તેવી રચનાને અંતર્લાપિકા કહે છે. સંસ્કૃત સાહિત્યમાં આવા અનેક શ્લોક છે. નીચે તેવી રચના બતાવી છે:

कस्य मरौ दुरधिगमः
कमले कः कथय विरचितावापः ।
कैस्तुष्यति चामुण्डा
रिपवस्ते वद कुतो भ्रष्टाः ॥

"મારવાડમાં 'કસ્ય' (શેની) તાણ છે? કમલમાં રહેનાર 'કઃ'(કોણ)? ચામુંડા 'કૈઃ'(શાથી) ખુશ થાય છે? તારા શત્રુ 'કુતઃ' (કયાંથી) ભ્રષ્ટ થાય છે? આમાં પ્રશ્નસૂચક જ શબ્દો છે. તેમાં જ તેનો ઉત્તર સમાએલો છે. 'કસ્ય' એટલે પાણી, મારવાડમાં પાણીની તાણ છે. 'કઃ' એટલે બ્રહ્મા. તે નારાયણના નાભિકમળમાં રહે છે. 'કૈઃ' એટલે મસ્તકોથી ચામુંડા પ્રસન્ન થાય છે. 'કુતઃ' એટલે પૃથ્વીથી શત્રુ ભ્રષ્ટ થાય છે—મરી જાય છે."

सन्तश्च लुब्धाश्च महर्षिसंघा
विप्राः कृषिज्ञाः खलु माननीयाः ।
किं किं समिच्छन्ति तथैव सर्वे
नेच्छन्ति किं माधवदाघयानम् ॥

"સંતો, લોભી, મોટા ઋષિઓનો સમાજ, બ્રાહ્મણો, ખેડૂતો અને અભિમાની પુરુષો શી શી ઇચ્છા કરે છે તથા શું નથી ઇચ્છતા? એ બધા પ્રશ્નોનો ઉત્તર છે 'માધવદાઘયાન'. આમાં આરંભથી એક એક અક્ષર લઈ તેમાં છેલ્લો અક્ષર મેળવતાં જવાબો મળે છે:

માનં–સંતજનો માનને ઇચ્છે છે.
ધનં–લોભી ધનને ઇચ્છે છે.
વનં–ઋષિઓ વનને ઇચ્છે છે.
દાનં–બ્રાહ્મણો દાનને ઇચ્છે છે.
ઘનં–ખેડૂતો ઘન (વરસાદને).
યાનં–અભિમાની યાન–ગાડીને.

–પરંતુ સર્વે જનો માધવ એટલે વૈશાખ મહિનાના તપેલા રસ્તા પર જવાને ઇચ્છતા નથી.

'કુમાર'માં અગાઉ જે શ્લોકો છપાએલા તે આગળપાછળ સરખા વંચાતા હતા. તેવી રચનાને 'સર્વતોભદ્ર બંધ' કહેવામા આવે છે અને આવી અસાધારણ ચમત્કારવાળી અક્ષરરચનાને ચિત્રકાવ્ય કહે છે. આવા શ્લોકો:

यदानतोऽयदानतो नयात्ययं न यात्ययम् ।
शिवेहितां शिवेहितांस्मरामितां स्मरामि ताम् ॥

'જે નીતિના માનથી આ માણસ નીતિને છોડતો નથી, કેમકે એ નીતિ વડે જ એનું શુભ કરનારાં કામો થવાથી મંગળ ને હિતકારક, મહાદેવે પણ ઇચ્છવા જેવી અને કંદર્પ (કામદેવ) કરતાં પણ વિશેષ સુંદર છે. માટે તે (નીતિ)નું હું સ્મરણ કરું છું.'

(અનુસંધાન પૃષ્ઠ ૨૭૨મે)

ખરે નયન ઊઘડયાં

· પૃથ્વી ·

ખરે નયન ઊઘડયાં, પરમ ભાગ્ય મારાં ખુલ્યાં.
કહો કહીં જઈ કહું જીવનનો મહાનંદ એ?
કુટુંબ વસુધા બન્યુ–જગત આખુ હાસ્યે ભર્યું,
ચહ્યું સુખ તમામનું, જીવ અજીવનું સર્વનું.
તટસ્થ ભરી ભાવ સ્વાર્થભર વિશ્વ ઝંઝટમાં
મથ્યો સતત જીવવા જીવન શુદ્ધ સંસ્કારનું!

બધા કૃપણ પક્ષથી પર રહી વરમ્ પામવા
ઉદાર ફિલસૂફીમાં જીવનને વણી હું રહ્યો.
બધે જ જન આપણા પરમ વિશ્વ બંધુત્વના
કણો જ પથરાયલા અવર ભેદ જાણ્યો નહીં.

વધો: 'જગતમાં ઘણુંક ઘણું મિષ્ટ માધુર્ય છે.
અહો! કુદરતે ભર્યો વિપુલ ઓઘ સૌંદર્યનો!'
ગ્રહી કલમને અમૂર્ત જગને કર્યું મૂર્ત મેં.
થઈ પરમ તૃપ્તિ કે સત તણું થયું દર્શન!

(ભાવનગર) —અનિરુદ્ધ પી. દેસાઈ



રાધા-કૃષ્ણ
કાંગડા કલમ

ભારત સરકારના ફિલ્મ્સ ડિવિઝન તરફથી આપણી પ્રાચીન લલિતકલાના સુંદર અને સમૃદ્ધ વારસાનો પરિચય કરાવતી જે દસ્તાવેજી ફિલ્મો અવારનવાર બહાર પડતી રહે છે તેમાં 'રાધા-કૃષ્ણ'ના વિષય પર એક કવિતામય ચિત્ર ઊતરેલું. એમાં રાધાકૃષ્ણના પ્રણય-જીવનના કાવ્યને પહાડી-રાજપૂત શૈલીનાં મનોહર અને લાવણ્યભર્યાં ચિત્રો વડે જ નિદર્શિત કરેલું એ ફિલ્મમાં વપરાએલાં એવાં અનેક ચિત્રરત્નોમાંનું આ મધુર ચિત્ર પંખીના ટહુકાર ને પુષ્પોની સૌરભથી રમણીય બનેલી લલિત કુંજમાં કૃષ્ણના અંકમાં પોઢેલી લાવણ્યવતી રાધાનું દર્શન કરાવે છે.



સફેદ ઘોડી
કલાકાર ગુલામ મોહમ્મદ શેખ

કલાકારે જાતે આપેલો પરિચય આ અંકમાં 'કલાવાર્તા' વિભાગમાં વાંચો

બ્લૉક ગુજરાત રાજ્યના સૌજન્યથી

ફૂલ

· મિશ્ર ·

ને સાંજરે ઓસરતા હિરણ્યના
ક્ષણિકના પ્રોજ્જ્વલ સ્પર્શથી અશી
કંપી ઉઠેલી પીઠ એ હળુહળુ
તળાવની;
છે મુજને ય યાદ તો :
મોડો પડ્યો'તો જરી હું
અને પછી
જોયું નીચે, મોહક દેહયષ્ટિના
ગ્રીવાપ્રદેશે અતિ ગૌર, અંગુલિ
તણો જરા સ્પર્શ થતાં જ ચંચલા
વહી હતી શી તુજ પીઠકંપને.
વેણી થકી ફૂલ ગયું હતું નીચે.

એ ફૂલને મેં ધૂળથી ઉપાડીને
ફરી યથાસ્થાન ચહ્યું જ મૂકવા.
તેં હાથમાંથી પણ એ પડાવીને
આંખો મહીં, રેશમશા કપોલમાં
ગુલાબના કંપનને રચીરચી
રે માહરા ગાજ મહીં જ ગોઠવ્યું.

હા, ઊંચકી ચિબુકને, તને ય મેં
રે ફૂલ અર્પ્યું મુજ પ્રીતિનું ચુવા.
ને અંજલીમાં અધરોષ્ઠની કશો
સ્વીકાર એનો કીધ તેં મધુમયી
વિકંપિતા.
વાયુ વિષે વહી ગઇ
પ્રારબ્ધના. વર્ષ અનેક એમજ
વસંતના વૈભવમાં, હું ફૂલમાં
જીવી ગયો ફર્જ ચૂકયા વિના સખિ.

આજે હવે આયુષના લયે, ફરી
મને થતો કંપિત સ્પર્શ ફૂલને
ભરાવતી અંગુલિનો હિયા મહીં.
અને તને મૃત્યુમયી હું અર્પતો
અસ્તિત્વનું આ ફૂલ, ને ધીમેધીમે
તારા વિષે ઓગળીને ભળી જતો.

લાભશંકર ઠાકર

ગયાં રે...

· શિખરિણી ·

ગયાં રે એ ભોળાં શિશુ સહુ ફરીથી નિજ ઘર,
(હશે જોતાં ગાડી થકી તરુ, નદી મુગ્ધ નયને.)
(હશે રોતાં બારી સમીપ લહવા સ્થાન ઝગડી.)
ગમે ત્યાં હોશે એ બસ નિજનું ધાર્યું જ કરશે!

અહીં યે આ ગેહે દિવસ કંઈ વાસંતી પવન
સમાં કૂદ્યાં ખેલ્યાં, કદીક વળી વંટોળ બનીને
મધુરું વાત્સલ્ય ક્ષણ કરી રહ્યાં સ્હેજ વસમું,
કદી પામ્યાં ચૂમી, કદી ધમકી, કયારેક ટપલી.

હતાં જિદ્દી, કિંતુ શિશુ કયું નહિ હોય હઠીલું?
(અરે! એકે યે ના શિશુ જગમહીં હો કદી વ્હીલું.)
અને ભોળાં યે શાં! વીસરી કદી કૈં દીધ ઠપકા,
ગયાં વિંટાઇને ચરણ, 'કયમ આવો ન?'–વદતાં!

હવે ખાલી ખાલી ઘર વિજન વેરાન સરખું,
દ્રવીને ત્યારે હા! છલકી જતું રે અંતર કશું!

જશવંત લ. દેસાઇ

ગઝલમાં જીવન જડે

· ગઝલ ·

દિલ તારા ઇન્તેઝારમાં એવું ઉદાસ છે,
જાણે કે પ્યાસ છે ને મદિરા ખલાસ છે.

એને પૂનમનો ચાંદ કયામતનો કેર છે,
વિરહમાં જેને બીજના દર્શનથી ત્રાસ છે.

જાહોજલાલી એની નથી નાશ પામતી,
જેનું છે દિલ અમીર, ફકીરી લિબાસ છે.

આંખોની હર પસંદગી દિલમાં ગમે નહીં;
આંખોમાં અંધકાર છે, દિલમાં ઉજાસ છે.

એને દિશાસૂચનની જરૂરત નહીં રહે,
જે માનવીનો પ્રેમને પંથે પ્રવાસ છે.

આંસુ ન લાવ આંખમાં, ડૂબી મરીશ હું;
તારી નજરમાં જ્યાંસુધી મારો નિવાસ છે.

સમજણ પડે તો 'શેખ' ગઝલમાં જીવન જડે
સમજી નહીં શકો તો એ વાણીવિલાસ છે.

શેખ પેઈન્ટર

નવા ફ્લૅટમાં પ્રથમ દિવસે

· શિખરિણી ·

અહીં જુદો મારો રૂમ પણ મળ્યો–જે તટ કને
નદીના, એથી તો અનિલ મદમાતો વહી વહી
બધે—આખા ફ્લૅટે નિજ મધુર બંસી બજવશે;

વળી જૂના પેલા ઘરથકી અહીં તો ઘણી બધી
વધારાની પામ્યાં સગવડ: જુદો બાથરૂમ છે;
રસોડું યે ખાસ્સું બૃહદ; ઢળતાં સાંજ પલ એ
અગાશીએ ગાળ્યે દિવસભરનો થાક હળવો
કરી લેવો યે છે સહજ; 'બસ'ના, સાઈકલના
ખટારા 'રિક્ષા'ના નહિ પજવતા પાછળ પડે
અવાજો; શો-રૂમે લટકતી છબીઓ; કબૂતરું
મૂકયું જતું રહ્યું; ફરનીચરમાં એ જ મુજની
પુરાણી નાની શી ખુરશી, ઢળતું મેજ; નવીન
કશું ના, તો યે ત્યાં દીપી બધું ઊઠે થૈ અવનવું.

ગયો આખો દા'ડો વીતી હરખભેરે, પણ કહું?
મને આ લાગ્યું ના 'મુજ ઘર' હજી.........!

ચિનુભાઈ મોદી

ખાલી કરેલું ઘર દૂરથી જોતાં

· મંદાક્રાન્તા ·

ત્રીજે માળે અધખૂલી દીઠી એક બારી; પ્રવેશ્યું
ત્યાંથી મારું મન ભીતર.........

મારી એકે રહી નહિ નિશાની, છબી ના; ન સોફા;
છુટ્ટા, વાયુ સહ રમત ખેલ્યા કરે કાગળો ના;
અર્ધા ખુલ્લા પઠન કરતા એમ ને એમ મૂકયા
ગ્રંથો યે ના; કપ નહિ; વધી ચા પરે બાઝતી ના
માખો; તેજે રજનીભર વાંચ્યું ન એ લૅમ્પ; રાત્રે
એકાંતોમાં સતત ધબકી શાંતિમાં સાથ દેતો
ડબ્બો જૂનો પણ નથી ઘડીનો અહીં; ના રહ્યાં છે
વસ્ત્રો મારાં ઝૂલી વળગણીએ; ન કૅલૅન્ડરે છે
જેમાં જાતાં ગિરિધર થઇ બ્હાવરી રાધિકાની
ખેંચી લીધી મનભર છબી.........

વાયુલ્હેરે, અધખૂલી રહેલી વસાતાં જ બારી
પૂરાએલું મુજ મન મૂકી ચાલવાને મથું હું.

ચિનુભાઈ મોદી

પ્રવેશ

ગૂંથી લઇ માતની આંગળીમાં
ટચૂકડી કોમલ એની અંગુલિ
પ્રવેશતો બાળક દ્વારમાં;—લહું
ભાવી અહીં સાંપ્રત સંગ આવતો.

ગીતા પરીખ

શી જરૂર?

સર્વને ટૂંકા જ ગજથી માપવાની શી જરૂર?
અન્યને નાનો ગણી, મોટા થવાની શી જરૂર?
તારી પગદંડી અલગ પાડી શકે છે, તો પછી
કોઇનાં પગલાંની રેખા ભૂંસવાની શી જરૂર?

'ચાતક'

વગડામાં

· સ્રગ્ધરા ·

એવો વાયો વસન્તે પવન લલિત કે ફૂલ ને પલ્લવોને
સોંપીને વાયુ સંગે ચકર કુદરડે ઝાડવાં ઝૂલતાં'તાં.
શીર્ષે તે જોઈ લીલા, સજડ સમ પડ્યા, સ્થૈર્યને તુર્ત છાંડી
ઊંચા થૈ થૈ ધરાથી થનક થન પદે છાંયડા ડોલતા'તા.

મુકુન્દરાય વિ. પારાશર્ય

બે વિદેહ

સંગીતજ્ઞ વિલાયતહુસેનખાન

લેખક

હૃષીકેશ પાઠક



આકાશવાણી દિલ્હીના સંગીત-સલાહકાર અને ઉચ્ચ કોટિના સંગીતજ્ઞ શ્રી વિલાયતહુસેનખાનનું ગયા મે માસની ૧૮મીએ રાત્રે આઠ વાગ્યે દિલ્હી ખાતે અચાનક અવસાન થયું. આકાશવાણીનાં રાતના સમાચાર દ્વારા આ અશુભ ખબર જ્યારે પ્રસારિત થયા ત્યારે તેમના અસંખ્ય પ્રશંસકો અને વિદ્યાર્થીઓએ પહેલાં તો આ વાત સાચી નહિ માની હોય. હજુ તો શનિવાર તા. ૧૨મી મેના અખિલ ભારતીય સંગીત કાર્યક્રમમા પૂરી જમાવટથી તેમણે ગાયું હતું; અરે, તા. ૧૮મી એ બપોરે ૩-૪૫ સુધી તો આકાશવાણીના દિલ્હી કેન્દ્ર પર તેઓ હાજર હતા! મૃત્યુ અચાનક જ એમને આપણી વચ્ચેથી ઉપાડી ગયું. 'સંગીતની દુનિયાને ખોટ પડી—મોટી ખોટ પડી' તેમ લખનારાઓને પણ કદાચ એ ખોટના ઊંડાણ અને વ્યાપકતાનો એકદમ ખયાલ નહિ આવે. આપણા અત્યારના ગાયકોમાં ખાંસાહેબે એક વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને એમના જવાથી એ સ્થાન કદાચ ખાલી જ રહેશે તેવું આજે લાગે છે.

શાસ્ત્રીય સંગીતના વિકાસની દૃષ્ટિએ જોઇએ તો આજે ઘરાણાંઓનું અસ્તિત્વ લગભગ રહ્યું નથી એમ કહીએ તો ચાલે. રાગોનાં સ્વરૂપ, ગાયકીને લગતા સવાલો, ચીજોના શબ્દો, તાલબદ્ધતા, સ્વરાંકનો વગેરે મુખ્ય મુખ્ય સવાલો પરત્વે આજે બહુ મતમતાંતર રહ્યાં નથી. કેટલાક પ્રશ્નો આજે પ્રશ્નો જ રહ્યા નથી. તેમ છતાં અપ્રચલિત રાગોનાં સ્વરૂપ, તેની ચીજો વગેરે વિષે પ્રશ્નો ઊઠતાં તેનું યોગ્ય નિરાકરણ થાય તે માટે કોઈ પુરાણી રીતે તાલીમ લીધેલા સંગીતજ્ઞની જરૂર રહી છે. આ એક એવી વ્યક્તિની જરૂર છે કે જે પુરાવા સહિત રાગોનાં સ્વરૂપ સમજાવી શકે. ખાંસાહેબ આ સ્થાન માટે સર્વથા યોગ્ય હતા.

છેલ્લાં કેટલાંય વર્ષોથી એમનું ગાયન સાંભળતાં ઘણા પ્રશ્નોનું નિરાકરણ થતું રહ્યું હતું. ઘણીવાર તો તેમના કાર્યક્રમોને હું 'નમૂના'–'ઉત્કૃષ્ટ નમૂના' કહેતો. ખાંસાહેબ જે રીતે રાગની રજૂઆત કરતા તે એક નમૂનેદાર રજૂઆત થતી. ત્રણેક વર્ષ પહેલાં અમદાવાદ આવ્યા હતા અને અસારવાના મહારાજને ત્યાં તેમનું ગાયન રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જોગનો ધ્રુવપદ 'પ્રથમ નામ અલ્લા' ગાયો હતો ત્યારે એ રાગનાં સ્વરસ્થાનો અને તેના અસલ સ્વરૂપ વિષેના ખયાલો સ્પષ્ટ થયા હતા તે આજે યાદ આવ્યા વગર રહેતું નથી.

ખાંસાહેબની તાલીમ ખયાલ અને ધ્રુવપદ-ધમારની હતી. કાર્યક્રમની શરૂઆતમાં તેઓ ઘણી વાર ધમાર ગાતા હતા. તેમના ગુરુઓ વિષે બોલતાં એક વાર પોતાના ચાળીસ જેટલા ગુરુઓ હોવાનું તેમણે કહ્યું હતું! પરંતુ તેમની મૂળભૂત તાલીમ તેમણે પિતા નથ્થનખાં અને ઉસ્તાદ કલ્લનખાં પાસે લીધી હતી. આ બંને પાસેથી તેમણે ઘણું મેળવ્યું હોવાનું તેઓ ગદ્ગદ કંઠે કહેતા. મર્હૂમ ઉસ્તાદ ફૈયાઝખાનને પણ અમુક બાબતોમાં તેઓ પોતાના ગુરુ ગણતા હતા. આ તેમના નિરભિમાનીપણાનો પૂરાવો ગણી શકાય.

આજે તેઓ હયાત નથી ત્યારે તેમની પાસે સાંભળેલી અનેક ચીજો અને રાગો શ્રવણપટ પર તાજાં થાય છે. આમાં કેટલાક કાર્યક્રમો તો કદી ભૂલાશે નહિ. વર્ષો પહેલાં અખિલ ભારતીય સંગીત-કાર્યક્રમમાં તેમણે શુદ્ધ મલ્હાર ગાયો હતો. મલ્હારોની દુનિયા મોટી છે અને તે રાગોની ગાયકી વિષે સંદિગ્ધતા હજુ કોઈ વાર જોવા-સાંભળવા મળે છે. શુદ્ધ મલ્હાર જવલ્લે જ સાંભળવા મળતો રાગ છે ને તે રાગમાં સૂક્ષ્મ સૌન્દર્યનું સ્થાન તેનો કોમળ ગાંધાર છે. આ રાગની તેમની રજૂઆત એક ઐતિહાસિક નમૂના જેવી હતી. આજે કોઈ એ રાગ ગાઈ શકશે કે નહિ તે એક સવાલ છે!

આવી જ રીતે આકાશવાણી અમદાવાદના સ્ટૂડિયોમાં તેમની પાસેથી છાયાનટનો ધમાર 'રૂપ જોબન મદમાતી' તથા રાગેશ્વરીના ખયાલ 'આયો જિત રાજા' ને 'આયો અત મતવારો સાંવરો'–અનુક્રમે વિલંબિત અને દ્રુત–સાંભળેલા તે સદા યાદ રહેશે. આ કાર્યક્રમ અમદાવાદમાં થયો ત્યારે ખાંસાહેબને મળવાનો ને વાતો કરવાનો પ્રસંગ મળ્યો હતો. તેમની સાથે તેમનો નાનો પુત્ર યાકુબ હતો. ખાંસાહેબ આકાશવાણીના સંગીત-સલાહકાર હોઈ દિલ્હીમાં આવતી અનેક વ્યક્તિવિશેષ સાથે તેમનો પરિચય થતો. ખાસ કરીને શ્રી બી. વી. કેસકરને ખાંસાહેબ માટે અત્યંત માન હોઇ આવા પ્રસંગોએ તેઓ ખાંસાહેબને અચૂકપણે બોલાવતા. પરંતુ અંગ્રેજી ભાષાથી અજ્ઞાત ખાંસાહેબને આ બધું બહુ ફાવતું નહોતું. એમની ઈચ્છા એક છોકરાને અંગ્રેજી કેળવણી આપવાની હતી. યાકુબને ક્યાં શિક્ષણ આપવું, કયા વિષયો લેવડાવવા વગેરે વિષે તેમણે મારી સાથે વાતો કરી હતી. અને આ પછી જ્યારે મળતા ત્યારે મને તેઓ આ સંબંધની વાતો તાજી કરીને જ ઓળખતા હતા. સ્વભાવે અત્યંત પ્રેમાળ આ ઉસ્તાદ વિલાયતહુસેન તેમની આજુબાજુ હમેશાં પ્રેમ અને આદરનું વાતાવરણ ઊભું કરતા.

ઉસ્તાદ ફૈયાઝખાનના અવસાન પછી આગ્રા ઘરાણામાં ખાંસાહેબ મોખરે હતા. આજના આગ્રા ઘરાણાના પ્રત્યેક યુવાન ગાયકે અપવાદ સિવાય તેમની પાસે તાલીમ લીધી છે. આ મુસલમાન ગાયકો સિવાય પણ ખાંસાહેબનું શિષ્યવૃંદ મોટું છે. મુંબાઈમાં (અનુસંધાન પૃ. ૨૫૫)

કલાકારો

અભિનયપ્રટુ છબિ વિશ્વાસ

લેખક
અત્રિકુમાર ભટ્ટ



બંગાળની લાક્ષણિક રંગભૂમિનો જે જ્વલંત સિતારો પોતાના અભિનયતેજથી ભારતની રંગભૂમિને ઝબકાવી રહ્યો હતો તે એકાએક ખરી પડચો. ગયા (જૂન) માસની ૧૧મી તારીખે બપોરે ૨-૩૦ વાગે છબી પોતાના 'દેશ'ના ઘેર જવા મોટરમાં જતો હતો. પોતે જ ગાડી હાંકતો હતો. સાથે હતાં પત્ની નિહારબાલા, પૌત્ર જયન્ત અને ત્રણ પરિચારકો. કલકત્તાથી અગિયારેક માઇલ દૂર ડગડમ હવાઇ મથક નજીક ગંગાનગર પહોંચ્યાં હશે ત્યાં સામેથી ગામડાંમાંથી તાડી ભરીને આવતી લૉરી સાથે એની મોટર અથડાઇ પડી અને આ અકસ્માત એને માટે જીવલેણ બન્યો. મોટરના ભુક્કા બોલી ગયા, પત્ની તથા નાનો જયંત અને નોકરો પણ સારી પેઠે ઘવાયાં. એમને બધાંને એક લૉરીમાં કલકત્તાની આર. જી. કાર ઑસ્પિટલમાં લાવવામાં આવ્યાં. પણ છબીનું પ્રાણપંખેરૂ તો ક્યારનું ઊડી ગયું હતું.

તેના અવસાનના ખબર વીજળીવેગે આખા શહેરમાં ફરી વળ્યા અને લોકોનાં ટોળેટોળાં આ મહાન નરનાં અંતિમ દર્શનાર્થે ઑસ્પિટલ તરફ ઊમટી પડચા. થોડી ક્ષણોમાં તો વાહનવ્યવહાર સ્થગિત થઈ ગયો. આ ખબરથી શહેર આખુ જાણે સ્તબ્ધ બની ગયું. રાત્રે આઠને શુમારે એના શબને બહાર લાવવામાં આવ્યું ત્યારે લોકોનો એટલો જબ્બર ધસારો થયો કે શબને પુષ્પાચ્છાદિત લૉરી સુધી લઈ જવું સાવ અશક્ય થઈ ગયું. એવામાં ઑસ્પિટલમાંથી છબીનો અંગત મિત્ર ભાનુ બૅનરજી ને બંગાળનો હાસ્યરસનો પ્રથમ કક્ષાનો નટ ટોળાંને કોણીઓ ભરાવતો બહાર નીકળી આવ્યો, અને જનતાને રોજ હસાવતા આ નટે આજની મેદનીને રોવડાવીને છબીના શબને લઇ જવાનો માર્ગ મોકળો કરાવી આપ્યો;—એવું હૃદયદ્રાવક પ્રવચન એણે કર્યું.

પછી તો કીડીવેગે સ્મશાનયાત્રા ચાલી. સ્મશાનયાત્રામાં બંગાળની રંગભૂમિ તથા સીને-ઉદ્યોગની નામાંકિત વ્યક્તિઓ, નટો, દિગ્દર્શકો, પ્રચારકો, પ્રવર્તકો ઉપરાંત એના ચાહક મહાજનોની પણ મોટી સંખ્યા હતી. જે આવી ન શક્યા તેમણે સદ્‌ગતને સન્માનસૂચક ફૂલહાર મોકલ્યા, જેમાં પશ્ચિમ બંગાળના પંત પ્રધાન (હવે સ્વ.) બિધાનચન્દ્ર રૉયની અંજલિ પણ હતી. છબી આમ તો પોતાની પાછળ બંગાળ બલ્કે ભારતની આખી રંગભૂમિ-સીનેઉદ્યોગ ને અસંખ્યાત કલાપ્રશંસકોને રડતાં મૂકી ગયો, પણ તેનાં કુટુંબીઓમાં પત્ની નિહારબાલા, બે પુત્રો—મલય ને દીપુ, એક પુત્રી તથા જયંત વગેરે પૌત્રોને વિલપતાં મૂકી ગયો.

બંગાળના એક ધનાઢ્ય વેપારી શ્રી ભૂપતિનાથ વિશ્વાસને ત્યાં ઈ. ૧૯૦૦ની ૧૩મી જુલાઇએ છબીનો જન્મ. કલકત્તામાં-બીડન સ્ટ્રીટમાં એમનું મકાન હતું ત્યાં. મૂળ નામ તો શચીન્દ્રનાથ દે-વિશ્વાસ; પણ જન્મથી જ સુદૃઢ ને રૂપાળો શચીન્દ્ર, તેના પિતા જેની સાથે વેપાર કરતા તે મેસર્સ નૉરાન ઍન્ડ કંપનીવાળા મિ. ઍલેક્ઝાન્ડર અને તેનાં પત્નીનો ખૂબ લાડકો હતો. તેના ભરાવદાર ને ગોરા ગાલ પર ટાપલીઓ મારી મિસિસ નૉરાન તેને ચબ્બી ચબ્બી (chubby) કહીને રમાડતાં. એ બંનેએ તો શચીન્દ્રને દત્તક લઈ વિલાયત લઈ જવાનો યે વિચાર કરેલો. એ તો ન થયું. પણ તેમનો લાડકો chubby જીવનની છેલ્લી ક્ષણ સુધી ૬૨ વર્ષ સુધી જનતાનો લાડકો 'છબી' બની ગયો.

એનું મૂળ વતન ચોવીસ પરગણા જિલ્લાનું છોટા જાગુલિયા નામનું ગામડું. નાટકો કરવાનો શૉખ તો બાળપણથી જ. પોતાના ગામમાં જ 'છોટા જાગુલિયા બાંધવ નાટ્ય સમિતિ' સ્થાપીને તેમાં 'બિલ્વ-મંગળ' ભજવતો. એ હતું 'જાત્રા' પ્રકારનું આપણી ભવાઈ પેઠે 'ઓપન ઍર નાટક'. ત્યારે તો સાથે એના મોટા ભાઇ રવિ વિશ્વાસ પણ ઊતરતા. દુર્ભાગ્યે એમનું નિધન પણ બસ-અકસ્માતમાં જ થોડાં વર્ષ પૂર્વે થયું! કેવો દુર્યોગ! નાનપણમાં એ ચિંતામણિનો પાઠ કરતા.

શિક્ષણ કલકત્તામાં જ, પ્રથમ જ્ઞાનચંદ દત્ત સ્ટ્રીટની કિન્ડરગાર્ટન અંગ્રેજી શાળામાં અને પછી ખુદીરામ બોઝ સેન્ટ્રલ કૉલેજિયેટ સ્કૂલમાં તથા હિંદુ સ્કૂલમાં મેળવી તે મૅટ્રિક થયા ને પ્રેસિડેન્સી કૉલેજ તથા વિદ્યાસાગર કૉલેજમાં આગળ અભ્યાસ કર્યો. એ ગાળામાં તે યુનિવર્સિટી ઇન્સ્ટીટ્યૂટમાં ઘણાં નાટકોમાં ઊતર્યા; ને આ સમય દરમિયાન જ તે વિખ્યાત નાટ્યકાર દ્વીજેન્દ્રલાલ રૉય, શ્રી નરેશચન્દ્ર મિત્ર તથા કલાગુરુ શ્રી શિશિરકુમાર ભાદુડીના પરિચયમાં આવ્યા.

અને પછી તો પ્રવાહ પૂર જોશમાં ચાલ્યો. જીવનમાં સો ઉપરાંત નાટકો અને ત્રણ સો જેટલાં ચલચિત્રોમાં આ 'ડાઈનૅમિક' નટે પાઠ કર્યા છે! આજ બંગાળી ચલચિત્ર-ઉદ્યોગનું 'સારું' કહી શકાય એવું એક પણ ચિત્ર નથી જેમાં 'છબીદા'ની એક યા બીજી ભૂમિકા ન હોય. જિંદગીની છેલ્લી પળો સુધી એનો અભિનયસ્રોત વહ્યા જ કર્યો.

રંગભૂમિ ઉપર પોતાનું વર્ચસ તેમણે પોતાની મેળે જ જમાવ્યું હતું. યુનિવર્સિટી ઈન્સ્ટીટ્યૂટમાં ભજવેલાં નાટકોમાંના એના અભિનયથી આકર્ષાઇ બંગાળની રંગભૂમિ ને ચલચિત્ર જગતની બુદ્ધિમાન વ્યક્તિ ગણાતા શ્રી સતુસેન એમને શચીન્દ્રનાથ સેનગુપ્તાના સિરાજુદ્દૌલામાં પાઠ કરવા લઇ ગયા. પણ શચીન્દ્રનાથ પોતાનું લાડકું નાટક સિરાજુદ્દૌલા છબી ઉપર વેડફી નાખવા તૈયાર ન હતા, એટલે સિરાજની ભૂમિકા એવા જ ખ્યાતનામ નટ નિર્મલેન્દુ લાહિરીને ફાળે ગઈ.



'શશી બાબુર સંસાર'માં છબિની ભૂમિકા. (આ તેમજ પાછળના પાના ઉપરની છબિની તસવીર બંને 'બિધાન સંગ્રહશાળા–કલકત્તા'ના સૌજન્યથી.)

પણ શ્રી સેનને છબીમાં વિશ્વાસ હતો, એટલે જ્યોતિ વાચસ્પતિના 'સમાજ' નામક નાટકમાં એને પ્રથમ જાહેર ભૂમિકા અપાઈ. (૧૯૩૮) આ નાટક નાટ્યનિકેતન હૉલ (આજના વિશ્વરૂપા થીએટર)માં ભજવાયું. શ્રી શચીન્દ્રનાથે એ જોયું, અને–અને પછી તો શચીન્દ્ર સેનગુપ્તાના દરેક નાટકનો પ્રધાન નટ છબી વિશ્વાસ જ સ્થાપિત થઈ ગયો! 'સિરાજદૌલા'માં 'સિરાજ' 'મીર કાસિમ'માં 'મીર કાસિમ' દ્વિજેન્દ્ર રૉયના 'શાહજહાં'માં દારા, એવી અનેક મુખ્ય ભૂમિકાઓને એણે ન્યાય આપ્યો. પરંતુ આ સર્વમાં તેના કલાગુરુ શ્રી શિશિર ભાદુડીની છાયા દેખાતી જ. બંગાળની લાક્ષણિક શૈલીની રંગભૂમિનો શિશિર પછીનો કલાકાર તે છબી વિશ્વાસ.

પણ છબી પોતાની આગવી શૈલીના અભિનયમાં ઝળક્યો તે તો 'દુઇ પુરુષ'માં. આ સામાજિક નાટકમાં નટબિહારીના પાત્રનો તેનો અભિનય એક સીમાચિહ્ન શો હતો. તે એ જમાનો હતો જ્યારે ઐતિહાસિક ન હોય એવાં નાટકો સફળ ન થતાં. પણ 'દુઈ પુરુષ'ને છબીએ પોતાની અપ્રતિમ અભિનયશક્તિથી આગલી હરોળમાં મૂકી સફળતા અપાવી. 'ડાક બંગલો' પણ છબીએ જ ખેંચ્યું.

રંગભૂમિનો નટ ચલચિત્રનો સફળ અભિનેતા ન બની શકે એ માન્યતામાં છબીદાએ સુરંગ ચાંપી. રંગમંચ પરની એની અભિનયછટાથી પ્રેરાઇ 'કાલી ફિલ્મ્સ'વાળા શ્રી પ્રિયનાથ ગાંગુલીએ તેને 'અન્નપૂર્ણા મંદિર' (૧૯૩૬)માં 'બિશુ'ની ભૂમિકા આપી અને, ચલચિત્રોમાં બને છે તેમ, કીર્તિ તેની પાછળ દોડતી આવી. પછી તો એક ઉપર એક ચિત્રોમાં છબીની છબિ ચમકવા માંડી. 'હરાનિધિ', ટાગોરનું 'ચોખેરવાલી', વગેરે શરૂનાં ચિત્રોથી જે પ્રવાહ શરૂ થયો તે સડસડાટ છેક ટાગોરના આજના 'કાબુલીવાલા'માં કાબુલીવાલાના અજોડ સીમાચિહ્ન જેવા અભિનય સુધી છબિએ ધોધ વહેવડાવ્યો. 'એક દિન રાત્રે'માં રાજકપુરે પણ છબીનો લાભ લીધો. હેમચંદ્રનું 'પ્રતિશ્રુતિ', જગેશ ચૌધરીનું 'પરિણીતા' બધાં જ છબીદાના અભિનયથી મંડિત બન્યાં. 'પથેરદાબી'ના થેન્ગ મૉન્ગના પાત્રનો એનો અભિનય અજોડ જ છે.

આ તો થઇ બંગાળી ચિત્રોની વાત. પણ વર્ષો પૂર્વે 'સોગંદ' નામક હિંદી ચિત્રમાં પહાડી સન્યાલ સામે તેણે ભજવેલી નાનીશી ભૂમિકા હજી યે મનહારિણી રહી છે. ખલપાત્ર તરીકે પણ તે સાંગોપાંગ સુરેખ ચમકી ઊઠતો. ગરમ સૂટ અને ફેલ્ટ હૅટમાં; હાથમાં પાતળી સોટી આંગળીઓમાં રમાડતા અને સીટી વગાડતા છબી જેવો સુંદર અભિનય ફરી જોવા મળ્યો નથી. જેને 'પૉલિશ્ડ ઍક્ટિંગ' કહીએ એવું એ કામ હતું. એ છટા કોઈ વાર ડેવિડમાં દેખાય છે. વાર્તા સારી હોય, પ્રસંગ અનુકૂળ હોય ત્યારે એક અભિનેતા 'વાહ' કહેવડાવી જાય તેના કરતાં અભિનેતા પોતે જ પ્રસંગને ઊંચકી વાર્તાને વેગ આપે ત્યારે જ એની કળા સારી કહી શકાય. અને છબીની એ ખૂબી 'સોગંદ', 'કાબુલીવાલા' વગેરેમાં તરી આવે છે. અવાજ ઉપરનો છબીનો કાબૂ પણ અદ્‌ભુત હતો. જરા યે બૂમ પાડ્યા સિવાય, માત્ર ઘેરા ધીમા કંઠથી ને હોઠના સ્પષ્ટ ફફડાટથી, ભરચક પ્રેક્ષકવૃંદમાંના એકેએકનાં દિલ ધડકાવતો મેં એને જોયો છે–સાંભળ્યો છે.

બંગાળી ચલચિત્રોનો તો એ એટલો લાડકવાયો નટ હતો કે છબી વિશ્વાસનું એક કે વધુ ચિત્ર શહેરમાં ચાલતું જ હોય. તાજો જ દાખલો: 'પથેર પાંચાલી' અને 'અપુર સંસાર' જેવાં ચિત્રો આપનાર સત્યજિત રૉય માટે કહેવાય છે કે પોતાનાં ચિત્રો માટે એ બહુ ખ્યાતનામ—છાપેલાં કાટલાં—નટોને પસંદ ન કરે. પરંતુ એ પણ પોતાનાં 'જલસાઘર' અને 'કાંચનગંગા' જેવાં ચિત્રો માટે છબીદાને બોલાવવાનું પ્રલોભન ન રોકી શક્યા. પરંતુ હવે છબીની છબિ જ જોવી રહી. ને છબિમાં યે એની ગહન આંખો કેટલી ઊંડી વાતો કહી જાય છે!

કીર્તિ અને પૈસો મળ્યા છતાં ય એ સહકર્મચારીઓને રંગભૂમિ અને ચલચિત્રોની દુનિયામાં વેઠવી પડતી મુશ્કેલીઓથી સજાગ હતા. છેલ્લા દિવસોમાં આ ક્ષેત્રમાં કામ કરતા કલાકારોની પરિસ્થિતિ સુધરે એ માટે ઝુંબેશ ચલાવેલી. કલાકારોનાં કુટુમ્બોની સુખાકારી માટે એમણે સ્થાનિક સરકારમાં પ્રયત્નો કરેલા. ઈ. ૧૯૫૯માં સંગીતનાટક અકાદમી તરફથી એમને પદક મળેલો. તદુપરાંત બંગાળની 'સંસ્કૃતિ પરિષદ' જેના શ્રી તુષારકાન્તિ ઘોષ પ્રમુખ છે તેની તરફથી 'નટસમ્રાટ'ની પદવી પણ એને અપાઇ હતી. જાકાર્તામાં ભરાએલા આંતરરાષ્ટ્રીય ચલચિત્ર પ્રદર્શન વખતે તેઓ ભારતના પ્રતિનિધિ હતા.

એક અભિનેતાના માનમાં કલકત્તા જેવડા મોટા શહેરના શેરીફ શોકસભા બોલાવે તેનાથી વધુ લોકપ્રિયતાની સાબિતી બીજી કઈ હોઈ શકે? તા. ૨૬મી જૂને કલકત્તાના 'મહાજાતિ સદન'માં કલકત્તાના શેરીફ રાજા બી. એન. રાયચૌધરીએ બોલાવેલી સભામાં કલકત્તાના મેયર રાજેન્દ્રનાથ મજમુદાર પ્રમુખ હતા. તેમાં છબીની સ્મૃતિ અમર રાખવા માટે નીચેનાં સૂચનો થયાં: (૧) છબી પ્રથમ રહેતો હતો તે બીડન સ્ટ્રીટનું નૂતન નામાભિધાન તેના નામથી કરવું;(૨)શહેરના કોઈ સરસ ઉદ્યાનમાં અથવા બે મોટા રસ્તાઓના સંગમ પર તેની આરસ પ્રતિમા મૂકવી; (૩) તેના નામાભિધાનવાળું એક સ્મૃતિમંદિર રચવું જેમાં રંગભૂમિ ને સીને ઉદ્યોગની તાલીમ કલાકારોને આપી શકાય.

અનુસંધાન] સંગીતજ્ઞ વિલાયતહુસેનખાન [પૃ. ૨૫૧થી

તો તેમના અનેક શિષ્યો છે. તેમના એક જૂના શિષ્ય તે મુંબાઈ રેડિયો પરના શ્રી રત્નકાંત રામનાથકર. આ ઉપરાંત મુંબાઈ રેડિયોના સંગીત-સલાહકાર શ્રી ગજાનનરાવ જોશીએ પણ ખાંસાહેબના શિષ્ય થવાનું સૌભાગ્ય મેળવ્યું હતું. જુદાજુદા ઉસ્તાદો પાસે તાલીમ લીધેલા ઘણા ગાયકો તેમની પાસે ઓપ મેળવવા આવતા. આપણે જેમને ખ્યાતનામ ગણીએ છીએ તેવા ઘણા સારા વાદ્યકારોએ પણ મને કહ્યું છે કે અપ્રચલિત રાગોનું ચલન સમજવા માટે ઘણીવાર તેઓ ખાંસાહેબને શાંતિથી સાંભળી લેતા. આમ તેમનું શિષ્યવૃંદ વિશાળ હતું અને એથી પણ વિશાળ હતું તેમનું પ્રશંસકવૃંદ.

ધ્રુવપદ-ધમારની તાલીમને લીધે તેઓ રાગના આલાપ સ્પષ્ટપણે રજૂ કરતા. આમાં પણ મારે માટે તો ખાંસાહેબ રાગના આલાપની શરૂઆત કઈ રીતે કરે છે તે ખાસ ધ્યાનથી સાંભળવાનો–નોંધવાનો મુદ્દો રહેતો. ખુલ્લા અવાજે જે રીતે તેઓ પહેલા જ સ્વરને પકડતા તે રાગને કોઈ જુદો જ ઉઠાવ આપતું. પછી ભલે માલકૌંસ જેવો પ્રચલિત–પરિચિત રાગ હોય કે રાયસા કાનડા કે શુદ્ધ નટ જેવો અઘરો રાગ હોય. ખાંસાહેબનો અવાજ કસાએલો હતો અને એકલા બેઠા બેઠા પણ તેઓ સ્વરો ઘૂંટતા રહેતા. તેમના યાકૂબને તેમણે અમદાવાદમાં ગોરખકલ્યાણનો ખયાલ 'વનઘન ભાગ' શીખવ્યો તે આખો પાઠ મેં સાંભળેલો. ઉસ્તાદોની તાલીમ જુદા જ પ્રકારની રહેવાની તે વાતની વધારે પ્રતીતિ મને તે દિવસે થઈ હતી; સાથેસાથે આપણા સંગીતવર્ગોની તાલીમ કેટલી અપૂર્ણ હોય છે તે પણ સમજાયું હતું.

ખાંસાહેબના ગાયનનું એક પાસું ખાસ ધ્યાન ખેંચે તેવું હતું. ઘણીવાર કોઈ રાગનો ખયાલ ગાતા હોય ત્યારે જાણે રાગ શીખવતા હોય કે સમજાવતા હોય તેવી રીતે તેનો વિસ્તાર કરતા હતા. એમની શૈલીની આ લાક્ષણિકતા એમના ગાયનની મર્યાદા પણ થઈ પડતી કેમકે ઘણીવાર રાગ બેઠક કે જલસાનો રાગ બનતો નહિ. શિક્ષણના સ્વર પરનો ખયાલ અને બેઠકનો ખયાલ આ બંને અભિવ્યક્તિની દૃષ્ટિએ જુદા પડી જાય છે અને એકના એક ખયાલનું રૂપાંતર કલાત્મક અભિ-

જીવી જાણનારા

સ્ટેશન આવતાં ધીમી પડેલી મેઈલ ટ્રેઈન પૉઈન્ટ આગળથી પસાર થતાં ગાર્ડના હાથમાંની બત્તીનો પ્રકાશ પૉઇન્ટમૅન પર પડ્યો, અને જે દૃશ્ય જોયું તેથી તે આશ્ચર્યચકિત થઈ ગયો!

પૉઇન્ટમૅનને ગળે એક નાગે ભરડો લીધો છે. એક હાથે નાગનું મોં પકડી નાગચૂડ છોડવવાનો વ્યર્થ પ્રયત્ન કરતો બીજા હાથે પૉઈન્ટ નમાવી લટકી રહ્યો છે.

ગાર્ડે તરત બ્રેક મારી ને ગાડીમાંથી કૂદકો માર્યો. બાજુના ડબ્બામાં બેઠેલા અમે નવજવાનો પણ એ જોઈ કૂદી પડ્યા.

ભવ્ય છતાં ભલભલાને ભયભીત કરે એવું દૃશ્ય હતું. નાગ અને પૉઈન્ટમૅન બંને એકબીજાનાં ગળાં રૂંધતા ભયંકર દ્વંદ્વ યુદ્ધ ખેલી રહ્યા હતા. પરસ્પરના પ્રાણ લેવાને તલપાપડ એ બંને મરણને કિનારે પહોંચ્યા હતા.

એક જવાને નાગને પૂંછડેથી પકડી પૉઈન્ટમૅનને ગળેથી નાગચૂડ ઉકેલી ઝટકોમારી ફંગોળીને દૂર ફેંક્યો. અને બૅટરીના પ્રકાશમાં સૌએ પથરા મારી તેને પૂરો કર્યો. કાળો ભમ્મર કાળ સમો એ આઠેક ફૂટ લાંબો વિષધર નાગ હતો.

બીજી બાજુ પૉઈન્ટમૅન પડ્યો હતો. કાંઈક શુદ્ધિમાં હતો ને અંગેઅંગ તૂટતાં હોય તેમ અમળાતો હતો. અમે સામસામા હાથ ભિડાવી, હાથની સ્ટ્રેચર બનાવી તેને વેઈટિંગ રૂમમાં લઈ ગયા. રેલવેના ડૉક્ટરે આવીને ઈન્જેકશન આપ્યું. ક્ષણે ક્ષણે ચેતન ગુમાવી રહેલા મોહનને દંશ વાગેલા ઘાને સાફ કરતાં કરતાં તે બનાવની વાત તેને પૂછતા હતા. તૂટતે અવાજે મોહને જે તૂટક તૂટક વાત કરી તેના અંકોડા મળતાં તેના આત્મત્યાગથી સૌ છક થઇ ગયા. વાતની કડીઓ આમ હતી.

ઉત્તર રેલવેના સ્ટેશનની એ અંધારી કાળ અમાસની રાત હતી. મોહન સેવન ડાઉનનું પૉઈન્ટ સાંધવા હરણફાળે જઈ રહ્યો હતો. પૉઈન્ટમૅન—સાંધાવાળાનું કામ આમ ભલે મામૂલી મજૂરનું લાગે; પણ એ ભારે જવાબદારીભર્યું કામ છે. સહેજ ગફલત થાય તો સામસામી ધસતી આવતી ગાડીઓ અથડાઈ પડે અને હજારોના જાનમાલની ખુવારી થઈ જાય. મોહન આમ તો નિયમિત હતો; પણ આજે કાં તો સ્ટેશનની સૂચના મોડી પડી હોય કે ગાડી વહેલી આવી પડી હોય; જોયું તો બેએક માઈલ પર જ ગાડી વીજળી વેગે સ્ટેશન તરફ આવી રહી હતી. એટલે મોહન વાયુ વેગે પૉઇન્ટ તરફ ધસ્યે જતો હતો.

ભાગજોગે એન્જિનમાંથી ઉથલી પડેલા કોલસાના એક ગડબાની તેને ઠેસ વાગી અને સમતોલપણું ગુમાવી તે ભોંય પર ફેંકાઇ પડ્યો; ભોંય પર નહિ, પણ એક નાગ પર. ખિજાએલા નાગે તેના હાથે તત્કાલ દંશ દીધો. પરિસ્થિતિ પામી ગએલા મોહને ચિલ ઝડપે તેનું મોં પકડી પોતાના લોખંડી પંજામાં જકડી લીધું. સામેથી નાગે તેના પગે ભરડો લીધો.

નાગચૂડ છોડાવવા મોહને ભીષણ પ્રયત્ન કર્યો. પણ તૂટે છતાં છૂટે નહિ એવો એ ભરડો હતો. એ ઉકેલતાં વખત જાય અને ગાડી પૉઈન્ટ વટાવી જાય તો ગજબ થઈ જાય. સામેની ગાડી સાથે અથડાતાં ઉતારૂઓના ભુક્કા ઊડી જાય.

એટલે મોહન નાગનો ભરડો પગ પર જ રહેવા દઈ કસકસાવીને તેનું મોં મુઠ્ઠીમાં જ પકડી રાખી જેમતેમ લથડતો પૉઈન્ટ પર ધસ્યો. દરમ્યાન કાતિલ વિષ રગેરગમાં વ્યાપે જતું હતું. અને સ્નાયુની શક્તિ તૂટતી જતી હતી. ભરડાથી એક ડગલું પણ આગળ ભરવું મુશ્કેલ હતું.

હતું તેટલું જોર એકઠું કરી ભીષણ પ્રયત્ને મોહન પૉઇન્ટ પર પહોંચી ગયો. પણ ડાબા હાથે, પૉઈન્ટ નમ્યું નહિ.

એન્જિન સોએક વાર દૂરથી સીટી મારી રહ્યું. મોહને મરણિયો પ્રયત્ન કરી, નાગનું મો પકડેલા હાથને પણ પૉઈન્ટ પર ટેકવી બંને બાહુનું સઘળું બળ અજમાવી છેલ્લો ઝાટકો માર્યો. કડેડાટ કરતો પૉઇન્ટ નમી ગયો, પાટો બદલાઈ ગયો, ગાડી સડસડાટ કરતી પસાર થવા લાગી. મોહન પૉઈન્ટ પર લટકી રહ્યો—જે સ્થિતિમાં અમે એને જોયો હતો.

વેઈટિંગ રૂમ આગળ લોકોની ઠઠ જામી હતી. મોહન અચેતન પડ્યો હતો અને ડાકટરના ઉપાયો નાકામયાબ નીવડ્યા હતા. કાતિલ ઝેર વ્યાપી જવાથી નસેનસ તૂટતી હતી તેના અમળાટ રહીરહીને જણાતા હતા. થોડી વારે તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. પણ તેના ચહેરા પર કશી વિકૃતિ ન હતી. ફરજ બજાવ્યાની પરમ સંતોષ મુદ્રા તેના પર લસતી હતી.

—હરિભાઇ છો. પટેલ

વ્યક્તિની દૃષ્ટિએ સમજવા જેવું હોય છે. ખાંસાહેબના ગાયનની આ લાક્ષણિકતાને લીધે એમના ગાયનમાંથી ઘણું શીખવા મળતું. બિહારી કલ્યાણ કે ચંદ્રકૌંસનો પ્રકાર (પંચમ સહિતનો ચંદ્રકૌંસ) તેમના જેવી વિષદતાથી કોઈ રજુ નહોતું કરી શકતું–કદાચ હજુ કરી પણ નહિં શકે.

પોતાના જીવનનાં છેલ્લાં વર્ષોમાં ખાંસાહેબ આગ્રા ઘરાણાની ગાયકીને સ્થિર કરતા ગયા. પરંતુ આ ઉપરાંત તેમનો ચિરસ્મરણીય ફાળો તો બીજા ક્ષેત્રનો છે. શાસ્ત્રીય સંગીતના અપ્રચલિત રાગો છેલ્લાં દસ પંદર વર્ષમાં ઠીકઠીક ગવાવા લાગ્યા છે. આ રાગોની ચીજોથી માંડીને ગાયકી અને રાગનાં ચલન તથા શાસ્ત્રીયતાને લગતા પ્રશ્નો તેમના ગાયન દ્વારા આપમેળે નિરાકરણ પામતા રહેતા. વળી શાસ્ત્રીય સંગીતના આ રાગોમાં ઘણીવાર એકાદ ચીજ જોવા મળે છે. કોઈ રાગમાં એક સાદરો (સાદરો એ ધ્રુવપદ અંગની ઝપતાલની ચીજ છે અને આદર સહિત ગાવાની હોવાથી 'સાદરો' કહેવાય છે) કે એક ધીમો ખયાલ મળે છે. રાગ-વિસ્તારની દૃષ્ટિએ (ખાસ કરીને ખયાલ દ્વારા થતા રાગ-વિસ્તારની દૃષ્ટિએ) આ રાગોની દ્રુત ચીજો બંધાય તો રાગવિસ્તાર સંપૂર્ણ બની શકે. ખાંસાહેબ પોતાના જીવનનાં છેલ્લાં વર્ષોમાં આવા રાગોની દ્રુત ચીજો બાંધી રાખી, તે રેડિયો પર ગાઈ અને તેનો પ્રચાર કર્યો. 'પ્રાણપિયા'ને નામે આ રીતે તેમનો અક્ષરદેહ આપણી પાસે રહ્યો છે. આ ચીજોમાં પણ ધનાશ્રીની 'તેરો ધ્યાન ધરત નિસદિન', મલ્હુવા કેદારની 'આઈલી મોરી પાયલ બાજે' અને રાયસા કાનડાની 'મનહર લીનો શ્યામસુંદરને' આપણા શાસ્ત્રીય સંગીતનો મોંઘો વારસો બની રહેશે. આમાંની રાયસા કાનડાની બંને–વિલંબિત અને દ્રુત–ચીજો તેમના છેલ્લા અખિલ ભારતીય કાર્યક્રમમાં સાંભળવા મળેલી. રાયસા કાનડાને તો ખાંસાહેબ નવું રૂપ આપતા ગયા.

આકાશવાણી પાસે ખાંસાહેબની અનેક રેકર્ડ છે. આ ઉપરાંત તેમની રેકર્ડો ઊતરી છે. છેલ્લે તો લૉંગ પ્લેઇંગ રેકર્ડો પણ ઊતરી છે. આ રીતે તેમનો સ્વરદેહ તથા અક્ષરદેહ આપણી પાસે રહ્યો છે તે એક સારી વાત છે. આ નોંધપાત્ર ફાળાને ધ્યાનમાં લેતાં ખાંસાહેબ અવસાનોત્તર પારિતોષિક અને ખિતાબના અધિકારી બની ચૂક્યા છે. એમના જીવન દરમિયાન જે ન બની શક્યું તે એમના અવસાન બાદ કરીને આપણી કલાસંસ્થાઓ તથા સમાજ પોતાની જ કલા પ્રત્યેની અભિરુચિનું અભિવાદન કરશે.

ગણિતગમ્મત

જેની બાદબાકી તેમજ ગુણાકાર બન્નેનો જવાબ સરખો જ આવે તેવી કેટલીક રકમો નીચે આપી છે:

(૧) $\frac{૧}{૨} - \frac{૧}{૩} = \frac{૧}{૬}$ અને $\frac{૧}{૨} \times \frac{૧}{૩} = \frac{૧}{૬}$

(૨) $\frac{૧}{૩} - \frac{૧}{૪} = \frac{૧}{૧૨}$ અને $\frac{૧}{૩} \times \frac{૧}{૪} = \frac{૧}{૧૨}$

તેવી જ રીતે—

(૧) $\frac{૨}{૩} - \frac{૨}{૫} = \frac{૪}{૧૫}$ અને $\frac{૨}{૩} \times \frac{૨}{૫} = \frac{૧}{૧૫}$

(૨) $\frac{૨}{૫} - \frac{૨}{૭} = \frac{૪}{૩૫}$ અને $\frac{૨}{૫} \times \frac{૨}{૭} = \frac{૪}{૩૫}$

આવાં જોડકાં બનાવવા બહુ સરળ છે માત્ર તેમાં—(૧) બંને રકમોનાં અંશ સરખા હોવા જોઈએ અને (૨) પહેલી રકમનાં અંશ ને છેદનો સરવાળો બીજી રકમના છેદ બરાબર હોવો જોઈએ.

ઉપરની શરતો પ્રમાણે આપણે એક આંકડો ૫ લઇએ, હવે બીજી રકમોના અંશ તરીકે તેને મૂકીને, પહેલી રકમનો છેદ ધારો કે ૭ લઇએ તો અંશ અને છેદનો સરવાળો (૫+૭=૧૨) તે બીજી રકમનો છેદ ગણીને તેને ૫ની નીચે મૂકી દઇએ. આ રીતે પહેલી રકમ $\frac{૫}{૭}$ અને બીજી રકમ $\frac{૫}{૧૨}$ બની. આ બન્ને રકમોની બાદબાકી તથા ગુણાકાર સરખા થશે. આ રીતે ઘણાં જોડકાંઓ થઈ શકે. —દોલતરાય નથુભાઈ પરિખ

ત્રિમૂર્તિ

—એકદા

એ પંદરસોળ વર્ષનો હતો ત્યારથી સૌમ્યતાને જોયા કરતો. એનાં માબાપ એને ખૂબ નાનો મૂકીને ચાલ્યાં ગયાં હતાં; એટલે કાકાને ત્યાં એ રહેતો. કોઈ બહેન નહોતી, કોઈ ભાઈ નહોતો. એનો આખો યે ઉછેર એના કાકાને ત્યાં જ થયો હતો.

સૌમ્યતા, ત્રીસ વર્ષે પણ અપરિણીત હતી. એ કૉલેજમાં ગુજરાતીની રીડર હતી. એને સૌમ્યતા માટે પ્રથમથી જ ખૂબ માન હતું. સૌમ્યતા એને માટે હતી તો આદરણીય વ્યક્તિ, છતાં એ આદરની સાથે કોઇક એવું અગમ્ય તત્ત્વ પણ ભળેલું હતું કે જે એને હમેશાં હડદોલો માર્યા કરતું, અને એને જ કારણે એ સવારસાંજ એના જવાઆવવાના સમયે બારીના સળિયા પકડી ખડો થઇ જતો. એ તત્ત્વ કદાચ એના અસંગજ્ઞાત માનસમાં પડેલી, બહેન કે માના પ્રેમથી વંચિત રહેલી લાગણીઓનું મિશ્રણ પણ હોય.

અને તેથી જ જ્યારે બે વર્ષ પછી એ કૉલેજમાં દાખલ થયો ત્યારે પ્રેમ મેળવવા માટે એ ઠેરઠેર ઝાંવાં નાખવા લાગ્યો. બીજી બાજુ સૌમ્યતા તરફ તે વધારે ને વધારે ખેંચાતો ગયો;—કારણકે કૉલેજમાં આવ્યા પછી એનો સૌમ્યતા સાથેનો સંસર્ગ વધવા લાગ્યો. એ એના વર્ગમાં પીરિયડ લેવા આવતી અને એ અનિમિષ નયને, મુગ્ધ ભાવે એને સાંભળ્યા જ કરતો. એની મીઠી વાણીની સરવાણી, નિતની પીડામાં દાઝતા એના અંગને તત્કાલ પૂરતી શીતળ કરી મૂકતી. ધીરે ધીરે એ અવારનવાર એની પાસે જતો થયો—પોતાની અભ્યાસ અંગેની મુશ્કેલીઓ રજૂ કરવા. એને નિહાળવાનો, મળવાનો, એની સાથે વાત કરવાનો એક પણ તકનો લહાવો એ જતો કરતો નહિ, કારણ કે પેલો પ્રથમનો એનો આદર હવે ચાલ્યો ગયો હતો અને તેનું સ્થાન એક પ્રકારના અકળ આકર્ષણે લીધું હતું. એની અપૃથક્કરણીય લાગણીઓ પાણીના રેલાની જેમ નીરવપણે ક્યારે એ તરફ વહી ગઈ તેની એને ખબર ન પડી. એને નિહાળવાની, એની છબિને હૈયામાં ઉતારવાની જે ઉત્કટ લાગણી એના રોમેરોમથી ઊભરાતી, તેને એ ક્યારે ય દાબી શક્યો ન હતો. છતાં પણ એ વસ્તુને તે 'પ્રેમ'નું નામ નહોતો આપતો. તેની પાછળ કદાચ એણે સાંભળેલી પ્રેમ વિષેની વાતો–અને એના મગજમાં ઘર કરી ગએલા પ્રેમ વિષેના વિચારો પણ હોય. એણે સાંભળ્યું હતું કે પ્રેમ તો સમવયસ્ક સાથે જ સંભવી શકે. અને તેથી જ સૌમ્યતાને જાણ પણ ન થાય તેવી રીતે એ એને ચાહતો. સૌમ્યતા એને એક તેજસ્વી વિદ્યાર્થી અને આશાસ્પદ કવિ સમજતી.

હા, એ કાવ્યો ખૂબ સરસ લખતો. એકલતા હમેશાં એના હૈયાને લક્કડખોદની માફક ખોદ્યા કરતી, કોઇનો નિર્વ્યાજ પ્રેમ એને મળ્યો નહોતો; એટલે એ બે વસ્તુ જ મુખ્યત્વે એનાં કાવ્યોના વિષય બની રહેતી. એમાં પ્રલય પછી પૃથ્વી પર ભટકતા એકલા માનવીની વ્યથા છલકતી; એમાંથી કોઈ જુગજુગના પ્રેમભૂખ્યા માનવીનો આર્તનાદ ઊઠતો, અને તેથી જ સૌમ્યતાને એને માટે સહાનુભૂતિ પ્રકટી હતી.

હવે સૌમ્યતા કદીકકદીક સમભાવપૂર્વક એને પોતાને ઘેર બોલાવતી. બંને સાથે બેસતાં, ચ્હા પીતાં, ચર્ચા કરતાં. જ્યારે વાતનો કોઈ વિષય ન મળતો ત્યારે ઓરડો આખો મધુરા મૌનથી છલકાઈ જતો અને એ એમાં ગળાબૂડ બનીને બેસી રહેતો.

પુરાણકાળે અનસૂયાએ સર્જી હતી; પણ સાચા પ્રેમની આ વાત કૈંક જુદી જ છે

લેખક • રોહિત પંડ્યા

અને આવું લગભગ ચારેક વર્ષ ચાલ્યું. એ દરમ્યાન લાગણીઓના સંઘર્ષમાં અથડાતો, અટવાતો ને જીવ બચાવતો તે જીવતો હતો; ને એમાં સૌમ્યતાની અનુકંપાનો ઓછો ફાળો નહોતો. તેમ છતાં સૌમ્યતા અને એની વચ્ચેનું અંતર તો ખાઈની જેમ મોં ફાડીને ઊભું જ હતું.

આખરે જ્યારે એ સૌમ્યતા સાથે જ કૉલેજમાં અધ્યાપક તરીકે નિમાયો ત્યારે એ અંતર જાણે આપોઆપ ઓગળી ગયું. વળી, એને નવતર કવિઓમાં મોખરાનું સ્થાન મળ્યું એટલે સૌમ્યતાની સહાનુભૂતિમાં પણ હવે માન ઉમેરાયું, એના પણ મનના અંતરે પલટો લીધો.

બંને એકાકી જન હતાં; બંને સુશિક્ષિત હતાં; બંનેની રુચિ સરખી હતી; અને બંને હવે સમકક્ષાએ આવીને ઊભાં હતાં. સ્વાભાવિકરીતે જ બંને પરસ્પરની નજીક સરકી આવતાં હતાં.

હવે એ પોતાની લાગણીઓને પ્રતીતિપૂર્વક 'પ્રેમ' એવું નામ આપતો હતો; અને સાથેસાથે, પોતાનો પ્રેમ અન્ય લોકના પ્રેમથી નિરાળો છે, અનન્ય છે એવો પણ દાવો કરતો. સૌમ્યતા પ્રત્યેનો પોતાનો પ્રેમ એ માત્ર મુગ્ધા તરુણી માટેનો પ્રેમ નહોતો. એનામાં એ માતાના વાત્સલ્યની અને બહેનના ગંગોદક જેવા સ્નેહની પણ અનુભૂતિ કરતો.

એનાં કાવ્યોમાંથી જૂના વિષયો ચાલ્યા ગયા હતા. હવે એમાં નવી સૃષ્ટિના સર્જનનો આનંદ, મસ્તી અને માધુર્ય છલકતાં હતાં. જોકે હજુ ય એ સૌમ્યતાને અણજાણ રાખીને જ પ્રેમ કરતો હતો. પણ વસંતની લહરોમાં પુષ્પો ક્યાં સુધી અણજાણ અને અલિપ્ત રહી શકે?

સાચું પૂછો તો સૌમ્યતા પણ સાવ નિર્લેપ રહી શકી નહોતી. એનું સાન્નિધ્ય તેને ખૂબખૂબ પ્રિય બનતું જતું હતું. એના કાવ્યભાવોની જેમ એની વાણી સાંભળતાં પણ એ કદી થાકતી કે કંટાળતી નહિ, અને દિવસમાં કેટલીય વાર એની ગેરહાજરીમાં અજાણપણે એનાં કાવ્યોની લીટીઓ ગણગણતાં એના વિચારોમાં સરી જતી. અરે, કોઈવાર એને પૂછી નાખતી પણ ખરી: 'કોના ઉપર લખ્યું છે આ કાવ્ય? કહો તો ખરા?'—અને પછી ઊંચા હૈયે ઉત્તર સાંભળવા તત્પર થઈ રહેતી, –ક્યાંક પોતાનું નામ આવી જાય એવી અજ્ઞાત અપેક્ષાથી!

એને પણ ઘણી વખત કહેવાનું મન થઇ જતું કે 'બીજું કોણ હોય? તમે જ.' પણ એટલી હિંમત કરતાં રખે સર્વસ્વ ખોઈ બેસાય, એ ડરે એ વાતને ઉડાવી દેતો. પરંતુ એ અણકથ્યો રહેતો જવાબ સૌમ્યતાને તો ક્યારનો ય મળી ગયો હતો.

અને એ ય મૂંઝાતી હતી. આ ભાવોદ્રેકને શું કહેવું? 'પ્રેમ' કહેતાં એને અતિશય સંકોચ થતો હતો, કંઈક અજુગતું લાગતું હતું; અને છતાં બંને એવી જ કંઈક ભાવસમાધિમાં લીન બનીને જીવતાં હતાં.

પણ અંતે એક દિવસ એનાથી ન રહેવાતાં, ન સહેવાતાં, લાંબા મનોમંથન બાદ સૌમ્યતા પાસે જઇને એણે પ્રેમનો એકરાર કર્યો અને લગ્નનો પ્રસ્તાવ મૂકયો. સૌમ્યતા પહેલાં તો એકાએક ચમકી, પછી આછું હસીને વિગલિત મનથી બોલી: 'મને પણ તમારે માટે લાગણી છે; પણ તે 'પ્રેમ' જ છે એવું હું હજી કહી શકતી નથી.'

એનાથી ન રહેવાયું: 'એ પ્રેમ જ છે. એને પ્રેમનું નામ ન આપવું એ તો કેવળ આત્મવંચના જ છે.'

'તમારી એ વાતને સાચી માની લઉં. તેમ છતાં ય લગ્ન તો શક્ય નથી જ. હું એ વયને વળોટીને ઘણી આગળ વધી ગઈ છું.'

'જેમ પ્રેમને કોઈ બંધન નથી હોતું, તેમ લગ્નને પણ કોઈ મર્યાદા નથી. પ્રેમ અને લગ્ન એ આત્મા સાથે સંબંધ ધરાવતી વસ્તુઓ છે. આત્માને કદી વય હોતું નથી.'

'એ બધું ય સાચું, પણ હું તમારા કરતાં... પંદર વર્ષ મોટી છું.'

'તેથી શું? લગ્ન તો હમેશાં માનસિક વયના ધોરણે અને હૃદયતંત્રીના ઝણકારે થવાં જોઇએ. એ રીતે આપણે સમવયસ્ક છીએ. અને દિલની વાત તો તમારા દિલને જ પૂછી જુઓ.

છતાં સૌમ્યતા ગળચિયાં ખાતી બોલી: 'એ તો સાચું પણ... પણ મને ઠીક નથી લાગતું.'

સહેજ હતાશ થઇને એ બોલ્યો: 'હું સમજું છું, તમને કેમ ઠીક નથી લાગતું. તમે સમાજથી ડરો છો; કે કદાચ–તમારા જીવનસંગી બનવાની પાત્રતાનો અભાવ તમને મારામાં—'

ત્યાં તો સૌમ્યતા એને અટકાવી નીચું ઘાલીને બોલી: 'એવું નથી; પણ તમારે માટે જે લાગણી થાય છે તે જાણે કોઇ ઉત્કટ પ્રિયતમાની હૈયાના કિનારાને તોડી નાખતી લાગણી નહિ, પણ એક પ્રૌઢ માતાની ઉછળાટ વગરની પ્રગાઢ લાગણી હોય એવું મને લાગ્યા કરે છે. મારા ભાવોમાં એવો ઉન્મેષ કે આવેગ નથી આવતો, જે યુવાન હૈયામાં આવે છે. અને તેથી જ હું ના કહું છું.'

એ થોડીવાર ચૂપ રહ્યો. પછી ઊભો થયો અને દીવાલ તરફ મોં કરી બોલ્યે ગયો: 'મારે પ્રેમ જોઇએ છે. પછી એ પત્નીનો પ્રેમ હોય, માતાનો પ્રેમ હોય કે બહેનનો પ્રેમ હોય. મારે આકાશને ભરી દે એવો પ્રેમ જોઇએ છે. હું તમને ચાહું છું, ખૂબ ચાહું છું. પણ મારો પ્રેમ એકરંગી નથી એ મેં હમેશાં અનુભવ્યું છે. તમારામાં મેં હેતભરી માને, વહાલસોઇ બહેનને અને પ્રેમલ પ્રેયસીને નિહાળી છે. મારા પ્રેમમાં એ ત્રણેનું મિશ્રણ છે, કારણ કે નાનપણથી જ નમાયા-નબાપા મને કોઇનો પ્રેમ આજ સુધી મળ્યો નથી, હું જાણે જનમોજનમનો પ્રેમનો ભૂખ્યો તરફડ્યા કર્યો છું. અને તેથી જ વેરાન રણમાં વીરડી જેવો તમારે દ્વારે પ્રેમની ભિક્ષા માગતો ઊભો છું.'

સૌમ્યતા એ બધું સાંભળી રહી, અને પછી, કશું બોલ્યા વગર આંખોના ખૂણા લૂછતી અંદર જતી રહી. એ થોડી વાર ત્યાં ને ત્યાં બેસી રહ્યો અને પછી ઊઠીને ચાલ્યો ગયો.

એકાએક બે દિવસ પછી સૌમ્યતાએ એને ઘેર આવીને લગ્ન અંગેની સંમતિ દર્શાવી.

અઠવાડિયા પછી જ્યારે બંને પરણી ગયાં ત્યારે સમાજમાં ભારે ઊહાપોહ મચી ગયો. વર્તમાનપત્રોમાં એ 'ચાળીસ વર્ષની પ્રૌઢા સાથે પચ્ચીસ વર્ષના યુવકના લગ્ન'ના સમાચાર મોટામોટા અક્ષરે છપાયા.

પણ એ બંને તો પરમ સંતોષ અનુભવતાં હતાં. એમની જનમોજનમની અતૃપ્તિ મટતી હતી. સૌમ્યતાને પણ જીવનની ક્ષણેક્ષણ હવે મોહક અને લૂંટવા લાયક લાગતી હતી.

વર્ષ પછી એમને ઘેર જ્યારે પારણું બંધાયું ત્યારે એ સૌમ્યતાને કહેતો હતો: 'હું આ બાળકનો માત્ર બાપ નથી: હું એનો ભાઇ પણ છું, અને સાથેસાથે મામો પણ છું!'

જીવનપટનાં સ્મૃતિચિત્રો આત્મકથાનક-૭

લેખક આલેખક

રવિશંકર રાવળ



આ બધા વખતમાં પિતાશ્રી જૂનાગઢ સબ પોસ્ટ માસ્તર તરીકે ગયા હતા. તેમની સાથે બા, નાની બેન અને નાનો ભાઈ જ માત્ર ગએલાં, અને મારે મોટા ભાઈ તથા ભાભી સાથે ભાવનગરમાં જ રહેવાનું ઠર્યું હતું. દાદીમાની સેવાચાકરી અને ભાણાની સંભાળ કાકીએ તેમના એક દીકાની સાથે ઉપાડી લીધી હતી. તેમનું કામ કપરું હતું. પ્લેગની બીમારી પછી અને ફઈબાના અવસાનથી દાદીમાની પ્રકૃતિ અને સ્વભાવ બદલાઈ ગયાં હતાં. ભાણા માટે તેમને પક્ષપાત રહેતો, અને હવે છોકરાઓનાં ઓશિયાળાં બની ગયાં એટલે વાતવાતમાં તેમને વાંધો પડતો કે દુઃખી થઈ જતાં. છતાં તેમની રોજની પાઠપૂજા અને વહેવારમાં ઘરનાં વડીલ તરીકેનો મોભો સૌ જાળવી લેતાં. મોટા ભાઈ કરતાં હું વધુ લાડકો ગણાતો, ને બહાર ખૂબ ફરેલો એટલે દરેક જણ સાથે છૂટથી નવીનવી વાતો કરવા બેસી જતો, તેથી મોટાં મા ઘણીવાર મને લાડમાં 'મારો શુકદેવ' કહી બોલાવતાં. બધા કરતાં મારા પર તેમનો ભાવ પણ વધારે જણાતો.

અમને બંને ભાઇઓને ઓછું ન આવે તે માટે કાકા-કાકી કાળજી બતાવતાં અને રજા કે તહેવારે સારું ખાવાનું બનાવી ઉમંગ દેખાડતાં. એ વખતે સવારમાં ચાનું નામ નહોતું. નાનાં છોકરાં માટે મોટાં મા દૂધના મોણવાળી સરસ નાની ભાખરી હલકા તાપ પર શેકીને બનાવી રાખતાં. તે પર લચકો ઘી અને ગોળ મળતાં. એની મીઠાશ ઓર હતી. નિશાળમાંથી બપોરે કે સાંજે આવીએ ત્યારે પણ એ જ નાસ્તો. ચા તો કોઇ મહેમાન હોય ત્યારે કે રજાને દિવસે ખાસ થતી. જ્યારે ચા થાય ત્યારે ગળાય ત્યાં સુધી હું જોતો બેસતો ને તેની સુગંધ અનુભવતો. રકાબી-પ્યાલાને બદલે ઘરમાં રોજ વપરાતી વાટકીમાં ચા અપાતી અને ઠારવા માટે બીજી વાટકી કે નાની થાળીઓ મળતી.

વઢવાણ કૅમ્પમાં શરૂ કરેલી પાંચમી ચોપડીનું સર્ટિફિકેટ બતાવીને મને પીરના છલ્લા પાસે દરબારી નિશાળમાં દાખલ કર્યો. એ નિશાળ પહેલે જ દિવસે મને અંધારી જેલ જેવી લાગી હતી. મોટી લોખંડની સીડી ચડી ઉપર કુબેરદાસ માસ્તરના વર્ગમાં બેઠો. ત્યાં વળી બાજુની નવેળીને લીધે પ્રકાશ ઠીક હતો. એક જ ખંડમાં બે વર્ગો બેસતા અને તેના બે મહેતાજીઓ હતા. એક ક્લાસના મહેતાજી બોલે તે બંને ક્લાસના છોકરાઓ જૂએ ને સાંભળે. કુબેર મહેતાજી શામળા ઠીંગણા ને પીઢ હતા. અંગરખું, ધોતિયું અને માથે કાઠિયાવાડી ઢબનું ઊંચું ફીંડલું બાંધતા. ક્લાસમાં આવે ત્યારે પાઘડી કબાટમાં મૂકે અને કથ્થાઈ રંગની એક ટોપી કાઢી પહેરે. ત્યારે અરધા બોડાવેલા માથાની ચોટલીની ગાંઠ બહાર રહેતી. એ કાળે દરેક માસ્તરના ટેબલ પર આંકણી રહેતી. તેનો ઉપયોગ તો ભારે સામુદાયિક સજા વખતે થતો, બાકી તો હરતાંફરતાં કે પાસે બોલાવેલા છોકરાને કાનબૂટ્ટે, થપાટ અને ચીંટિયાથી જ પાઠ ભણાવી દેતા. મેં પહેલાંની શાળાઓમાં માસ્તરોની આટલી ફોજદારી જોએલી નહિ, એટલે વર્ગમાં બેઠાંબેઠાં ય ઘર અને માબાપની હૂંફ યાદ કરી ગમગીન બની જતો અને કોઈ વાર હું પણ ઝપાટે ચડીશ તેની બીક રહેતી.

વર્ગ ચાલતો હોય ત્યારે પાણી-પેશાબ કરવા જવાની જેને ઇચ્છા થાય તે મહેતાજી સામે એકલી ટચલી આંગળી ધરી બતાવે, એટલે તેનો પેશાબ કરવાની જરૂર થઈ છે એમ જાણી 'જા' એટલું જ મહેતાજી કહે. સંડાસ જવાનું હોય ત્યારે બે આંગળી બતાવવાની. તે માટે મોં બગાડી ઊભેલા છોકરાની મૂંઝવણ ખરેખર બહુ હોય ત્યારે પણ મહેતાજી કહે કે બપોરની રજામાં જજે! આ વખતે દબાણ થયું હોય તેવા છોકરાની લેંઘી ખરાબ થઈ જતી અથવા શ્વાસ બાંધી ઘેર સીધી દોટ મૂકતાં રસ્તામાં તેનાં કપડાં બગડી જતાં. આવો ખરાબ અનુભવ મારે પણ એકબે વાર વેઠવો પડ્યો હતો. ઘર કંઈ પાસે પડ્યું ન હોય, એટલે બપોરની રજા સુધી ખેંચી રાખેલી ખણસથી આંતરડાં થાકી જતાં અથવા દુખાવો પણ થતો.



પાણીની બાબતમાં તો એક વિષય પૂરો થાય ત્યારે સૌને છૂટ મળતી અને પાણીની કોઠીઓ આગળ ભીડ થતી. ભરી રાખેલી મોટી કોઠીઓ પાસે એક બાઇ લોટો ભરી આગળ ધરેલા પ્યાલામાં પાણી રેડતી જાય. બ્રાહ્મણ, વાણિયા, રજપૂત, મુસલમાન, બધાના પ્યાલા જુદાજુદા રાખવામાં આવતા તેથી છોકરા પૂછીપૂછીને પ્યાલો ઉપા-

ડતા, પણ એકબીજાના પીધા પછી પ્યાલા વીછળવાનું કોઈ જાણતું નહોતું. આટલી ઉમરમાંથી દરેક છોકરો જ્ઞાતિભેદો માટે જાગૃત બની જતો અને ભૂલ ન થાય તે માટે બહુ તકેદારી રાખતાં શીખતો.

બપોરની રજા એક કલાકની પડતી, પણ ઘરે ન જાય તે છોકરા શાળાના દરવાજા પાસે ભેગા થએલા લારીવાળા પાસેથી પાઈ કે પૈસાનું કંઇ લઈને નાસ્તો કરતા. આ લારીઓમાં ઋતુ પ્રમાણે તરબૂચ, ચણામમરા, જામફળ કે ચણીબોર હોય. ભૈયાની લારીમાં ચેવડો (પ્રેમોદી) હોય. સાથે કોઇવાર દાડમના દાણા પણ હોય. પ્રેમોદી શ્રીમાન ઘરના છોકરા લેતા. બીજા એક પાઇનાં બોર કે ચણામમરા લઈ સંતોષ લેતાં. ત્યારે રૂપિયાની ૧૯૨ પાઈ મળતી ને પાઇનું ચલણ દરેક ચીજ લેવામાં કામ આવતું. એક પાઇનું એક જામફળ કે પોપૈયાની ચીર મળતી, કે નાનું મૂઠી જેટલું ગડિયું ભરીને ચણા મળતા.

એક વાર શહેરમાં પ્રો૦ નથુ મંછા નામે જાદુના ખેલ કરનાર આવ્યા. તેણે નિશાળો માટેના એક ખેલની બે આનાની ટિકીટ કરી નાખી. ટિકિટો માસ્તર પાસેથી લેવાની હતી, તેથી ઘેરથી મેં અને મોટા ભાઇએ બબ્બે આના માગ્યા. અમારી હુંઠથી કચવાતા મને પૈસા તો આપ્યા, પણ મને ખૂબ સમજાવ્યો કે એ ખેલોમાં કંઈ મજા નહિ પડે, માટે પૈસા ભલે તું જ પાસે રાખ પણ કંઈક ખાવાનું લઇને ખાજે.

બે આનાની મારી મિલ્કત લઈ હું નિશાળે ગયો અને બપોરે સરસ જામફળ વેચાતાં જોયાં એટલે મન લોભાયું અને કાકાની શિખામણ યાદ કરીને રકમ તોડી બે પૈસાનાં જામફળ ખાધાં. થયું; ટિકિટ રહી. ઘણા છોકરાઓ બે આના આપી ટિકિટ ઘેર લઇ ગયા. મને એ વખતે તેનું કંઈ લાગ્યું નહિ, પણ ઘેર આવ્યો ત્યારે જાણ્યું કે મોટા ભાઇ તો તેમના પૈસાની ટિકિટ લઇ આવ્યા છે, એટલે મન ખાટું થઈ ગયું. બીજે દિવસે રવિવારે બપોરે ખેલ હતો, તેથી મેં હઠ લીધી કે ગમે તેમ મારે મોટા ભાઈ સાથે જવું છે. મોટા ભાઇએ ટોણો માર્યો કે 'જામફળમાં મોં બગાડ્યું તે લેતો જા!' એટલે ખૂબ ચીડાયો. જમવા ન બેઠો. છેવટે મોટેરાં બધાંએ મારી ભેર લઇ મારા બે આના પૂરા કરાવી મોટા ભાઇને સમજાવી તેમની સાથે ખેલ જોવા મોકલ્યો.

નથુ મંછાચંદ યૂરોપીઅન જેવા ગોરા અને હસામણા હતા. પ્યાલા અદલબદલ કર્યા; ગંજીપાનાં પાનાં ઉપાડ્યાં; ટોપીમાંથી કંઇકંઇ કાઢ્યું; ગજરા, લાંબી રિબનો અને છેવટે ખાવાનાં ફળો કાઢી છોકરાઓમાં ફેંક્યા. ઘણાના હાથમાં જામફળ–સફરજન આવી ગયાં અને તેમને હસતાંહસતા ખાતાં પણ જોયા.

એક છોકરીને પેટીમાં બંધ કરી ગુમ કરી અને પછી તે બોલાવતાં બીજી વિંગમાંથી આવી. તેને સુવાડીને એક સળિયા પર ટેકવેલી અદ્ધર રાખી અને એક ચકરડું તેની આસપાસ ફેરવ્યું! છેવટ તેણે જાહેર કર્યું કે આ કંઈ મંત્ર કે જાદુ નથી, પણ હાથચાલાકી અને કરામત છે. એમ કહી તેણે કેટલાક ખેલ ખુલ્લા કરી બતાવ્યા, અને પછી પાસેના ટેબલ પર એક લૅમ્પ અને બીજી બેચાર ચીજો રાખી છોકરાંમાંથી કોઈ આવીને દુનિયામાં જાદુમંતર નથી પણ વિદ્યાની કુશળતા જ છે એવું સાબિત કરે તેને પરીક્ષકો કહે તે પ્રમાણે ઈનામ આપવાનું કહ્યું.

ભીખાભાઈ ગોપાળજી પારેખનું જીવન ભાવનગરના શેરડીપીઠના ડહેલાની તથા મોઢ જ્ઞાતિની સામાજિક તથા સાંસ્કારિક સેવાને કારણે અવિસ્મરણીય બન્યું છે. તેમણે અંગ્રેજી કેળવણી લીધી નહોતી. માત્ર ગુજરાતી સાત જ ધોરણ સુધીનો અભ્યાસ. આર્થિક સ્થિતિ સાવ સામાન્ય. રૂ. પાંચના પગારથી શિક્ષક તરીકે જીવનની શરૂઆત કરીને ખોજા ગૃહસ્થ હરજી જમાલની શાળાના હેડમાસ્તરના હોદ્દે પહોંચ્યા હતા. તેમની શીખવવાની રીત પ્રસન્નતાભરી હતી. ધ્યેયનિષ્ઠ કુશળ શિક્ષક હતા. આજથી ૫૦ વર્ષ પહેલાં શેરડીપીઠના ડહેલામાં રાત્રીશાળા શરૂ કરી વિદ્યાર્થીઓને તેમણે સહાય કરવા માંડી, બહેનો માટે સીવણ ગૂંથણના વર્ગો કાઢ્યા, વિદ્યોત્તેજક ફંડ શરૂ કર્યું, કોમનાં તડાંઓને એકત્ર કરવા પ્રયત્ન કર્યો, જ્ઞાતિનું 'મોઢ મહોદય' પત્ર શરૂ કર્યું જેનું ૨૫મું વર્ષ ૧૯૪૨માં ઊજવાયું. તે ઉપરાંત લોન-ફંડ, મોઢ બોર્ડિંગ વગેરે કાર્યો કર્યાં.

સદ્વાચન, સાધુ-સંતો ને વિદ્વાનોનો સમાગમ, ગીતાનું ચિંતન વગેરે તેમની ધાર્મિક વૃત્તિ બતાવતાં, પણ તેમનામાં કદી વેવલી ધર્મઘેલછા દેખાઈ નહોતી. તે હમેશાં અટલ શ્રદ્ધાપૂર્વક સમતાથી કહેતા કે 'હાથમાંથી કોઈ લઈ જશે, પણ ભાગ્યમાંથી કોઈ લઈ શકવાનું નથી.' અહંભાવ રહિત, મીલનસાર અને વિનોદી સ્વભાવના એ ભીખાભાઇએ અનેક યુવાનો પર પ્રભાવ પાડી તેમને પ્રગતિશાળી નાગરિકો બનાવ્યા હતા.

તે અમારા ઘરની સામેની ખડકીમાં ઊંડી ગલીમાં દીવાળી ફઈના મેડા ઉપર રહેતા. વૃદ્ધ માતા, પત્ની અને એક જ પુત્ર હરિલાલ. હરિલાલનાં બા તેને બાળક મૂકી ગુજરી ગયાં. દીવાળી ફઈના અનાથ ભત્રીજા શાંતિલાલને અભ્યાસનું સાધન નહોતું પણ ભીખાકાકાના પ્રયાસોથી તે ગ્રૅડ્યુએટ થયા, અને છેવટ

ભીખાભાઈ
ગોપાળજી
પારેખ



હાઇસ્કૂલના હેડમાસ્તર તેમજ મોઢ બોર્ડિંગના સુપરિન્ટેન્ડેન્ટ થઈ સારા જ્ઞાતિસેવક બન્યા હતા.

એ જ ભીખાકાકાની પ્રેરણાથી બીજા એક પડોશી યુવાન દામોદર પરમાનંદ દેસાઇ જીવણલાલ કં.માં કલકત્તા સુધી નોકરી કરવા ગયા ને ત્યાંથી જાપાનનો પ્રવાસ કરી આવ્યા અને છેવટે પોતાની સ્વતંત્ર દુકાનો કરી. ડહેલાના સામાજિક સંપમાં વૃદ્ધિ કરવા ભીખાકાકા હમેશાં જાગૃત રહેતા. નવરાત્રના તહેવારો તેમજ ડહેલાના કેટલાક કાર્યક્રમોમાં તેમની સલાહ સૌ લેતું. છેવટના જીવનમાં તે થીઓસૉફીની અસરમાં આવ્યા હતા અને 'સરસ્વતી' છાપખાનાના મૅનેજર થયા હતા છતાં તેમની સેવાઓનું ક્ષેત્ર સંકુચિત કર્યું નહોતું. સ્ત્રીસુધારા માટે ઘણા પ્રયાસ કરતા. ગરીબ ઘરોને ખાનગીરીતે ખોરાકી પહોંચાડતા. તે ગમે તે વ્યક્તિને સ્પષ્ટ વાત કહી શકતા. 'મારું લાગે તો માફ કરજો' કહી કહેવાનું સંભળાવી દેતા. 'મોઢ મહોદય'નો રજત મહોત્સવ તે જોઈ શક્યા નહિ.

મોટી ઉમરના ઘણા વિદ્યાર્થીઓ સ્ટેઈજ પર ગયા ને કાલેજના બે ત્રણ પ્રોફેસરો પરીક્ષક થઇને ખુરશીઓ પર બેઠા. ઇનામના ઉમેદવારોમાં રાજવૈદ્ય ધીરાકાકાના પુત્ર ચંદુલાલ પણ હતા. તેણે બહુ સારું ભાષણ કરી પ્રથમ ઈનામ મેળવ્યું. હું તેમને ઓળખતો ને આ પરિણામથી બહુ ખુશ થયો: એ નથુ મછાને ભાવનગરના જૂના માણસો કદી ભૂલ્યા નહોતા.

આ અરસામાં મને કફની મોટી માંદગી થઇ આવી. લગભગ ત્રિદોષ જેવું થઇ ગયું. રાજવૈદ્ય ધીરાકાકા ઘેર આવી જોઇ ગયા; અને કુટુંબના સંબંધી જેવા ડૉ. જટાશંકર જે દરબારી લશ્કરના લાન્સર્સના દવાખાના દાક્તર હતા તે પણ ઘેર આવી જોઇ જતા. એ વખતે ડૉક્ટરો નાતીલાનાં ઘરોમા તો મફત જતા અને કોઇને ત્યાં વિઝિટની ફી પણ ભાગ્યે જ એક રૂપિયાથી વધુ લેતા, અને તે પણ તેમના નોકરી પછીના સમયમાં. દવાઓ દરબારી દવાખાનેથી મફત મળતી. મોટા ભાગના લોકો ગામઠી વૈદ્યોના ઉકાળા, ગોળીઓ, શેક વગેરે ઉપચાર કરતા. ધંધાદારી ડૉક્ટરની એક પણ દુકાન નહોતી. મને ઘણા દિવસ સુધી અળશીના ગરમ ગરમ શેક કલાકો સુધી કર્યા હતા. તે વખતે ઘરનાં બધાં કેટલી તકલીફ ઉઠાવતાં તે હું જોતો. કાકા ગાંધીને ત્યાંથી અળશી લાવતા. બપોરે બૈરાંઓ ખાંડીને ચાળી નાખતાં, અને રાત્રે સૂતી વખતે સગડી ને તાવડી મારા ખાટલા પાસે મૂકી પાણીમાં અળશી બાફી, તેની પોટીસો ગરમ ગરમ વારાફરતી મારી છાતી અને પીઠ પર મુકાતી. હું સહન કરું કે ન કરું પણ તેઓ કલાક સુધી એ ચાલુ રાખતા. આજે તો એવી દવાઓ થઇ છે કે આવી કોઈ ખટપટ રહી નથી.

આ માંદગીથી પીરછલાના વર્ગમાં હું ઊતરી ગયો. ભણવાનું ઘણું આગળ ગએલું એટલે મને કંઈ ચેન પડયું નહિ. તેમાં કુબેરજી માસ્તરે એક વાર કાન આમળ્યો. થઇ રહ્યું! બપોરે સ્કૂલને રામરામ કરી ઘેર આવ્યો તે આવ્યો.

રાત્રે કાકા આવ્યા તેમણે મારી વાત જાણી. બીજે દિવસે મારી હઠ ચાલુ રાખી ઘરમાં જ રહ્યો કે મારે ભાવનગરમા ભણવું જ નથી, ગમે તેમ કરી મને બા-બાપુ પાસે મોકલી આપો. કાકા-કાકીને થયું કે આમ મોકલી દઇશું તો વળી નોકરીની ફેરબદલીમાં રખડી જશે. એમણે આ વાત પડોશમાં રહેતા ભીખાકાકાને જણાવી.

ભીખાકાકા એક પરોપકારી ખોજા ગૃહસ્થ હરજી જમાલે સ્થાપેલી સ્કૂલના હેડ માસ્તર હતા. ત્યાં કોઇ ફી નહોતી એટલે ધર્માદાની સ્કૂલ કહેવાતી. ભીખાકાકા અમારા મહોલ્લાના એક સંસ્કારી સજ્જન અને સમજુ વડીલ તરીકે સૌના આદરને પાત્ર વ્યક્તિ હતા, અને કોઇનું પણ ભલું કરવામાં, સહાય કરવામા કે સમજાવટ-પતાવટમાં તેમની હાજરી ઘણી અસરકારક બનતી. એમણે સવારમાં આવી મને સમજાવી પટાવી પોતાની શાળામાં લઈ જઈ પાચમી ચોપડીમાં દાખલ કર્યો અને વાર્ષિક પરીક્ષા થઇ ત્યારે તેમાં મને અંગ્રેજીમાં જવાનું પ્રોમોશન મળ્યું, પણ હું કેટલાક વિષયમાં કાચો તો રહી જ ગયો.

પરિણામ મળ્યા પછી અંગ્રેજી નિશાળમા દાખલ થવા અમે કેટલાક છોકરાઓ સાથેની અંગ્લોવર્નાક્યુલર સ્કૂલમા ગયા. ત્યા અમને ખબર પડી કે અમારે મણિલાલ માસ્તરના વર્ગમા બેસવાનું છે. તેથી અમે ખુશ થયા, કારણ કે તે માસ્તર સારા સ્વભાવના અને સારું શીખવનારા ગણાતા. બપોરે મારા મોટા ભાઇ, જે હાઇસ્કૂલમાં ચોથા ધોરણમાં હતા તે આવીને ખબર કાઢી ગયા. માસ્તરે તે દિવસે પાટિયા પર એ બી સી ડી લખી તે ઉતારી લીધી, ને બીજે દિવસે અંગ્રેજી પ્રાઈમર ખરીદી લેતા આવવા કહ્યું. ઇતિહાસ, ભૂગોળ અને ગુજરાતીમાં તો હતી તે જ ચોપડીઓ આગળ ચાલવાની હતી. અંગ્રેજી અક્ષરો સુધારવાની કૉપીબુક પણ લાવવાની હતી. નોટ એકબે જ લાવવાની હતી. ડિક્ટેશન અને દાખલા તો સ્લેટમાં જ કરવાના હતા. (ચાલુ)

મસ્ત કવિની જનેતા

સત્યકથા

લેખક · મુકુન્દરાય પારાશર્ય

મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકર (ઈ.સ. ૧૮૭૨થી ૧૯૨૪) તથા એમના નાના ભાઈ કવિ હરગોવિંદ પ્રેમશંકર (ઈ.સ. ૧૮૭૫ થી ૧૯૫૧) બન્ને અત્યંત પ્રેમાળ અને ઉગ્ર સ્વમાની હતા. આ બન્ને ભાઇઓના લાઠીઠાકોર શ્રી સુરસિંહજી ('કલાપી') તથા ભાવનગરના મહારાજા શ્રી ભાવસિંહજી મહારાજ સાથેના પ્રસંગો એ ભાઈઓની નિઃસ્પૃહતા તથા સ્વમાનના ને નૃપતિપક્ષેની ઉદારતા, ગુણજ્ઞતા તથા ક્ષમતાના દ્યોતક છે. એ સ્વમાની ભાઇઓની માતા અમૃતબહેનની આ વાત છે.

મસ્ત કવિ ત્રિભુવનના પિતા પ્રેમશંકર શ્રીમાળી બ્રાહ્મણ હતા ને ભાવનગર સંસ્થાનના દક્ષિણે દરિયાકાઠે આવેલા મહુવા બંદરમાં રહેતા. તેમના પત્નીનું નામ અમૃતબાઈ. પ્રેમશંકરને ઘરના ઘર ન હતાં, સીમમાં ખેતર ન હતું. ઘેર ગાય પણ ન હતી. યજમાનવૃત્તિથી નિર્વાહ કરતા ને ક્રિયાકાંડ કરાવતા. ઇ.સ. ૧૮૬૫થી ૧૮૭૬ સુધીનાં વર્ષોમાં અવારનવાર દુષ્કાળ પડેલા. પ્રેમશંકરને કુટુંબમાં નિકટમાં કોઈ ન હતું. ઈ.સ. ૧૮૭૬માં તે ભયંકર બીમારીમાં પટકાયા. એ વખતે એમને ત્રણ પુત્રો હતા. મોટો પુત્ર, જે પાછળથી યુવાન વયે ભાવનગરમાં મરકીમા ગુજરી ગયો તેની ઉમર તે વખતે છ વર્ષની હતી. એથી નાના ત્રિભુવન અને તેથી નાના હરગોવિંદ. હરગોવિંદનું વય ત્યારે વર્ષ, દોઢ વર્ષનું હતું. પ્રેમશંકરનું વય એ વખતે અઠ્ઠાવીશ કે ત્રીશ વર્ષનું હતું અને અમૃતબાઈનું વય પચીશેક વર્ષનું હતું.

પ્રેમશંકર ગંભીર મંદવાડમાં પટકાયા અને મંદવાડ લંબાયો. ખાવા-પીવાનાં સાસાં ત્યાં દવાદારુની સગવડ કેમ કરવી? મોટો છ વર્ષનો પુત્ર લોટ માગવા જતો. પ્રેમશંકરનું શરીર ક્ષીણ થતું ગયું. બીમારી વધતી ગઈ. આ નહિ જીવે એમ બધાંને લાગી ગયું. પ્રેમશંકરને પોતાને પણ ખબર પડી ગઈ હતી. રાત પડે એટલે ત્રણે ય બાળક છોકરાઓને પોતાના પડખામાં લઇને તેમના પર હાથ ફેરવતા પ્રેમશંકર રોઈ પડે.

અમૃતબાઇએ ધણીને કહ્યું: 'બ્રાહ્મણ થઇને અંતકાળે માયામાંથી મન કાઢીને ભગવાનમાં જોડવું જોઈએ; એને બદલે આ શું કરો છો?'

પ્રેમશંકરે કહ્યું: 'મારા જતાં તારું અને આ છોકરાઓનું શું થશે એમ થાય છે એટલે રોવાઈ જવાય છે.' એટલું કહી તે રોઈ પડયા. એમને છાના રાખી અમૃતબાઈ લોટો લઈ ઘર બહાર નીકળ્યા. પોષ મહીનાની એ રાત હતી. એ સીધાં ગામને પાદર માલણ નામે નદી છે ત્યા ગયાં ને પહેર્યે કપડે માથાબોળ નહાયા. છૂટે ચોટલે ને ભીને લૂગડે એ લોટો ભરી પાછાં આવ્યાં ને પતિની સામે ઊભાં રહી, લોટામાંથી જમણા હાથમાં પાણી લઈ બોલ્યા: 'એક સુખી બાપ પોતાના સાત ખોટના એકના એક દીકરાને જે રીતે રાખે તે રીતે હું આ ત્રણે ય દીકરાને રાખીશ. આ છોકરાઓને એવી રીતે ઉછેરીશ કે એમને કે બીજા કોઇને એમ નહિ લાગે કે બાપ વગરનાં નિરાધાર છોકરાં છે. પાચ માણસમા પુછાય એવા આ છોકરાઓને કરીશ.'

એટલું કહી એ બાઇએ સંકલ્પનું જળ છોડી, પતિને પાણી પાતાં કહ્યું: 'હું તમારી છું, તમારું પડખું સેવ્યું છે; તો ચિંતા ન કરો. પ્રભુમાં આસ્થા રાખો, એનું નામ લો ને અંતકાળ સુધારી લો.'

ને એ પછી થોડા જ સમયમા પતિ પ્રેમશંકર ગુજરી ગયા.



મસ્ત કવિ ત્રિભુવન



માતા અમૃતબાઈ



કવિ હરગોવિંદ

સંકલ્પને પાર પાડવા અમૃતબાઇએ હવેલીનું દળણું દળ્યું, ગાયો માટે સીમમાં જઈ ખડ વાઢી ભારા બાંધી આપ્યા, સૂતર કાંતી આપ્યાં. ઘડીની નવરાશ નહિ એમ એણે કામ કર્યું. બાપ માંદા હતા ત્યારે મોટો છોકરો લોટ માગવા જતો; પણ અમૃતબાઇએ સંકલ્પ લીધા પછીથી છોકરાને લોટ માગવા જવાની બંધી કરી દીધી. કોઈ જમવા માટે આમંત્રણ આપે ત્યારે જો તેને ત્યાં બીજા બ્રાહ્મણના છોકરા જમવા જવાના હોય તો જ સાથે જમવા મોકલે, નહિ તો નહિ. વિનાકારણ સીધું સ્વીકારવાની યે અમૃતબાઇએ ના કહી.

ને એ બાઇએ છોકરાઓને ભણાવ્યા. પ્રાથમિક શાળામાં ફી ન હતી. ચોપડીનો ખર્ચ ન જેવો હતો, ને એક પાટીએ ચાર ચોપડી ભણાતી. પણ એ પછી આગળ અભ્યાસ આર્થિક દૃષ્ટિએ સરળ ન હતો.

મહુવામાં એ વખતે હેડમાસ્તર તરીકે કવિ 'કાન્ત'ના મોટા ભાઈ માધવજી રતનજી ભટ્ટ હતા. તેનો પુત્ર હરિલાલ (જે પાછળથી જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં સારા પ્રોફેસર તરીકે પ્રતિષ્ઠા પામેલા તે) અને અમૃતબાઇનો સૌથી નાનો પુત્ર હરગોવિંદ બંને ઉમરમાં સરખા. એક જ વર્ગમાં સાથે ભણતા. એ બન્ને ભાઇબંધ થઈ ગયા. ભણવામાં હરિલાલ કરતાં હરગોવિંદ ચડે, ને ક્યારેક હરગોવિંદ હરિલાલને શીખવે પણ ખરો. એ હરગોવિંદ ચાર ચોપડી ભણી પાસ થયો ત્યારે માએ કહ્યું 'બેટા, તું હવે પાઠશાળામાં જાતો જા ને કર્મકાંડ શીખી લે.'

પણ હરગોવિંદે કહ્યું: 'મારે હરિલાલની હારે ભણવું છે.'

'આપણે હવે એ નિશાળમાં ઝાઝું નથી ભણવું.' માએ કહ્યું.

'મોટા ભાઈ કેમ ભણે છે?' હરગોવિંદે પોતાના બન્ને ભાઇઓનો ઉલ્લેખ કરી કહ્યું. માએ ના કહી તેથી છોકરો કચવાતો હતો. માધવજી ભટ્ટને ઘેર એ રમવા ગએલો ત્યાં વાત નીકળતાં તેણે હેડમાસ્તરને કહ્યું: 'મારાં મા મને પાઠશાળામાં મોકલવાનાં છે. મારે હરિલાલની હારે ભણવું છે, પણ મા માનતાં નથી.'

માધવજી ભટ્ટ કુટુંબની સ્થિતિ જાણતા હતા, છોકરાની ભણવાની ઈચ્છા જાણતા હતા. તેમણે કહ્યું: 'કે'જે તારાં માને, કે તને હરિલાલની સાથે જ અંગ્રેજી નિશાળમાં દાખલ કર્યો છે.'

છોકરો તરત હરખાતો મા પાસે ગયો ને વધામણી ખાધી: 'મા, મા, મને હેડમાસ્તરે કીધું છે કે તને અંગ્રેજી નિશાળમાં દાખલ કરી દીધો છે. હું હરિલાલની સાથે ભણીશ. હાશ, હું ભણીશ.'

મા કમોદ ઓધાવતી હતી. છોકરાની વાત સાંભળી પહેલાં તો તે થંભી ગઈ; પણ બીજી જ પળે છોકરાની હોંશ જોઈ હરખાઈ. છોકરાને ખોળામાં લઈ કહ્યું 'ખુશીથી ભણજે બેટા, ભણવું હોય તેટલું ભણજે.'

બીજે દિવસે નિશાળમાં હેડમાસ્તર આવે તે પહેલાં આવીને મા તેની ઑફિસના બારણે ઊભાં રહ્યાં. હેડમાસ્તર આવ્યા ને અમૃતબાઇને આવેલાં જોઈ કહ્યું: 'બહેન, ચિંતા ન કરો. હરગોવિંદને મેં દાખલ કરી દીધો છે. એ છોકરો હોશિયાર છે, ને સારા હોશિયાર તથા ગરીબ છોકરાને માફી કરી દેવાનો અમને ખાતા તરફથી અધિકાર છે.'

'તમારો આભાર માનું છું.' માએ કહ્યું, ને છાયલને છેડેથી એક રૂપિયો ને એક આનો કે એવી કંઈક રકમ હેડમાસ્તરના ટેબલ પર મૂકી.

હેડમાસ્તરે કહ્યું: 'મેં તમને કહ્યું ને, કે મેં છોકરાને માફીથી દાખલ કર્યો છે? એટલે તમારે હવે કંઇ ફી દેવાની જરૂર નથી. એ લઇ લો.'

'એ લેવાના નથી, દેવાના છે.' માએ કહ્યું. 'મેં છોકરાના બાપને અંતકાળે વચન દીધું છે. છોકરાને ય મોટા થયા પછી એમ ન થવું જોઇએ કે અમે નિરાધાર રાંડીરાંડના છોકરા હતા માટે માફીથી ભણ્યા. એ લઈ લો.' કહી તે કંઈ પણ સાંભળવા ઊભા રહ્યા વગર ચાલ્યાં ગયાં.

ને માએ દરમાસે ફી ભરી હરગોવિંદને મૅટ્રિક સુધી ભણાવ્યો. દળણું દળ્યું ને ખડ વાઢ્યું, ધાન ઓધાવ્યું ને સૂતર કાંત્યું.

મસ્ત કવિ ત્રિભુવનને નાનપણથી જ સારાં કપડાં પહેરવાનો શોખ હતો તે પણ માએ પૂરો કર્યો હતો. કોઇકોઇ વાર આ છોકરાઓને લાડુ ખાવાનું મન થતું, તો અમૃતબાઇ દિ'રાત ગણ્યા વગર, રાત જાગીને, એકધારાં સાતસાત દિવસરાત સુધી દળણાં દળીને છોકરાઓને લાડુ કરી પ્રેમથી ખવડાવતાં. એમણે છોકરાઓને કદી કોઇ વાતની ના કહી ન હતી. છોકરા મોટા થઇને જાતે પરિસ્થિતિ સમજીને કરકસરથી રહેવા લાગ્યા ત્યારે પણ આ માતાએ 'વારપરબે રાંધવું જોઇએ' એમ કહીને છોકરાઓને મિષ્ટાન્ન રાંધીને જમાડવાનું રાખ્યું હતું.

બન્ને કવિભાઇઓ કહેતા કે અમે જે અને જેવા છીએ તે અમારી માને આભારી છે. કવિ 'કાન્ત' પોતાના ભાઈ માધવજી પાસેથી અમૃતબહેનની વાત સાંભળીને પછી એ બે ભાઇઓના નિકટના પરિચયમાં આવ્યા હતા અને આમરણાન્ત તેમના સુહૃદ બની રહ્યા હતા.

બળદ-પાડા

લેખક · અવંતીલાલ વસાવડા





જાનવરોની કેળવણી માણસે ક્યારથી શરૂ કરી હશે એ નક્કી કહી શકાય નહિ. માણસની બુદ્ધિનો વિકાસ થયા પછી એને જાનવરો પાળવાનું સૂઝ્યું હશે કે એ પોતે જ્યારે વન્ય દશામાં હતો ત્યારથી તેને તેમની સાથે મૈત્રી થઈ હશે એ પણ નિશ્ચિતપણે કહી શકાતું નથી. છતાં જે કંઈ માહિતી પ્રાપ્ય છે તે પરથી એટલું નક્કી થાય છે કે અમુક પ્રાણીઓ અને માણસનો આવો સંબંધ બહુ પ્રાચીન કાળથી છે. પરિચયે અને અનુભવે માણસ આ પ્રાણીઓને અનેક અવનવાં કાર્યોમાં પ્રયોજતો ગયો, એટલું જ નહિ. એમનાં દૂધ-માંસનો ઉપયોગ પણ તેણે કરવા માંડ્યો. મોટે ભાગે સવારીમાં, ખેતીનાં કામોમાં અને ભારવહનમાં જાનવરોનો ઉપયોગ થવા લાગ્યો જે હજી યે ચાલુ છે. દેખાદેખીએ પશુપાલનનું આ જ્ઞાન બધે વિસ્તરી ગયું હશે. પણ દરેક સ્થળની ભિન્નભિન્ન ભૌગોલિક સ્થિતિને લીધે એક જ પ્રાણી કામ ન લાગી શકે એ સ્વાભાવિક છે. એટલે જ્યાં જે પ્રાણી મળી અને હળી શકે ત્યાં તેનો ઉપયોગ થવા લાગ્યો. અને આમ અનેક પ્રાણીઓ માણસના કામમાં જોતરાવાં લાગ્યાં.

સ્વભાવે મિલનસાર, તાબેદાર અને કામની સમજ ધરાવી શકે તેવાં જાનવરોનું પાલન વધુ થાય એ સ્વાભાવિક છે. સામાન્યતઃ ભારવહન જેવાં કામોમાં ખરીવાળાં પ્રાણીઓ વધુ પ્રયોજાય છે, કેમકે એમની પાસેથી લેવાનાં કાર્યોમાં ખરીવાળા પગ વધુ અનુકૂળ નીવડે છે. આ રીતે બળદ, પાડા, બકરાં, ઘેટાં, હરણ-સાબર, રેન્ડીઅર, યાક, ઊંટ, લામા-આલ્પાકા, કૂતરાં અને હાથી વગેરે જાનવરોનો માણસે કંઇ ને કંઇ ઉપયોગ કર્યો જ છે. પ્રસ્તુત લેખમા તો આપણે માત્ર ભારવાહક પ્રાણીઓનો જ પરિચય કરવા ધાર્યો છે. આ રીતે જોતાં બળદનો ઉપયોગ કદાચ ઘણો વધારે થયો છે, એટલે એનાથી જ શરૂઆત કરીએ.

આપણા લોકજીવનમાં તો ગાયનું સ્થાન ઘણું ઉપયોગી જ નહિ, પૂજનીય પણ ગણાયું છે. એ રીતે બળદને પણ આપણે ભગવાન શંકરના વાહન-તરીકેનું મહત્ત્વ આપ્યું છે. બળદને આપણે માત્ર એક ઉમદા નોકર નહિ, કુટુંબના એક આવશ્યક અંગ તરીકે ગણ્યો છે. એની ઉપયોગિતા અજાણી નથી. એના સ્વભાવ વગેરેથી પણ આપણે પરિચિત છીએ જ. ગાડાં, હળ ને વણઝારની પોઠોનો માલ ખેંચવા માટે એ જાણીતો છે. સવારીમાં પણ તેનો ઉપયોગ થયો છે. આફ્રિકામાં અમુક જાતિના લોકો તો દુશ્મનોની હરોળ તોડવા એના ધણને તગડતા હોવાની માહિતી મળે છે. પણ એ તરફની ઝેરી માખીઓના ડંખ એમને માટે પ્રાણઘાતક નીવડતા હોવાથી એમને અન્ય રીતે બહુ પળાતા નથી.


બળદની પીઠ બોજો ઊંચકે એ કરતાં એની કાંધ વધુ બોજો વહન કરી જઈ શકે એવી એની શારીરિક રચના હોઈ માલવાહક ગાડાંઓમાં ને ખેતીનાં સાંતી ખેંચવામાં એનો વધુ ઉપયોગ થતો રહ્યો છે. ટૂંકી ગરદન અને મોટી ખૂંધને કારણે જુદી તરી આવતી એની જાતને 'ઝેબુ' —'બ્રાહ્મણી બળદ' પણ કહે છે.

'ગૌર' નામે બળદની એક જંગલી જાત થાય છે. એનો વાન ઘેરો તપખીરી; કપાળ, નસકોરાં ને મોં તથા ઢીંચણ સુધીના પગ પણ મોજાં પહેર્યાં હોય એમ ખુલતા રંગનાં; શિંગડાં માથાની બને બાજુએ પહોળા થઇને પછી વળતા; સ્વભાવ ક્રૂર ને ઝટ હળી ન શકે તેવો. છતાં પણ તેમાંથી જે કંઈ પાળી શકાયા છે તે 'ગાયલ' તરીકે ઓળખાય છે.


બ્રહ્મદેશથી મલાયા સુધીના વિસ્તારમાં 'બૅન્ટંગ' નામે બળદની એક જાત થાય છે. જાવા-બાલીના લોકો એને પાળીને ખેતી તથા ભારવહન માટે કામમાં લે છે. બૅન્ટંગ ગાય લાલ કે પીળચટ્ટી હોય છે.




મોહેં જો દડોની મુદ્રા, ઈજિપ્તનાં પુરાણાં શિલ્પ ગ્રીકના સિક્કા કે બેબીલોનનાં પ્રાચીન ચિત્રો જોતાં જણાશે કે માનવસમાજમાં હજારો વર્ષોથી બળદનું સ્થાન ઘણું મહત્ત્વનું રહ્યું છે. પૂર્વના દેશોમાં આજે યે ખેતી જેવા કાર્યોમાં બળદ બહુ ઉપયોગી છે.



કાળાનુક્રમે યે એનું મહત્ત્વ હજી ઘટ્યું નથી.



હિમાલયપ્રદેશોમાં યાક-ચમરી ગાય-નામે પણ એક આવું પ્રાણી થાય છે. એ મુલકોમાં યાક ઘણી રીતે લગભગ અનિવાર્ય જેવું છે. દેખાવે એ જાણે બળદના કદનું મોટું ઘેટું લાગે. ત્યાંના ડુંગરા-ટેકરા પર ચડઊતર કરી શકે તેવા તેના પગ છે. વળી દિવસમાં તે સહેજે વીસેક માઈલનું અંતર કાપી શકે. એનું દૂધ ને માંસ પણ વપરાય; એના ઊન જેવા વાળમાંથી દોરડાં, તંબૂનું કાપડ વગેરે પણ બને; અને આ બધા લાભ ઉપરાંત, એને ચારા માટે હલકા પ્રકારની લીલોતરી ચાલે. મરજાદી તો એવું કે કાપેલું ને સૂકું ઘાસ કે દાણા ખાય નહિ. એની આ ખાસિયતને લીધે એને ચરવા લઈ જવામાં ક્યારેક મુશ્કેલી પડે ખરી. એનો સ્વભાવ વિચિત્ર. પીઠ પરનો બોજો પાડી નાખવા તે જરૂર મથે. અજાણ્યા માણસ પર ધસી પણ આવે. એટલે બહુ વધુ તો કેળવી ન શકાય, પણ પટાવી સમજાવીને મજૂરી કરાવી શકાય. યાક વિષે વધુ તો અગાઉ 'કુમાર'માં આવી ગયું છે. યાક જેવાં જ, પણ કદમાં નાનાં 'ઝાટ'



ને ઝોયો' ખેતીકામમાં જોડી શકાય છે. યાક ને ઝેબુની એ સંકર જાત છે.

ગાય-બળદની જાતનાં આ બધાં ભારવાહક જાનવરો સાથે ભેંશપાડા પણ કેમ ભુલાય? આપણાં તો એ ખૂબ પરિચિત પ્રાણીઓ છે. દક્ષિણ ને પૂર્વ એશિયાનાં ભેંશપાડા પાળી શકાય છે, પણ આફ્રિકા ને અમેરિકા તરફના પાડા કે ભેંશ પાળી શકાતાં નથી. ઇજિપ્તમાં આપણે ત્યાંની ભેંશો લઈ જઇને ત્યાં પાળવાનું શરૂ થયું છે. અન્ય જાનવરોને ન ફાવે એવી, વિષુવવૃત્તની આસપાસના પ્રદેશોની ભેજવાળી ઉષ્ણ આબોહવા ભેંશને માફક આવે છે. ભેંશની જંગલી જાત પણ થાય છે જે આક્રમક છે ને એની ઉગ્રતા તો વાઘસિંહને પણ ટપી જાય તેવી હોય છે. આમે યે સૌરાષ્ટ્રના ગીર પ્રદેશની ભેંશો વીફરે તો સિંહને પણ નસાડે એવી હોય છે. પાડા અન્ય ભારવાહક પ્રાણીઓમાં હાથીને બાદ કરતાં કદાચ સૌથી બળવાન ગણાય છે, પણ એમની જડ બુદ્ધિને કારણે એમનો ઉપયોગ બહુ નથી થઈ શકતો; છતાં ભારવહન, ખેતી વગેરેમાં તેનો ઉપયોગ થાય છે ખરો. એનાં દૂધ માંસ ને ચામડું પણ વપરાય છે.

આવું જ એક જંગલી પ્રાણી 'બાઈસન' (જુઓ આ અંકના 'માધુકરી' વિભાગમાં આ માસનું પ્રાણી) નામે છે. પણ તે પાળી શકાતું નથી. છતાં એના અને ગાયના સંપર્કથી 'કૅટેલો' નામક એક સંકર જાતિ ઉત્પન્ન થઈ છે એ સ્વભાવે ગરીબ ને મિલનસાર હોઈ પાળી શકાય છે. આ કૅટેલો સ્વતંત્રરીતે પણ પ્રજોત્પાદન કરી શકે છે.

આ ઉપરાંત, ઉત્તરના શીત પ્રદેશોમાં 'મસ્ક ઑક્સ' નામે પણ એક જાત છે. જેને આખે શરીરે ગીચ લાંબા વાળ હોય છે. શીત પ્રદેશના વરુઓ એમના મુખ્ય શત્રુ ગણાય છે. ટોળાબંધ તેઓ જ્યારે એમના પર તૂટી પડે છે ત્યારે કુંડાળું રચી વચ્ચે બચ્ચાંને સલામત રાખી તેઓ વરુ સામે લડે છે.

(ચાલુ)

ગણિત સરળ બનાવો

માધવજી નરસી દેવળિયા

કેટલાક વિદ્યાર્થીઓને ગણિત એ અઘરામાં અઘરો-કંટાળાજનક વિષય જણાય છે, જ્યારે કેટલાકને રસપ્રદ. તેઓ પણ શાળા છોડયા પછી ઘણીવાર તે જ્ઞાન ભૂલી જાય છે અને જ્યારે ગણિતનો કોઇ દાખલો કરવાનો પ્રસંગ આવે ત્યારે મુંઝાય છે.

મુખગણિતમાં અમુક પ્રકારની ચાવીઓ(Formula) હોય છે. તે યાદ હોય તો કલમકાગળ લીધા વગર મનમાં જ ગણીને લાંબા કે અટપટા દાખલાનો જવાબ મેળવી શકાય.

કયારેક આપણે છાપાંમાં વાંચીએ છીએ કે અમુક ભાઇ લાંબી રકમના ગુણાકાર-ભાગાકાર તેમજ અન્ય દાખલાઓ મોઢેથી જ ગણી આપે છે. વર્ષોનાં વર્ષો પહેલાં અમુક તારીખે કયો વાર હતો તે પણ કહી બતાવે છે. આ બધું સાંભળીને આપણને નવાઈ લાગે છે, પણ વાસ્તવમાં એમાં નવાઈ પામવા જેવું કંઈ નથી. ગણિતને રસપ્રદ ગણી તેની પાછળ જ મંડી પડીએ તો આપણે યે ગણિત પર ઘણો સારો કાબૂ મેળવી લાંબી રકમના ગુણાકાર-ભાગાકાર વગેરે કરી શકીએ. આ માટે અમુક જાતની ચાવીઓ(Formula) જાણીએ તો આપણને વધારે સરળતા થઈ પડે. અહીં ગણિતને સહેલું બનાવવાની તેવી ચાવીઓ તથા કેટલીક સરળ રીતો બતાવવાનો પ્રયાસ કર્યો છે.

અહીં આપણે જે ચાવીઓ જોઇશું તેવી ચાવીઓ શાળામાં કે બીજે કયાંય શીખવવામાં આવતી નથી. એટલે આ બધી રીતો એકલા વિદ્યાર્થીઓને જ નહિ, પણ આંકડાઓ સાથે જેમને કામ પડે છે તે સૌને ઉપયોગી થઈ પડશે. આ દરેક રીતને પૂરેપૂરી સમજી લઇને વધુ ને વધુ ઉપયોગ કરવાથી કલમકાગળ વગર પણ માત્ર થોડી સેકંડોમાં જ ગણતરીઓ કરી શકશો.

સૌ પ્રથમ આપણે ગુણાકાર લઇએ. કોઈ પણ બે રકમનો ગુણાકાર કરવો હોય તો આપણે આ પ્રમાણે કરીએ છીએ (જુઓ ડાબી બાજુ):

૧૬૩	પણ હવે આ જ રકમને આપણે જુદી	૧૬૩
×૨૮	રીતે વિચારીએ. ૨૮ એ ૭ તથા ૪નો	×૭
૧૩૦૪	ગુણાકાર છે. એટલે ૧૬૩×૭×૪ પ્રમાણે	૧૧૪૧
૩૨૬×	પણ આ ગુણાકાર કરી શકાય:	×૪
૪૫૬૪		૪૫૬૪

તમને થશે કે આ બંને રીતમાં કંઇ ફેરફાર કે કંઈ સરળતા જણાઇ નહિ; પરંતુ પહેલી રીત કરતાં બીજી રીતમાં ભૂલ થવાનો સંભવ ઓછો રહે છે, કેમકે તેમાં બે રકમનો સરવાળો કરવાનો નથી. હવે ધારો કે ૧૬×૨૮નો ગુણાકાર કરવો હોય તો આપણે બીજી રીત પ્રમાણે સહેલાઇથી કરી શકીએ. કેમકે ૧૬×૪×૭નો ગુણાકાર કરતી વખતે આપણે જાણીએ છીએ કે ૧૬×૪=૬૪ થાય એટલે હવે ૬૪×૭નો ગુણાકાર કરતાં ૪૪૮ આવી જાય. આવી રીતે સહેલાઈથી ગુણાકાર થઈ શકે તે માટે કોઈ પણ એક રકમને તેના બે અવયવ-ફૅક્ટર્સ કરીને વારાફરતી ગુણાકાર કરવાથી ભૂલ થયા વગર ગુણાકાર થઈ શકશે.

હવે ૨॥-અઢીનો ગુણાકાર જોઇએ.(અઢીઆં નહિ આવડતાં હોય તો ચાલશે.) અઢી(૨॥)એ સો(૧૦૦)નો ચાળીસમો ભાગ છે.

એટલે $૨॥=\frac{૧૦૦}{૪૦}=\frac{૧૦}{૪}=\frac{૫}{૨}$

હવે કોઇ પણ રકમને ૨॥ વડે ગુણવા હોય તો આ પ્રમાણે પણ ગુણાકાર કરી શકાય.

$૧૭૨\times૨\frac{૧}{૨}=૧૭૨\times\frac{૧૦}{૪}=\frac{૧૭૨૦}{૪}=૪૩૦$ થયા.

જે રકમને ૨॥ વડે ગુણવાની હોય તે રકમને ૧૦ વડે ગુણી ચાર વડે ભાગી નાખવી. ભાગતાં બે શેષ વધે તો .૫૦ અથવા $\frac{૧}{૨}$ ભાગાકારની બાજુમાં જમણી તરફ મૂકી દેવા એટલે જવાબ આવી જશે. જુઓ—

$૧૬૯\times૨\frac{૧}{૨}=૧૬૯\times૧૦\div૪=\frac{૧૬૯૦}{૪}=૪૨૨\frac{૨}{૪}$. બે શેષ વધી તેના .૫૦ મૂકતાં ૪૨૨.૫૦ અથવા $૪૨૨\frac{૧}{૨}$ થયા. બીજો દાખલો-

$૧૭૦\times૨\frac{૧}{૨}=૧૭૦\times૧૦\div૪=\frac{૧૭૦૦}{૪}=૪૨૫$. શેષ વધી નહિ. ૪૨૫ થયા.

$૧૭૧\times૨\frac{૧}{૨}=૧૭૧\times૧૦\div૪=\frac{૧૭૧૦}{૪}=૪૨૭\frac{૨}{૪}$=બે શેષ વધી તેના .૫૦ મૂકતાં ૪૨૭.૫૦ અથવા $૪૨૭\frac{૧}{૨}$ થયા.

૨॥ એ ૨૫(પચ્ચીસ)નો દસમો ભાગ છે એટલે કોઇ પણ રકમને ઉપરની રીત પ્રમાણે ૨॥ વડે ગુણતાં જે ગુણાકાર આવે તેને દસે ગુણવા (તેની જમણી બાજુ એક મીંડુ મૂકી દેવું) એટલે તે ૨॥ ને બદલે ૨૫નો ગુણાકાર આવશે. જેમકે—

$૧૭૨\times૨\frac{૧}{૨}$=૪૩૦. ૪૩૦×૧૦ એટલેકે ૪૩૦ની જમણી બાજુએ એક મીંડુ ઉમેર્યું એટલે થયા ૪૩૦૦. ૪૩૦૦ એ ૧૭૨×૨૫નો ગુણાકાર છે.

હવે જરા આગળ. કોઇપણ રકમના અઢી ટકા કાઢવામાં આ રીતનો ઉપયોગ થઈ શકે. પણ તેમાં ઉપરની રીત પ્રમાણે બે રકમનો જે ગુણાકાર આવે તેમાં જમણી બાજુના બે આંકડા છોડી દઇને વચ્ચે પોઇન્ટ (દશાંશ ચિહ્ન) મૂકી દેવું. જે આવે તે મૂળ રકમના અઢી ટકા હશે. જેમકે ૧૭૨ના અઢી ટકા કરવા હોય તો ઉપરની રીત પ્રમાણે $૧૭૨\times૨\frac{૧}{૨}$=૪૩૦ થયા. આ ૪૩૦માં જમણી બાજુના બે આંકડા છોડી વચ્ચે પોઇન્ટ (.) મૂકતાં થયા ૪.૩૦. એ ૧૭૨ના અઢી ટકા છે.

હવે પાંચના ગુણાકાર જોઇએ.

૫-પાંચ એ દસના અર્ધા છે ($\frac{૧૦}{૨}$) કોઈ પણ રકમને પાંચ વડે ગુણવી હોય તો આ પ્રમાણે કરી શકાય: જેમકે $૬૪\times૫=૬૪\times\frac{૧૦}{૨}=૩૨૦$.

જે રકમને પાંચ વડે ગુણવી હોય તે રકમને ૧૦ વડે ગુણી (એટલે કે તેની જમણી બાજુએ એક મીંડું મૂકી)ને પછી તે રકમને બે વડે ભાગી નાખવી, એટલેકે તે રકમના અરધા કરી નાખવાથી તે રકમનો ગુણાકાર આવી જશે.

બીજી રીતે જોઇએ: જે રકમને પાંચ વડે ગુણવી હોય તેના અર્ધા કરી દસ વડે ગુણી નાખવી. જેમકે ૬૪×૫. ૬૪ના અરધા ૩૨ અને તેને દસ વડે ગુણતાં-તેની જમણી બાજુએ મીંડું મૂકતાં ૩૨૦ થયા.

આમ, સહેલામાં સહેલી રીત એ થઈ કે જે રકમને પાંચ વડે ગુણવી હોય તે રકમને બેથી ભાગી નાખવી અને પછી જે જવાબ આવે તેની જમણી બાજુએ મીંડુ મૂકી દેવું. બેથી ભાગતા ૧ શેષ વધે તો આવેલા ભાગાકારની જમણી બાજુએ મીંડાંને બદલે પાંચ મૂકી દેવા. જેમકે ૬૩૭×૫=૬૩૭÷૨=૩૧૮ અને ૧ શેષ વધી તેથી જમણી બાજુએ પાંચ મૂકતાં ૩૧૮૫ થયા.

૬૩૮×૫=૬૩૮÷૨=૩૧૯. શેષ ન વધી તેથી જમણી બાજુએ ૦ મીંડું મૂકતાં ૩૧૯૦ થયા. હવે જુઓ, ૫ એ ૫૦નો દસમો ભાગ છે.

કોઈ પણ રકમને ઉપરની રીતે પાંચ વડે ગુણતાં જે ગુણાકાર આવે તેને દસ વડે ગુણવા અથવા તેની જમણી બાજુએ મીંડું મૂકી દેવું એટલે તે પાંચને બદલે ૫૦નો ગુણાકાર બતાવશે. દાખલા તરીકે ૬૩૮×૫૦= ૬૩૮×૫= ઉપરની રીત પ્રમાણે કરતાં ૩૧૯૦ થયા. ૩૧૯૦ ને દસે ગુણતાં ૩૧૯૦૦ થયા. એટલે ૬૩૮×૫૦=૩૧૯૦૦.

અત્યારે અહીં વાંચતી વખતે આ કદાચ સરળ ન લાગે, પણ કાર્યમાં આવી રીતે ઘણી સરળતા આવી જશે એ તમે અનુભવે જોશો. (ચાલુ)

વનસ્પતિનાં તેલ

ઘી અને તેલ વચ્ચે ફરક શો?
શા નુસખા અજમાવવાથી તેલમાં ખૂટતાં ઘીનાં વિટામિન લાવી શકાય?
કયું તેલ ખાવાથી પાતળો માણસ જાડો અને જાડો માણસ પાતળો બની જાય?
કયા પ્રયોગો કરવાથી—
અન્ન ઉપર રુચિ થાય
વદન ભરાવદાર બને
સ્વર સુધરે
કંઠ શોષાય નહિ
હોઠ કદી ફાટે નહિ
દાંત કદી અંબાય નહિ અને
ગમે તેવા કઠણ પદાર્થ ખાઈ શકાય
પગમાં સુકુમારતા બળ અને દૃઢતા આવે
ચામડી નિર્મળ સુંવાળી ને તેજસ્વી બને
આંખનું તેજ વધે
નાડીતંત્ર શાન્ત બને
એ બધાના ઉત્તર આ લેખમાં છે

આપણે ત્યાં તેલોનો વપરાશ રાંધવા માટે થાય છે, જ્યારે માખણ ને ઘી સીધાં ખાવામાં વપરાય છે. ગઈ કાલ સુધી ઉત્તર હિંદના પ્રદેશોમાં તળવા માટે ઘી વપરાતું હતું, પણ એની અછત ને મોંઘવારી વધવાથી હવે ત્યાં ચિન્તવેલાં તેલ વપરાય છે.

આપણા દેશમાં વપરાતાં વનસ્પતિ-તેલો આટલાં છે: તલ, મગફળી અને કરડીનાં તેલ, સરસિયું અને કોપરેલ. બંગાળ, બિહાર ને ઉત્તર પ્રદેશમાં સરસિયું વપરાય છે, તો દખ્ખણમાં મગફળીનું તેલ. દેશના પશ્ચિમ કિનારા ઉપર કોપરેલ ને મુંબાઈમાં કરડીનું તેલ ખવાય છે. દક્ષિણ હિંદમાં તલના તેલનો પ્રચાર છે, ગુજરાતમાં હવે મગફળીનું તેલ વિશેષ વપરાય છે; ઉપરાંત તલનું તેલ પણ ખરું.

પ્રાણિજ તેમજ વનસ્પતિના સ્નેહલ પદાર્થોના ગરમી અને શક્તિ આપવાના મૂલ્યમાં બહુ તફાવત નથી. મલાઈ અને માખણ સહેલાઈથી પચે ને શોષાય એવા રૂપમાં હોવાથી પોષણનું શ્રેષ્ઠ સાધન છે. પોષણ-મૂલ્યની દૃષ્ટિએ એમના પછી તરત તાજાં વનસ્પતિ-તેલોનું સ્થાન છે. તેલ અને ઘી બંનેની પચનીયતા ૯૫.૫ અને ૯૭.૭ ટકાની આસપાસ હોવાથી આ બન્ને સ્નેહલ પદાર્થોના પાચન અને અભિશોષણમાં ખાસ ફેર પડતો નથી.

વનસ્પતિ તેલો મોટા ભાગે અતૃપ્ત ચરબી છે. આ કારણે તાજાં તેલો આવશ્યક સ્નેહામ્લો મેળવવાનું અગત્યનું સાધન છે. તેલોમાં વિટામિન 'કે' છે. ડૉ. મિલ્ફ્રેડ કૈથાનના કથન મુજબ તેમાં પ્રાણિજ ચરબી કરતાં પણ વિટામિન 'ઈ' વધારે છે, પણ તેમની મોટી ખામી એ છે કે તેમાં વિટામિન 'એ' અને 'ડી' ઘણાં થોડાં છે, યા બિલકુલ નથી. ખનિજ દ્રવ્યો સહિત આ બધાં વિટામિનો ખોળમાં રહી જાય છે. હા, મલાયા તરફ થતા લાલ તાડના તેલમાં વિટામિન 'એ' હોય છે.

વનસ્પતિ-તેલોની વિટામિનોની અપૂર્ણતા ટાળવા માટે થોડું ઘી કે માખણ ખાવું જરૂરી છે. જો આ ન જ બની શકે તો ડૉ. મિલ્ફ્રેડ કૈથાન તાજાં વનસ્પતિ-તેલોમાં તાજા માંસની ચરબી કે થોડું શાર્ક લિવર ઑઈલ (મચ્છીનું તેલ) ઉમેરવાની સલાહ માંસાહારીઓને આપે છે. મલાયા અને બર્મામાં થતા લાલ તાડનું તેલ વિટામિન 'એ'થી સમૃદ્ધ છે. સારા પ્રકારના કૉડ લિવર ઑઇલ જેટલું એમાં વિટામિન 'એ' છે, તો પછી આપણાં ખાદ્ય તેલોમાં આ તેલનું મિશ્રણ કરવામાં આવે તો તે વિટામિન 'એ' યુક્ત બને. આપણા દેશના મોટા ભાગના લોકોનો આહાર ચરબી અને વિટામિન 'એ'ની વિષમ ઊણપવાળો હોઇ આપણા રોજિંદા ખાદ્ય પદાર્થોમાં આવા ફેરફારો અત્યંત આવકારપાત્ર છે. આ ન બને ત્યાં સુધી અન્નાહારીઓએ ફણગાવેલાં કઠોળ, લીલોતરી શાકભાજી અને ફળો ખાવાં જરૂરી છે. એમાં રહેલું કેરેટીન શરીરમાં વિટામિન 'એ'મા રૂપાંતરિત થાય છે. વળી સૂર્યતાપથી ભરપૂર આપણા દેશમાં વિટામિન 'ડી' સહેલાઈથી મળે એમ છે. સવારના દસથી બપોરના બે વાગ્યા સુધી છીછરા વાસણમાં રાખેલા તેલને સૂર્યપ્રકાશમાં મૂકવાથી એમાં વિટામિન 'ડી' પેદા થાય છે.

ઘી-માખણ મોઘાં હોઈ ગરીબ લોકોને ચરબી મેળવવાનું એક માત્ર સાધન વનસ્પતિ-તેલો છે. કોપરેલ, સરસિયું, તલ અને મગફળીનાં તેલોમાં ૯૮–૯૯ ટકા ચરબી છે. તેમના એક ઔંસમાંથી ૨૫૨ ઉષ્ણાંક ગરમી મળે છે, જ્યારે આટલા પ્રમાણના ઘીમાંથી ૨૩૨ ઉષ્ણાંક. ડૉ. કૈથાન લખે છે કે 'પ્રાણિજ ચરબી કરતાં વનસ્પતિ-તેલો ઘણાં સારાં છે, અને મિલોનાં રિફાઈન્ડ તેલ કરતાં ઘાણીનાં તેલ શ્રેષ્ઠ છે.'

ભલે તેલોમાં વિટામિન 'એ' ને 'ડી' ન હોય, પણ તેમાં આવશ્યક સ્નેહામ્લો તો છે જ. વળી વધારામાં પ્રોટીનો પણ છે. આ કારણે તેમની ખાદ્યપ્રતિષ્ઠા છે. ઘી-માખણ ખાનારા ધનવાનોને પણ એનાં સ્નેહામ્લો માટે તે ખાવાં જરૂરી છે. બીજી રીતે કહીએ તો સ્નેહલ પદાર્થોમાં ઘી-તેલ એકબીજાનાં પૂરક છે. ઘીની આવશ્યક સ્નેહામ્લોની ખોટ તેલમાં ભરપાઈ થાય છે, તો તેલોની વિટામિનોની ખોટ ઘીમાં.

પેટ્રોલિયમ શુદ્ધ કરવાની ક્રિયાથી મળતા, રંગ સ્વાદ ને ગંધ વગરના 'વ્હાઈટ ઑઈલ' નામે ખનિજ તેલની વનસ્પતિ-તેલોમાં ભેળસેળ થાય છે. મગફળીના તેલમાં થતી દારૂડીનાં બીયાંના તેલની ભેળસેળ જાણીતી છે, જે ખાવાથી શરીરે સોજા વગેરે ઉપાધિઓ થઈ આવે છે. ઉગ્ર અને જ્ઞાનતંત્રને ખાસ ઝેર સમા ટ્રી-ઑર્થો-ક્રિસાઈલ-ફૉસ્ટેટ (ટૂંકામાં ટી.ઓ.સી.પી.)વાળુ ખનિજ તેલ ખાવાના તેલમાં ભેળવવાથી એક કે બે પગ, ધડ અને બંને હાથના લકવાની સ્થિતિ આવી પડે છે. ખનિજ તેલોના ઝેરની આવી દારુણ અસર ઈ. ૧૯૫૯ના સપ્ટેમ્બરમાં મોરોક્કોમાં નોંધાઈ હતી. થોડાં અઠવાડિયામાં દસ હજાર માણસો પક્ષાઘાતના ભોગ બન્યા હતા. સરસિયામાં દારૂડીના તેલની મેળવણીથી બંગાળામાં જળોદરના બનાવો નોંધાયા છે.

પ્રજાનું નીતિનું ધોરણ ઘણું નીચું ઊતરવાથી ને સરકારના કાયદા

ઢીલાં હોવાથી આજે ખાદ્યપદાર્થોમાં આરોગ્યનો હ્રાસ આણનારી આવી ભેળસેળ અતિ વ્યાપક બની છે.

તલનું તેલ

પ્રાચીન કાળથી જોકે વિવિધ પ્રકારનાં તેલો ખાવામાં વપરાતાં આવ્યાં છે, પણ બધાં તેલોમાં સુશ્રુત શારઙ્ગધર આદિ પ્રાચીન આહાર-શાસ્ત્રીઓએ તલના તેલને શ્રેષ્ઠ (तैलेषु तिलोत्थं श्रेष्ठम्) ગણ્યું છે.

આજથી પચીસેક વર્ષ અગાઉ ગુજરાતમાં તલના તેલનો વિશેષ વપરાશ હતો, પણ હવે મગફળીનો પાક વધારે થતો હોવાથી તેનું તેલ વ્યાપક બન્યું છે. મગફળીની સરખામણીમાં તલમાં પ્રોટીન ઓછું છે, પણ ચૂનાનું પ્રમાણ ત્રણ ગણું છે. તલમાં ચરબી ૪૩·૩ ટકા, કાર્બોહાઇડ્રેટ ૨૫·૨ ટકા, પ્રોટીન ૧૮·૩ ટકા અને ચૂનો ૧·૪૫ ટકા છે.

તલનું તેલ મૃદુ, સૌમ્ય અને થોડું સારક છે. ઑલિવ (જેતુન)ના તેલના કરતાં તે લાંબો વખત સારું રહે છે. તલના તેલની વિશિષ્ટતા એ છે કે તેમાં મીથિયોનાઇન નામનું એમાઇનો ઍસિડ છે. આના લીધે ધમનીઓની કઠણાઈ થતી અટકે છે. ધમનીઓની કઠણાઈ થવાથી લોહીનું ઊંચું દબાણ, હૃદયરોગ વગેરે ક્ષીણકારી રોગો ઊભા થાય છે. પ્રાણિજ ચરબીથી ધમનીઓની કઠણાઈ થવી સામાન્ય છે, પણ વનસ્પતિ-તેલોમાં આ અવગુણ નથી. તેમાં યે વળી તલના તેલમાં તો ધમનીઓની કઠણાઈ નિવારનાર તત્ત્વ હોઈ બધાં તેલોમાં તે ઉત્તમ છે.

ભલે ઘી-માખણ ખાવામાં મૂલ્યવાન અને મોંઘાં લેખાતાં હોય પણ એ તો માત્ર ચરબીથી સમૃદ્ધ પદાર્થો છે, જ્યારે તલના (અને મગફળીના) તેલમાં ચરબી ઉપરાંત પ્રોટીનો છે. વળી આવશ્યક સ્નેહામ્લો (લિનોલેઇક ઍસિડો) ૩૫ ટકા પ્રમાણમાં છે. આમ હોવાથી તેલથી શરીરનું પોષણ સારું થાય છે. ઘી-માખણને બદલે માત્ર તેલ ખાનાર નીચલા થરના શ્રમજીવી વર્ગનો માંસલ અને પુષ્ટ દેહ અને કામ કરવાની તાકાત તેલના આહારને આભારી છે. ચરબી તરીકે તલના તેલની ઉત્કૃષ્ટતા મહર્ષિ ચરકે આ રીતે વર્ણવી છે: 'તલના તેલના પ્રયોગોથી દૈત્યોના રાજાઓએ વૃદ્ધત્વને જીત્યું હતું. તેઓ નિર્વિકાર જિતશ્રમ અને યુદ્ધમાં અતિ બલવાન થયા હતા (સૂત્રસ્થાન ૨૭ : ૨૮૩).'

જાણીતું છે કે ઘી-માખણના આહારથી શરીરમાં મેદની વૃદ્ધિ થાય છે. ચરબીથી આ થવું સ્વાભાવિક લાગે છે. પણ વાગ્ભટ્ટે તો તલના તેલનો અજબ ગુણ બતાવ્યો છે કે '(તે) પાતળા માણસને જાડો ને જાડાને પાતળો બનાવે છે.' (कृशानां बृंहणायालं स्थूलानां कर्षणाय च તૈલવર્ગ–૫૬) વાહ! તલનું તેલ તીક્ષ્ણોષ્ણાદિક ગુણ વડે મેદનો નાશ કરે છે. આ માટે તેમણે તેલ 'ખાવાની' નહિ પણ 'પીવાની' સલાહ આપી છે. વાગ્ભટ્ટના ઉપલા કથનના સમર્થનમાં શ્રી મણિભાઈ બ્રહ્મભટ્ટ કેમ્બ્રિજ યુનિવર્સિટીની ન્યૂટ્રીશનલ લૅબૉરેટરીના ડાયરેક્ટર ડૉ. લેઈસ્લી જે. હૅરિસનું વ્યક્તવ્ય ટાંકે છે કે 'મેદસ્વી પુરુષનું વજન ઘટાડવા વધુ ચરબીવાળા ખોરાકની આયોજના કરવી લાભકર્તા છે.'

આહારમાં તેલના ઉપયોગ ઉપરાંત આયુર્વેદમાં તલના તેલને માથામાં અને પગનાં તળિયાં પર ઘસવાનો આદેશ છે. પાદાભ્યંગના ગુણો મહર્ષિ ચરક આ પ્રમાણે વર્ણવે છે; 'પગની કર્કશતા, સ્તબ્ધતા, રૂક્ષતા, શ્રમ ને ખાલી ચડવી તરત શાંત થાય છે. પગમાં સુકુમારતા, બળ અને દૃઢતા આવે છે. આંખનું તેજ વધે છે.' ચામડી ઉપર તેલ ચોળવાથી ચામડી નિર્મળ, દોષહીન, સુંવાળી અને તેજસ્વી બને છે. શરીરમાં તેલ પ્રવેશવાથી માંસપેશીઓ પુષ્ટ થાય છે. કસરત મળવાથી શરીરમાં તાઝગી ને સ્ફૂર્તિ આવે છે, નાડીતંત્ર શાંત બને છે. આંખ અને કાનમાં તેલ પૂરવાથી દૃષ્ટિ અને શ્રવણની શક્તિ વધવાનું માનવામાં આવે છે. વાગ્ભટે તેલને દાંતને હિતકર કહ્યું છે. તેલના કોગળાના ફાયદા ચરકે આ પ્રમાણે કહ્યા છે: 'સ્વર સુધરે છે, વદન ભરાવદાર બને છે, અન્ન ઉપર રુચિ થાય છે, કંઠ શોષાતો નથી, હોઠ ફાટતા નથી, દાંતો કદી સડે નહિ, દાંતનાં મૂળ મજબૂત રહે, ગમે તેવા ખાટા પદાર્થો ખાવા છતાં ય દાંત અંબાય નહિ, દાંતમાંથી દુર્ગંધ ન આવે, કઠણ પદાર્થો સહેલાઇથી ખવાય. તૈલગંડુષના આ બધા ફાયદા છે.' તૈલગણ્ડુષ વિધિમાં શ્રી બાપાલાલભાઈ દાતણ કરી ખૂબ ધોયા બાદ અઢીથી ચાર તોલા (તલ કે સરસવનું) તેલ દસ મિનિટ સુધી મોઢામાં ભરી રાખ્યા બાદ તેનો કોગળો કરવાનું કહે છે.

મહર્ષિ સુશ્રુતે તલના તેલના ગુણ આવા કથ્યા છે: 'વિપાકમાં મધુર છે. શરીરને દૃઢ કરનાર, તૃપ્તિ આપનાર, વીર્ય વધારનાર, ચામડી સ્વચ્છ કરનાર, નેત્રોને હિતકારી, મેદનો ક્ષય કરનાર, શરીરને પાતળું કરનાર, ગર્ભાશયને શુદ્ધ કરનાર, વર્ણ સુધારનાર ને બલ આપનાર છે'.

મોવણ તરીકે, શાક વઘારવામાં અને પૂરી-ભજિયાં આદિ ફરસાણ તળવામાં તેલનો વપરાશ છે. સુશ્રુતના મત પ્રમાણે તેલના તળેલા પદાર્થો 'વિદાહ કરનારા, પચવામાં ભારે અને વિપાકમાં કડવા છે, પિત્ત વધારે છે, દૃષ્ટિ અને ચામડી બગાડે છે; જ્યારે ઘીમાં પકાવેલાં ખાદ્યો સુગંધિત ને હલકાં છે; વીર્ય વધારે છે, બળ આપે છે, વર્ણ અને દૃષ્ટિ સ્વચ્છ કરે છે' (સૂત્રસ્થાન–૪૬ : ૨૩૪).

સામાન્ય સમજ પ્રમાણે તેલમાં તળેલો ખોરાક પચવામાં ભારે મનાય છે. તળેલા પદાર્થમાં ચરબીનું પ્રમાણ વધે છે. ખોરાકના કણોની આસપાસ ચરબી જમા થવાથી હોજરી અને આંતરડાંના પાચક રસોની તેના ઉપર અસર ન થવાથી તળેલા પદાર્થો પચતાં વાર લાગે છે. ડૉ. મિલ્ફ્રેડ કૈથાન લખે છે કે 'વળી તેનાથી બીજા ખોરાકનું પાચન અને શોષણ પણ વિલંબિત થાય છે.'

ગરમ કરવાથી તેલ અપાચ્ય બનતું નથી. તેમાં વિટામિન 'એ' અને વિટામિન 'ડી' ન હોવાથી તેમના નાશની કોઈ ફિકર નથી, પણ 'બી' જૂથનાં વિટામિનો થોડા પ્રમાણમાં નાશ પામે છે. હા, ઘીમાં આ બે વિટામિનો છે, અને તેને ગરમ કરવાથી મોટા પ્રમાણમાં વિટામિન 'એ' નાશ પામે છે. વળી એ પણ ખરું કે ખૂબ ઉકળેલું તેલ આરોગ્યને હણનારું હોવાનું પ્રયોગોથી પુરવાર થયું છે. ૨૭૦ અંશ સેન્ટીગ્રેડ ગરમીએ આઠ કલાક સુધી ઉકળેલું તેલ ઉંદરોના ખોરાકમાં ૧૫ ટકા પ્રમાણમાં આપવામાં આવેલું. પરીક્ષણ માટે રાખેલા બીજા ઉંદરોની સરખામણીમાં આ ઉંદરોનું વજન ઓછું વધ્યું. આ તો ઠીક, પણ પ્રયોગોવાળા ઉંદરોનાં કલેજાંમાં બગાડો થયો. તેમાં ભરાવો થયો, તેનો રંગ પણ બદલાયો અને કમળો થયો. ત્રીસ ટકા પ્રમાણમાં તેલ આપેલા ઉંદરો અઠવાડિયામાં મરણ પામ્યા. વારંવાર ઉકળેલાં ઘી-તેલમાં કૅન્સર ઉત્પન્ન કરનારાં રસાયણો પેદા થયાનું અમેરિકન કૅન્સર સોસાએટીના ડૉ. ઈ. એ. કુઇલર હૅમન્ડનું કહેવું છે.

આ હકીકત બજારુ ફરસાણ ખાવાની ટેવ માટે લાલબત્તી સમાન છે. કલાકો સુધી ઉકળેલા વાસી તેલમાં તાજું તેલ ઉમેરાઇ ફરી પાછા ઉકળેલા તેલમાં બનેલાં સેવ-ભજિયાં-ફાફડા વગેરે રોજિંદાં ખાવાથી પેટના રોગો થઈ આવવા સંભાવના રહે છે. વળી 'ઉપલા વર્ગની ગુજરાતી સ્ત્રીઓમાં દેખાતું સ્થૂળપણું વધારેપડતા તેલના ઉપયોગને આભારી હોવાનું' વડોદરા મેડિકલ કૉલેજના ડૉ. જે. ડી. પાઠકનું કહેવું છે.

મગફળીનું તેલ

મગફળીના તેલમાં પ્રોટીન, વિટામિન 'બી-૧', વિટામિન 'બી-૨', નિકોટિનિક ઍસિડ અને વિટામિન 'ઇ' સારા પ્રમાણમાં છે. વિટામિન 'એ' થોડું છે; વિટામિન 'સી' બિલકુલ નથી. લેસિથીન, કૅલ્શ્યમ ફૉસ્ફરસ ને લોહ છે. ઘાણીના તેલમાં ઉપરનાં વિટામિનો જળવાઈ રહે

છે, જ્યારે મિલોમાં શુદ્ધ થતા તેલમાં વિટામિન 'બી-૧' નેવું ટકા જેટલું નાશ પામે છે. એક અઘોળ મગફળીના તેલમાંથી ૧૩૦ ઉષ્ણાંક મળે છે.

ચરક સુશ્રુતના જમાનામાં ભારતમાં મગફળી ન હતી. તેથી તેમણે તલના તેલને શ્રેષ્ઠ કહ્યું છે. પણ ઢાકા યુનિવર્સિટીના પ્રો. વસુએ કરેલા તેલોની પચનીયતાના પ્રયોગોમાં મગફળીનું તેલ શ્રેષ્ઠ નીવડયું છે. તલના તેલની પચનીયતા ૯૫.૮ ટકા છે તો મગફળીના તેલની ૯૮ ટકા. વળી ચરબીના આહારથી શરીરનું વજન વધવા માટે ઊંદર ઉપર કરેલા પ્રયોગોમાં મગફળીનું તેલ ઉત્તમ નીવડયું છે. તેના પછી કોપરેલ અને તલનું તેલ આવે છે.

ઊંદર ઉપરના આ પ્રયોગોની વિરુદ્ધમાં અગત્યની હકીકત એ છે કે મગફળીના તેલમાં ઉેક્રોસેનિક ઍસિડ છે. જે ૭૯ અંશ સેન્ટીગ્રેડ ગરમીએ પીગળે છે, એટલે મગફળીના તેલનું ગલન-બિંદુ ઊંચું છે. શરીરની ગરમી કરતાં બહુ ઊંચી ઉષ્મ એ તે પીગળે છે. આ દષ્ટિએ તલના તેલ અને સરસિયા કરતાં મગફળીનું તેલ પચવામાં ભારે છે. કાચું તેલ તો અત્યંત અપાચ્ય છે.

શરીરે માલિશ કરવા માટે તલનું તેલ સુંવાળું લાગે છે જ્યારે મગફળીનું તેલ કઠણ ને કરકરું લાગે છે. વળી એ આંખે ગરમી પણ લાવતું હોવાનું એક પ્રયોગી ભાઈનું 'ભિષગ્ભારતી'માં કથન છે.

મગફળીનું વાવેતર વધવા સાથે, એના તેલમાં તલના તેલની જેમ ગરમ થતાં વારંવાર ઊભરા નહિ આવતા હોવાથી, તેમજ કિંમતમાં તે સસ્તું હોવાથી મગફળીના તેલનો વપરાશ વ્યાપક બન્યો છે.

અન્ય તેલો

હિંદના પશ્ચિમ કિનારાની પ્રજા આપણાં ઘીતેલની જેમ કોપરેલ વાપરે છે. તેમાં ૪૧.૬ ટકા ચરબી, ૪.૫ ટકા પ્રોટીન અને ૧૩ ટકા કાર્બોહાઇડ્રેટ છે. વિટામિનો નથી. બધાં વનસ્પતિ-તેલોમાં અતૃપ્ત સ્નેહામ્લો છે, પણ કોપરેલ આમાંથી બાકાત છે. તૃપ્ત સ્નેહામ્લોવાળા સ્નેહલ પદાર્થો લોહીનું દબાણ વધે ને હૃદયરોગ થઈ આવે એવી લોહીની નળીઓની એથેરોસ્ક્લેરોસિસ નામની રોગસ્થિતિ પેદા કરવામાં મુખ્ય ભાગ ભજવે છે. ખાવાના તેલો ને ઘીની સરેરાશ પચનીયતામાં કોપરેલ (૯૯.૮ ટકા) મોખરે છે. આ પછી મગફળીનું તેલ (૯૯ ટકા) અને ગાયના ઘીનું (૯૯.૨ ટકા) સ્થાન છે.

બધા પ્રકારનાં તેલોમાં માત્ર કોપરેલમાં વિટામિન 'ડી' નોંધપાત્ર પ્રમાણમાં છે. સૂકા ટોપરાં બનાવવા માટે તડકે સૂકવવામાં આવતા નાળિયેર ઉપરથી થતી સૂર્યના તાપની અસરને લીધે કોપરેલમાં વિટામિન 'ડી' પેદા થવુ હોવાનું મનાય છે.

'સરસિયું હલકું તીખું અને અગ્નિ દીપ્ત કરનાર છે.'(સુશ્રુત) તીખાશને લીધે તેતલના તેલની જેમ કાચુ ખવાતું નથી, પણ ગુજરાતમાં એનો ખાસ વપરાશ કેરીનાં અથાણાં બનાવવા માટે છે. રાંધવામાં ગરમ બનેલું સરસિયું વિશિષ્ટ સ્વાદદાતા બને છે. શરીરના દુખાવા ને ચૂંકમાં ચોળવા માટે કાચું સરસિયું ગુણદાતા નીવડે છે.

તલના તેલની જેમ વપરાતા કપાસિયાના તેલમાં બનેલી વાનીમાં ઘીનો વિશિષ્ટ સ્વાદ પ્રાપ્ત થાય છે. કરડીના તેલમાં લોહીનું કોલેસ્ટેરોલ પ્રમાણ ઘટાડનાર તત્ત્વો છે. લોહીમાં કોલેસ્ટેરોલનું વધુ પ્રમાણ ધમનીઓની કઠણાઈ આણનાર છે. આ કારણે લોહીનું ઊંચું દબાણ ને હૃદયરોગ વગેરેથી પીડિતોને ખોરાકમાં ચરબીરૂપે માત્ર કરડીનું તેલ ખાવાની ભલામણ કરવામાં આવે છે.

આપણા ખોરાકની રાષ્ટ્રીય ખાસિયત એ છે કે એમાં પ્રોટીન અને ચરબીની ઊણપ છે. આપણે મોટા ભાગે કાર્બોહાઇડ્રેટ ઉપર જીવીએ છીએ. જરૂરી ગરમી પેદા કરવા માટે મોટા જથ્થામા કાર્બોહાઇડ્રેટ ખાવાં પડે છે. આથી પાચક અવયવો ઉપર દબાણ રહેવાથી લાંબા ગાળે તે નબળા પડે છે. ચરબી થોડી ખાવાથી એટલી જ ગરમી પેદા થાય છે, ઉપરાંત પાચનક્રિયાને પણ સહાય મળે છે. પરતુ આપણા ખોરાકમાં એની જ ખામી છે. પોષણના ધોરણ પ્રમાણે રોજ દરેકવ્ય ક્તિએ બે અઘોળ ચરબી ખાવાની છે. પણ ૧૯૩૫-૪૪માં આનું સરેરાશ પ્રમાણ ૦.૯૨ ઔંસ હતું તે ઘટીને ૧૯૫૫-૫૮માં ૦.૫૨ ઔંસ ઉપર આવીને ઊભુ છે. કારણ? ઘીતેલની અસાધારણ મોંઘવારી. માખણ-ઘી ખાવાં ન પરવડે તેમણે વનસ્પતિ-તેલો તો ખાવાં જ. વનસ્પતિ-તેલોમાં ચરબી ઉપરાંત લોહીમાં સહેલાઈથી ભળે એવાં પ્રોટીન અને બીજાં ખનિજ દ્રવ્યો છે.

(હવે પછી 'વનસ્પતિ ઘી')




ઑલિમ્પિક રમતોત્સવની રશિયન ટિકિટો

ઉપરથી ડાબી બાજુ અનુક્રમે: દોડ-હરીફાઈ, કુસ્તી, બાસ્કેટ બૉલ, મુષ્ટિ યુદ્ધ, ઊંચેથી પાણીમાં કૂદકો, પટ્ટાબાજી, અંગકસરત, વેઇટ લિફ્ટિંગ, હોડી ચલાવવાની હરીફાઇ ને છેલ્લે ઘોડો કુદાવવાની હરીફાઈનું એમાં ચિત્રણ છે. આ બધી ટિકિટો મૂળ રંગોમાં ઘણી જ સુંદર લાગેછે.

(મોકલનાર: હિંમત સી. શાહ—અમદાવાદ-૧)

ત્રીજા અમેરિકન અવકાશયાત્રી જૉન ગ્લેનનું અંતરીક્ષ-યાન ‘ફ્રેન્ડશિપ-૭’

પ્રથમ દૃષ્ટિએ બિહૂદો, કલ્પનાશીલ ને વિલક્ષણ લાગતો ખયાલ કાળાનુક્રમે ઘણી વાર હકીકત બની જાય છે. કલ્પનાવિહોણી દુનિયા તદ્દન નીરસ જ હોત. જે જે શોધકોએ મહાન શોધો કરી છે તેની તેમણે પ્રથમ મનમાં કલ્પના કરીને પછી તેનું સર્જન કર્યું છે. મોટરકારો, હવાઈજહાજો, સબમરીનો વગેરેની જ્યારે કલ્પનાઓ રજૂ થઈ હશે ત્યારે એ કેટલી અશક્ય લાગી હશે?

પૃથ્વી ઉપરથી બીજા ગ્રહ પર જવાના અવકાશપ્રવાસની કલ્પના પણ એવી જ લ ગતી હતી. આજે એ દિશામાં માણસે કેટલી સિદ્ધિ મેળવી છે એ આપણે જાણીએ છીએ. જ્યુલે વર્ને એક મોટી તોપના પોલા ગોળામાં ત્રણ મુસાફરોને ચંદ્રના પ્રવાસે મોકલવાની કલ્પના કરી. વીસમી સદીના વૈજ્ઞાનિકોએ રૉકેટશિપ-હવાઈના ધક્કાના બળથી ચાલતા અવકાશયાનની સંપૂર્ણ યોજના કરી, અને તદનુસાર ઈ. સ. ૧૯૫૭ની ૪થી ઑક્ટોબરે રશિયાના ‘સ્પટનિક ૧’ એ અવકાશમાં જઈ પૃથ્વીની પ્રદક્ષિણા કરી અવકાશયુગનો આરંભ કર્યો. અમેરિકા પણ આ ક્ષેત્રે પ્રયોગો કરતું હતું અને એમાં સફળતા મેળવવામાં એનો ક્રમ ભલે બીજો આવ્યો, છતાં એના પ્રયોગોનું મહત્ત્વ એથી જરા પણ ઘટતું નથી. અમેરિકાએ પણ કેટલીક આગવી સિદ્ધિઓ મેળવી છે.

અમેરિકાના અવકાશના ક્ષેત્ર માટેના કાર્યક્રમો પ્રમાણે અમેરિકાએ તાલીમ આપી તૈયાર કરેલા સાતમાંના એક અવકાશયાત્રી જૉન ગ્લેને ગઈ તા. ૨૦મી ફેબ્રુઆરીએ જેમાં બેસીને અવકાશમાં જઈ પૃથ્વીને ફરતી ત્રણ પ્રદક્ષિણાઓ કરી હતી, એ અવકાશયાન (કૅપ્સ્યુલ) ‘ફ્રેન્ડ-શિપ-૭’ સાક્ષાત હમણાં ગઇ જૂનની ૨૩મીથી ત્રણેક દિવસ મુંબાઇમાં પ્રદર્શિત થયું હતું. એટલે આ પ્રદેશના ઘણા લોકોને તે નજરોનજર જોવાનો વિરલ લાભ મળ્યો. જેમને ન મળી શક્યો તેમને અવકાશયાત્રા માટે અગત્યની એવી કેટલીક બાબતો ને સાધનોનો પણ કંઈક ખયાલ મળે એ આશયથી આપણે એ યાનનો પરિચય કરીએ:

પહેલું તો એના નામ વિષે ત્યાં એવો એક શિરસ્તો જ છે કે દરેક અવકાશયાત્રી પોતાના યાનનું નામ પોતે જ પાડે. એ રીતે ‘ફ્રેન્ડશિપ-૭’ એમાં અંતરીક્ષનો પ્રવાસ કરી આવનાર જૉન ગ્લેને નામ પાડેલું છે. અમેરિકાએ તૈયાર કરેલા અવકાશયાત્રીઓની પોતાની સાત જણની ટુકડીનું એ દ્યોતક છે. બાકી સામાન્ય રીતે તો એ ‘પ્રોજેક્ટ મર્ક્યુરી’ની કૅપ્સ્યુલ તરીકે જ ઓળખાય છે. ‘પ્રોજેક્ટ મર્ક્યુરી’ એ માનવીને અવકાશમાં મોકલવા માટેની આખી અમેરિકી યોજનાનું નામ છે, જેનું સંચાલન નૅશનલ ઍરોનૉટિક્સ ઍન્ડ સ્પેઈસ ઍડમિનિસ્ટ્રેશન (NASA–‘નાસા’) દ્વારા કરવામાં આવે છે.


કૅપ્સ્યુલ ‘ફ્રેન્ડશિપ-૭’ એ ઇજનેરી બુદ્ધિપ્રતિભાનું એક અદ્ભુત સર્જન છે. એનું આયોજન ‘નાસા’ માટે જ નહિ, પણ અમેરિકી ખાનગી ઉદ્યોગક્ષેત્ર માટે પણ એક મોટા ગૌરવ અને વિજયની બાબત છે. કેમકે એ તૈયાર કરવામાં ત્યાંના મિસૂરી રાજ્યના સેન્ટ લૂઈની ‘મૅકડોનેલ ઍરક્રાફ્ટ કૉર્પોરેશન’ નામની પેઢીએ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. એ લોકો આ દિશામાં પ્રયોગો કરતા જ હતા, ને ‘નાસા’એ કૅપ્સ્યુલ માટે આકૃતિઓની માગણી જાહેરમાં મૂકી. દડા જેવા આકારથી માંડી શંકુ જેવા આકાર સુધીના સર્વ આકારની કસોટીઓ પછી આખરે આ ‘મર્ક્યુરી કૅપ્સ્યુલ’નો આકાર નક્કી થયો.

અલબત્ત, આ કૅપ્સ્યુલ બનાવવાનો મુખ્ય કૉન્ટ્રૅક્ટ મૅકડોનેલનો જ છે, છતાં તેની અંદર મૂકવાનાં સેંકડો વૈજ્ઞાનિક સાધનો વગેરે



નકશામાં જોતાં જણાશે કે અવકાશયાન ‘ફ્રેન્ડશિપ-૭’ દરેક પ્રદક્ષિણા વખતે એકના એક જ સ્થળ પરથી પસાર નથી થતું. અવકાશમાં એનું ભ્રમણ તો નિશ્ચિત માર્ગ પર જ હતું, પણ નીચેની પૃથ્વી એની ધરી પર દર કલાકે ૧૫ અંશ જેટલી ફરતી જતી હતી એનું એ પરિણામ છે. એ જ રીતે રાત્રિનો) જે નકશામાં ઘેરો બતાવ્યો છે તે) ભાગ કરતાં દિવસનો ભાગ વધુ લાંબો-પહોળો જણાય છે એનું કારણ એ છે કે અવકાશયાન પૃથ્વીની સપાટીથી અતિશય ઊંચે હોઈ ત્યાંથી સૂર્યોદય કે સૂર્યાસ્ત લગભગ નવસો માઈલ દૂરથી દેખાવા લાગતો હતો. બીજું વિષુવવૃત્તની ઉત્તરે રાત્રિનો ભાગ વધુ પહોળો દેખાડવાનું કારણ ઉડ્ડયન વખતે ઉત્તર ગોળાર્ધમાં શિયાળો ચાલતો હોઈ ત્યાં દક્ષિણ ગોળાર્ધ કરતાં રાત્રિ વધારે લાંબી હતી. એ જ રીતે દક્ષિણ ગોળાર્ધમાં દિવસ લાંબા છે. નકશામાં પોલાં ગોળ સ્થાનો અવકાશયાન સાથે સંદેશવ્યવહાર કરતાં મથકો અને કાળાં ગોળ જે શહેર પરથી એ પસાર થયું હતું તે દર્શાવે છે.

‘ફ્રેન્ડશિપ-૭’નો ઉડ્ડયનમાર્ગ. એની ત્રણે પ્રદક્ષિણાને અહીં સળંગ દર્શાવી છે. નકશામાં ઉપર ઉડ્ડયનનું અંતર અને નીચે સમય આપેલ છે.



↑ ફ્રેન્ડશિપ ૭ને એની ભ્રમણકક્ષામાં મૂકનાર 'એટલાસ'. પ્રવાહી ઑક્સિજનથી ચાલતા આ રૉકેટની શક્તિ ૭૫,૦૦,૦૦૦ હૉર્સપાવરની છે. એના પરની કૅપ્સ્યૂલ ને એસ્કેઈપ ટાવર સાથે એની કુલ લંબાઇ ૯૩ ફૂટની છે.

ઉડ્ડયનને માટે તૈયાર થઈ બેઠેલ અવકાશયાત્રી જૉન હર્શેલ ગ્લેન. કાંડા પર બાંધેલા નાના અરીસાઓની મદદથી એ, શરીરના ઓછામાં ઓછા હલનચલનથી કૅપ્સ્યુલની અંદર ગમે તે દિશામાં જોઇ શકે છે. છાતી પરનો ગોળ અરીસો અવકાશયાત્રીની સામે ગોઠવાએલા યંત્રોને પ્રતિબિંબિત કરે છે જેના ફોટોગ્રાફ્સ આપમેળે લેવાતા રહે છે. ઉડ્ડયન દરમ્યાન દર ૧૨ સેકંડે એક અને ચડતી ઊતરતી વેળા દર સેકંડે છ વખત, આપમેળે ગ્લેનના ફોટા લેવાતા રહ્યા હતા. રાત્રિના અંધકાર દરમ્યાન હાથના હલનચલનનો ખયાલ આવે તથા ઘડા પરના આંકડા વાંચવાની સગવડ રહે એટલા માટે એના આંગળા પર ટચૂકડી બત્તીઓ પણ જોડેલી છે.





બનાવવામાં તથા તેનાં સૂચનો મોકલવામાં એક યા બીજી રીતે મળીને લગભગ ૪૦૦૦ જુદીજુદી પેઢીઓ અને સંસ્થાઓનો એમાં ફાળો છે.

આ 'ફ્રેન્ડશિપ-૭'ની ઊંચાઇ ૯½ ફૂટ અને ગોળાઇ તળના ભાગે છ ફૂટના વ્યાસની છે તથા આકાર ટોચેથી કપાએલા શંકુ જેવો. પણ એના સુઘટિત દેખાતા આ આકારની અંદર કેટલી અટપટી યાંત્રિક રચનાઓ ગોઠવી છે તેનો ખયાલ એટલા પરથી આવશે કે તેને સમજાવતા દોઢ હજાર જેટલા નકશાઓની જરૂર પડી હતી! અંદરના વિવિધ ભાગને જોડતા તારની કુલ લંબાઇ જ સાત માઇલ જેટલી તો થાય છે. બહારથી હવા પાણી કે અવાજ પણ અંદર પેસી ન શકે એવી એની દીવાલોની અંદર બેઠેલા અવકાશયાત્રીને ૩૦૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ જેટલી ગરમીથી અને અતિશય ઠંડીથી રક્ષણ મળે એવી એમાં ગોઠવણ છે. અંદરની અતિશય સાંકડી જગ્યામાં પણ અવકાશયાત્રીને શક્ય એટલો આરામ મળી શકે અને એને અંદર ઓછામાં ઓછું હલનચલન કરવું પડે એવી રીતે એમાં પ્રવાસીની બેઠક અને એની સામેનાં વિધવિધ સાધનો ગોઠવ્યાં છે. એની અંદર મુકાએલાં વિજ્ઞાનનાં અનેક આશ્ચર્યોમાં એક 'અવકાશ-ઘડિયાળ' પણ છે જે યાત્રા માટે રૉકેટ વછૂટે તે સાથે જ ચાલુ થઈ જઇ અવકાશયાનના અંતરીક્ષ માર્ગની પળેપળની ગણતરી આપી, તે ગણતરી પરથી પૃથ્વીના વાતાવરણમાં પુનઃપ્રવેશ માટે પાછાં અવળાં રૉકેટ ક્યારે છોડવાં તેનો નિર્ણય આપમેળે કરી આપે છે. આમ તો કૅપ્સ્યુલના સંચાલન માટેની લગભગ દરેક રચનાને સલામતી ખાતર ત્રેવડી રીતે ચલાવી શકાય તેવી વ્યવસ્થા છે. વળી એની ઘણીખરી સામગ્રી સ્વયંસંચાલિત હોવા છતાં જરૂર પડયે અંદર બેઠેલ યાત્રી, અથવા તો પૃથ્વી પરથી રેડિયોસંદેશ દ્વારા તેના સંચાલકો પણ એનું સંચાલન કરી શકે છે. એટલે કે કઇ પણ એક વ્યવસ્થા અટકી પડતા બીજી કે ત્રીજી રીતે પણ કામ ચાલતું જ રહે એવી પાકી જોગવાઈ તેમાં છે, જેથી કોઈ પણ ભયંકર સ્થિતિ સર્જાવાની શક્યતા લગભગ નહિવત્ બની જાય છે.

આવી આ એક જ કૅપ્સ્યુલ બનાવવાનો ખર્ચ વીસ લાખ ડોલર (એટલે લગભગ એક કરોડ રૂપિયા) જેટલો થાય છે. એને અવકાશમાં ભ્રમણકક્ષા સુધી પહોંચાડવા રૉકેટ પાછળ પચાસ લાખ ડોલરનો બીજો ખર્ચ લાગે છે. અને આ બધી યોજનાઓની પૂર્વતૈયારીઓ, એને લગતાં સંશોધનો, વહીવટ વગેરેની પાછળનાં ખર્ચ અને જહેમત તો જુદા. નહિનહિ તો યે લગભગ ૨૦,૦૦૦ માણસોની મહેનતે આ પ્રયોગો શક્ય બને છે. આ બધા માટે કેવો કડીબધ સહકાર રહેતો હશે, કેવી રીતે એના વહીવટ થતો હશે અને એ બધાં ઉપરાંત આની પાછળ જળવાતી કેટલીક ગુપ્તતાની દરેક જણ કેટલી તકેદારી રાખતો હશે એ બધા પ્રશ્નોની કલ્પના પણ આપણને દંગ કરી દેવા માટે પૂરતી છે.

આ કૅપ્સ્યુલને એની ભ્રમણકક્ષામાં મૂકવા માટે પ્રવાહી ઑક્સિજનના બળતણવાળું 'એટલાસ' જાતનું રૉકેટ વપરાયું હતું. આખા ઉત્તર અમેરિકાને ઓળંગવા માટે જેટ વિમાનને જેટલું બળતણ જોઇએ એથી યે વધુ બળતણ આ રૉકેટના ઉડ્ડયનની પહેલી જ મિનિટમા વપરાઈ ચૂક્યું હતું. એ લખલૂટ બળતણથી વિમાનને કેટલો વેગ મળતો હશે તેનો ખયાલ કરી શકો? એક સેકંડના લગભગ પાંચ માઈલ! (મગજને ચક્કર ચડે એવી વાત છે ને?)—કલાકના અઢાર હજાર માઈલ થયા! ઊપડયા પછી ૧૯ જ મિનિટ બાદ ગ્લેન આફ્રિકાના સ્પેનિશ સહરાના વિસ્તાર પરથી પસાર થતો હતો. સામાન્ય મુસાફરી કરતી





પ્રદર્શિત થએલી 'ફ્રેન્ડશિપ-૭'ના કૅપ્સ્યૂલ. (જમણી બાજુ) અવકાશયાનના ઉડ્ડયનના તબક્કા દર્શાવતું આલેખન. (૧) ગજબનાક ધક્કા સાથે રૉકેટ ઉપડે છે. (૨) રૉકેટનો તળનો ભાગ અને વણવપરાએલું એસ્કેઈપ ટાવર છૂટાં પડી જાય છે. (૩) પ્રદક્ષિણા માટે જરૂરી વેગ અને દિશા મેળવી લઈ કૅપ્સ્યૂલ રૉકેટથી છૂટી પડી જાય છે. અને (૪) પૃથ્વીની ફરતું ભ્રમણ આદરે છે. (૫) પૃથ્વી પર પાછા ફરવાની વેળા આવતાં સામી દિશામાં આપમેળે રૉકેટ છૂટી યાનનો વેગ ઘટાડે છે ને (૬) પછી એ વપરાઇ ગએલા રૉકેટનો ભાગ યાનથી છૂટો પડી જાય છે. (ગ્લેનની બાબતમાં અકસ્માત આ ભાગ છૂટો નહોતો પડ્યો.) (૭) અવકાશયાન હવે અતિ વેગથી નીચે પડવા લાગે છે. આ વેગને ઘટાડવા (૮) લગભગ ૨૧૦૦૦ ફૂટની ઊંચાઇએ આપમેળે એક નાની હવાઈ છત્રી બહાર આવે છે. (૯) ૧૦૦૦૦ ફૂટની ઊંચાઇએ ૬૩ ફૂટના વ્યાસની બીજી મોટી હવાઈ છત્રી આપમેળે ખુલી આવે છે જેને લીધે યાનના પડવાનો વેગ ઘણો જ ઘટી જઈ અવકાશયાત્રી સલામતીથી દરિયાની સપાટી પર મુકાઈ જાય છે. એ જ વખતે આ છત્રી પણ છૂટી પડી દૂર ફેંકાઈ જાય છે. આલેખનમાં વચ્ચે પૃથ્વી ફરતી 'ફ્રેન્ડશિપ-૭'ની ત્રણ પ્રદક્ષિણાનો માર્ગ દર્શાવ્યો છે.

વખતે આપણને આથી યે વધુ વખત તો માત્ર ટિકિટ કઢાવવામાં જાય!

વહેલી સવારે ૨–૨૦ વાગ્યે ગ્લેન ઊઠ્યો. હળવા નાસ્તા વગેરે બાદ એની ઉડ્ડયન પહેલાંની દાક્તરી તપાસ થઈ. પછી તેણે અવકાશયાત્રા દરમ્યાન પહેરવાનો ખાસ પોષાક સજ્યો. અવકાશયાત્રામાં શક્ય એવા અનેક અવરોધો સામે શરીરનું રક્ષણ કરે એવો આ ખાસ પોષાક ચોક્કસ શામાંથી તૈયાર થયો છે એ ખાનગી છે. તૈયાર થઈ ગયા બાદ તેને ઉડ્ડયનના સ્થળે (લૉંચિંગ પૅડ-૧૪) પર લઈ જવામાં આવ્યો. અહીં એને લિફ્ટ દ્વારા, રૉકેટને મથાળે ગોઠવેલી કૅપ્સ્યુલમાં પહોંચાડવામાં આવ્યો. ઍટલાસ-૬, ફ્રેન્ડશિપ-૭ અને એની ટોચ પર અકસ્માત પ્રસંગે ઉપયોગી એવો 'એસ્કેઇપ ટાવર,' એમ ત્રણેની મળીને ૯૩ ફૂટની ઊંચાઈ થાય છે. કોઈ સંજોગવસાત જો રૉકેટ નિષ્ફળ જાય કે એવો કોઇ અણધાર્યો અકસ્માત સર્જાય તો આ 'એસ્કેઇપ ટાવર' આપમેળે જ કૅપ્સ્યુલને રૉકેટથી છૂટી પાડી દઈ એને બચાવી લે એવી એમાં યોજના હોય છે. કૅપ્સ્યુલમાં બેઠેલો યાત્રી કે જમીન પરના નિષ્ણાતો પણ એમ કરી શકે એવી ત્રેવડી સલામત વ્યવસ્થા છે.

સવારે બરાબર ૯ ને ૪૭ મિનિટે રૉકેટ વછૂટે છે. ૨ મિનિટ ને ૧૨ સેકંડ પછી રૉકેટ છૂટું પડી જાય છે. બીજી ૨૨ સેકંડમાં તો ઉપરનું વણવપરાએલું એસ્કેઇપ ટાવર પણ છૂટું પડી જાય છે અને હવે ફ્રેન્ડશિપ-૭ એકલું સફરે ચડે છે. આકાશ તદ્દન કાળુંમેશ ને નીચે ઍટલાંટિક સાગર પર વાદળાં દેખાય છે. ઊડ્યાને હજી ૫ મિનિટ ને ૧૨ સેકંડ થઈ છે ત્યાં તો એ ગુરુત્વાકર્ષણની અસરથી મુક્ત થાય છે. પૃથ્વીથી એ લગભગ સોએક માઇલ ઊંચે છે! કેપ કાનેવરલ સાથેના સંદેશ વહેવારની મર્યાદા આવી જાય છે. હવે તે બર્મ્યુડાના મથક સાથે સંદેશની આપલે કરે છે. પૂર્વ યોજનાનુસાર એ એનાં સાધનોની ચકાસણી કરે છે. દરમ્યાન બર્મ્યુડાનો સંબંધ છૂટી જાય છે. હવે કેનેરી ટાપુઓ સાથે વાતચીત ચાલે છે. અને આમ, અગાઉથી વ્યવસ્થા કરી રાખ્યા મુજબ, એના યાત્રામાર્ગની નીચેનાં પૃથ્વી પરનાં મથકો સાથે સંદેશાની અને અહેવાલો તથા સૂચનોની આપલે કરતો જતો એ ૩૮ મિનિટ પછી એક નવો જ અનુભવ કરે છે. હવે 'ફ્રેન્ડશિપ ૭' પૃથ્વી પરના રાત્રિવાળા વિસ્તારમાંથી પસાર થાય છે. આ એક અજબ અનુભવ છે. તે પછી થોડી જ વારે પાછો ઝળહળતો દિવસ! મંગળવારે સવારે ઉપડેલો ગ્લેન અડધા કલાક પછી તો મંગળવારની રાત્રિ અનુભવે, એટલું જ નહિ બુધવારમાં પણ પહોંચી જવાનો! ભવિષ્યમાં છેક સાંજે જે સૂર્યાસ્ત અમેરિકાના લોકો જોવાના એ એણે કેટલો વહેલો જોઇ લીધો? અમેરિકનો બુધવારનો જે તડકો ૨૦–૨૨ કલાક પછી ભાળવાના એ ગ્લેન હમણાં થોડી જ વારમાં અનુભવી લેશે. જાણે ભવિષ્ય કાળમાં દોડી ગયો! દૂર નીચે ઑસ્ટ્રેલિયાના પર્થ નગરની બત્તીઓનો પ્રકાશ ઝળકે છે. ગ્લેનને માટે જ તે રાત્રે એ બધો પ્રકાશ ખાસ પ્રકટાવવામાં આવ્યો છે, અને... અને આમ પૃથ્વીથી વધુમાં વધુ લગભગ ૧૬૦ માઈલ અને નજીકમાં નજીક લગભગ સોએક માઇલ ઊંચે રહી 'ફ્રેન્ડશિપ-૭' પૃથ્વી ફરતી ત્રણ પ્રદક્ષિણા ફરીને ૪ કલાક અને ૫૫ મિનિટ બાદ ફરી પાછું પૃથ્વી પર, કેપ કાનેવરલની અગ્નિ દિશામાં ગ્રાંડ તુર્ક નજીક ઍટલાંટિક મહાસાગર પર તદ્દન સલામતીથી આવી જાય છે.

લગભગ ૮૩૪૫૦ માઇલની મુસાફરી કરી આવેલી 'ફ્રેન્ડશિપ-૭'ની કૅપ્સ્યૂલ ઊડી ત્યારે ૪૨૦૦ રતલનું વજન ધરાવતી હતી. ને પૃથ્વી પર તે પાછી ફરી ત્યારે વાતાવરણમાં પ્રવેશતાં હવાના ઘર્ષણથી સળગી ગએલા ભાગ અને સલામત ઊતરાણ માટેની છત્રીઓ વગેરે છૂટી પડી ગયા બાદ તેનું વજન ૨૪૦૦ રતલ રહ્યું હતું. સાહસ સફળ થયું હતું, અત્યાર સુધી જે કેવળ એક આશા કે મહેચ્છા હતી એ હવે ઇતિહાસ બની ગઈ, કલ્પના હકીકત બની ગઈ!

બચાર વર્ષ પહેલાં તો જેના હજી વિચાર થતા હતા, અઢી વર્ષ જેનું કલેવર ઘડાયું, કરોડો રૂપિયાનો જેની પાછળ ખર્ચ થયો અને હજારો માણસોની બુદ્ધિ અને જહેમત પછી જેના પ્રયોગો શરૂ થયા એ 'પ્રોજેક્ટ મર્ક્યુરી'ના મુખ્ય અંગ સમી કૅપ્સ્યુલોમાંની એક 'ફ્રેન્ડશિપ-૭' આજે જ્યારે અમેરિકાથી હજારો માઇલ દૂર ભારતના એક શહેરમાં સામાન્ય જનતાની સામે ગૌરવથી ગોઠવાઇ જાય ત્યારે એને જોઇને કોઇને પણ વિજ્ઞાનની ગજબનાક તાકાતનો પોરસ ચડી આવે, પણ એ, આ બધી તાકાતનો જ્યાં સુધી વિનાશક પ્રયોગ ન થાય ત્યાં સુધી જ.

કલાયતાં

કુ૦ શીલા રાવ

પરિચય : સુનીલ કોઠારી

મૂશળધાર વરસાદ વરસી રહ્યો છે. નભમાં વીજળી ઝબકી રહી છે. મધ્યરાત્રી વીતી ચૂકી છે. મેઘ ગર્જે છે. આવી ઘનઘોર રાત્રીએ કારાગારનાં દ્વાર આપોઆપ ખૂલ્યાં. દરવાનો નિદ્રાવશ છે. વસુદેવે નવજાત શિશુ કૃષ્ણને એક ટોપલીમાં મૂકી માથે ઉપાડી ગોકુલની વાટ પકડી. માતા દેવકીની આંખે આંસુની ધારાઓ વહી રહી છે. જાણે એની પાસે આ વરસાદની ધારાઓનો કશો હિસાબ નથી! ભારે હૈયે વસુદેવે જમુનાના જળમાં પગ મૂકયો. ને કેવું આશ્ચર્ય! જમુનાનાં જળે માર્ગ કરી આપ્યો! વાસુકિ નાગે પાછળથી ફેણ માંડી બાલ-કૃષ્ણને છત્ર ધર્યું. અને હેમખેમ વસુદેવ નંદરાયને ઘરે આવ્યા. ત્યાં સોપો પડી ગયો છે. બધાં નિદ્રાવશ છે. યશોદાની સોડમાં સૂતેલી તરતની જન્મેલી બાળકીને ઉપાડી વસુદેવે કૃષ્ણને ગોઠવી દીધા ને પાછા વળી મથુરાના કારાગાહમાં આવીને કંસની કાંપતા હૃદયે રાહ જોતા બેઠા. ધૂંવાંફૂંવાં થતો કંસ આવ્યો અને દેવકીની કાકલુદીને વશ ન થતાં એણે ક્રોધાયમાન થઈ બાળકીને ઉપાડી ભોંય પર પટકી. પણ અરે, આ શું? એ માયાવિની તો અવકાશમાં જઇ શક્તિરૂપે ઊભી ઊભી કહી રહી છે : 'હે રાજન્! તને મારનાર ગોકુલમાં જન્મી ચૂકયો! મુકુંદ એનું નામ!



કુ. શીલા રાવ



શિવની નૃત્યભંગી

એને હાથે જ તારો વધ થશે!' એટલું કહી એ અંતર્ધાન થઇ ગઇ! એ ગોપીજન પ્રિય, ગિરિધારી, ગોપાલ, રાધાવલ્લભ કૃષ્ણને, મુકુંદને વંદના કરી નૃત્યાંગનાએ નૃત્ય પૂરું કર્યું.

પરંપરાગત પ્રકારના ભરતનાટ્યમ્ નૃત્યપ્રકારના 'શબ્દમ' પ્રયોગમાં આ 'મુકુંદ શબ્દમ'ની કુ૦ શીલા રાવે બહુ ભાવવાહી ઢબે રજૂઆત કરી. પ્રસ્તુત કથાનકનું નૃત્ય દ્વારા નિરૂપણ એણે બહુ સુંદર રીતે કર્યું હતું. ભૂલાભાઇ મેમોરિયલ ઈન્સ્ટીટ્યૂટ–'હસમન'માં 'ભારત સંગીત સભા'ના આશ્રયે તેમનાં શાસ્ત્રીય નૃત્યોનો કાર્યક્રમ ગત સપ્ટેમ્બર'૬૧માં યોજાયો હતો. '૫૮માં આઈ.એન.ટી. (ઇન્ડિયન નૅશનલ થીએટર) સંસ્થાએ પારી(સ)માં આંતરરાષ્ટ્રીય નૃત્યમહોત્સવમાં 'કૃષ્ણ-લીલા' નામે નૃત્યનાટિકા રજૂ કરી હતી તેમાં એક સ્ત્રી–કલાકારે કૃષ્ણની ભૂમિકા ભજવી હતી. તે કલાકારનું નામ હું જાણતો નહોતો. એ અરસામાં પારી(સ)નાં છાપાંઓએ એક સ્ત્રી કૃષ્ણની ભૂમિકા ભજવે તે સામે ભારે કકળાટ કર્યાના સમાચાર ભારતીય પત્રોમાં પ્રગટ થએલા. તે પાત્ર ભજવનાર કલાકાર કુ૦ શીલા રાવ જ હતાં એમ જાણ્યું ત્યારે આવા સમાચાર બદલ આશ્ચર્ય થયું; અને શાસ્ત્રીય નૃત્યો પર પ્રમાણમાં સફળ પ્રભુતા ધરાવતાં આ કલાકારની શક્તિ માટે ઊલટાનું માન થયું. શાસ્ત્રીય નૃત્યોમાં કલાકાર જે પાત્રનિરૂપણ કરે છે તે નિરૂપણ જ મહત્ત્વનું હોય છે. તે સ્ત્રી રજૂ કરે છે કે પુરુષ તે વાત મહત્ત્વની નથી હોતી. શીલાએ અવશ્ય એ ભૂમિકા કુશળતાપૂર્વક ભજવી હશે એની એનાં નૃત્યો જોઇ પ્રતીતિ થઈ.

નવાઈની વાત તો એ હતી કે પહેલાં શીલાને નૃત્ય કરવું જ ગમતું નહોતું! એમનાં મોટાં બહેન લીલા રાવ નૃત્ય શીખતાં હતાં અને આઈ.એન.ટી. સંસ્થા જે નૃત્ય-નાટિકાઓ અવારનવાર રજૂ કરતી તેમાં ભાગ લેતાં એ બધું જોવા કુ૦ શીલા જતાં; પણ નૃત્યો શીખવાનો ભારે કંટાળો. એવામાં એક દિવસ શી ખબર શું ય મનમાં આવ્યું, તે નૃત્ય શીખવાની એમણે 'હા' ભણી. અને પછી? પછી શું? એક વાર રક્તના કણેકણમાં નૃત્યગતિનો સંચાર થતાં નૃત્યની એવી તો લગની લાગી કે આજે નવોદિતા નૃત્યાંગનાઓમાં આશાસ્પદ કલાકાર તરીકે એમની ગણના છે.

એમનાં મોટાં બેન લીલા રાવ શ્રી પાર્વતીકુમાર પાસે ભરતનાટ્યમ્ શીખતાં હતાં. કુ૦ શીલાએ પણ ૧૯૫૫માં એમની પાસે તે શીખવું શરૂ કર્યું, અને શ્રી પાર્વતીકુમારના પ્રિયભાજન વિદ્યાર્થી (અને હવે ગુરુ નાના કાસાર તરીકે જાણીતા) નાના પાસે તેમાં આગળ અભ્યાસ વધાર્યો. શ્રી પાર્વતીકુમાર પાસે લાગટ ત્રણથી ચાર વર્ષ તેમણે નૃત્ય શીખવું ચાલુ રાખ્યું હતું. આ અરસામાં જ ૧૯૫૮-માં આઇ.એન.ટી. સંસ્થાએ અખિલ ભારતીય નૃત્યસમારોહમાં પ્રથમ વાર રજૂ કરેલી નૃત્યનાટિકા 'દેખ તેરી બમ્બઈ'માં વૃંદ–નૃત્યમાં કુ૦ શીલાએ ભાગ લીધો. તે જ વર્ષે શ્રી પાર્વતીકુમાર દિગ્દર્શિત નૃત્ય–નાટિકા 'રાજપૂત'માં પણ ભૂમિકા ભજવી. ત્યાર પછી શ્રી યોગેન્દ્ર



શુદ્ધ નૃત્ત



ગોપીને કનડતો કૃષ્ણ (અભિનયમાં પદમ્)

દેસાઈની નૃત્ય-નાટિકા 'ચિત્રલેખા'માં ચિત્રલેખાની ભૂમિકા ભજવેલી.

તે દિવસોમાં છેલ્લી ઘડીએ 'ચિત્રલેખા' નૃત્ય-નાટિકાનાં પ્રમુખ કલાકાર કનક દિવેચા (હવે શ્રીમતી કનક રેળે) ઓચિંતાં બીમાર પડી ગયાં અને તે ભૂમિકા કોને સોંપવી તે મૂંઝવણભર્યો સવાલ થઈ પડચો, કેવળ એક જ દિવસમાં પ્રૅક્ટીસ કરીને નૃત્ય-નાટિકામાં નાયિકાની ભૂમિકા ભજવવી એ ઘણું મુશ્કેલ કાર્ય છે, પણ ગુરુ નાના કાસારે શીલાને તે પાત્ર ભજવવા માટે હિંમત આપી. ચારપાંચ કલાકની સતત મહેનતને અંતે 'રીહર્સલ' કરીને શીલાએ તે ભૂમિકા સમજી લીધી. અને કાર્યક્રમ પણ તે જ દિવસે રજૂ થયો, છતાં કોઈને ખયાલ સુદ્ધાં આવ્યો નહિ કે મુખ્ય પાત્રની ભૂમિકા શીલાએ કેવળ થોડા જ કલાકો પૂર્વે મહેનત કરીને ભજવી બતાવી હતી.



ગુરુ નાના કાસાર

તેમની ગ્રહણશક્તિથી મુગ્ધ થઈ શ્રી યોગેન્દ્ર દેસાઇએ તેમને પોતાની બીજી નૃત્ય-નાટિકાઓમાં પ્રધાનભૂમિકાઓ સોંપી. 'રામશબરી'માં સીતાની, 'રૂપકોશા'માં 'રૂપકોશા'ની ને ગયે વર્ષે ટાગોરશતાબ્દી વર્ષમાં 'ચિત્રાંગદા'માં પણ 'ચિત્રાંગદા'ની મુખ્ય ભૂમિકા તેમણે સફળતાપૂર્વક ભજવી હતી. આ બધી ભૂમિકાઓ શ્રીમતી કનક રેળે ભજવતાં. તે ઈન્ટરનૅશનલ લૉના અભ્યાસ માટે ઇંગ્લંડ ગયાં ને એવામાં દિગ્દર્શકે શીલામાં વૈયક્તિક પ્રતિભા જોઈ એટલે તેમણે આ ભૂમિકાઓ તેને સોંપેલી. તદનુસાર શ્રી યોગેન્દ્ર દેસાઈની છેલ્લી નૃત્ય-નાટિકા 'પરિવર્તન'માં પણ તે જ મુખ્ય નાયિકાની ભૂમિકા ભજવી રહ્યાં છે.

પ્રત્યેક નૃત્યાંગનાને મન 'અરંગેત્રમ'નો અવસર મહામૂલો હોય છે. ૧૯૬૧ની ૧૪મી એપ્રિલે શાસ્ત્રીય ભરતનાયટમ નૃત્યોનાં ઉપાસિકા તરીકે કુ. શીલા રાવ જાહેર રંગમંચ પર આવ્યાં અને મુંબાઇમાં તેજપાલ ઑડિટોરિયમમાં યોજાએલા પોતાના 'અરંગેત્રમ'માં તેમણે અત્યાર લગી ગ્રહણ કરેલી નૃત્યકળાના સૌંદર્યની સૌને ઝાંખી કરાવી.

કુ. શીલા ભરતનાટચમ્ નૃત્યમાં નીચેના પ્રયોગો શીખ્યાં છે; તિસ્રમ, મિશ્રમ અને તિસ્ર ત્રિપુટમાં ત્રણ 'અલ્લારીપુ'; ભૈરવી તિસ્રમ, ભૈરવી મિશ્રમ, વસંત તિસ્રમ, સાવેરી તિસ્રમ આદિ રાગ અને તાલ (અનુક્રમે)માં 'જતીસ્વરમ્'. ઉપરાંત રાગમાલિકા મિશ્રજાતિ અને મુકુન્દ શબ્દમ્ એ બે 'શબ્દમ્'; વર્ણમમાં વિરહોત્કણ્ઠિતા નાયિકા-નિરૂપણનું શંકરાભરણમ રાગમાં નિબદ્ધ 'વર્ણમ્' અને નવથી દસ 'પદમ્' તેઓ જાણે છે. કવિ ક્ષેત્રજ્ઞ કૃત 'મંચીદીનમુ'(તેલુગુ), 'પદરીવરુગુલુ'(તમીળ) 'કૃષ્ણાની બેગને બારો' (કન્નડ), 'ઇદીનીકકુ મરીઆદ' ('જાવલી' પદમ્ કરતાં દ્રુત ગતિમાં રજૂ થતી રચના; તેલુગુ) 'તાયે યશોદા', 'એન પલ્લી કોંડીર', 'કાલૈથૂકી', 'નટનમ્ અડીનાર' અને 'નટનમ્ સૈય્યુમ'. 'તિલ્લાના'માં (શુદ્ધ-નૃત્તના પ્રયોગોમાં) કાફી, કાનડા, શંકરાભરણમ્ અને પરસુ રાગમાં નિબદ્ધ ચાર પ્રયોગો તેઓ જાણે છે. કોઈ પણ સિદ્ધ કલાકાર આટલી કૃતિઓ જાણે અને તે પર પ્રભુત્વ મેળવે પછી જ જાહેરમાં તેઓ નૃત્યપ્રયોગો રજૂ કરે તે ઈચ્છવાયોગ્ય છે. તે ઉચ્ચ ધોરણને કુ. શીલાએ યથાર્થરીતે જાળવ્યું છે.

પારી(સ)ખાતે 'કૃષ્ણ-લીલા'માં ભાગ લીધા પછી તેમણે સ્વિત્ઝર્લાંડ, બેલ્જીઅમ વગેરે યુરોપના બીજા દેશોમાં શાસ્ત્રીય નૃત્યો રજૂ કરી યુરોપવાસી કલામર્મજ્ઞ વર્ગની પણ ચાહના સંપાદિત કરી છે. હાલ તેઓ શ્રી યોગેન્દ્ર દેસાઈ સંચાલિત 'કલાભવન'ની નૃત્યનાટિકાઓમાં પ્રમુખ નાયિકાની ભૂમિકાઓ ભજવે છે. લેખના પ્રારંભે ઉલ્લેખ કર્યો છે તે કાર્યક્રમમાં 'ભારત સંગીત સભા' જેવી માતબર સંસ્થા આટલી નાની વયે તેમને નિમંત્રે એ તેમના નૃત્ય-જ્ઞાનની ઉચ્ચપ્રકારની સાધનાનું દ્યોતક ગણાય.

કુ. શીલા શરીરે એકવડાં પણ દેખાવે મોહક મુખાકૃતિ ધરાવે છે. અભિનયમાં તેઓ સિદ્ધહસ્ત છે. ચહેરા પર વિવિધ ભાવછટાઓ તેઓ કુશળતાપૂર્વક અને સુંદરરીતે નિર્દેશી શકે છે. અભિનયમાં અતિરેક તેઓ ટાળે છે. તેમનાં નૃત્યો લલિત અને ઋજુ તત્ત્વોથી સભર હોય છે. 'નૃત્ત' (પ્યોર ડાન્સ)માં પણ સરખું પ્રભુત્વ તેઓ ધરાવે છે, છતાં 'અભિનય' વિભાગ અને નૃત્યમાં તેઓ વિશેષ ઝળકે છે. તેમનાં નૃત્યોમાં સફાઈ છે અને અધિકારી ગુરુ પાસે જ દીક્ષા લેવાનો તેમનો આગ્રહ તેમનાં નૃત્યોની રજૂઆતને અધિકૃત તેમજ આસ્વાદ્ય ઠરાવે છે. સંગીતનાં પણ તેઓ ઉપાસિકા છે. સીતાર કુશળતાપૂર્વક બજાવે છે. ને ભવિષ્યમાં સંગીત-સભાઓમાં તેઓ વાદ્યસંગીતનો કાર્યક્રમ આપવાની મહેચ્છા સેવી રહ્યાં છે. જે લગનીપૂર્વક તેઓ અત્યારે નૃત્યોપાસના કરી રહ્યાં છે તે જોતાં તેમની નૃત્યાંગના તરીકેની ભવિષ્યની કારકિર્દી ઉજ્જ્વલ હશે. કોંકનીલ નામે મેંગ્લોર જિલ્લાનાં મૂળ વતની હોવા છતાં તેઓ ગુજરાતી ભાષા એટલી સરસ રીતે વાંચી-બોલી શકે છે કે તેમના નામથી અજ્ઞાત કોઈપણ તેમને અ-ગુજરાતી તરીકે પારખી શકે નહિ.

જૂનાં ભીંતચિત્રો

પોતપોતાના ગામમાં કે સમીપના સ્થળમાં હોય તેની વિગતો અને માહિતી આપવાની અમારી વિનંતી પરથી જે ભાઈઓના પત્રો મળ્યા છે તે સર્વને વિગતવાર જુદા જવાબો કે ખુલાસા આપવાની હાલ તક નથી, પરંતુ તે સર્વનો આભાર માની જણાવવાનું કે આ વિષયમાં યોગ્ય સંસ્થા તરફથી સત્વર કામ હાથ લેવામાં આવશે ત્યારે તે તે સ્થાનના માર્ગદર્શન માટે તેમને પત્ર લખી ખબર આપવાની તજવીજ થશે.

—ર.મ.રા.

આ અંકનું મુખચિત્ર અને તેના કલાકાર
ગુલામમોહમ્મદ શેખ

કલાનિરૂપણની અદ્યતન (મૉડર્ન) લઢણો માટે વડોદરા યુનિવર્સિટીના લલિતકલા વિભાગની નામના છે. ત્યાંના કલાકાર શ્રી ગુલામમોહમ્મદ શેખે આ અંકમાં પ્રકટ થએલા એમના ચિત્ર 'સફેદ ઘોડા'નો* પરિચય અમારી વિનંતિથી લખી મોકલ્યો છે તે નીચે આપ્યો છે.

"આ ચિત્ર મારાં ઘોડાગાડીનાં ચિત્રોમાંનું પહેલું છે. સફેદ ઘોડો અને સફેદ ઘરોની હાર મારા દૃષ્ટિબિન્દુનાં કેન્દ્રો છે અને સંયોજનના મુખ્ય વિભાગો છે. મારે માટે આ વિભાગો ઘર કે ઘોડા કરતા સફેદ રંગના અવકાશખંડો તરીકે વધુ મહત્ત્વના છે. જોકે એથી એમાંના સાદૃશ્યાંશને નકારવાનો મારો હેતુ નથી. આછા–ઘેરા લીલા અને કથ્થાઈ રંગના patches આ સફેદ રંગના આયોજનને પૂરક થઈ, ચિત્રને રંગ–સભર બનાવે તે માટે મૂકેલા છે. કોઈપણ ગામને છેવાડે, સફેદરંગનાં ઘરોની હારને આ કાંઠે ઘોડાગાડી જતી હોય, તેવા સામાન્ય વિષયને રંગ-રૂપના કોઈવાર tense તો કોઈવાર હળવા સંબંધો દ્વારા રજૂ કરવાની નેમ મારાં 'ઘોડાગાડી અને ઘરો'નાં ચિત્રોમાં હોય છે, તે આમાં પણ જણાશે. ચિત્રપદ્ધતિ વિશે તો લખવાનું ઉચિત લાગતું નથી. આખું ચિત્ર છરીથી જ કરેલું છે."

હવે, ભાઈ ગુલામમોહમદનો પોતાનો પરિચય, તેમના જ એક સાથી શ્રી વિનય ત્રિવેદીએ દસેક માસ પર 'વિશ્વમાનવ'માં આપેલો, તે તેમના સૌજન્યથી ઉતારીએ:

"વડોદરાના ફાઈન આર્ટ્સ ફૅકલ્ટીના પ્રાધ્યાપક, યુવાન કવિચિત્રકાર શેખનાં ચિત્રોમાં એક નવા પ્રકારની સાચી અને સચોટ આંતરિકતા પ્રકટ થાય છે. ચારે દિશામાં ઊડી પડતી તેમની ઈચ્છાશક્તિનું પ્રતીક છે: 'ઘોડો'.

એમનો જન્મ, સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર ગામે ૧૯૩૭ની સાલમાં થયો. એમના પિતાજી લોખંડના સ્પેર પાર્ટ્સ વગેરેના કમિશન એજન્ટ. ઘરની આર્થિક પરિસ્થિતિ ઘણી જ નબળી. તેઓ ચાર ભાઇ અને એક બહેન, તેમાં શેખ સૌથી નાના. નાનપણથી જ તેમને ચિત્ર તેમજ સાહિત્યનો ભારે શોખ. લગભગ પાંચમી શ્રેણીથી જ કાવ્યો અને વાર્તાઓ લખતા થએલા. એ સમયનાં ઘણાં બાળમાસિકોમાં તેમનાં કાવ્યો, વાર્તા, ચિત્રો વગેરે છપાતાં; ને તેઓ તેમાંથી પ્રોત્સાહન મેળવતા.

૧૯૫૫માં તેમણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી અને ચિત્રકલામાં વધારે અભ્યાસ માટે વડોદરા આવવાનો મનસૂબો સેવ્યો. ઘર–કુટુંબની સ્થિતિને કારણે પારાવાર મુશ્કેલીઓ હતી જ; ત્યાં શ્રી રવિશંકર રાવળના મમતાભર્યા પ્રોત્સાહન અને સહાયથી સૌરાષ્ટ્ર સરકાર તરફથી તેમને શિષ્યવૃત્તિ મળી.

ફાઈન આર્ટ્સ કૉલેજના ચિત્રકલાના અભ્યાસ માટે સ્થાયી થવામાં પણ શ્રી રવિભાઇની સહાય મળી અને પ્રો. શ્રી બેન્દ્રે તથા શ્રી સુબ્રહ્મણ્યમના માર્ગદર્શન દ્વારા શેખે ચિત્રકલાની સારી એવી સમજ પ્રાપ્ત કરી.

ફાઇન આર્ટ્સ કૉલેજની એમ.એ.ની પદવી મેળવી એ જ કૉલેજમાં કલાના ઇતિહાસના તે હવે પ્રાધ્યાપક નિમાયા છે.

ચિત્રકલાના બીજા વર્ષમાં હતા ત્યારે 'ધ બરોડા ગ્રૂપ ઑવ આર્ટિસ્ટ્સ'ના પ્રદર્શનમાં પહેલીવાર ભાગ લીધો, ત્યાર પછી તો બૉમ્બે આર્ટ સોસાએટી, લલિતકલા ઍકેડેમી તેમજ

*અમને ઘણી દિલગીરી છે કે બેદરકાર છાપભૂલથી ચિત્રની સાથે તેનું નામ ભળતું જ છપાઈ ગયું છે–તં.

ઘરગથ્થુ ઔષધ .... ૭] ફટકડી

આ સસ્તા અને સુલભ દ્રવ્યથી કોણ અપરિચિત હશે? સંસ્કૃતમાં એને માટે 'સૌરાષ્ટ્રી', 'સ્ફટિકા' વગેરે શબ્દો છે. 'રસરત્ન સમુચ્ચય'માં એને 'સૌરાષ્ટ્ર દેશના પથ્થરોની ખાણમાં પેદા થનારી માટી' તરીકે ઓળખાવી છે અને 'તુવરી' એવું નામ આપ્યું છે. ફટકડીમાં મજીઠના રંગને પાકો કરવાનો ગુણ હોવાનું પણ લખ્યું છે.

ફટકડીમાં ગ્રાહી ગુણ હોવાથી રક્તસ્રાવ આદિમાં એ અતિ ઉપયોગી છે. મોઢા વાટે ફટકડીનો ઉપયોગ કરવાનો હોય ત્યારે ફુલાવીને કરવો. ફટકડીના ગાંગડાને માટીની ઠીબમાં દેવતા ઉપર મૂકવાથી ફટકડી પીગળીને ફુલશે. પાણીનો અંશ બળી ગયા પછી ઉતારી લઈ ઠરી જાય એટલે ચોળી નાખવી. ભસ્મ જેવો સૂક્ષ્મ ભૂકો થશે.

રક્તસ્રાવ

(૧) કોઈપણ પ્રકારનો ઘા વાગ્યો હોય એ વખતે રક્તસ્રાવ અટકાવી દેવા માટે ફટકડી ઉત્તમ છે. ઘા પર ફટકડીનું ચૂર્ણ દબાવી દેવાથી તરત લોહી વહેતું બંધ થઈ જાય છે.

(૨) લોહીવાળા હરસમાં ફૂલાવેલી ફટકડીનું બે આનીભાર ચૂર્ણ પાણી સાથે લેવું. પ્રક્ષાલનના પાણીમાં પણ ચપટી ભૂકો મેળવી દેવો અને એ પાણીનો ઉપયોગ કરવો. આમળ બહાર નીકળી જતી (ગુદભ્રંશ) હોય ત્યારે પણ ઉપર્યુક્ત પાણીથી પ્રક્ષાલન કરવું.

(૩) ઘણી સ્ત્રીઓને અટકાવ સમયે નિયમથી વધુ પ્રમાણમાં અને ચાર દિવસને બદલે છ કે આઠ દિવસ સુધી ઋતુસ્રાવ બંધ થતો નથી. આવી સ્ત્રીઓને બે આનીભાર શુદ્ધ ફટકડી સાથે સમ ભાગે સોનાગેરૂ મેળવી ધરોના રસના અનુપાન સાથે દિવસમાં બે થી ત્રણ વખત આપવાથી અટકાવ બંધ થઈ જશે.

ફટકડીના કોગળા

ગળાની અંદર સોજો આવ્યો હોય, કાકડા વધ્યા હોય, ચાંદી પડી હોય, દાંતમાંથી લોહી વહેતું હોય એ બધા ઉપદ્રવોમાં પાણીમાં ફટકડી નાખી સવારસાંજ કોગળા કરવાથી ઘણો ફાયદો થાય છે. બોરસલીની છાલના ચૂર્ણમાં ફટકડીનું ચૂર્ણ મેળવી હાલતા દાંત ઉપર ધીમે હાથે ઘસવાથી દાંત મજબૂત થાય છે. પેઢામાંથી રક્તસ્રાવ થતો હોય એમાં પણ ફાયદો થશે.

આંખનાં ટીપાં

બે તોલા ચોખ્ખા ગુલાબજળમાં એક રતી શુદ્ધ ફટકડીનું ચૂર્ણ સંમિશ્રિત કરી સ્વચ્છ શીશીમાં ભરી રાખવું. બાળકને કે મોટેરાંને જ્યારે આંખો આવે ત્યારે આંખોમાં એ ટીપાં નાખવાથી આંખો ચોખ્ખી થાય છે અને રતાશ દૂર થાય છે.

મરડો

આમયુક્ત મરડામાં નીચેનો પ્રયોગ અજમાવવો: બાવળની ૧૦ તોલા કૂણી શીંગ સાથે ફૂલાવેલી ફટકડી અઢી તોલા લઈને ખરલમાં સારી પેઠે લસોટી એકએક વાલ જેવડી ગોળીઓ બનાવી લેવી. ત્રણ ત્રણ કલાકને આંતરે બે બે ગોળી છાશ સાથે આપવાથી ફાયદો થાય છે.

ફટકડીનું અઠવાડિયાથી વધુ વખત સેવન કરવું નહિ. લાંબા વખત સુધી સેવન કરવાની જરૂર જણાય ત્યારે ચિકિત્સકની સલાહ લેવી.

લાભશંકર ઠાકર

ગુજરાત રાજ્ય આદિનાં પ્રદર્શનોમાં વખતોવખત ભાગ લીધો છે. બૉમ્બે આર્ટ સોસાએટીમાં તેમને 'ધરતી' ચિત્ર માટે બાબુરાવ સાડવેલકરનું પારિતોષિક ને ગુજરાતરાજ્યમાં 'વિહોણાં' માટે ત્રીજું ઈનામ મળેલું.

એ પછીના ગાળામાં તેમના પ્રયોગોમાં વધારે સ્પષ્ટ અને નિશ્ચિત સ્વરૂપો આકાર પામવા લાગ્યાં. જોકે જીવંત વસ્તુઓ તરફ તેમને વધારે આકર્ષણ હતું, છતાં આજુબાજુના વાતાવરણની અસર તો હતી જ. સાથી ચિત્રકારોમાંથી કોઇ વાંકા મોઢાં જ ચીતરે, કોઇ બે આંખની ત્રણ આંખ કરે, કોઈ ચાંદાસૂરજ કર્યા કરે, તો કોઈ વળી એના કકડા કરે, કોઈ પાતળી આકૃતિઓ જ દોર્યા કરે, તો કોઇ વળી જાડી, જ્યારે કોઈ તો માત્ર પદાર્થચિત્રો જ કર્યા કરે! શેખ પોતાની સ્વતંત્ર મૌલિક અભિવ્યક્તિ માટે સજાગ હતા, અને એની ખોજમાં તેમણે ૨૦ થી ૨૨ ચિત્રો કરી નાખ્યાં ત્યાં સુધી તો તેમને ખબરે નહોતી કે આ બધાં ચિત્રોમાં ઘોડાગાડી જ શા માટે? હકીકતે, એક જ વિષય ઉપર મન કેન્દ્રિત કરવાથી તેની કારીગરી સમજાય અને તો જ તેની ઉપરવટ જઈ શકાય આ સિદ્ધાન્ત તેમને અજાણે એકાગ્ર સાધના તરફ ધકેલી રહ્યો હતો.

તેઓ રંગો ભરતાં પહેલાં રેખાંકન કરતા નથી. સીધા જ ફલક ઉપર રંગો લગાવવાનું શરૂ કરે છે. તેમનાં ચિત્રોમાં તમે મુખ્યત્વે કાળા રંગનો કુશળતાપૂર્વક કરેલો ઉપયોગ જોઇ શકશો. સફેદ અને બીજા રંગો વાપરે છે તે જરૂરી વિરોધાભાસ ઊભો કરવા જ. આ ઉપરાંત તેમનાં ચિત્રોમાં સારું એવું પોતવૈવિધ્ય graphic quality છે. તેમના વક્રગતિ (diagonal movement)માં વહેતા રંગના લસરકા (patches) દૃષ્ટિને ચિત્રમાં એવી રીતે વ્હેંચી નાખે છે કે જેમાંથી એક તીવ્ર ગતિશીલતા ઊભી થાય છે. ક્યારેક તેમાં મોટા બળવાની ઝાંખી સમાએલી જણાય છે, તો ક્યારેક એમાંથી મોટા અવાજો સંભળાયાનો આભાસ પ્રગટે છે. તેમના ચિત્ર-વિષયોમાં કાંટાની વાડો છે, ભભૂકતાં તોફાનો છે, નીરવ એકાકીપણું છે. ક્યાંક અસીમ ભૂમિ તો ક્યાંક વળી અંધારી ક્ષિતિજો, ક્યાંક થોડું અજવાળું તો ક્યાંક વર્ષોથી અંધાર તળે ઢંકાએલાં ભગ્ન ખંડેરો છે. આ બધાંમાં એક જાતની નિગૂઢ અગમ્યતાની છાંટ પ્રસરી રહેલી છે.''

આ અંકના પૂઠા પરનું ચિત્ર

બુદ્ધ, બોધિસત્ત્વ વગેરેનાં મસ્તકની પાછળ પશ્ચાદ્ભૂમિ પર બૌદ્ધ કલાકારો તેજોવર્તુળ મૂકતા. પ્રથમ તો તેઓ આભામંડળ માત્ર ચીતરતા જ; પણ પછી તો તેના પર માનવાકૃતિઓ વગેરે પણ કોતરતા. ચીનમાં પ્રાચીન કાળમાં તેઓ રંગનું વર્તુળ દોરી તેની કિનારી પર જ્વાળા અને વાદળની સુંદર ભાત ઉપજાવતા, ને એમાં ક્યાંકક્યાંક ઊડતી અપ્સરાઓ પણ મૂકતા. પાછળથી આ જ્વાળાની ભાત વધુ ને વધુ અટપટી ને ઝીણવટભરી થવા લાગી ને તેજોવર્તુળને ફરતી ઊડતી અપ્સરાઓ મુકાવા લાગી. આ જ પ્રમાણે ભારતમાં પણ પાછળથી (૫મી–૬ઠ્ઠી સદીમાં) સાદાઇને બદલે અટપટી ભાતવાળી ગૂંથણીઓ તેજોવર્તુળમાં થવા લાગી હતી. પૂઠા પરના ચિત્રમાં ચીનના માઈચીશાન નામના ૫૦૦ ફૂટ ઊંચા એક ખડક પરની ગુફાઓ પૈકીની એકના દ્વાર પર આવેલી ૧૫ ફૂટ ઊંચી એક બુદ્ધમૂર્તિની પાછળની ભાતમાંથી વાજિંત્ર વગાડતી એક કિન્નરીનું ભાસ્કર્ય દર્શાવ્યું છે.

કલાકારો વિષે માહિતી

એપ્રિલ અંકમાં કરેલી વિજ્ઞપ્તિના ઉત્તરમાં અનેક કલાવ્યવસાયી વાચકો તરફથી તેમના વિષે વિસ્તૃત હકીકતો ફોટોગ્રાફો વગેરેનો મોટો પ્રવાહ અમારા પર વહ્યો છે. તે પરથી એ વિષે વધુ સ્પષ્ટતા કરવાની જરૂર લાગી છે.

અમે કોઈ મોટી ડિરેક્ટરી કે પરિચયકોષ તૈયાર કરવા માટે માહિતી માગી ન હતી, પણ કાળક્રમે થતા આવતા ગુજરાતની કળાના વિકાસમાં જે જે વ્યક્તિઓએ કોઈ વિશિષ્ટ પદ, ડિગ્રી કે સર્જનકાર્ય મેળવી ગુજરાતના કલાગગનમાં કંઈક નોંધપાત્ર પ્રકાશ આપ્યો હોય તેવાં નામો વર્ષોનાં ક્રમમાં મૂકવાથી ભાવિ કલાવિવેચકો ને ઇતિહાસ લેખકોને તે ઉપયોગી બની રહે એવો આશય હતો.

આ હેતુને અનુલક્ષીને વિજ્ઞપ્તિમાં જે વિગતો માગી છે તે ફરી રજૂ કરી છે:

(૧) નામ, પિતાનું નામ, અટક, વતન તથા આજનું સરનામું; (૨) આજની ઉમર, કલાની ડિગ્રી, ડિપ્લોમાં, કયા વર્ષમાં તેમજ કઈ સંસ્થા તરફથી મળ્યાં તે; (૩) કલાક્ષેત્રે પ્રાપ્ત કરેલી વિશેષ સિદ્ધિ, પ્રમાણપત્રો, પારિતોષિકો (વર્ષ સાથે); (૪) પરદેશ-પ્રવાસ, પ્રકાશન, હાલનો વ્યવસાય (વર્ષ સાથે).

આ રીતની, કેવળ ગણનાપાત્ર કક્ષાનાં નામો વિષે ટૂંકામાં ટૂંકી માહિતી જ આપવાની અમારી નેમ નહિ સમજતાં છતાં જેમણે પોતાની હકીકતો અમને મોકલી છે તેમના આભારી છીએ. હવે તે માહિતી બીજા યોગ્ય પ્રસંગ માટે સાચવી રાખવામાં આવશે. —તંત્રી



ફિલિપ્પીન દંતકથાઓ ને લોકોક્તિઓનાં નિજી અર્થઘટન કરી પોતાની આગવી શૈલીએ એનાં આલેખનો કરતા આ ચિત્રના કલાકાર બેન અલ્કાન્તારા (Ben Alcantara) હજી તો ત્રીસીમાં વિચરતા યુવાન છે. કેટલાંક વર્ષોથી તેઓ આવાં આલેખનો કરતા રહ્યા છે. આ ઉપરાંત કાર્ટૂનિસ્ટ—વ્યંગચિત્રકાર તરીકે પણ તેઓ મનીલામાં પ્રખ્યાત છે. હજી ગયે વર્ષે જ 'સોસાએટી ઑવ ફિલિપ્પીન ઈલસ્ટ્રેટર્સ ઍન્ડ કાર્ટૂનિસ્ટસ'નું પ્રમુખપદ એમને અપાયું છે. 'યુનિવર્સિટી ઑવ ફિલિપાઈન્સ' ને 'સાન્ટૉટૉમસ'માં એમણે શિક્ષણ લીધેલું.

આ ઉપર પ્રકટ કરેલા ચિત્રની કથા નીચે મુજબ છે: એક વેળા નેગ્રોસ ટાપુનો એક જ્વાળામુખી ભભૂકી ઊઠયો અને તળેટીની આસપાસનાં ગામ પર આગ ઓકવા લાગ્યો. દેવતાના આ કોપને શાંત પાડવા ગામલોકોએ એક કુમારિકાને એના અંગારઝરતા મુખમાં હોમવા માટે ચૂંટી કાઢી. પણ આ કન્યા એક સૈનિકને ચાહતી હતી. જેવી એ પોતે સુંદર હતી એવો જ બહાદુર હતો એનો પ્રિયતમ. બલિદાન દેવાયું ત્યારે પોતાની પ્રિયતમા સાથે એણે પણ જ્વાળામુખીના મોંમાં કૂદી પડીને આત્મભોગ આપ્યો; અને કહે છે કે, ત્યારથી એ બંને પ્રેમીઓના સાચા પ્રેમના માનમાં જાણે જ્વાળામુખી વધુ મોટું કદ ધારી રહ્યો છે.


કંકાવટી

જેન ઍડમ્સ



મહિલા આંદોલનની ઉત્સાહી કાર્યકર્ત્રી જેન ઍડમ્સનો જન્મ ઈ. ૧૮૬૦ની ૬ઠ્ઠી સપ્ટેમ્બરે થયો હતો. સીડરવિલે (ઇલીનોઇસ)ના એક આટાવાળાનીએ પુત્રી. માંદગીને કારણે હવાફેર સારુ એને યુરોપની સફર કરવી પડી ત્યારે ત્યારે શ્રમિક લોકોમાં જે ગરીબી, મુસિબત અને અજ્ઞાન એણે જોયું એથી એ ચકિત અને વ્યથિત થઇ ગઈ. ત્યારથી જ એણે, આવા લોકોને માટે જીવન ન્યોછાવર કરવાનો નિર્ણય લીધો. સાથોસાથ એણે એ લોકોમાં સંસ્કાર અને શિક્ષણ આપવાં પણ જરૂરી જોયાં.

ઇ.સ. ૧૮૯૯માં એણે ચિકાગો નગરની મજદૂર વસાહત વચ્ચે એક મોટું પુરાણું મકાન ખરીદ્યું ને એને 'હલ હાઉસ' નામ આપ્યું. અહીં મુસિબત કે મુંઝવણમાં મુકાએલા કોઇ પણ માણસને શાતા અને સહાય મળતી. સ્ત્રીઓને માટે તો એ કદાચ સૌ પ્રથમ મિલનસ્થાન જેવું હતું. આજના સમાજ કલ્યાણ કેન્દ્રોનો એ સૌ પ્રથમ નમૂનો હતો. અતિશય શ્રમ કરીને ઈ. ૧૯૧૩માં એણે એ વિસ્તારની સ્ત્રીઓને મતાધિકાર અપાવ્યો. બાળકો પાસેથી લેવાતા શ્રમની બાબતમાં પણ એણે સારી રાહત અપાવી. હજારો ડૉલરની આડકતરી લાલચો ને અન્ય અનેક પ્રયત્નોએ સ્થાપિત હિતવાળા લોકોએ એની પ્રવૃત્તિમાં બાધા નાખવાના પ્રયત્નો પણ કર્યા; પણ એ બધા સામે મક્કમતાથી ઝઝૂમી. ટ્રેડ યુનિયનોમાં પણ એ ઘણો સક્રિય ભાગ લેતી. માનવ માત્ર પ્રત્યે એને પ્રેમ હતો. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે શાંતિ સ્થાપવા સારુ એણે જે વલણ ને વિચારો દર્શાવ્યા તેનાથી દેશાભિમાની લોકોએ તો એને જર્મનપક્ષી જાસુસ ગણવા સુધીની સંકુચિતતા દર્શાવી, પણ એ મક્કમ રહી. એણે તો હમેશાં યુદ્ધમુક્ત સંસારનું સ્વપ્ન જ દૃષ્ટિ સમક્ષ રાખ્યું. ૧૯૧૫માં હેગમાં આયોજિત આંતરરાષ્ટ્રીય મહિલા કૉંગ્રેસની પ્રમુખ બની. આંતરરાષ્ટ્રીય મહિલા સંઘના સ્થાયી સંગઠનની પણ એ આજીવન અધ્યક્ષ હતી. ઇ.૧૯૩૧નું શાંતિ માટેનું નોબેલ પ્રાઈઝ પણ એને અડધે ભાગે મળેલું. સામાજિક ઉન્નતિ અને શાંતિનો પુરસ્કાર કરતાં તથા પોતાના જીવનકાર્યના અનુભવોના પ્રેરક પ્રસંગો વર્ણવતાં એણે સાતેક પુસ્તકો પણ લખ્યાં છે. ઈ. ૧૯૩૫માં ઓચિંતુ પડખામાં દરદ થતાં એ માટેની શસ્ત્રક્રિયા કરાવ્યા પછી થોડા દિવસે એનું અવસાન થયું.



કેટલાંક સાંચાલ ઘરેણાં. આધુનિક પહેરવેશમાં પણ એ ભળે એવાં છે.

ઘરમાં રખાતી દવાઓમાંથી ઝેરી દવાની બાટલીના બૂચ પર ઝીણી ખીલી કે એવું કંઈ ભરાવી રાખવું. એથી એ દવાની બીજી બાટલીઓથી જુદી પડી આવશે ને ભૂલ થઈ ગંભીર પરિણામ સર્જાતું અટકશે.


જાંબુના સૂકાં ફળના ઠળિયાનું બારિક ચૂર્ણ મધુમેહમાં વાપરવામાં આવે તો સ્ટાર્ચનું સાકરમાં રૂપાંતર થતું અટકે છે.

તાત્કાલિક એક જણને ટેલીફોન કરવાની જરૂર પડી, પણ આસપાસમાં એક પબ્લિક ટેલીફોન સિવાય બીજી કંઈ સગવડ નહોતી. અને એ ટેલીફોનબૂથમાં એક બહેન હતા. કાચની દીવાલમાંથી દેખાતું હતું કે બહેન ટેલીફોન ડિરેક્ટરીમાં કોઈ નંબર શોધવામાં મશગૂલ હતા.

પાંચ મિનિટ, દસ; હવે તો પંદર મિનિટ થવા આવી. હજી નંબર મળ્યો લાગતો નહોતો. આખરે ઝટ નિકાલ આવે એટલા સારુ પેલા ભાઇએ બૂથનું દ્વાર ખોલીને થઈ શકે એટલી નમ્રતા દાખવી પૂછ્યું? 'હું આપને નંબર શોધવામાં મદદ કરું?'

'નંબર? તે હું કંઈ નંબર નથી ખોળતી. મારે તો આમાંથી કોઈ સરસ નામ જોઈએ છે, મારા બાબા માટે?

પુસ્તકો અને છાપાંઓ રાખવા માટેનું આવું સુંદર નાજુક કબાટ ઘેર પણ બની શકે એવું છે. સાથેની આકૃતિઓમાં સહાયરૂપ થઈ શકશે.




શતરંજ

લેખક-સુરેશ મોદી


પહેલી હરોળ ઉપરની નબળાઇ

કિલ્લેબંધી પછી જો બન્ને હાથી પહેલી હરોળમાંથી બહાર નીકળી ગયા હોય, કે એકાદ નીકળી ગયો હોય, ને બીજી ઉપર કોઇ ખુલ્લી પંક્તિ ઉપરથી સામા પક્ષના હાથીનો હુમલો આવતો હોય તો તે ખતરનાક નીવડે છે.

દા. ત. નીચેની સ્થિતિમાં જો કાળો ભૂલે-ચૂકે સફેદનું ટેકા વગરનું QRP મારવા જાય તો તે R–K8થી મહાત થઈ જાય.



પહેલી પંક્તિ ઉપર મ્હાતની ધમકી આપીને નીચેની સ્થિતિમાં સફેદ એક પ્યાદું જીતે છે.



1 N×P. હવે જો કાળો 1...R×P રમે તો 2 B×R. હવે 2...N×B રમી નશકાય કારણકે 3 R–Q8 mate થાય. આવી પરિસ્થિતિમાં રાજાના કિલ્લાનું એકાદ પ્યાદું આગળ ચલાવી લેવું જોઈએ.

તમને થશે કે હજુ થોડી વાર પહેલાં જ આપણે જોયું કે પ્યાદાને આગળ ચલાવવાથી કિલ્લો નબળો પડે છે અને અહીં તેમ કરવાની સલાહ આપવામાં આવી છે. પણ બન્ને સ્થિતિમાં ઘણો ફેર છે.

કિલ્લા પરના હુમલા મધ્યના તબક્કાની શરૂઆતમાં જ્યારે બોર્ડ પર ઘણાંખરાં મહોરાંઓ હોય છે ત્યારે થાય છે. જ્યારે પહેલી હરોળ ઉપર હાથીનો હુમલો મહોરાંઓ ઓછા થઈ ગયા પછી હાથીને હરવાફરવા પંક્તિઓ ખુલ્લી ગયા પછી થાય છે. આવે વખતે પ્યાદાને આગળ ચલાવવાથી કોઈ ગંભીર મુશ્કેલી આવવાનો સંભવ નથી. આમાં કયું પ્યાદું આગળ કરવું તે વિચારી લેવું જોઇએ. કયારેક પ્યાદું ચલાવીને રાજાને છટકવા કરેલી જગ્યા પર સામા પક્ષના ઊંટ કે વજીરનો કાબૂ હોય તો પહેલી હરોળ ઉપરની મ્હાતની ધમકી તેવી જ રહે છે.


મહોરાંની મારામારી

(Exchanging)

બંને પક્ષના એક જ સરખી કિંમતના મહોરાં મારવાની ક્રિયાને Exchanging કહે છે. આમ કરવાના ઘણા હેતુ હોય છે:

(૧) જ્યારે એક પક્ષ પાસે જીતવા માટે જોઇતું સાધન વધારે હોય ત્યારે તે બાકીના મહોરાંઓ ખલાસ કરીને વધુ સાધનથી જીતવા માટે. (૨) આપણા ઊંટ કે હાથી માટેનો માર્ગ ખોલવા માટે. (૩) અમુક મહોરાં કે અમુક ખાનાં, પંક્તિ કે હરોળની રક્ષા કરતાં મહોરાંને તેટલી જ કિંમતના મહોરાંના બદલામાં મારવાથી તે મહોરાં, ખાનાં, પંક્તિ કે હરોળને રક્ષણ વિનાના કરવા માટે. (૪) નબળાં પ્યાદા કે નબળી સ્થિતિ પરના મહોરાંનો નિકાલ લાવવા માટે.

આ દર્શાવતો એક દાખલો જોઇએ.




અહીં R–7 ઉપરનો કાળો ઘોડો એ હુમલાનું મુખ્ય કેન્દ્ર છે તેનું રક્ષણ ઊંટ કરે છે અને ઊંટનું રક્ષણ બે હાથી કરે છે. હવે પછીની મારામારીથી સફેદને શો લાભ મળે તે જોઇએ.

1 P×P (હાથી માટેની પંક્તિ ખુલ્લી કરવા), P×P.

2 R–K8ch (B1 ઉપરનો હાથી હોય ત્યાં સુધી ઊંટને કંઈ થઈ શકે નહિ માટે તેને ખસેડવો જ રહ્યો.) 2...,R×R; 3 R×R ch, K–R 2; 4 R×B, R×R; 5 K×N. પરિણામે સફેદ પાસે હાથીના બદલામાં ઘોડો અને ઊંટ રહ્યાં અને કાળાનું એ પ્યાદું એકલું થઈ ગયું.


Stalemate વગેરે

કયારેક જેની પરિસ્થિતિ ખરાબ હોય તે રમનાર રમતને ડ્રૉમાં લઇ જવા અમુક યુક્તિ કરે છે. તેનાથી ચેતતા રહેવું જોઇએ. નીચેની સ્થિતિમાં કાળા પાસે ત્રણ પ્યાદા વધુ છે અને તે જીતશે એમ લાગે છે.



અહીં સફેદ 1 Q–KB5 રમે છે ને કાળો જીતવાની ઉતાવળમાં 1...P–N5 રમે છે. તેનો વિચાર છે 2...Q×P? પછી Q–K8 ch અને પછી Q–N6chથી બન્ને વજીર સામસામા મરી જશે અને પોતે સહેલાઇથી જીતી શકશે, પણ ઉતાવળમાં એક ચાલ તેના ધ્યાન બહાર રહી ગઈ છે, એ કઈ તે જુઓ. 2 Q–KB2. હવે જો તે વજીર ન મારે તો તો સફેદ વજીર મારીને જીતી જાય માટે વજીરને તો મારવો જ રહ્યો અને વજીર મરે એટલે સફેદ પાસે કોઈ ચાલ જ રહેતી નથી તેથી તે stalemate થયો અને રમત ડ્રૉ થઈ.

ઘણુંખરું આવી પરિસ્થિતિ અંતમાં આવે છે, પણ કયારેક મધ્યના તબક્કામાં પણ આવી પડે ખરી. નીચેની પરિસ્થિતિમાં કાળા પાસે બે પ્યાદાં વધુ છે અને ઊંટના બદલામાં હાથી છે તેનું QNP વજીર થાયતેવી પૂરીશકયતાછે.



(અનુસંધાન પૃષ્ઠ ૨૮૭મે)

સાહિત્યસંપર્ક

'સરસ્વતી'ની હીરક-જયન્તી

હિન્દીના આદિ ને સત્ત્વશીલ એ માસિકના હમણાં ઊજવાએલા આ મંગલ પ્રસંગ વિષે અમારે જે લખવાનું હોય તે અક્ષરશઃ આ નીચેની નોંધમાં (માત્ર ઉમર અને સાલના આંકડામાં અનુક્રમે ચાર અને બારનો ઉમેરો કરીને) આપીએ એટલી યથાતથ એ છે:

'હું મારી ૧૩ વર્ષની કિશોર વયથી જ–સન ૧૯૦૩થી, પ્રયાગના 'સરસ્વતી' માસિકનો ખૂબ હોંશ અને ઈન્તેજારીથી નિયમિત વાચક રહ્યો છું. સૌભાગ્યની વાત છે કે એ પરંપરા હજી તૂટી નથી. આજથી ૫૭–૫૮ વર્ષ પહેલાં પ્રાતઃસ્મરણીય આચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદીજીએ રેલવેની ઊંચી નોકરી છોડીને 'સરસ્વતી'ની સંપાદનસેવાનો ભાર પોતાના ઉપર લઇ લીધો. એ જાહેરાતનો દિન મને બરોબર યાદ છે. ભારતેન્દુ હરિશ્ચન્દ્ર અકાળે અસ્ત થઇ ગયા હતા અને હિંદી ભાષાનો વિકાસ સંકટમાં મુકાઈ ગયો હતો; અંગ્રેજી ભણેલાઓ ખડીબોલી હિન્દીને કશા ઉપયોગની સમજતા નહિ; એ વિષમ સ્થિતિમાં આચાર્ય દ્વિવેદીજીએ આશાસ્પદ નોકરીને તિલાંજલિ આપીને હિન્દીના વિકાસ અને વિસ્તારકાર્ય માટે 'સરસ્વતી'નો આખો ભાર પોતાને ખભે લઇ લીધો અને પોતાનાં ત્યાગ, તપ, અદમ્ય ઉત્સાહ તથા પ્રખર પાંડિત્યથી એ વેળાની લથડતી હિન્દીને સશક્ત અને સમૃદ્ધ બનાવી; તેને પરિષ્કૃત અને પરિમાર્જિત કરીને તેમાં વ્યાકરણના નિયમોની પ્રતિષ્ઠાપના કરી. એમણે અંગ્રેજી ભાષા, સાહિત્ય અને સંસ્કારના પ્રેમી સેંકડો તરુણોને અંગ્રેજીની આંધળી આરાધનામાંથી છોડાવી હિન્દીનાભક્ત, સેવક ને સાધક–આરાધક બનાવ્યા. 'સરસ્વતી'ના પ્રયત્નથી જ હિન્દી ભાષામાં પ્રૌઢતા આવી અને તે સામર્થ્યવતી બની. સેંકડે નવયુવાનો શુદ્ધ હિન્દી લખવા લાગ્યા અને હિન્દીના લેખક બનવામાં ગૌરવ અનુભવવા લાગ્યા; અને ૨૦ વર્ષની અંદર તો એક એવાનવાયુગનો ઉદય થયો, જે આજ અરધી સદીથી 'દ્વિવેદીયુગ'નામથી પ્રખ્યાત છે. આચાર્ય દ્વિવેદીજીએ 'સરસ્વતી'કાર્ય કરતાંકરતાં અનેક યુવકોને સંપાદનકલાની પણ દીક્ષા આપી. એમના અનુવર્તી અંતેવાસીઓમાં સર્વશ્રી હરિભાઊ ઉપાધ્યાય, પદુમલાલ બક્ષી, વ્યંકટેશનારાયણ તિવારી, દેવીદત્ત શુક્લ અને અમર શહીદ ગણેશશંકર વિદ્યાર્થીનાં નામ વિશેષ ઉલ્લેખપાત્ર છે. ગણેશજી તો આચાર્યશ્રીના પટ્ટશિષ્ય હતા. આચાર્યશ્રીની નિવૃત્તિ પછી બક્ષીજી અને શુક્લજીએ 'સરસ્વતી' સંભાળેલું અને આજ શ્રી નારાયણ ચતુર્વેદીજી તે એટલી જ સુન્દર, સર્વોપયોગી, સર્વગ્રાહી રીતે કરી રહ્યા છે.

(રાષ્ટ્રભારતી) —હૃષીકેશ શર્મા

શબ્દકથા : 'ભલું'

'ભલું'નું મૂળ સંસ્કૃત 'ભદ્ર'શબ્દમાં છે. 'ર'–પ્રત્યયની જેમ 'લ'–પ્રત્યયથી 'ભદ્દલ' શબ્દ થાય, ને તે ઉપરથી પ્રાકૃતમાં 'ભલ્લ', આપણું 'ભલું'. અર્થની છાયાઓ 'સારું', 'સ્વભાવે કે પ્રકૃતિએ સજ્જન', 'હિતકર', 'માયાળુ', 'સદ્‌ભાવવાળુ', 'બગડેલું નહિ' એવી એવી છે. બીજી અર્થછાયાઓ પણ હોવાનું બતાવી શકાય. 'સારો માણસ' તેમજ 'ભલો માણસ' એવો પ્રયોગ થશે, પણ 'સારી ખુરશી' જ કહેવાય છે, 'ભલી ખુરશી' નથી કહેવાતું—સિવાય કે રૂઢ ને જૂના પ્રયોગોમાં: 'ભલી મારી ખુરશી ને ભલો હું.' તથા જાણીતી લોકોક્તિમાં:

શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,
ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ.

તો વળી 'ભલભલા' એ પ્રયોગમાં શક્તિનો અર્થ છે. પ્રાચીન ગુજરાતમાં 'ભલા ભલેરી પૃથ્વી' એ કહેવત 'શેરને માથે સવાશેર' જેવા અર્થમાં મળે છે. તેમાં પણ 'ભલું' સામર્થ્યવાચક છે. અન્યત્ર 'ભલું'નો પ્રયોગ 'સુંદર'ના અર્થમાં મળે છે. જુઓ જાણીતો દુહો:

સોરઠિયો દુહો ભલો, ભલી મરવણ-રી બાત,
જોબનછાઇ ધણ ભલી, તારાછાઇ રાત.

એટલે કે સોરઠા જાતિનો દોહરો, ઢોલામારુની વાર્તા, જોબનવંતી નારી, અને તારામઢી રાત્રી રમણીય લાગે છે.

હરિવલ્લભ ભાયાણી

સ્વ. કવિશ્રી અરદેશર ફરામજી ખબરદાર સ્મારક ગ્રંથ

'ગુણવંતી ગુજરાત'ના ગાયક આ ખ્યાતનામ પારસી કવિની સ્મૃતિ અર્થે તૈયાર કરેલા આ સ્મૃતિગ્રંથમાં એમનાં ચૂંટેલા કાવ્યો, પ્રતિકાવ્યો, મનનીય પ્રવચનો તથા સાહિત્ય, જ્યોતિષ અનેજરથોસ્તી ધર્મ વિષયક એમનાં કેટલાંક આગવાં મંતવ્યો આપવા સાથે ગુજરાતના અનેક અગ્રણી વ્યક્તિવિશેષોએ એમને વિષે લખેલા અંજલિલેખો ને કાવ્યોનું એમાં સુંદર સંપાદન કરેલું છે. મર્હૂમ પોતે ફલજ્યોતિષના સારા અભ્યાસી હોઈ એ વિષેનો એમનો વિગતસભર લેખ તથા વિવિધ વ્યક્તિઓ પર એમણે લખેલા પત્રો પરથી, સાહિત્યકાર હોવા ઉપરાંતની એમની અન્ય પ્રતિભાનો પણ બહુ અચ્છો ખયાલ આ સ્મૃતિગ્રંથમાંથી મળી રહે છે. એક જ ગ્રંથમાં એ વિદ્વાન અને કવિની કલમનો સારભાગ સંઘરવા ઈચ્છનાર માટે આ ઉપયુક્ત પ્રકાશન છે. સંપાદક-પ્રકાશક: (સ્વ. કવિશ્રી અ. ફ. ખબરદાર સ્મારક સમિતિ) શ્રી હર્ષદરાય દેસાઈ, પ્રાપ્તિસ્થાન: ૧૧ નવયુગ નગર, ફોર્જેટ હીલ રોડ, મુંબઈ–૨૬. મુલ્ય રૂપિયા ૧૫–૦૦.

શ્રી નારાયણ આશ્રમ રજતજયંતી સ્મૃતિગ્રંથ

આલ્મોડાથી ૧૨૦ માઇલ દૂર, કૈલાસમાનસરોવરના માર્ગ પર, નગાધિરાજ હિમાલયની ગોદમાં ૯૦૦૦ ફૂટ ઊંચે શ્રી નારાયણ આશ્રમ નામે એક પુણ્યધામ છે. એના સ્થાપક શ્રી નારાયણ સ્વામીની તદ્દન નિઃસ્વાર્થ સેવાવૃત્તિના ફલસ્વરૂપ આ આશ્રમ આસપાસના વિસ્તારનું વિકાસકેન્દ્ર છે. જાતિ કે ધર્મના ભેદભાવ વિનાની આશ્રમની પ્રવૃત્તિ લોકોન્નતિનાં અનેક ક્ષેત્રોને આવરી લે છે. હમણાં જ એની સ્થાપનાની રજતજયંતી ઉજવાઈ. એ પ્રસંગે આશ્રમની વ્યવસ્થાપક સમિતિએ એક સચિત્ર સુંદર સ્મૃતિગ્રંથ પ્રકટ કર્યો છે.

સ્મૃતિગ્રંથ છે એટલે શ્રી નારાયણ સ્વામી, એમના આશ્રમ અને એની વિસ્તૃત પ્રવૃત્તિઓનો પરિચય એમાં હોય જ એ સ્વાભાવિક છે, છતાં આ સ્મૃતિગ્રંથમાં માત્ર શ્લાઘાના સૂર નથી; એમાં અનેક મનનીય લેખો, અવતરણો, કાવ્ય ગીતો ને ભજનો વગેરેનો પણ સમાવેશ કરેલો છે. હિન્દી અને અંગ્રેજી એમ બે વિભાગમાં કરેલા એના સંપાદનમાં પણ જાતિ કે ધર્મનાભેદની છાયાજોવા નથી મળતી. હિન્દી વિભાગમાં ગુજરાતી ને મરાઠી ભાષાની કૃતિઓનો પણ સમાવેશ કરેલો છે, જે સર્વ નાગરી લિપિમાં જ છાપેલી હોઈ એની વાચનક્ષમતાનું ક્ષેત્ર બહોળુ બને છે. ટૂંકમાં શ્રી નારાયણ અને આશ્રમના પરિચય સાથે એમના ધ્યેયને પૂર્તિરૂપ વાચનસામગ્રીનેકારણે આ સ્મૃતિગ્રંથનું વૈશિષ્ટ્ય વધે છે.

પ્રકાશક: શ્રી નારાયણ આશ્રમ વ્યવસ્થાપક સમિતિ, ખત્રીપોળ, બાજવાડા, વડોદરા.

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય (વડોદરા)નાં પ્રકાશનો

પુરાવસ્તુવિદ્યા માટે આજકાલ સારો રસ વધી રહ્યો છે, પરતુ એ વિદ્યાનો કાર્યપ્રદેશ અને એની કાર્યપ્રણાલી સંબંધી મૂળભૂત માહિતી આપતું ગુજરાતી ભાષામાં નહિવત્ સાહિત્ય છે. આ પુસ્તકથી એ ઊણપ કંઈક અંશે પુરાય છે. ગ્રંથમાં વર્ણવેલા સિદ્ધાંતો સમજવાની સરળતા રહે એટલા સારુ એમાં ભારતીય પુરાવસ્તુ-સંશોધનમાં મળતાં જ ઉદાહરણો આપ્યાં છે. પુરાવસ્તુવિદ્યાનો પરિચય, તેનો વિકાસ, એની અધ્યયનસામગ્રી, કાલગણના, સંશોધનોની પૂર્વભૂમિકા, સ્થળ-તપાસ, ઉત્ખનન, પુરાવસ્તુ-સંરક્ષણ ને એના અહેવાલો વગેરે વિષયોનાં અભ્યસનીય પ્રકરણો સાથે પુસ્તકને અંતે આપેલા પારિભાષિક કોશ તથા અનેક ઉપયોગી આલેખો ને ચિત્રો સાથેનું આ પુસ્તક આ વિષયના અધિકૃત લેખક રમણલાલ ના. મહેતાને હાથે લખાએલું હોઈ આવકારપાત્ર છે. કિંમત ૭-૫૦.

આપણી ખનિજસંપત્તિનો ઘણો સારો એવો પરિચય કરાવતું સરળ પુસ્તક. લેખક: નરસિંહ મૂ. શાહ. કિ. ૩-૦૦. **ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ:** જમીનની જાત, તેના ગુણદોષ, એનું વર્ગીકરણ અને એના સરક્ષણની વિગતવાર માહિતી આપતું એક ઉપયોગી પ્રકાશન. લેખક: કાન્તિલાલ સી. પટવા, કિ ૨-૩૦. **ટામસ આલ્વા એડીસન:** ગ્રામોફોન, વીજળીપ્રકાશ અને સીનેમાના શોધક એ અમેરિકન વિજ્ઞાનીનું પ્રેરક જીવનચરિત્ર. લેખક: ઘનશ્યામ ન. મહેતા. કિ. ૩-૨૪. **લોકનાટ્ય અને ગામડું** એક અભ્યસનીય નિબંધ. કિ. ૧-૨૦. **નાટ્યપ્રયોગ શિલ્પ** નાટ્યકલાની સમજણ, એનું બંધારણ, દિગ્દર્શન અને એને માટે આવશ્યક અંગોની વિસ્તૃત સમજણ સાથે પુસ્તકને અંતે માર્ગદર્શક આલેખનો આપ્યાં છે. આ ઉપરાંત, રંગભૂમિના વિકાસનો ખયાલ આપતાં તથા દશ્યોનું વિવરણ કરતા ચિત્રોથી આ પ્રકાશન એ ક્ષેત્રમાં એક ઉપયોગી પ્રદાન બન્યું છે. કિં. ૫-૦૦. બંનેના લેખક: જશવંત ઠાકર. **જીવન સુવાસ** પ્રસરાવતા કેટલાક સાચા બનેલા એવા પ્રસંગોનું સુંદર સંપાદન. કર્તા: સ્વ. રસૂલભાઈ ન. વહોરા. કિ. ૧-૦૦. **ભારતીય સંસ્કૃતિ:** એક ધુમ્મસ યુગથી શરૂ કરી, સંસ્કૃતિ અને તેના વિકાસની સમજણ આપી, પ્રાગૈતિહાસિક ભારતથી માંડી બ્રિટિશ શાહેનશાહત સુધીના કાળ વિસ્તારનો સાંસ્કૃતિક ઇતિહાસ કહેતા સ્વ. રમણલાલ વ. દેસાઇના એ નામના ગ્રંથનો, વિદ્યાર્થી કક્ષાના વાચકો માટેનો સંક્ષેપ. કરનાર: કિશોરકાન્ત એસ. યાજ્ઞિક. કિ. ૩-૦૦.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયનાં નવાં પ્રકાશનો

ષટ્પદી: વેદાંતપ્રક્રિયાની વિસ્તૃત સમજણ આપતી પુસ્તિકા. લેખક: શત્રુઘ્ન ઉર્ફે બાલાજી મહારાજ. કિ. ૦-૩૫ નયા પૈસા. **પાપીની દશા** ટૉલ્સ્ટૉયની એક ઉત્તમ બોધક વાર્તા 'ફૉર્ટી ઇયર્સ'નો સ્વ. ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઇએ કરેલો સરળ અને હૃદ્ય અનુવાદ. કિ. ૦-૭૫. **સુભાષિત રત્નમાળા:** જીવનક્ષેત્રમાં પ્રવેશતા વિદ્યાર્થીઓને વિવિધરીતે દૃષ્ટિ ખીલવવામાં તથા સંસ્કાર પ્રાપ્ત કરવામાં ઉપકારક એવા સરળ સુંદર ૩૦૮ શ્લોકોનો સંગ્રહ કિ. ૦-૬૦. **પ્રીતમદાસની વાણી**-માંથી પસંદ કરેલા ૧૪૭ કક્કા, મહિનાઓ, તિથિઓ, સાખીઓ, છપ્પા અને પદો વગેરેનો સંગ્રહ. કિ. ૧-૫૦. **અધ્યાત્મ વાર્તાલાપ** જ્ઞાનયોગી સત્પુરુષ શ્રી ચંદુભાઇની અમૃતવાણીનો સંગ્રહ. પરિશિષ્ટરૂપે આત્મસાક્ષાત્કારનું પ્રકરણ, વેદાંતના શબ્દોનો નાનકડો શબ્દકોશ ને મનનીય સૂત્રોથી આ પુસ્તકની ઉપયોગિતા વધે છે. સંગ્રાહક: નાકરશંકર મ. ભટ્ટ સંપાદક: સ્વ. વૈકુંઠલાલ શ્રીપતરાવ ઠાકોર. કિ. ૪-૦૦.

સૂરજમુખી-લે. મકરન્દ દવે સામાજિક પ્રવાહો સાથે તાલ મિલાવતા આ કવિને સારી લોકપ્રિયતા વરી છે ગરીબ વર્ગનાં દુ:ખો કવિ હૃદયમાં ઊંડાં સંવેદનો જગાવે છે. રાષ્ટ્રીયતા કવિનું એક પ્રેરક બળ બન્યું છે. "અમારા માસ્તર" જેવાં વ્યક્તિચિત્રો અને 'અનહદ સાથે નેહ' જેવાં તળપદી ભાષાનાં ભજનો કવિની શક્તિનો સારો પરિચય કરાવે છે.

બે માસિકો વિષે

આ પ્રસંગે આપણાં બે ગુજરાતી માસિકો વિષે પણ નોંધપાત્ર બનાવો ઉલ્લેખ માગે છે. આપણા જૂનામાં જૂના સર્વજનભોગ્ય શિષ્ટ માસિક 'નવચેતન'ના તંત્રી શ્રી ચાંપશીભાઇએ પોતાની ૭૧મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં એ માસિકનો પોતે જાતે સાદ્યંત લખેલો વિવિધ વિષયોથી સભર 'તંત્રી સર્જનાંક' બહાર પાડ્યો છે. અગાઉ પોતાની ૫૧મી અને ૬૧મી જન્મજયંતી પ્રસંગે પણ આવા જ પોતે સાદ્યંત લખેલા અંકો બહાર પાડીને શ્રી ચાંપશીભાઇએ આ વિરલ પગરણ શરૂ કર્યું હતું.

જૂનાગઢની 'રૂપાયતન' સંસ્થા તરફથી બહાર પડતું 'પ્યારા બાપુ' માસિક એપ્રિલ માસથી 'વૈષ્ણવજન'ના નવા નામ ને રૂપથી બહાર પડ્યું છે. 'પ્યારા બાપુ'ની ગાંધીજી ને ગુરુદેવ ટાગોરના પ્રબોધના અનુશીલનની પરિમિતતા ટાળીને 'ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને સાહિત્ય-કલાનું વાહન બની રહેવાની મનીષા' તેણે વ્યક્ત કરી છે.

બંનેને અમારાં અભિનંદન છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી લેવાનારી પરીક્ષાઓ

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી લેવાતી 'આસ્વાદ' 'સંસ્કાર' અને 'દીક્ષા' પરીક્ષાઓ ચાલુ વર્ષે આગામી ઑગસ્ટ માસમાં લેવાશે. જે સંસ્થાઓ કેન્દ્રો ખોલવા માગતી હોય તેમણે મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ c/o શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ આશ્રમ રોડ, અમદાવાદ-૯ ને જાણ કરવી જેથી જરૂરી સાહિત્ય મોકલી શકાય.

શિષ્ટવાચન પરીક્ષા

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફથી તા. ૨૩મી સપ્ટેમ્બરે લેવાની બારમી શિષ્ટવાચન પરીક્ષા માટે સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય (અમદાવાદ) તરફથી પ્રસિદ્ધ થએલું 'વાંચો, વિચારો અને અનુસરો' એ નામનું પુસ્તક રખાયું છે. (કિ. રૂ. ૧ પણ પરીક્ષા માટે ૭૦ ન.પૈ. પોસ્ટેજના ૨૦ ન.પૈ. જુદા)

જે ગામેથી નિદાન દશ ઉમેદવાર ઊભા થશે ત્યાં પરીક્ષા-કેન્દ્ર અપાશે. ઉમેદવાર દીઠ પ્રવેશ ફી ૦-૨૫ ન.પૈ. રાખી છે. પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર તથા કેપલા નંબરોને ઇનામ આપવાની યોજના છે. કેન્દ્ર ખોલવા તથા પરીક્ષાની વિશેષ હકીકત જાણવા માટે લખો: વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, સેન્ટ્રલ લાઇબ્રેરી, વડોદરા.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૨૪૯થી

नागविशेषे शेषे
शेषेऽशेषेऽपि सह्रते जगति।
हंस्यसिकालं कालं
का लङ्कालङ्घने स्तुतिर्भवतः॥

'હે રામ! આપ સંપૂર્ણ જગતનો સંહાર થયે શેષ (નાગ) ઉપર પોઢો છો, તથા તરવાર જેવો તીક્ષ્ણ કાળા વર્ણનો જે કાળ છે તેનો સંહાર કરો છો. માટે આપની લંકા પર ચડાઈ કરવા વિષેની સ્તુતિ તે કંઈ જ (હિસાબમાં) નથી.

(ડાકોર) —સુરેન્દ્રરાય જ. રાવળ

'રંગ ગઠરિયાં'માં બાઈ મહેતાનું ગુજરાતી ભાષા ઉપરનું પ્રભુત્વ, એમની વિદ્વત્તા, રંગભૂમિનો એમનો ગૂઢ અભ્યાસ, આ સઘળું માન ઉપજાવે એવું છે. છતાં એક પ્રશ્ન થાય છે: આવા લેખો માટે 'કુમાર' જેવું માસિક યોગ્ય સ્થળ કહેવાય ખરું? આ લેખો નાટક, નાટ્યકળા, ફિલ્મ વગેરેની ઝીણીઝીણી વિગતોથી ભરપૂર છે. 'કુમાર' માસિક કુમારોનું ચારિત્ર્યઘડતર કરી શકશે, તો નાટકકળા, ફિલ્મ વગેરેનું અને તે પણ પશ્ચિમની કળા વગેરેનું જ્ઞાન કુમારોને ઉપયોગી છે ખરું? તેમનું ચારિત્ર્યઘડતર કરવાને બદલે વિલાસી બનાવે એમ નથી લાગતું?

(સુરત) —બ્રિજરત્નલાલ જ. અક્કડ

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીનો લેખ (માર્ચ અંકમાં) આઈસ્ક્રીમને સ્પર્શે છે તે ભાગ સ્વાનુભવનો નહિ પણ યુરોપ-અમેરિકાના ધંધાદારી પ્રચારકોના સાહિત્ય જેવો લાગે છે.

ઠંડા દેશોમાં આઈસ્ક્રીમ કેમ ખવાય છે, ને ત્યાં તે શા માટે લોકપ્રિય છે, તે વિષે હું કંઈ કહી શકું નહિ, છતાં જગતભરના સર્વશ્રેષ્ઠ આહારશાસ્ત્રીઓ સૌ અતિ ઠંડું કે અતિ ગરમ આહાર માટે વર્જ્ય ગણે છે; શરીરની ઉષ્ણતા પ્રમાણે ખાન-પાન કરવું ઉચિત સમજે છે.

અતિ ઠંડા બરફવાળા પદાર્થો કે આઈસ્ક્રીમ ખાધા પછી યકૃતની ગતિ પર ઘણી જ માઠી અસર થયાનું મેં જાતે અનુભવ્યું છે અને તેનો પ્રતિકાર કોઈએ કર્યાનું સ્મરણ નથી.

આઇસ્ક્રીમ અથવા જેમાં ઉપરથી બરફ નાખેલો છે તેવાં પીણાં પીવાથી તૃષાશાન્તિ થતી નથી, પણ ઘણી વખત વધુ શોષ પડે છે.

અહીં જે બરફ બજારમાં વેચાય છે તે કમર્શિયલ—અર્થાત્ બહારથી ચીજો ઠંડી કરવા માટેનો છે. જે પાણીથી તે બને છે, કે જે ચોકઠામાં તે પાણી ભરાય છે, તે બન્નેની સ્વચ્છતા કે આરોગ્ય માટેની તેની ખાત્રી નહિવત્ હોય છે. અર્થાત્ આ બરફ મોઢામાં ઘાલવા યોગ્ય ચીજ જ નથી. ઉપરાંત, ઠંડકમાં જો કોઈપણ જંતુ પાણી કે પાત્રમાં હોય તો તે ખૂબ વિકસતા હોવાથી કાકડાની શસ્ત્રક્રિયા પછી પણ બજારુ બરફ જે રીતે આ દેશમાં (ખુદ ઇસ્પિતાલોમાં પણ) વપરાય છે, એ એક જાતની ફોજદારી ગુનો ગણાય તેવી અંધાધૂંધી છે.

કયો આઈસ્ક્રીમ ખવાય છે? મોટા પ્રમાણમાં રસ્તે ચાલતા ફેરિયાઓ જેમનાં ગંદાં કારખાનાં ને જે જાતે નખશિખ અસ્વચ્છતાનાં પ્રતીકો છે. તેમનાં આઇસ્ક્રીમ બનાવવાનાં પાત્રો (મોલ્ડ), ખાંડને બદલે વાપરવામાં આવેલી ઘૃણિત વસ્તુઓ, દૂધને નામે ઠગાઈ કે છેક ઉપયોગમાં ન આવે તેવાં દૂધ કે દૂધની ચીજોથી બનતી આ વાનગી, જેમાં જિલેટીન, ગુંદર, આટો (કૉર્નફ્લોર કે કસ્ટાર્ડ પાઉડર) વગેરે જે કંઈ પડે છે, તે બધું જ સસ્તું-અનારોગી હોય છે. અસાધારણ સારી હૉટલોમાં કે કેન્ટીનોમાં આ હાલત ન હોય એ બનવાજોગ છે. છતાં ત્યાં તો આ દેશના અસંખ્ય લોકોમાંથી કેવળ હજારે એકની સંખ્યામાં જ પ્રવેશ મેળવી શકે તેવી હાલત હોય છે.

(મુંબાઇ) —લક્ષ્મીદાસ દ્વારકાદાસ નથ્યેગાંધી

હું 'કુમાર' કેટલાય વખતથી વાંચતો આવ્યો છું. પરંતુ હવે એમ લાગે છે કે 'કુમાર'નો હેતુ ફક્ત કલા વિકસાવવા પાછળ જ રહેલો છે. વિજ્ઞાનના વિષયો પરત્વે જ્ઞાન સંપાદન કરી, વાચકોને લાભ આપવો તે શું યોગ્ય નથી? અલબત્ત 'કુમાર' આહાર અને આરોગ્ય, ઘરગથ્થુ ઓષધો અને શારીરિક વિજ્ઞાનના વિષયો વિષે લેખો આપે છે તે ઈચ્છનીય છે. પરંતુ વૈજ્ઞાનિક સાધન-યંત્રોને સમજાવતા લેખો હવે ભાગ્યે જ નજરે પડે છે. કેટલાંક વર્ષો પર રેડિયો અને ટેલિવીઝન, ફોટોગ્રાફી, સીનેમાસ્કોપ, સીનેરમા, ટૅનિંગ, છાપવાની ઘરગથ્થુ રીતો રેલવેની વૅક્યુમ બ્રેક વગેરે વિષયો પર આકૃતિઓ સાથે વિગતવાર સમજણ પૂરી પાડતા અનેક લેખો પ્રકાશિત થએલા છે તો હવે શા માટે નહિ?

(ભાવનગર) —જનક પટેલ

ચાર્લ્સ ફાબ્રી જેવા નામાંકિત સાવાંએ આપને ને 'કુમાર'ને જે પ્રશંસા લખી મોકલી છે તે માટે આપને અંતરની મુબારકબાદ.

મે અંકના 'છેલ્લા પાના'માં આપેલો દુહો કબીરનો જ હોવાની મને શંકા લાગે છે, કારણ આજ છ દસકાથી એ દુહો મને કંઠસ્થ છે, અને 'યહી ગોરખ કી વાની' એ રૂપે હું અસલથી તે સાંભળતો આવ્યો છું. વળી 'કહત કબીરા વાણી' એ અજુગતું લાગે છે. બીજી વાત પણ નોંધવા જેવી છે. 'કબીરવાણી' પુસ્તકના ૯૦૦ જેટલા દુહાઓમાંના અનેક કબીરના ન હોવા છતાં એમના નામે ચડી ચૂક્યા છે. દૃષ્ટાંત લેખે ભક્ત કવિ તુલસીનો એક દુહો:

રામ નામ સબ કો ભજે, ઠગ ઠાકોર અરુ ચોર
બિના પ્રેમ રીઝે નહીં તુલસી નંદકિશોર.

'કબીર વાણી'માં તેનું રૂપ આ મુજબ ફેરવાયું છે કે 'ધ્રુવ પ્રહ્લાદ સબ તર ગયે, યહી નામ કછુ ઑર.' પણ તુલસીનું યથાર્થ લાગે છે.

(કરાચી) —ફિરોઝશાહ રુ. મહેતા

એપ્રિલ અંકમાં રાજકોટ મ્યૂઝિયમ અંગે ઉલ્લેખ છે. શ્રી રવિશંકરભાઇએ સ્મૃતિચિત્રોમાં ભૂતકાળનાં સંસ્મરણોને જોડી દીધા છે. અત્યારે આ મ્યૂઝિયમમા પ્રવેશતા જ પગથિયાં પર ગીરના સિંહોની પથ્થરની કૃતિઓનું દર્શન થાય છે. દાખલ થતાં ગુજરાતનું ગૌરવ-દર્શન કરાવતાં શિલ્પ-સ્થાપત્યોની અલભ્ય મૂર્તિઓ, શિલ્પથી ભરપૂર સ્તંભો વ૦ મ્યૂઝિયમની મહત્તાનાં દર્શન કરાવે છે. ગ્રીક પહેલવાન (પ્લાસ્ટર કાસ્ટ) એ પણ એક અભ્યાસ માગી લે તેવી કૃતિ છે અને તેથી તે પણ અત્યારે અન્ય ગૌણ સ્થાને ગોઠવી છે.

અન્ય વર્ણનમાં હાલમાં આ મ્યૂઝિયમમાં કોઈ મગરનું શબ કોઈ દિવાલ પર લટકતું નથી.

કૅનૉટ હૉલ અંગે જણાવવું રહ્યું કે તે આ ખાતાને હસ્તક ન હોઇ તેનો ઉલ્લેખ આ મ્યૂઝિયમ અંગે કરવો અસ્થાને છે.

(રાજકોટ) —જે. એમ. નાણાવાટી
(આર્કીઑલૉજિસ્ટ)

[● આત્મકથાનક—સ્મૃતિચિત્રો એટલે જ ભૂતકાળનાં સ્મરણો. છતાં રાજકોટના મ્યૂઝિયમના દ્વાર પર મગરનું શબ સૌરાષ્ટ્ર રાજ્યની હયાતીમાં તો જોએલું. તાજેતરમાં ખસેડાયું હોય તેથી હકીકતને દોષ આવતો નથી.

સૌરાષ્ટ્રના મ્યૂઝિયમમાં ગ્રીક પહેલવાનને ભલે અન્ય સ્થળે ને ગૌણ સ્થાને પણ હોવાનો અધિકાર શી રીતે માન્ય રાખવો?

મ્યૂઝિયમ એટલે માત્ર ખંડેરોના પાષાણો જ નહિ, પણ ભૂત તેમજ વર્તમાન કાળની સંસ્કૃતિનો શૃંખલાબદ્ધ ચિતાર આપનારી સંસ્થા. તેમાંથી ફલિત થતાં જ્ઞાન ને સંસ્કાર ઉપરથી જ તેને વર્તમાનને સમૃદ્ધ કરનારી સંસ્થા સમજવામાં આવે છે.

કૅનૉટ હૉલના રાજવીઓની છબિઓ મ્યૂઝિયમને હસ્તક ભલે ન હોય, પણ તેને માનવ વંશના—અને ખાસ કરીને વિલીન થએલા સૌરાષ્ટ્રનાં વિલક્ષણ માનવપાત્રો તરીકે તેમજ

તેમના વિશિષ્ટ પોષાકો, આભૂષણો વગેરેને લગતી દસ્તાવેજી સામગ્રી તરીકે સંગ્રહમાં રાખવાની હિમાયત કરવી એ મ્યૂઝિયમના સંચાલકોની ફરજ બને છે. રવિશંકર રાવળ]

'જીવનપટનાં સ્મૃતિચિત્રો'માં આ અંકની શરૂઆતમાં જે ટૂંકી નોંધ મુકાઈ છે તેમાંનું નીચેનું વિધાન 'એમાં આલેખાતાં સ્થળો ને પાત્રો પાકાં સ્મરણ પરથી આલેખેલાં હુબહુ નિરૂપણ હોઇ...' જુઓ. ને હવે, 'ખૂની જોયો' વાળી વાતમાં ખૂનીના વર્ણનમાં 'માથે તાલ-વાળો' એવું લખ્યું છે; પણ સાથેના ખૂનીના ચિત્રમાં માથે તાલ નથી દેખાતી. આમેય આ સાથે દોરાએલાં ચિત્રો સુરેખ કે આંખને ગમે તેવાં સારાં નથી જ આવતાં ને ક્યારેક તો સાવ કઢંગાં લાગે છે. એટલે 'કુમાર'માં આવતાં બીજાં સુંદર ચિત્રોથી ટેવાએલી આંખને જરાક આ ચિત્રો વધુ પડતાં ખરબચડાં લાગે ●

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના લેખમાંની બે વાતો પ્રત્યે ધ્યાન ખેંચવું છે. પૃષ્ઠ ૧૭૫ પર બીજા ફકરાની અંતિમ પંક્તિમાં 'સોજા'ના અંગ્રેજી પર્યાય તરીકે કૌંસમાં 'ઇડિયા' છપાયું છે ત્યાં ઇડિમા જોઇએ 'કૅરૅાનરી ઇન્ફાર્કશન'-ની જગાએ કોરોનરી ઈન્ફાર્કશન જોઇએ.

આ બધું લખવાનો અર્થ એ જ કે 'કુમાર'ને સર્વાંગ સંપૂર્ણ માનેલું તેથી સરતચૂકથી કે ગમે તેમ આવા દોષ રહી ગયા હોય તે ન ગમે. બાકી 'કુમાર'ની સામગ્રી માટે અન્ય હજારો વાચકોનો જે અભિપ્રાય છે તેમાં મારો પણ અવાજ આવી જ જાય છે.

(પૂના) —દિલીપ ઝવેરી

[●પાછળ 'ધારી'ની જગ્યાએ તાલ ન હોય?]

જૂન અંકમાં રાજસ્થાની ઘરેણા 'ઝાલરા' ને સૌરાષ્ટ્રના ઘરેણા 'સાંકળી'નું ચિત્રદ્વારા જે સામ્ય બતાવ્યું હતું તેને શબ્દની દૃષ્ટિએ પણ પુષ્ટિ મળે છે. હમણાં પ્રવાસમાં જાણ્યું કે 'સાંકળી'ને અમુક વિભાગમાં 'હુલર' કહે છે. આ રીતે 'ઝાલરા' પરથી 'હાલરા' કે 'હુલરા' અને 'હુલર' થઇ જવા પામ્યું હોય.

'હુલર'નું 'સાંકળી' એ રીતે થયું હશે કે નીચેના ચકદાને જોડતી ફરતી સાંકળી હોઈ લોકો ધીમેધીમે 'સાંકળી' કહેતાં થઈ ગયા.

બીજું એક ઘરેણું રાજસ્થાનમાં 'તમણ્યા' નામે ઓળખાય છે, તે જ સૌરાષ્ટ્રમાં 'તન-મન્યાં' નામે અમુક જાતિમાં આજે પણ પહે-રાય છે. આવા બીજા પણ દાખલાઓ મળે છે.

(પોરબંદર) —દેવજીભાઈ વાજા

ડૉ. હરિવલ્લભ ભાયાણીની શબ્દકથા 'શિકોતરી'ના મૂળ વિષે જણાવવાનું કે એ શબ્દ શિવા અને કોટરી=શિવાકોટરી-શિકોટરી-શિકોતરી એમ થયો છે. શિવા એટલે પાર્વતી અને કોટરી એ દુર્ગાનું વિશેષાભિધાન છે. (જુઓ આપ્ટેની સંસ્કૃત ડીક્ષનરી). કોટરી એટલે બખોલ પણ થાય એનાં સ્થાન બારાં કે નદીનાં મુખમાં હોવાથી બીલ કે વિવરમાં રહેતી. એમ પણ કહેવાય કે બીલમાં રહેતી પાર્વતી એ વહાણવટીની દેવી છે અને એને માટે મે ૧૯૬૨નો 'અખંડાનંદ'નો અંક જેમાં શ્રી પુષ્કર ચંદરવાકરનો લેખ છે તે જોવો. શિકોતરી દેવી હોઇ ભોગ માગે અને લે ખરી; પરંતુ એ ડાકણ વગેરે હોય તો એ બલિ લે. કાળી પણ ભોગ લે છે. ઈ. સ. ૧૩૬૫માં રચાએલા રત્નશેખરસૂરિકૃત 'સિરિ સિરિવાલ'માં એનો ઉલ્લેખ દેવી તરીકે છે. શામળના સમય સુધીમા એ વ્યંતરી વર્ગની બની હોય. એ કોળી ને માછીની દેવી છે અને ઉચ્ચ વર્ગની આરાધ્યા નથી એ એનું કારણ. એને મેલી દેવી માની છે અને પછાત કોમો એને રથ ચડાવે છે. વેણીભાઇના રાસમા પણ એને દેવી માની છે. મેછાદેવીને પણ ભૂત વર્ગની માને છે.

શબ્દ કથાઓ ગ્રંથસ્થ થાય તો સારું.

(તલગપુર) —ભીમભાઈ લા. દેસાઈ

[●વિશેષ મંતવ્યો માટે જુઓ આ અંકની માધુકરીમાંની શ્રી ખોડીદાસ પરમારની સચિત્ર નોંધ.]

જૂન '૬૨ના 'કુમાર'માં સ્ત્રીના ઘીને અમૃત તુલ્ય જણાવેલ છે તો તે ઘી કયા પ્રકારનું તેની માહીતી આપવા કૃપા કરશોજી.

(મુંબાઈ) —ચુનીલાલ મૂળચંદ શાહ

[● ડૉ. શિવપ્રસાદ લખી જણાવે છે કે ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામા થએલા મહર્ષિ સુશ્રુતે સ્ત્રીના ઘીનો ઉલ્લેખ કર્યો છે, ત્યારથી માંડી આજ સુધીમા બીજા કોઈએ આનો ઉલ્લેખ કર્યો હોવાનું જાણમા નથી. સ્ત્રીનું ઘી એટલે ગાય અને ભેંસના ઘીની જેમ સ્ત્રીના ધાવણમાથી બનેલું ઘી. એ ઘીમા ગાયના ઘી કરતાં વધારે વિટામિન 'એ' હોવા સંભવ છે, અને જો તાવવામાં બહુ તાવ ના કર્યો હોય તો વિટામિન 'સી' પણ ખરું. એક આશ્ચર્યભરી માહિતી તરીકે જ લેખમાં આ ઉલ્લેખ કર્યો છે.]

મારા એક મિત્ર લગભગ ૩૦ વર્ષથી સૂકા ખરજવાથી પીડાતા હતા. અનેક પ્રકારના મલમ વાપરી નાખ્યા છતા ખરજવું મચક આપતું ન હતુ! કોઇ મિત્રની સલાહથી કાળી ભીની માટીનો લેપ કરવાનું શરૂ કર્યું. અત્યંત આશ્ચર્ય વચ્ચે માત્ર આઠ જ દિવસમાં વર્ષો-જૂનું સૂકું ખરજવું એકાએક અદૃશ્ય બની ગયું!

(રાજકોટ) —મણિભાઈ દવે

ગળાની અંદરના સોજા માટે, કાકડા ફૂલી ગયા હોય તેવી સ્થિતિમાં કેળાની છાલને ગળા પર બાંધવાથી ઘણો ફાયદો થાય છે. પાકેલાં ગુમડાંને ફોડવા અને રૂઝવવા માટે પણ કેળાંની છાલનો પાટો બંધાય.

(બોરડી) —દેવજી એચ. સાલીઆ

માથામાં ટાલ પડી હોય તે દૂર કરવા ચણોઠીનો ભૂકો, રસવંતી અને હાથી દાંતની રાખને સાથે મેળવી નરમ કરી ચોપડવાથી સખતમાં સખત ટાલ પણ દૂર થાય છે અને ત્યાં વાળ ઉગે છે. આ ઉપાય અપનાવેલો છે. હાથીદાંત બનાવટી ન હોવો જોઇએ.

(કલોલ) —ચંદુભાઈ આત્મારામ પટેલ

ભગુભાઇ લાડના દીકરાને જન્મથી જ બંને કાન વહે છે. મારા અને બીજા કેટલાકના અનુભવ મુજબ સ્વમૂત્ર-તાજું-જરા ગરમ, કળકોળું કરીને તેનાં ટીપાં કાનમાં નાખવાં. દિવસમાં બને તેટલી વાર અને સહેજ ગરમ કરેલા જૂના સ્વમૂત્રથી (એટલે ૧૦ દિવસના જૂના પિશાબથી) કાનની આગળપાછળ મોઢે, માથે, નાકે, ગળે, છાતીએ અને પગના તળિયામાં રોજના કુલ્લે બે કલાક માલિશ કરવો. માલિશ એટલે તેલમાલિશની જેમ નહિ પણ હલકે હાથે સૂકાઇ જાય ત્યાં સુધી. કાને દુખતુ હોય તો પોતાં કાન ઉપર મૂકયા કરવાં. ખાત્રીપૂર્વક કહું છું કે ઘણાં દરદો ઉપર સ્વમૂત્ર રામબાણ દવા છે. વધુ માટે વાંચો રાવજીભાઈ પટેલનું પુસ્તક 'માનવ મૂત્ર'.

(મુંબાઈ) —રતિલાલ કે. મહેતા

જાન્યુઆરી અંકમાં ગિરીશ મહેતા ડૉક્ટરોની મદદથી કરમિયા દૂર થયાનું લખે છે. મારી બેનને કરમિયા છે તો કઈ દવાથી તે દૂર થયા તે જણાવવા તેઓને વિનંતિ છે.

(પાળજ) –અરવિંદભાઈ આઈ. પટેલ

મારા પગ ઉપર રુંવાટી પુષ્કળ છે, તેથી બહાર નીકળવાનું પણ મારે માટે અશકય બની ગયું છે. મહેરબાની કરીને કોઈ વાચક તે કાઢી નાખવાનો અથવા ઓછી કરવાનો ઉપાય બતાવશે તો હું ઘણી આભારી થઇશ.

(મુંબાઇ) —રેખાદની

બ્રિસ્ટલ

નટ નાટક
અને
નાટકશાળા

રંગગઠરિયાં-૧૯

લેખક · ચન્દ્રવદન ચી. મહેતા

આ પ્રદેશમાં સાધારણ રીતે ન મળે એવો ખુશનુમા તડકો સૂરજ પાથરી રહ્યો હતો. એના પ્રકાશમાં સ્ટ્રાટફોર્ડમાં પુનઃ પ્રગટ થએલાં ફૂળાં બી ફરી મહોરી રહ્યાં. મુંબાઈ છોડયા પછી સિસને ઇંગ્લંડની બિત્રણ યુનિવર્સિટીમાં અને પછી ફ્રાન્સની યુનિવર્સિટીમાં 'ચેર' શોભાવી હતી. હજી એ જ, એનો એ જ વ્યવસાય, એ જ શેક્સપીઅરનાં નાટકો પ્રત્યેનો રસ, એટલા જ ઉત્સાહથી ચાલુ રાખી રહ્યા છે. અને એની આગળ કેટકેટલા ભલભલા સંશોધકો વિવેચકોએ શેક્સપીઅરની નસેનસ છૂટી પાડવામાં, એનાં લખાણમાંનાં માત્રા-અનુસ્વાર ઠેરવવામાં શું બાકી રાખ્યું હતું જે, કે હજી આ મહાન લેખક એવા જ કંઈક સિસનોને ઊંડા અભ્યાસ કરવાને આકર્ષી રહ્યો હશે? ઇંગ્લંડનો આ બાજુનો પૂર્વનો પ્રદેશ, એનાં લીલાંછમ ખેતરો મેં પહેલી જ વાર જોયાં, રેલવેનું આળખું અને એનું ટાઈમટેબલ ચૂંથી નાખવામાં મનને વાળ્યું, પણ સ્ટ્રાટફોર્ડની સંવેદના શમાવી શમતી નહોતી. ગાડી વળાક લેતી બ્રિસ્ટલના રળિયામણા પ્લૅટફૉર્મ ઉપર આવીને અટકી ત્યારે જ મેં મારું દિવાસ્વપ્ન ખંખેર્યું.

સ્ટેશન ઉપર સરસ બુકસ્ટૉલ હતો, ત્યાં બેએક મિનિટ નજર કરી, બધા બહાર નીકળતા હતા તે રસ્તે બહાર નીકળ્યો, ત્યાં તો 'પ્રો. મહેતા!' કરતાંક ને મિ. પીઅરસને સત્કાર્યો.

'શી રીતે ઓળખી કાઢ્યો?'

'હું ભારતમાં એક વર્ષ રહી ગયો છું, અને તાજેતરમાં હેલસિન્કીમાં હતો.'

'પ્રતિનિધિ?'

'ના રે; હું તો શિક્ષક છું. બ્રિટિશ કાઉન્સિલ સાથે સંકળાએલો છું. જે દેશ અંગ્રેજી શીખવવાની યોજના ઘડવા બોલાવે ત્યાં જાઉં છું. ફિનલૅન્ડમાં એની વ્યવસ્થા માટે ગએલો. તમે અહીં અમારા મહેમાન તરીકે આવવાના જ હતા, એટલે મેં તમને ત્યાં 'આવા ગાર્ડ'-ની ચર્ચાસભામાં જોઈ રાખ્યા હતા.'

'સ્કૉટલૅન્ડ યાર્ડ તો લંડનમાં છે, નહિ?'





↑દુનિયાના અતિ લાંબા ને અતિ ઊંચા ઝૂલતા પુલ પૈકીનો એક બ્રિસ્ટલનો આ 'ક્લિફ્ટન બ્રિજ' આજથી ૧૦૦ વર્ષ પર બંધાએલો. ૭૦૨ ફૂટ લાંબા અખંડ લોખંડના, ૧૫૦૦ ટન વજનના એ પુલ નીચે ૨૪૫ ફીટની ભયાનક ઊંડાઇએ ઍવન નદી વહે છે. ડાબી બાજુના કૉલમને છેડે: 'લવર્સ વૉક'નો ઢોળાવવાળો આ માર્ગ ગાઢા અરણ્યમાંથી ઊતરતો નીચે છેક ઍવનના તીરે પહોંચે છે.

'ના જી, એનો વિસ્તાર આખા ઇંગ્લંડમાં, અને દેશદેશાવર બધે; પણ એના દફતરમાં તો બ્રિસ્ટલના મારા કરતાં ઘણા કાબિલ વતનીઓ કામ કરે છે.'

'હું તમને મારી જાત સરેન્ડર કરું છું—તમારે આધીન છું, જે કરવું હોય તે કરી શકો છો.'

'લંચ રિચમન્ડ હોટેલમાં. ત્યાં જ તમારો ઉતારો પણ નક્કી કર્યો છે. એ પહેલાં આપણે અમારી ઑફિસમાં જઈશું. ત્યાંથી હું છૂટો. સાંજે ડિનર પછી અહીંની જૂનામાં જૂની—અહીંની એટલે ઈંગ્લંડની હયાત એવી જૂનામાં જૂની નાટકશાળામાં એક નાટક જોવા જઇશું. હું તમારી સાથે નહિ જમી શકું, કારણ મારે બીજે જમવા જવાનું છે. મિસિસ પીઅરસન તમારી સાથે અહીં જમશે અને એ જ તમને થીએટર ઉપર લઈ આવશે. ત્યાં આપણે ભેગાં નાટક જોઈશું. પણ મહેરબાની કરી મારી વહુના ઉચ્ચાર કે વ્યાકરણ ઉપર હસશો નહિ.'

'તમે પણ મારી ઠીક ઠેકડી કરવા માંડી છે.'

'ના જી, એ પોતે બેલ્જિક એટલે કે બેલજિયમનાં છે. ફ્રેન્ચ સરસ બોલે છે, અંગ્રેજી બરાબર નહિ.'

દરમ્યાન અમે એમના દફતર આગળ આવી પહોંચ્યા. ત્યાં મને એમના વડા મિ. મિલ્સને સુપરદ કરવામાં આવ્યો.

મિલ્સે ખબરઅંતર પૂછી તરત હોટેલ તરફ ગાડી હંકરાવી. રૂમમાં સ્વસ્થ થયા પછી નીચે જમતાં જમતાં મિલ્સ સાહેબે, એક પછી એક છક કરી નાખે એવી વાતો કહી. એક તો એ પણ ભારતમાં આવેલા, બેવાર. સૌથી પહેલાં અર્નાકુલમમાં મહારાજા કૉલેજમાં પ્રિન્સિપલ તરીકે, ત્યાંથી મદ્રાસની બિશપ કૉલેજમાં પ્રિન્સિપલ તરીકે. પોતે ફીઝિક્સના પ્રોફેસર, એટલે બીજી વાર આવ્યા ૧૯૫૫ની સાયન્સ કૉંગ્રેસમાં ઈંગ્લંડના પ્રતિનિધિ તરીકે, અને તે કૉંગ્રેસ ભરાએલી વડોદરામાં એટલે વડોદરા આવેલા. એણે મને જોયાનું યાદ નહિ; પણ મરજી વિરુદ્ધ કન્યાને પરણાવવામાં આવતાં, બાળપણની પ્રીતને પરિણામે કન્યા વહુ થઇ છતાં ધણીની ધણીઆણી ન થઈ તે ન જ થઇ, અને આખરે ધણીએ એને લઈ જઈ બાળપણના ભેરૂને વહુ તરીકે



બ્રિસ્ટલનું 'થીએટર-રૉયલ'

સોંપી, એવી કંઈ કથાના આધારવાળું નાટક પોતે વડોદરામાં જોયાની વાત કહી. એ નાટક તે 'આણલદે', અને એ અમે ત્યારે યુનિવર્સિટી તરફથી ભજવેલું, અને એના લેખક આજે એની સામે બેસીને કાંટા ઉપર કોળીઓ ભરી રહ્યા છે, એમ જ્યારે એણે મારે મોઢે સાંભળ્યું ત્યારે એ રિચમન્ડ હોટેલના આલીશાં જમણવારના ખંડ આખાને એણે આનંદથી છલકાવી દીધો. વેઈટરને બોલાવી, મને ગમતા મારા ગિન્નેસના ગ્લાસને બાજુએ મુકાવી, હૉટેલનો બ્રિસ્ટલનો અતિ પ્રખ્યાત જૂનામાં જૂનો 'બ્રિસ્ટલ મિલ્ક' શેરી મંગાવી, 'ટુ ધ ગ્રેઈટ ઑથર' કહી મારી તંદુરસ્તી પીધી. 'ગ્રેઈટ' તો ભલે એણે કહ્યો; હું કંઇ મારી જાતને જરા પણ ગ્રેઈટ માનું એવો મૂરખ તો નથી જ; પણ એનો વિવેક તો જુઓ! ક્યાં બ્રિસ્ટલ, ક્યાં બરોડા?

અને હાં; હૉટેલ ઉપર આવતાં પહેલાં એણે મને રસ્તે એક વાત કરી એ તો હું લખવી ભૂલી જ ગયો. એ કહે, 'તમારા દેશની એક મહાન વ્યક્તિની કબર અમારા અહીંના કબ્રસ્તાનમાં છે. એની સંવત્સરીને દિવસે અહીં ઘણાં ભારતીઓ એની સમાધિ પર ફૂલ મૂકવા આવે છે. અહીં રસ્તામાં જ છે, જઈશું?'

'જઈએ જ.'

'ગયા: પણ એને તાબડતોબ નામ યાદ ન આવે, 'રાજા' 'રાજા' કર્યા કરે. મારા મનમાં કે કોઈ રાજા-મહારાજા અહીં ધામી ગયા હશે! પણ ના; પ્રખ્યાત બર્કની કબર નજીક જ ભારતના એક મોટા સમાજસુધારકની સમાધિ છે, અને તે રાજા રામમોહનરાયની. મૂળ વાત એક જ, જે મહેમાન તરીકે આવે એને મનપસંદ એવી હકીકતોથી આ વહીવટદારો કેટલા જાણકાર રહે છે, અને એનો સમયસર ઉપયોગ કરવામાં કેટલા કુશળ હોય છે એ શીખવાની મને મજા પડી.

બ્રિસ્ટલ, કહે છે કે, ઘણું જૂનું ગામ. રોમનોએ રોમ બાંધ્યું ત્યારનું. આપણે ત્યાં વર્ધમાનપુરીનું વઢવાણ અને નવસારિકાનું નવસારી એમ અપભ્રંશ થતાં રહે છે, તેમ બ્રિકસ્ટોવનું બ્રિસ્ટલ થયું. જૂની અંગ્રેજીમાં બ્રિચક એટલે બ્રિજ—પુલ. તે ઉપરથી. ખરેખર, ક્યાં બ્રિજ ને ક્યાં બ્રિસ્ટલ? મૂળિયાં ખોદવા બેસીએ તો ગાંડા જ થઈ જઈએ. ઈ. ૯૭૮–૧૦૧૩ની સાલમાં અહીં ચાંદીના સિક્કા પાડવાની ભઠ્ઠી હોવી જોઈએ; એ વખતની ચાંદીની એક પેની મળી આવી છે, એ ઉપરથી એટલું ચોક્કસ કહી શકાય છે. આજે હજાર વર્ષ બાદ અહીં ઈંગ્લંડનાં વધારેમાં વધારે ઍરોપ્લેન બંધાય છે.

જમણા ખભા ઉપર રીચમંડ હોટેલ ધારતી ઍવન દડદડીને વહી, નીચે ઊંડાણમાં સામે આવેલા દરિયાને મળે. ખૂણામાં અત્યંત શાંત એવી 'લવર્સ વૉક'. ચારપાંચ જોડાંને ત્યાં દિલમાં દિલ પરોવી ચાલતાં જોયાં (મારે તો એમના એ સુખની અદેખાઇ જ કરવી રહી). અને બીજી બાજુ નદીની ઉપર ૨૪૫ ફીટ ઊંચો, બે બાજુથી ટંગાવેલો આખો લોખંડનો પુલ: આજથી સો વર્ષ પહેલાં, ફક્ત લોખંડ ગાળીને બનાવેલો, ૭૦૦ ફીટ લાંબો. કોઇ વજ્ર છાતીના જ કારીગરોનું કામ. કારણ, નદીની ખો એવડી ભયાનક છે કે નીચે અવતર્યા તે ભવસાગર તર્યા જ જાણવા! પણ એ લોકોની નોંધણી 'જેને રામ રાખે તેને કોણ ચાખે' એ કહેતી ખરી પાડનારા એક-બે દાખલા બતાવે છે. એક કુમારિકા, સારા હેનલી. દુષ્ટ પ્રિયતમે છાંડી, એટલે એણે પૂલ ઉપરથી નીચે પડતું મૂક્યું. પણ ગોળ ઘમ્મર ઘેરાવાનો મોટો ઘાઘરો, તેણે પૅરૅશ્યૂટનું કામ કર્યું અને એ નીચે પડી પણ બહુ અથડાઇ નહિ, અને મરત બચી, તે પંચ્યાશી વર્ષની કુમારી ડોશી થઇને ગુજરી. ત્રણ અને બાર વર્ષનાં બે બાળકોને ૧૮૯૬માં એક કજિયાળા બાપે પુલ ઉપરથી ફેંકી દીધાં; ત્યારે નીચે એક હોડકું જાય, એમાંના નાવિકે ઉગારી બચાવી લીધાં. શહેરમાં જૂની 'ઈન'—ધરમશાળાઓ અથવા પીઠાંઓ, દેવળો, જૂનાં મકાનો વગેરે જોવા જેવાં છે.

રાત્રે નાટક જોયું. ઈ. ૧૭૬૬માં એટલે લગભગ બસો વર્ષ પહેલાં બંધાએલી નાટકશાળામાં. આપણે ત્યાં ત્યારે એક પણ નાટકશાળા નહિ. આ 'થીએટર રૉયલ'ના મકાનને ગ્રેઇટ બ્રિટનની આર્ટ્સ કાઉન્સિલ બ્રિસ્ટલના શહેરીઓ પાસેથી ખરીદી લઇને એની મરામત તથા થીંગડથૂંપણ ઉપર સતત દેખરેખ રાખી રહી છે. એની બાંધણી આપણા મુંબાઈનાં ઘણાં થીએટરો જેવી—બાલીવાળા થીએટરની હતી એવી. એમાં બ્રિસ્ટલની પ્રખ્યાત 'ઓલ્ડ વિક' કંપની ચાલે. તે ભલભલાં અઘરાં, મોંઘાં ગણાતાં નાટકો હાથ ધરે અને અભિનયકલામાં ડંકો વગાડે. જૉન મૂડી, અહીંના નિષ્ણાત પ્રોફેસર, ડાયરેક્ટર તે નાટકોની રજૂઆત કરે, તેમજ બ્રિસ્ટલની યુનિવર્સિટીમાં નાટ્યશિક્ષણનો અભ્યાસ પણ કરાવે. 'ઓલ્ડ વિક થીએટર સ્કૂલ'માં તાલીમ પામેલાઓએ દેશપરદેશ સારી ખ્યાતિ સંપાદન કરી છે, એવી ઝીણવટવાળી ત્યાં તાલીમ અપાય છે.

નાટક કેરિલ બ્રાહ્મસની એક નવલકથા ઉપરથી યોજેલું, નામે 'નો બેડ ફૉર બેકન'. એમાંનાં પાત્રોમાં રાણી ઇલિઝાબેથ આવે, સર ફ્રાન્સિસ બેકન આવે, સર વૉલ્ટર રૅલે, સર ફ્રાન્સિસ ડ્રેઈક અને બીજા અનેક પાત્રો આવે. વળી વિલિયમ શેક્સપીઅર પણ આવે. એ જમાના-


નાં કપડાં, રાણી ઈલિઝાબેથનો ઠસ્સો; અને શેક્સ્પીઅરના નાટકો તો જોયાં, પણ અહીં કાગળ કલમ લઈ રંગભૂમિ ઉપર એને લખતો જોયો.

મિસિસ ઈના પીઅરસને બ્રિસ્ટલનાં બીજાં થીએટરોની તેમજ અગિયાર યુનિવર્સિટીઓનાં વિદ્યાર્થીઓની ત્યાં થનારી નાટ્ય હરીફાઇ વિષે ઘણી વાતો કરી. એ યુનિવર્સિટીઓ ઈંગ્લંડની નહિ પણ છેક તુર્કી (અંકારાથી 'મૂંગી સ્ત્રી' લઈને ત્યાંના વિદ્યાર્થીઓ આવેલા), બેલ્જિયમ, ગ્રીસ, સ્વીડન, જર્મની એમ યુરોપભરની અગિયાર યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓની અહીં રમઝટ જામવાની.

બીજે દિવસે બ્રિસ્ટલની યુનિવર્સિટી જોઈ. ત્યાંના નાટ્યશિક્ષણના વડા જૉન મૂડીને એના ચિત્રવિચિત્ર ખંડમાં કામ કરતા જોયા ને મળ્યા, ને યુનિવર્સિટીના આશરા હેઠળ ચાલતો અભ્યાસક્રમ તપાસ્યો. છ લેકચરરો (એમાં મિ. જૉન મૂડી, મિ. બ્રાન્ડર, મિ. વિકહામ, બધા જ પોતપોતાના વિષયમાં પારંગત) ત્યાંનો અભ્યાસક્રમ ચલાવે. ગ્રીક-લૅટિન તો ત્યાં શીખવાનું છે જ. એનાં ક્લાસિક્સની સાથે ડ્રામા ખાસ. સાહિત્ય, હિસ્ટરી, થીઅરી, પ્રૅક્ટિકલ, ને ઍરિસ્ટૉટલથી માંડી બેન્ટલીના મૉડર્ન થીએટર સુધીનો આંખો ક્રમ; ઉપરાંત દર સત્રમાં બબ્બે જબ્બર નાટકો પાઠ્ય પુસ્તકો તરીકે. ત્રણ વર્ષનો અભ્યાસક્રમ; વધારામાં ઇલેક્ટ્રિસિટી, એકૉસ્ટિક્સ, ઑપ્ટિક્સ......આપણી તો છાતી જ બેસી જાય. અને કેવળ આ અભ્યાસ નહિ; ગ્રીક-લૅટિન સાહિત્ય સાથે ડ્રામા, યા ફ્રેન્ચ લિટરેચર અને ડ્રામા, જર્મન સાહિત્ય સાથે ડ્રામા, સ્પૅનિશ સાહિત્ય અને ડ્રામા, ધર્મશાસ્ત્રો અને ફિલસૂફી સાથે પણ ડ્રામા લેવાની ત્યાં સગવડ છે.

નાટકનો વિષય શીખવવા માટે ખાસ યુનિવર્સિટીના મકાનમાં જ ડ્રામૅટિક સ્ટુડીઓ બાંધવામાં આવ્યો છે. એમાં એમને કંઈ આભડછેટ નથી લાગતો, કે રે! નાટક કરતાં યા શીખતાં વિદ્યાર્થીઓ બગડી જશે! પ્રમાણમાં નાનો એ ખંડ બાંધણીનો એક જોવા જેવો નમૂનો છે. એમાં એક બાજુ રંગભૂમિ ઊભી કરવી હોય તો થઈ શકે. મધ્યસ્થ રંગભૂમિ પણ થઈ શકે—ચારે કોર ખુલ્લી, ઇલિઝાબેથના સમયમાં હતી તેવી. જેવી ધારો તેવી રચના ઘડીના છઠ્ઠા ભાગમાં કરવી હોય તો—પરદા સાથે, પરદા વિના, બત્તીના સંપૂર્ણ પ્રકાશવ્યાપાર સાથે—થઈ શકે, એવી એની યોજના છે. તો જ વિદ્યાર્થીઓને પ્રૅક્ટિકલ જ્ઞાન મળે. એને પ્લેહૉઉસ કહો, સ્ટુડિયો કહો, એકૅડેમિક પારલે, લૅબૉરેટરી, વર્કશૉપ ચાહો તે કહો. 'વિવેચના સાથે સર્જનાત્મક' શિક્ષણનો આ વર્ગ, સૌ સામગ્રી સાથે, પચાસેક હજાર રૂપિયામાં એવી તો ખૂબીથી અને સગવડભરી રીતે બાંધ્યો છે, કે એમાં ભણનારાઓને તો પૂરો લાભ મળે જ, ભણાવનારાઓને યે આનંદ આવે, પણ મારા જેવા જઈ ચડેલા પ્રવાસીને ત્યાંના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ કરતાં પણ ભારેનો ઉમંગ-ઉમળકો અનુભવવામાં આવે.

ચેડર પ્રદેશમાં મહાસાગરે નહોરિયાં મારી મારી જમીનમાં મહીસાગર જેવી ખાભણો અને એનાથી મોટાં કોતરો પાડી દીધાં છે. એ ગુફાઓ છે પાછી ચાક જેવા સ્ટેલેક્ટાઈટ અને સ્ટેલગમાઇટની બનેલી, કુદરતીરીતે મજબૂત. મારા સોગન! આમાં મને કશી ગતાગમ પડી નહિ; પણ એ પ્રદેશમાં બનતાં પ્રખ્યાત ચેડર ચીઝ ખાવામાં મને બહુ મજા પડી. ચીઝ મને બહુ ભાવે છે એમ કહેતાં આપણે ત્યાં ઘણા મન પાપી ગણતા; 'ચીઝ તો ખવાય જ નહિ' એમ કહેતા; 'અડાય પણ નહિ', એમ પણ ઉમેરતા. આ છપાશે ત્યારે કદાચ આણંદમાં અમુલ ડેરીએ બનાવેલું ચીઝ જાહેરમાં વેચાતું હશે; પણ હજી આજે એ બજારમાં વેચવા માટે નથી મુકાયું ત્યાં સુધી આપણાં છાપાં-



ડ્રામૅટિક સ્ટુડિયોનો છે આલેખ જેમાં 'એલીઝાબેથન' અને ચાલુ પ્રકારની રંગભૂમિની રચના દર્શાવી છે.

વાળાઓ અને લીડરો પણ એને ચીઝ કહેતાં અચકાય-અભડાય છે. એને 'પનીર' કહી ચીઝનું સ્વમાન હણી નાખે છે. પનીર તો પારસીઓ અને પંજાબીઓ રોજ ઘરમાં બનાવે છે. એને માટે કારખાનાં કાઢવાની જરૂર ન પડે. ચીઝ તે ચીઝ. અઘરો મામલો છે. કેટકેટલા પ્રયોગો થયા, કેટલો લાંબો વખત વહ્યો ત્યારે આણંદમાં અમુલે હામ ભીડી. ને હજી એની બનાવટને બરોબર સો ટચની બનાવતાં પરસેવા ઊતરશે. ચીઝ તે ચીઝ. જતે કાળે એ ખાતાં થઈ જતાં એના તરફની સૂગ અને આભડછેટ ઓછાં તો થશે, પણ વાર લાગશે. આવડું અમથું ટામેટું, લાલ લાલ, ઈ. ૧૯૦૦ની સાલ પછી હિંદુસ્તાનમાં આવ્યું. હં, અને બે દાયકા સુધી એને ખાતાં, અડતાં, જોતાં, કંઈક અચકાતાં હતાં! પરદેશી, એ એક વાંધો; બીજો વાંધો એનો માંસ જેવો લાલ લાલ રંગ! છિ: એમ તો બટાકા યે પાકા પરદેશી, અહીં પેંધી ગયો અને પછી પણ ગયો. ટમાટો પણ પચાસ વર્ષમાં ઘેરઘેર સૂપ માટે બફાયો, રસાયો, કાચો કચુંબરમાં કપાયો અને પાધરો પિવાયો. બટાકા સાથે શાકમાં પણ ઉમેરાયો, અને કોળાને કાઢી, સૂરણને નસાડી, હરામખોર દાળમાં પણ ઘૂસી ગયો. ચીઝ પ્રત્યેની સૂગ પણ એમ નીકળશે ત્યારે પનીરને આપણે પાછા ચીઝ કહેતા થઈ જઈશું. બનારસ રૂઢ થએલું એને બદલ્યું, વારાણસી બનાવ્યું, બે-પાંચ મહિના ચાલ્યું, પછી રેલવે અને એરનાં સમયપત્રકોએ પાછું બનારસ બેસાડી દીધું! કેટલીક સૂગ એમ વહેલી નીકળતી નથી એ હકીકત છે. અરે, નટ નાટક ને નાટકશાળા પ્રત્યે પણ હજી આપણે ત્યાં ઘણાંને સૂગ નથી? એ ધંધો જ ખોટો, એનું શિક્ષણ જ આડે રસ્તે દોરવનારું, એને કલા તો કહેવાય જ કેમ? સિવાય કે આલીશાં ખંડોમાં વિદ્વત્તા જાહેર કરવા આડંબરી ચર્ચામાં શબ્દચાતુરી બતાવતાં હોઇએ!

લંડનની આ પશ્ચિમ દિશામાં બે સરસ ગાડીઓ દોડે છે: 'બ્રિસ્ટોલિયન' અને 'કૉર્નિશમૅન'. ધડધડાટ ઝડપબંધ દોડી લંડન લઈ જાય. એને વચગાળે ગમે ત્યાં નાના સ્ટેશને પણ ઊભી રાખવા માટે આપણી પેઠે કોઈ ત્યાં અરજ કરીને ગાડીની ચાલને બગાડતા નથી, તેમ એવી અરજીઓ ઉપર રેલવેના વહીવટદારો ધ્યાન આપી એક સારી વ્યવસ્થામાં ડખલ પણ કરતા નથી. સ્ટેશન ઉપર બ્રિસ્ટોલિયનના અલાયદા કમ્પાર્ટમેન્ટમાં બેઠો, ત્યાં પીઅરસન વરવહુએ વિદાય આપી. ગાડી ઊપડતાં ઈના પીઅરસને ચેડર ચીઝનાં આકર્ષક પૅકેટ વિવેક કરીને

વળગાડયાં. મને ભાવતાં તો હતાં જ, અને ના કહું તો યે મળવાનાં હતાં જ. પરંતુ મેં વિવેકની પણ ના પાડી નહિ. ખૂબ આભાર માન્યો. રેલવેનું ટાઇમ-ટેબલ કાઢી એ ગાડીની કલાકની ઝડપની ગણતરી કરતાં અને ચીઝ મમળતાં હું લંડન તરફ ઊપડયો.

ટ્રેનમાં ભીડ બહુ ન લાગી. પહેલા બે કૉરીડોર કોચ ફર્સ્ટના હતા. એમાં માંડમાંડ અમે પાંચ-સાત જણા હોઈશું; એકેક કમ્પાર્ટમેન્ટમાં એકેક. ક્યાંક ચાલતી ગાડીએ ભૂલમાં જ એક ભાઈ મારા કમ્પાર્ટમેન્ટ-માં ઘૂસી આવ્યા, બેઠા, ને થોડી વાર પછી ઊપલી અભરાઇએ પોતાની બૅગ ન જોઇ, એટલે સફાળા ઊભા થયા. એ કારણસર અમારા બે વચ્ચે વાતચિત શરૂ થઈ. બૅગ ચોરાવાનો તો ભય હતો જ નહિ, પણ કમ્પાર્ટમેન્ટ બદલાયાનું જણાતાં સ્વસ્થતાથી બેસી, જરા રહી બાજુ-માં જઇને બૅગ લઈ આવી મારી સાથે વાતે વળગ્યા. મારા હાથ-માં 'ઓલ્ડ વિક' કંપનીનાં પૅમ્ફ્લેટ હતાં એ જોઇ એમને મારામાં વધારે રસ પડયો.

ઢબછબે અંગ્રેજ નહિ; નહિતો આટલો વહેલો તરત ભળી ન જાય. બે અંગ્રેજ વચ્ચે યે 'આઈસ ભાંગતાં' વાર લાગે, ત્યાં હું તો અ-અંગ્રેજ. પણ અહીં મેળ મળતાં વાર ન લાગી, એટલે અંગ્રેજ તો નહિ જ. મારી ધારણા ખરી પડી. જન્મ પારી(સ)માં; નામ ડેવિડ સાયર; મૂળ વતન રશિયા. એના કહેવા પ્રમાણે, માબાપને આધારે નસોમાં સ્પૅનિશ અને યહૂદી લોહી. જન્મ પારી(સ)માં અને ભણતર એડિનબરોમાં. ધગશ નટ થઇને નાટકશાળા ખેલવાની. એ માટે 'કૉમેડી ફ્રાન્સ્વા'માં પારી(સ)માં શિક્ષણ લીધું. ત્યાં બરાબર ગોઠયું નહિ તે એન્ટિયન ડક્રોને ત્યાં મૂક અભિનય શીખવા ઝંપલાવ્યું. ફ્રાન્સની આ 'માઇમ' માટેની નિશાળ જગવિખ્યાત છે. ત્યાંથી જ ભારતમાં આવી છક કરી જનારા માર્સેલ માર્શિયોએ માઈમના ક્ષેત્રમાં નામ કાઢયું છે.


ડેવિડ સાયર

ભાષા ઉપર પ્રભુત્વ મેળવવા ડેવિડે ઓલ્ડ વિક કંપનીમાં તાલીમ લીધી. ત્રણચાર નાટકોમાં કામ કરી પ્રોડ્યુસર થવાની ઝંખના જાગતાં એ માટે શિક્ષણ લેવા હામ ભીડી. એણે આંખ ફેરવી એ ઉપરથી જ નટ તો લાગ્યો હતો, પણ વાતો કરતાં અવાજ ઠેરવ્યો, એટલે એના શબ્દોની સ્પષ્ટતામાં અને મધુરતામાં વાચિક અભિનય છતો થતો જણાયો.

મેં કંઇક અંગ્રેજી રંગભૂમિની વાત કરી, વખાણ પણ કર્યાં. એમાં એણે એક ટાણે જરા કટાણું મોં કરી કહ્યું, 'નાટકશાળા ક્રિમિનલ પણ ખરી, ગુનેગારોનો યે અડ્ડો ખરો. હું હમણાં એનો જ અભ્યાસ કરી રહ્યો છું' કહી થોડાં કાગળિયાં ચોપડી અને નોંધો બતાવી. 'હું એક નાટકમાં ક્રિમિનલનો પાઠ કરવાનો છું, એ માટે અભ્યાસ કરતાં હદ વાતો હાથ આવી.'

'એટલે?'

'નાટક સાથે સંબંધ નથી, પણ નાટકને અંગે મારે એક જણનું ખૂન કરવાનું છે, એવો પાઠ કરવાનો છે. એ સંબંધમાં અંગ્રેજી તખ્તા ઉપર ખરેખરાં ખૂનો કેટલાં થયાં છે એનો એક અંદાજ હાથ લાગ્યો. જુઓ સાંભળો, તમે પ્રોફેસર છો તે કામ લાગશે.

૧૮૬૫માં પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકનનું ખૂન ફોર્ડ નાટકશાળામાં જૉન બૂથે કર્યું. બૂથ નટ, એનો ભાઇ નટ, એનો બાપ નટ, એનો કાકો નટ. ખૂન કરી તખ્તા ઉપર કૂદી પડયો, પગની પાની મોચવી, પણ બહાર ઊભા રાખેલા ઘોડા સુધી દોડયો અને નાઠો, તે બાર દિવસને અંતે પકડાયો તો નહિ પણ ગોળીબારે મર્યો.'

'બરાબર, ઈતિહાસ-પ્રસિદ્ધ કિસ્સો છે.' મેં કહ્યું.

'૧૮૯૭માં અહીંના ઍડેલ્ફી થીએટરમાં નાયકનો પાઠ કરનારા વિલિયમ ટેરિસને રિચાર્ડ આર્થરે છરો ભોંકી લોહીમાં તરબોળ કર્યો. આર્થરનો પાઠ નાનો પણ મનમાં આડી મેખ કે ટેરિસ એને આગળ આવવા દેતો નથી, એટલે ખૂંપી કાઢયો. અદાલતમાં ગાંડો છે એવો બચાવ થતાં પાગલખાનામાં ચાળીસ વર્ષ સજા ભોગવી, પોતે મર્યો.'

'કમનસીબ, બંને.'

'૧૭૧૭માં નટ જેમ્સ કિવને સાથીદાર નટ વિલિયમ્સના શરીર-માંથી તલવાર આરપાર કાઢી એને ભોંય ઉપર પધરાવી દીધો હતો. કારણ તો જુઓ, કિવન જુલિયસ સીઝરમાં કેટોનો પાઠ કરે; અને બાપડો વિલિયમ કેટોનો ઉચ્ચાર ક્રીટો કરે. કહે કે "સીઝર ક્રીટોને અભિનંદન પાઠવે છે, તબિયત બહાલ રહે એમ ઈચ્છે છે." આપણા કિવન નટ છેડાયા, તે કેટોના પાઠમાં કેટોની મગરૂરીથી નાટકમાંના લખાણની બહારનું ઝીંક્યુ: "સીઝરને કહો કે સંદેશો મોકલનારા જરા સારા શોધીને મોકલે, કે બરાબર બોલી શકે."

બસ, તકરારનું બીજ ત્યાં રોપાયું, તે નાટક પૂરો થતાં નાટકશાળા-ના આંગણામાં પતાકાસ્થાન વિસ્તર્યું: "કહેવા શું માગે છે?" થઈ જીભાજોડી. જો જામી છે તે! કૉવેન્ટ ગાર્ડન આગળ રસ્તા ઉપર જ બંનેની તલવારબાજી ચાલી, અને વિલિયમના શરીરમાં કિવને તલવાર પરોવી દીધી, અને આખરે અદાલતને આંગણે કિવન ખૂની ઠર્યો...

૧૮૧૬માં ડ્રુરીલેઈન થીએટરમાં 'મેરી માર્નરસ'ના નાટકમાં ચાલુ નાટકે જ જ્યૉર્જ બાર્નેટે નટી મેરિયા કેલીને તખ્તા ઉપર ગોળીથી વીંધી જમીન ઉપર ઢાળી દીધી. અદાલતમાં એટલું જ જાહેરમાં આવ્યું કે નટ બાર્નેટે આ નટીને બે પ્રણયપત્રો લખ્યા હતા, પણ નટી કેલીએ એકેનો જવાબ નહોતો આપ્યો.

૧૮૧૦માં સૅડલરવેલ્સ થીએટરમાં બે પીઅર્સ બન્ધુઓ અને એક બાઇ નામે લ્યુકર પિટમાં માફકસરનો વધારે માત્રામાં મઘમઘતો દારૂ પીતાં બેઠેલાં. બુદ્ધિ ચગડોળે ચડી હશે કે શું, તે જીભડી વળી કહ્યું કરે શાની? એટલે બાઇએ 'ફાઇટ! ફાઈટ!' એવી કંઈક બૂમો પાડી. લોકોએ સાંભળ્યું 'ફાયર!' 'લઢો, લઢો'ને બદલે 'લાય, લાય!' તે જોનારા ગભરાયા! નાસાનાસ! એ ધમસાણમાં અઢાર જણાં બૈરાં-છોકરાં સાથે ચગદાઈ મૂઆં; મૂઆં તે મરી જ ગયાં. હવે આગળ વાંચી આપને કંટાળો નથી આપતો.'

'ઇંગ્લંડમાં શા સારુ? દુનિયાભરની નાટ્યસૃષ્ટિમાં આવા મારા-મારીના, ખૂનરેજીના કિસ્સા મળી આવશે. ત્યાં માણસ નટ તરીકે નહિ પણ માણસ તરીકે જ આખરે વર્તે છે, એટલે જીવનના ગમે તે વ્યવહારમાં ભલભલાઓ પ્રેમ, ઇર્ષ્યા, દોલત વગેરે માટે જાન લેવા પ્રયત્ન કરે છે, એમ અહીં પણ થાય છે.' મેં જરા ઉપસંહાર કર્યો.

'બરાબર; નહિ તો નટ નટની માફક ખૂન કરવાના પાઠોમાં ખૂન જ કર્યા કરે તો શેક્સપીઅર ભજવવામાં કોઈ નટ આજે હયાત જ ન હોત. હું પણ માણસ તરીકે જ મારા ખૂનનો પાઠ વિચારું, નહિ તો કંઈક આડુંઅવળું કરી બેસું.'

(ચાલુ)



પચ્ચીસ વર્ષ પહેલાં

આષાઢ ૧૯૯૩ અંક ૧૬૩

ભારતની સ્વતંત્રતાના આર્ષદ્રષ્ટાઓમાંના એક પંડિત અજોધ્યાપ્રસાદનું નામ પણ આજ કોઈ નહિ જાણતું હોય. પચ્ચીસ વર્ષ પહેલાં પણ શ્રી અશોક હર્ષે ઘણાને 'કુમાર' દ્વારા જ એમનો પ્રથમ પરિચય કરાવેલો.

અને એ જ ગાળામાં દક્ષિણ ભારતમાં લુપ્તપ્રાય થએલા એક કાળના બળવાન ને સમૃદ્ધ વિજયનગરના મહારાજ્યની સ્થાપનાની છઠ્ઠી શતવર્ષી ઊજવાતી હતી; તેના ઉપલક્ષ્યમાં એ જ લેખકે 'અનિકેત' નામથી એ સામ્રાજ્યના ઇતિહાસની જે ટૂંકી રૂપરેખા આલેખી હતી તે પણ માહિતીપ્રચુર હતી.

એ બંનેમાંથી ઉપયુક્ત ભાગ ઉતારીએ:

આજે જેમનું નામ લગભગ સ્મૃતિલુપ્ત બન્યું છે એ, ભારતદેશના ભાવિ ઉત્કર્ષના સ્વપ્નસેવી, અને તેને મૂર્ત બનાવવા માટે નિષ્કામ ભાવે આજન્મ પ્રયત્નશીલ રહેનાર પં૦ અજોધ્યાપ્રસાદ સ્વતંત્ર હિંદના આર્ષદ્રષ્ટાઓની નામાવલિમાંથી કદી નહિ ભૂસાય.

કૉંગ્રેસના બાલ્યકાળે વિપત્તિ ને વિરોધના ખાડાટેકરા સામે તેના ડગુમગુ પગમાં ચેતનસંચાર કરી કોઇએ તેને પગભર કરી હોય તો તે આ નિષ્કામ ને નિશ્ચલ રાષ્ટ્રસેવકે જ.

મૂળ કાશ્મીરી બ્રાહ્મણ ખાનદાનમાંથી ઊતરી આવેલા આગ્રાના શાહ વેપારી પંડિત કેદારનાથને ઘેર ૧૮૪૦ના એપ્રિલની ૮મીએ એમનો જન્મ. ઈ. ૧૮૬૨માં કાયદાનો અભ્યાસ પૂર્ણ કરી એ આગ્રાની કોર્ટમાં જોડાયા.

પણ એમણે કોર્ટના 'બાર'માં જ પોતાનું જીવન નહોતું પુરાવા દીધું. દેશના શિક્ષણની કંગાલ સ્થિતિ જોઇ એમણે આગ્રામાં વિક્ટોરિયા કૉલેજની સ્થાપના કરી. એવામાં સરકારની બેઠક આગ્રાથી અલ્લાહાબાદ જતાં પંડિતજીએ પણ મુકામ અલ્લાહાબાદ ખસેડ્યો.

એ વખતે ત્યાંથી 'પાયોનીઅર' નામનું એક ઍંગ્લો-ઇંડિયન પત્ર નીકળતું હતું. હિંદી પરિસ્થિતિની સાચી બાજુ રજૂ કરવાને બદલે તેણે વિષમતાઓ ઊભી કરવા માંડી હતી. પંડિતજીનું દિલ એ જોઇ બળી ઊઠયું ને રાષ્ટ્રના અવાજનો પડઘો પાડવા ઈ. ૧૮૭૯માં 'ઇંડિયન હેરલ્ડ' નામે પત્ર એમણે શરૂ કર્યું. એ પત્ર પાછળ એમને એક લાખ રૂપિયાની જબરી ખોટ સહન કરવી પડી. એ જમાનામાં એક લાખ રૂપિયા એટલે શું એનો ખયાલ આજે બરોબર નહિ આવે, છતાં પણ એ નરસિંહે હસતે મોંએ એ ખોટ વેઠી લીધી, કારણ એની પાછળ રાષ્ટ્રહિતના પ્રયાસની એમની પ્રામાણિકતા બોલી રહી હતી.

ઈ. ૧૮૯૦માં એમને હાથે એક એવી સુયોગ્ય વ્યક્તિ ચડી ગઈ કે એક વખતના કપરા અનુભવ છતાં ફરી એમણે પત્રકારત્વમાં ઝંપલાવ્યું. એ વ્યક્તિ તે પંડિત મદનમોહન માલવીય. એમના હાથે એમણે નવું 'ઇંડિયન યૂનિયન' શરૂ કરાવ્યું ને બધો કાર્યભાર પણ એમને સોંપ્યો. એમને રાજકારણમાં પલોટવા પાછળ પંડિત અજોધ્યાપ્રસાદનું ઓછું ઋણ નથી.

લેજિસ્લેટિવ કાઉન્સિલના એ પહેલા દેશી સભ્ય હતા. કલકત્તા ને અલ્લાહાબાદ યુનિવર્સિટીઓની સેનેટના એ આગળપડતા સભ્ય હતા ને કાયદાની પ્રૉફેસરશિપ પણ મેળવેલી.

પણ પોતાના પત્રમાં જ દેશનું કારણ રજૂ કરી તેઓ બેસી નહોતા રહ્યા. કૉંગ્રેસનો જન્મ થયો ત્યારથી જ આખું હિંદુસ્તાન ખૂંદી વળી શહેરેશહેર ને ગામડેગામડે એમણે તેનો પ્રચાર કરવા માંડ્યો હતો. એટલે ઈ. ૧૮૮૮માં કૉંગ્રેસની બેઠક જ્યારે અલ્લાહાબાદમાં ભરાવાનું નક્કી થયું ત્યારે સ્વાભાવિકતઃ જ તેઓ એના સ્વાગતાધ્યક્ષ નિમાયા.

પંડિતજીની એ વરણીના ટાંકણે જ કૉંગ્રેસમાં સરકારને અવિશ્વાસ ઊપજ્યો. હિંદના બધા અંગ્રેજોને મન એમ જ વસ્યું કે કૉંગ્રેસ એ બ્રિટિશ રાજ્યનો ઉચ્છેદ ઇચ્છતું કાવત્રાંખોર મંડળ હતું; અને સર ઑકલૅંડ કૉલ્વિન એ માનનારાઓમાં મુખ્ય હતા. એ સૂર સાથે મુસલમાન નેતા સર સૈયદ અહમદે પણ કૉંગ્રેસના તિરસ્કારનો સૂર ફૂંક્યો ને મુસલમાનો કૉંગ્રેસથી અળગા પડી ગયા.

ગમે એવા વીર હૃદયને પણ હેબકાવી દે એવું એ ટાણું હતું. ઘણાએ ભવિષ્ય ભાખેલું કે અલ્લાહાબાદ કૉંગ્રેસની કબર બનશે; પણ ચોમેરથી નિરાશાભર્યા વાતાવરણ વચ્ચે પંડિતજી અણનમ ઊભા રહ્યા. એમણે માણસો એકઠા કર્યા, પૈસો એકઠો કર્યો, વિરોધીઓને જડબાતોડ જવાબો આપી લાજવાબ બનાવી દીધા; ને બેઠક માટે નિયત કરેલી જગ્યાઓ સરકારે સાતસાત વખત ઝૂંટવી લીધી—કેટલેક ઠેકાણે તો ભાડાના પહેલેથી આપેલા પૈસા યે ડૂબ્યા—છતાં કૉંગ્રેસનું નાવ એમણે કિનારે આણ્યું. કૉલ્વિન, ડફરિન અને સૈયદ અહમદની ત્રિપુટીએ માંડેલા એ વિકટ મોરચા-સોંસરો પંડિતજીએ માર્ગ કાઢ્યો અને દેશ



વિજયપુલકિત થઈ ઊઠયો. આમ, ૧૮૮૮ની સાલની અલ્લાહાબાદની કૉંગ્રેસ એ હિંદની રાષ્ટ્રીય અસ્મિતાનું એક અગત્યનું પ્રકરણ બની ગયું. એની સાથે જ પંડિત અજોધ્યાપ્રસાદનું નામ પણ ચિરંજીવ બની ગયું.

કૉંગ્રેસના જન્મદાતાઓમાંના એક મિ. હ્યુમ જેવા તેના ઉત્સાહી મંત્રી જ્યારે ઇંગ્લંડ જવા ઊપડ્યા ત્યારે ફરી ચળવળ બેસી જવાનો ધ્રાસ્કો ઘણાને પડ્યો હતો; પણ એકી મતે પંડિત અજોધ્યાનાથને એ પદ સોંપાતાં જ એ ધ્રાસકો હવામાં મળી ગયો. કૉંગ્રેસમાંનાં એમનાં ભાષણોએ જ યુરોપીઅન અને હિંદી માનસમાં કૉંગ્રેસની પ્રામાણિક નિષ્ઠા સાબિત કરી એમ કહીએ તો એમાં મુદ્દલ અતિશયોક્તિ નથી. આમરણ તેઓ તેનું સંયુક્ત મંત્રીપદ સંભાળી રહ્યા હતા.

ને એમની એ બધી સેવાઓ ધ્યાન બહાર રહેવા દે એવી પ્રજા બેકદર પણ ન હતી. નાગપુરમાં ભરાનારી બેઠકના પ્રમુખ તેમને જ નીમવામાં આવ્યા. પરંતુ ત્યાર પહેલાં મુંબાઇને ચાર અને બંગાળને બે પ્રમુખોનો હક્ક મળેલો હોઈ એ પછીની તક દક્ષિણને આપવાની તેમણે ઇચ્છા દર્શાવી અને શ્રી આનંદ ચાર્લૂ જેવી સુયોગ્ય વ્યક્તિ મળી જતાં તેમણે રાજીખુશીથી પોતાના પદનું રાજીનામું આપી દીધું. બહુમાનની એ તકના ત્યાગ પાછળ ઓછું સમર્પણ રહ્યું છે?

ઈ. ૧૮૯૨ના જાન્યુઆરીની ૧૧મીએ પંડિતજીનું અવસાન થયું. 'ઇન્ડિયન મિરર' નામના બંગાળી પત્રે એમને 'the very pillar of strength who overwhelmed the whole country from Mount Ever-

est to Cape Comorin' એ શબ્દોથી અંજલિ આપી.

આજે તો એનું નામોનિશાન મટી ગયું છે, પણ વીર બલ્લાળ સ્થાપિત એ વિજયનગર, દક્ખણમાં એક વખત રાજકારણમાં સર્વોત્કૃષ્ટ સ્થાન ભોગવતું હતું. વિંધ્યથી તે સીલોન સુધી અને અરબી સમુદ્રથી તે બંગાળના ઉપસાગર સુધી વિસ્તરેલું, ઑસ્ટ્રિયા કરતાં યે મોટું એ હિંદુ સામ્રાજ્ય પંદરમી–સોળમી સદીમાં દુનિયાભરમાં સૌથી સમૃદ્ધ ગણાતું હતું. ઈબ્ન બતૂતાહ, ફિરિશ્તા અને તૈમુરના પુત્ર સુલતાન શાહરૂખે ઠેઠ હેરાતથી એલચી તરીકે મોકલેલા અબ્દુર્રઝાક જેવા મુસ્લિમ તવારીખનવેશોએ જ નહિ, પણ ડોમિંગોઝ પાએઝ, નૂનીઝ તથા નિકોલો કૉંટી જેવા ફિરંગી ઇતિહાસકારોએ પણ એની સમૃદ્ધિ ને પ્રતાપનાં ભારોભાર વખાણ કર્યાં છે. ફક્ત એ જ હિંદુ સામ્રાજ્યે જો મધ્ય યુગની શરૂઆતથી હિંદુ જાતિમાં વ્યાપેલા પરસ્પરના દ્વેષ અને સ્વાર્થથી વિમુક્ત રહી પોતાની હસ્તી ટકાવી રાખી હોત તો એની ચતુરંગ સેના ને અતુલ સમૃદ્ધિ જોતાં, હિંદના કપાળે મુઘલાઈ જડાઈ હોત કે કેમ એ એક સવાલ રહેત.

હિંદુપત ત્યારે હિંદનું સાર્વભૌમત્વ હારી બેઠી હોઈ ઈસ્લામની રેલ સારા યે દેશ પર ફરી વળી હતી. દક્ખણમાં એને ફરી વળતી અટકાવવા થોડો કાળ તો વિંધ્યે તે સામે ટક્કર ઝીલી, પણ પછી તે યે કમતાકાત નીવડ્યો ને એવા જ જોસથી એ રેલ દક્ખણ પર પણ ફરી વળવા માંડી. ખૂની અલાઉદ્દીન જબરા લશ્કર સાથે ઊતર્યો. દેવગિરિના રામચંદ્રદેવને હરાવી ૫૦ મણ સોનું, ૭ મણ ઝવેરાત અને બીજી બેશુમાર લૂંટ લઈ તે પાછો તો ફર્યો, પણ પોતાની લાલચુ નજરમાં એ પટ સમાવતો ગયો; અને પછી કાકાનું ખૂન કરી એ ગાદીએ બેઠો કે તરત ગુજરાતને તારાજ કરનાર એના નામચીન સેનાપતિ મલિક કાફુરને ફરી એણે દક્ખણ મોકલ્યો. લૂંટફાટ ને આગ ફેલાવતો, દેવગિરિને વરંગળનાં હિંદુ રાજ્યો નાબૂદ કરી, હોયસળને પરાસ્ત કરી કાફુર ઠેઠ રામેશ્વર પહોંચ્યો ને ત્યાંનાં મંદિરોનો ધ્વંસ કરી મસ્જિદો ચણાવી, માલિકના નામે સવાબ હાંસલ કર્યો.

ખિલજીવંશ ખૂનની પરંપરામાં જ આથમ્યો ને તઘલખવંશે દિલ્હીની ગાદી હાથ કરી ત્યારે દક્ખણનાં મૃતપ્રાય: રાજ્યોએ ફરી પગભર થવા પ્રયાસ કરી જોયો; પણ મહમદ તઘલખે તે ઊગતો જ દાબી દીધો. વરંગળ તાબે કરી, ફરી તેણે હોયસળને પરાસ્ત કર્યું ને પાંડ્ય સુધી પહોંચી મદુરામાં મુસલમાન સત્તા સ્થાપી.

આમ, ઈસ્લામની આંધી દક્ખણના એકેએક પ્રાંત ને તેની સીમાઓ પર ફરી વળવા માંડી ત્યારે દક્ખણના એક ધીર વીર રાજાએ તેને શિકસ્ત આપવાનો પેંતરો રચવા માંડ્યો. એ રાજા તે હોયસળનો વીર બલ્લાળ. મલિક કાફુરે હળેબિડ અથવા દ્વારસમુદ્ર પર ચડાઈ કરી ત્યારથી જ ઈસ્લામની ચડતી કળા પામી જઈ, અગમચેતી વાપરી એણે મહમદ તઘલખ સાથે સંધિ કરીને એનું સાર્વભૌમત્વ સ્વીકારી લીધું. એ રીત તો જોકે ઘણી નમ્ર ગણાય, પણ એનો અસ્વીકાર નાશને જ નોતરે એમ હતું.

પછી મહમદ દિલ્હીના તખ્ત ઉપર બેઠો એટલે દક્ખણમાં તેના મૂકેલા સૂબાઓએ સ્વતંત્ર થવાની પેરવી કરવા માંડી. સિંધ, ગુજરાત ને બંગાળમાં પણ બળવા જાગ્યા ને એના શમનમાં પરોવાએલો મહમદ દક્ખણ આવી શકે એમ ન રહેતાં દક્ખણના સૂબાઓને સ્વાતંત્ર્ય મેળવવામાં વધુ સગવડ મળી. સૌ પહેલાં મદુરાના સૂબા જલાલુદ્દીન અસરશાહે ઈ. ૧૩૩૫માં બંડ પુકાર્યું.

અત્યાર સુધી નતમસ્તક રહેલા વીરબલ્લાળે પણ આ બખેડાનો લાભ લઈ તુરત સરહદની નાકેબંધી શરૂ કરી. તુંગભદ્રાના કિનારા પરના હંપી ને કંપિલાના કિલ્લાનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને એથી યે મજબૂત ને વિશાળ એક કિલ્લો



તમારી યાદશક્તિની કસોટી

ભલે તમે ડિટેક્ટિવ ન બનો, પણ એક વખત પરિચયમાં આવેલી વ્યક્તિને ગમે ત્યારે ને ગમે ત્યાં તમે તુરત પિછાની લો એટલી આવડત તો જરૂરની છે જ. એનો પ્રાથમિક પાઠ અહીં આપ્યો છે. આ ચિત્રમાં બેઠેલા મગનભાઈ અને તેમનાં સગાં તથા આડોશીપાડોશીઓના ચહેરા તમે યાદ રાખી લો અને પછી પૃ. ૩૯૧ પરના તેમના થોડાક વધુ સંબંધીઓના ચેરામાંથી એ બધાને ઓળખી લો. જેને જેને ઓળખતા જાઓ એનું નામ એ ચિત્ર નીચેના ક્રમમાં લખતા જાઓ અને પછી આ ચિત્ર જોડે એ મેળવી ખાત્રી કરો કે તમે કેટલા સાચા છો. તમારી યાદશક્તિની પણ એ કસોટી થશે.

છાની રીતે તેણે ચણવા માંડચો. શૃંગેરી મઠના ત્યારના શંકરાચાર્ય મધ્વ અથવા વિદ્યારણ્ય સ્વામીના આશીર્વાદ સાથે જેનું ખાતમુહૂર્ત થયું એવો એ કિલ્લો તે વિજયનગર, જેનું સામ્રાજ્ય સંઘર્ષમાં જન્મી, સંઘર્ષમાં જ વિલાયું.

એ કિલ્લા સાથે જ વિજયનગરના મહારાજ્યનો ઉગમ થયો ગણી શકાય. છાની રીતે બાંધ્યો હોવાથી એ કિલ્લાની ચોક્કસ સાલ નથી મળતી, પણ ઈ. ૧૩૨૮થી તે વીર બલ્લાળ મરણ પામ્યો એ સાલ ૧૩૪૨ સુધીના ગાળામાં એ બંધાએલો હોઈ, અત્યારે સર્વાનુમતે ૧૩૩૬ની સાલ તે માટે સ્વીકારાઈ છે.

મદુરાનું બંડ જાહેર થતાં જ આ વીર બલ્લાળે વિજયનગરની હસ્તી જાહેર કરી દીધી ને પોતાના પુત્ર વીરવિજય વિરૂપાક્ષને ગાદી સોંપીને મદુરાના જાહેર થએલા સુલતાન સામે ચડી ગયો. પરંતુ ત્રિચિનોપલ્લી પાસેના કાનાનૂરના યુદ્ધમાં તે સુલતાનના હાથે કેદ પકડાયો ને ઘાતકી રીતે મોતને શરણ થયો.

વીર બલ્લાળના મૃત્યુ પછીના કાવાદાવામાં વિજયનગરનો વર્ષો સુધીનો ઇતિહાસ અંધારામાં જ રહ્યો છે. પછી તૈમુરની સવારીએ દિલ્હીની સત્તા ખળભળાવી મૂકી ને ગુલબર્ગામાં બ્રાહ્મણી રાજ્ય સ્થાપ્યું ત્યારે એની સત્તા સંગમ યાદવના પુત્ર હરિહર, બુક્ક, કંપ વગેરે પાંચ ભાઇઓના વર્ચસ્વ નીચે નજરે પડે છે.

બ્રાહ્મણી સત્તા આ પાંચ ભાઇઓના વખતમાં ચડતી કળાએ પહોંચી. ચીનના શહેનશાહ તાઈ-ત્સુ સુધી એમણે એલચીઓ મોકલાવી રાજપ્રકરણી લાગવગ વધારી હતી. પણ હરિહરના મૃત્યુ બાદ બુક્કે મૂર્ખાઈ કરી, બ્રાહ્મણી સત્તાની ચડતી કળાનું વરંગળના રાજકુમાર સાથે નિયંત્રણ કરવા દિલ્હીના સુલતાન ફિરોઝ તઘલખને મદદ આપવાનું કહેણ મોકલ્યું. પરિણામે રોષે ભરાએલા મુહમ્મદશાહે વિજયનગર પર ચડાઈ કરી ને ગર્ભિણી તથા છાતીએ વળગેલાં બચ્ચાં સહિતની સ્ત્રીઓ, પુરુષો ને બાળકોની કત્લ ચલાવી. ફિરિશ્તાના લખવા પ્રમાણે આ કત્લની સંખ્યા પાંચ લાખની હતી; ને આ કત્લ જ્યારે ચાલતી હતી ત્યારે જીવ બચાવવા ઉદનીના કિલ્લામાં ભરાએલો બુક્ક, મદિરા ને નર્તિકાઓની મોજ માણી રહ્યો હતો! અસીમ દોલત ખંડણીમાં આપી એણે તો મુહમ્મદશાહ સાથે સંધિ કરી લીધી.

મુસલમાનોની હજારોની સંખ્યા સામે લાખોની સંખ્યાનું સૈન્ય ખડું કરી બહાદુરીથી પીછેહટ કરતા વિજયનગરના આવા સમ્રાટો માટે ફિરિશ્તાએ આ શબ્દો ઉચ્ચાર્યા છે: 'બ્રાહ્મણી રાજાઓ માત્ર પરાક્રમથી જ પોતાનું સ્થાન જાળવતા; બાકી સત્તા, સમૃદ્ધિ અને વિસ્તારમાં તો વિજયનગરના રાયો તેમનાથી અનેકગણા ચડિયાતા હતા.'

ઈ. ૧૩૭૯માં બુક્કનો પુત્ર કંપ 'હરિહર બીજો' નામ ધારણ કરી, વિજયનગરના સિંહાસને બેઠો. આ બીજો હરિહર વિજયનગરના હિંદુ સામ્રાજ્યનો પહેલો સમ્રાટ ગણાય છે.

પછી એકાદ સૈકા સુધી એના વંશે હસ્તી ટકાવી રાખી. પછીથી કલિંગના રાજા કપિલેશ્વરે વિજયનગર તરફ મોરચા માંડચા. તિરુવણ્ણમલાઈથી તે આર્કટ સુધીનાં મહત્ત્વનાં બધાં સ્થળ સર કરી ઠેઠ વિજયનગર સુધી તેનાં પગલાં વાગવા માંડચાં ત્યાં સુધી યે વિજયનગરના સમ્રાટ વિરૂપાક્ષની ઊંઘ જ્યારે ન ઊડી, ત્યારે તેના મોટા પુત્રે તેનું ખૂન કર્યું ને ગાદી હાથ કરી. પણ એ કંઈ કરી શકે તે પહેલાં તો તેના નાનાભાઈ પાંડચરાવે તેનું ખૂન કરી નાખ્યું, એટલે રાજગાદી માટે પાછી રસાકસી ચાલી. એ રસાકસીમાં છેવટે નરસિંહ નામનો એક બીનરાજવંશી ફાવ્યો ને વિજયનગરની ગાદી પર બીજા રાજવંશની શરૂઆત થઈ. (૧૪૯૦).

નરસિંહના બીનરાજવંશી હોવા માટે રૈયતે શોર ઉઠાવ્યો, પણ એણે કપરે હાથે એ દબાવી દીધો. બસ, એટલા પૂરતી જ એની શૂરવીરતા. બાકી વિજિગીષાને વશ થઈ સાત લાખના લશ્કર સાથે રાજમહેંદ્રીને એણે ઘેરો ઘાલ્યો ત્યારે આદિલશાહને એ ઘેરો છોડાવવા આવતો સાંભળતાં જ 'મહામંડલેશ્વર મેદિનીશ્વર ગંડનકટારી સાલુવ ધરણીવરાહ નરસિંહરાય ઉદૈયાર'ને મલૂર નાસી જઈ જીવ બચાવવામાં જ શૂરવીરતાની પરાકાષ્ઠા જણાઈ હતી!

ઈ. ૧૫૦૯માં એનું અવસાન થતાં એનો ભાઈ કૃષ્ણદેવરાય સમ્રાટપદે આવ્યો. વિજયનગરના આખા ઇતિહાસમાં ગણનાયોગ્ય કોઈ નામ હોય તો એનું જ. એના શાસનકાળ દરમિયાન જ ફાટફૂટને લીધે બ્રાહ્મણી રાજ્યના પાંચ ટુકડા પડી ગયા ને એ પરિસ્થિતિનો લાભ લઈ, કિરકોળ બંડ શમાવી, એણે સીધા કલિંગ સામે મોરચા માંડચા. પૂર્વનો બધો મુલક પાછો મેળવી, કૃષ્ણા નદી સુધી રાજ્યની હદ વધારી તેણે કલિંગ પાસેથી પોતાનું વર્ચસ્વ માન્ય કરાવ્યું. મુસલમાનોથી લડી રાયપુર દોઆબ પણ ખાલસા કર્યું. વિજયનગરનો એ પહેલો જ સમ્રાટ હતો જેણે મુસલમાનોને શિકસ્ત આપી હોય ને જેણે લશ્કરની જાતે સરદારી લીધી હોય.

મ્હૈસુરના ગંગ રાજાને હરાવી તેણે શિવસમુદ્ર ને શ્રીરંગપટ્ટમ જેવા કિલ્લા હાથ કર્યા હતા. ઓરિસા પર ચડાઈ કરી ત્યાંના રાજાની કાકીને તે કેદ પકડી લાવ્યો હતો અને ઉદયગિરિના મંદિરમાંથી કૃષ્ણની મૂર્તિ ઉપાડી લાવી વિજયનગરમાં તેની પ્રતિષ્ઠા કરી હતી. કોંડાપલ્લી ને રાજમહેંદ્રી પણ જ્યારે તેણે જીત્યાં ત્યારે ઓરિસાના રાજાએ પોતાની કુંવરી પરણાવી તેની જોડે સંધિ કરી. આદિલશાહની તો એણે એવી ખુવારી કરી હતી કે તેના જીવતાં સુધી તેણે વિજયનગર સામું ફરી કદી માથું ઊંચક્યું નહોતું. મુસલમાનોએ તોડી પાડેલાં અનેક મંદિરો એણે ફરી ઊભાં કર્યાં. પોર્ટુગીઝ ઈજનેર જોઆઓ ડ લા પૉન્ટીની મદદથી વિજયનગરના નિર્માણમાં તેણે ઘણી નવીનતાઓ દાખલ કરી. દક્ષિણ હિંદુસ્તાનમાં ઠેરઠેર નજરે પડતાં મોટાં ગોપુરો પણ એનાં જ બંધાવેલાં છે. દખ્ખણમાં હિંદુ ધર્મનો પુનરુદ્ધાર તેને હાથે જ થયો. વેદોનાં ભાષ્યોના મખપાઠોને એણે ગ્રંથસ્થ કરાવ્યા. પોર્ટુગીઝ ગવર્નર અલબુકર્ક સાથે સંધિ કરી બ્રાહ્મણી રાજ્યોનો પોર્ટુગીઝો સાથેનો વેપાર તોડી પાડી એણે વિજયનગરનો વેપાર ખૂબ વધાર્યો. પરિણામે વિજયનગરની સમૃદ્ધિ પર કળશ ચડચો ને તે 'પૂર્વની મહારાણી' તરીકે જગતખ્યાત બન્યું. વિદ્યાનો એ ખૂબ રસિયો હતો ને ઘણા કવિઓને એણે પોષ્યા હતા. એની સ્ત્રી પણ કવિ હતી.

દેવરાયના વખતમાં વિજયનગર રાજ્યમાં વહાણો નાંગરવાનાં જે ૯૦ બારાં હતાં તેની સંખ્યા કૃષ્ણદેવરાયના વખતમાં ૩૦૦એ પહોંચી. વિજયનગરના વેપારીઓ ત્યારે એકલા હિંદનાં જ બંદરોથી નહિ, પણ કંતાન, સોકોત્રા, અરબસ્તાન ને મિસર સુધી વેપાર ખેડતા હતા, ને વેપારમાં લક્ષ્મી વસે છે એ તથ્યાનુસાર લક્ષ્મીની એ મહારાજ્ય પર પૂરી મહેર જામી હતી. એ વેપારને પ્રતાપે જ કૃષ્ણદેવરાય પોતાની માની સંવત્સરી પ્રસંગે એકેએક બ્રાહ્મણને સોનાનો આંબો ભેટ આપી શકચો હતો.

પરંતુ મુસલમાનોને હરાવી બહુ ઉદ્ધત થવા ઉપરાંત એક બીજું પણ પાપ એણે પોર્ટુગીઝોનો વિશ્વાસ કરવામાં કર્યું હતું. એણે જ તેમને ભાટકલમાં કિલ્લો બાંધવાની મંજૂરી આપી હતી ને પાંચ સો પોર્ટુગીઝોને પોતાના અંગરક્ષકો નીમ્યા હતા. આમ, સત્તા પર આવેલા એ પોર્ટુગીઝોએ એ રાજ્યના જ હિંદુઓને ઉખેડી નાખવાની પ્રવૃત્તિ આદરી અને ભાટકલની રાણીએ પોર્ટુગીઝ શહેનશાહનું રક્ષણ સ્વીકારવાની ના પાડતાં ઍફોન્ઝો ડી સોઝાએ આખા શહેરને બાળી નાખી હિંદુઓની કત્લ ચલાવી. મુસલમાનોથી હિંદુઓને બચાવવા નીકળેલો કૃષ્ણદેવરાય પોર્ટુગીઝોની આ કિન્નાખોરી સામે તદ્દન લાચાર નીવડચો.

ઈ. ૧૫૨૫ લગભગ એ માંદો પડ્યો એવો જ એ કમનસીબ સામ્રાજ્યની ઓદ્ધાગત પ્રપંચખોરીએ પાછો દેખાવ દીધો. એના પુત્રને ઝેરથી મારી નાખવામાં આવ્યો. પ્રધાનસાલુવ તિમ્મ ઉપર આ બાબતનો એને શક ગયો એટલે પોર્ટુગીઝોની મદદથી તેને, તેના ભાઇને ને પુત્રને પકડી મંગાવી તેમની આંખો ફોડાવી નાખી.

પણ આથી તો અવ્યવસ્થા ઊલટી વધી. સરદારોએ એક પછી એક બંડ-ઉઠાવવાં શરૂ કર્યાં ને એ શમાવવા અશક્ત એવા કૃષ્ણદેવરાયે પોતે જમાવેલા સામ્રાજ્યની પીંખાવટ જોતાંજોતાં જ દેહત્યાગ કર્યો. એના પછી એનો ભાઈ અચ્યુતરાય ગાદીએ આવ્યો, પણ થોડા જ સમયમાં એનું અવસાન થયું, એટલે કુમળીવયના એના પુત્રને ગાદીએથી ઉઠાડી મૂકી રામરાજા નામના સરદારે સદાશિવરાય નામના એક રાજકુટુંબીને બીજા સરદારોની મદદથી ગાદીએ બેસાડ્યો ને પોતે પ્રધાન બન્યો.

રામરાજાની ઉદ્ધતાઇએ બ્રાહ્મણી રાજ્યોને પરિસ્થિતિનું વહેલું ભાન કરાવી આપ્યું ને બ્રાહ્મણી સત્તાના એ પાંચે ફણગાઓએ એકત્ર થઈ વિજયનગર સામે મોરચા માંડ્યા. ઈ. ૧૫૬૫ના જાન્યુઆરીની ૨૩મી તારીખે વિજાપુર સરહદમાં આવેલા તાલિકોટ મુકામે ભયંકર યુદ્ધ થયું ને તેમાં વિજયનગરનો પરાજય થયો. લાખો હિંદુઓની કત્લથી આખી તુંગભદ્રા લોહીથી રંગાઈ ગઈ. નાસતો રામરાજા અહમદનગરના નિઝામશાહના હાથમાં પકડાતાં તેણે તેનો શિરચ્છેદ કરાવી નાખ્યો. વિજયી મુસલમાન લશ્કર યુદ્ધભૂમિથી વિજયનગર તરફ ઊપડ્યું. છ મહિના સુધી એકધારું એ શહેરને તેણે લૂંટ્યે રાખ્યું. એ લૂંટ એટલી તો વિપુલ હતી કે એકેએક સૈનિક માલેતુજાર બની ગયો. કશું તેમના હાથે ન બચવા પામ્યું. ખૂબ મજબૂત પથ્થરથી બંધાયા સિવાયનાં બધાં મકાનો, મંદિરો, મૂર્તિઓ વગેરેનો નાશ થયો ને શહેરીઓની ભયંકર ખૂનરેજી થઈ.

છ મહિના પછી કંઈક ધરવ થતાં મુસલમાનોએ વિજયનગર છોડ્યું કે પુલુકોંડા નાસી જઇને જીવ બચાવનાર, રામરાજાનો વચલો ભાઈ તિરુમલ આગળ આવ્યો. લાગવગ જમાવી, સદાશિવરાયને પદભ્રષ્ટ કરી એણે ગાદી હાથ કરી. એના અવસાન પછી એના પુત્ર શ્રીરંગ, રામ અને વ્યંકટે રાજ્યના ત્રણ ટુકડા પાડી નાખ્યા. એમાંનો શ્રીરંગ અવસાન પામ્યો કે વડેયર નામના સરદારે બંડ જગાવ્યું, બીજા ભાઈ રામરાજાને તેણે મારી નાખ્યો ને શ્રીરંગપટ્ટમની આજુબાજુનો મુલ્ક જીતી લઈ પોતાનું સ્વતંત્ર રાજ્ય ઊભું કર્યું. આ વડેયર તે મ્હૈસુર રાજ્યનો આદ્ય સ્થાપક.

હિંદુત્વના રક્ષણ માટે ઊભા થએલા વિજયનગરના સામ્રાજ્યનો આ ટૂંક ઇતિહાસ. હિંદુ ધર્મ માટે એણે કંઈ ઉચ્ચતર કાર્ય કર્યું હોય તો મંદિરો ને ગોપુરો બંધાવવા કે વેદ ઉપરનાં ભાષ્યો પ્રસિદ્ધ કરવાં. એ સિવાય હિંદુ ધર્મે એની મારફત કશો સહારો મેળવ્યો નથી.

એની એક વાત સૌથી આગળ તરી આવે છે અને તે, જેની પરદેશી મુસાફરોએ પણ વાહવાહ પોકારી છે એ સમૃદ્ધિની. પણ એ સમૃદ્ધિ કયા માર્ગે સંચિત થએલી હતી? રૈયત પાસેથી રૂપિયે સાડા તેર આના મહેસૂલ વસૂલ કરીને! ભરવાડ, ગોવાળ ને સાધુસંન્યાસી, સુદ્ધાં પાસેથી પણ કર ઉઘરાવીને! કરથી પ્રત્યક્ષ રીતે મુક્ત હોય એવો એકે માણસ એ સામ્રાજ્યમાં નહોતો; અને એટલે જ એનો આખરી ફેંસલો થતાં સુધીમાં પ્રજાએ એ સામ્રાજ્ય તરફ કદી ચાહ દેખાડેલો નથી. તાલિકોટના એકજ આઘાતથી નહિતર સામ્રાજ્ય આખું ભાંગી ભુક્કા થઈ જાય એ શકય છે?



યાદશક્તિની કસોટી

આગળના પાના પરના ચિત્રમાં તમે મગનભાઈ અને એમનાં આડોશીપાડોશીને બરાબર ઓળખી લીધાં હશે. એ બધાં અહીં થોડાં નવાં સંબંધીઓ વચ્ચે દેખાય છે. એ દસ જણને ઓળખી કાઢી નીચેના ક્રમનાં ખાનાંમાં એમનાં સાચાં નામો ભરી દો અને પાનું ઉથલાવી ખાતરી કરી લો.

૧...........	૨...........	૩...........	૪...........	૫...........
૬...........	૭...........	૮...........	૯...........	૧૦...........
૧૧...........	૧૨...........	૧૩...........	૧૪...........	૧૫...........



માધુકરી

હું તો ચહું જીવનવીર એવા
લાખો, કરોડો; લૂછી અશ્રને જે
હૈયે ધરી ધૈર્ય ધરિત્રી કેરું
ને શેષની ધારી સહિષ્ણુતાને,
મેં આદરેલા રણયજ્ઞ કેરી
પૂર્ણાહુતિ જીવન અર્પી સાધે.

(મધ્યાહ્ન) —કરસનદાસ માણેક


બે 'ભારતરત્નો' (વિધાનબાબુ અને ટંડનજી)નાં અવસાન

કોઇ પણ દેશના એકસરખી ઉમરના બે ધુરંધર રાજપુરુષો એક જ દિવસે વિદાય લે એ જગતભરના પ્રજા જીવનમાં વિરલ દુર્ભાગી બનાવ છે. આ માસ (જુલાઇ)ની પહેલી તારીખ ને રવિવારે ભારત એવા દુર્ભાગ્યનો ભોગ બન્યું. તે દિવસે સવારે અલ્લાહાબાદમાં રાજર્ષિ પુરુષોત્તમદાસ ટંડનનું લાંબી બીમારી બાદ એંશી વર્ષની વયે અવસાન થયું; અને બપોરે કલકત્તામાં બંગાળના મુખ્ય પ્રધાન ડૉ. વિધાનચન્દ્ર રાયનું એ જ ઉમરે પક્ષાઘાતના હુમલાથી નિધન થયું. સવિશેષ દુર્ઘટના તો એ, કે તે જ દિવસે ડૉ. રૉયનો ૮૧મો જન્મદિન હતો. બંને પોતપોતાના પ્રાંત-પ્રદેશના પીઢ અગ્રણીઓ હોવા ઉપરાંત દેશના ધરખમ ધુરંધરો હતા; બંનેને ભારતની પ્રજાએ 'ભારતરત્ન'નું પોતાનું સર્વોચ્ચ બિરુદ અર્પણ કરી નવાજ્યા હતા.

એક, સિદ્ધાન્તનિષ્ઠાની ઉગ્રતાથી પ્રોજ્જ્વલ સત્ત્વશીલ પુરુષ હતા; બીજા, પંડિત નેહરુએ બિરદાવ્યા છે તેવા 'માનવીઓમાં નરશાર્દૂલ' હતા. ટંડનજીએ ભારતની રાષ્ટ્રભાષા હિન્દી અને રાષ્ટ્રલિપિ નાગરી જ હોય એ તાત્ત્વિક મુદ્દા ઉપર ગાંધીજી જેવાનું પણ હિંદી સાહિત્ય પરિષદમાંથી રાજીનામું બરદાસ્ત કરી લીધું હતું; ને પોતે કૉંગ્રેસ-પ્રમુખ હતા ત્યારે પ્રમુખના વર્ચસ્‌ના મુદ્દા ઉપર જવાહરલાલ જેવા સામે ટક્કર ઝીલીને એ પ્રમુખપદનો ત્યાગ કરી દીધો હતો. વિધાનબાબુ એક તરફ પાકિસ્તાન અને સામ્યવાદીઓની અવળચંડાઈથી ક્ષુબ્ધ અને નિર્વાસિતોથી ઊભરાતા બંગાળને શક્તિશાળી મહાવતની અદાથી અંકુશમાં રાખતા છત્રછાયા સમા હતા; ને બીજી બાજુ ખુદ જવાહરલાલને પણ કટોકટીને વખતે વડિલ જેવા મમતાળુ કડપથી ડારો દઈ શકનાર અદશ્ય ને અદ્વિતીય અખિલ હિંદ નેતા હતા.




સ્વ. ડૉ. વિધાનચન્દ્ર રાય



સ્વ. પુરુષોત્તમદાસ ટંડન

બાઈસન



'એઝ્ટેક રાજાના પ્રાણીસંગ્રહમાં જુદાંજુદાં પ્રાણીઓના શરીરના ભાગ જોડીને બનાવ્યું હોય એવું એક વિચિત્ર ને વિશાળકાય પ્રાણી હતું. ઊંટ પેઠે ખૂંધ પર અને સિંહની પેઠે ગરદન પર એને વાળ હતા. ખભા વળાંકવાળા, પૂછડી મોટી ને પગમાં ખરી હતી, માથું બળદ જેવું ને શિંગડાં બહુ ટૂંકાં હતાં.' ચારેક સદી પહેલાં સ્પેનિશ વિજેતા કૉર્ટિસ મેક્સિકોમાં ગયો ત્યારે તેના માણસે કરેલી આ એક નોંધ છે. કૉર્ટિસે એને 'મેક્સિકન બળદ' તરીકે ઓળખાવ્યું છે. અમેરિકા આવેલા યુરોપીઅનો એને જંગલી ભેંસ–'બફેલો' કહેતા. હકીકતે એ ગાયભેંસના વર્ગનું–એક સ્વતંત્ર પ્રાણી છે. 'બાઈસન' (Bison) એનું નામ.

ઉત્તર અમેરિકામાં એક વખત લાખોની સંખ્યામાં અને માઈલો લાંબાં ધણમાં આ પ્રાણીઓ આથડતાં હતાં. માંસ-ચામડાના લોભે અને શિકારના શોખને લીધે એમની બેસુમાર હત્યા થતી. એ વિસ્તારમાં રેલવે માર્ગ નંખાયો ત્યારે કામ કરતા હજારો લોકોને માંસ પૂરું પાડવા માટેનો ઇજારદાર હજારોની સંખ્યામાં આ પ્રાણીઓનો શિકાર કરી 'બફેલો બિલ' તરીકે ઓળખાયો. આખરે બાઈસનની સંખ્યા એટલી બધી ઘટી ગઈ કે એમને સંરક્ષિત પ્રાણીઓ તરીકે રક્ષણમાં લાવવા પડ્યા.

યુરોપમાં પણ એની વાઇસેન્ટ Wisent નામે એક જાત થતી હતી એવા પુરાવા મળ્યા છે. આજે તો એ પણ બહુ અલ્પ સંખ્યામાં પૂર્વ યુરોપમાં સંરક્ષિત પ્રાણી તરીકે જીવે છે.

પુખ્ત તંદુરસ્ત નર ૫'-૮" જેટલો ઊંચો હોય છે. પણ સાધારણતઃ એમનું કદ આથી સહેજ ઓછું હોય છે. વિશાળ કાયા છતાં બહુ ચપળ પ્રાણી. દોડે ત્યારે માથું નમાવી પૂછડી ઊંચકી લાંબી ફલાંગો લેતું ખૂબ ઝડપથી જાય. સંવનન કાળે ધૂળમાં આળોટે. એ વખતે ક્યારેક નર બાઈસન અંદરોઅંદર બહુ જુસ્સાથી લડે. તદ્દન વનસ્પત્યાહારી. માદા ત્રણેક વર્ષની ઉમર પછી પ્રજનન કરે. ક્યારેક એક સાથે બે બચ્ચાં પણ જન્મે.

પ્રાચીન ઋષિમુનિઓના તપઃપૂત વ્યક્તિત્વનો ભાસ થાય એવા ટંડનજીના દેશપ્રેમની જ્વલંતતા, સિદ્ધાંતનિષ્ઠાની ઉગ્રતા, ત્યાગની ઓજસ્વિતા અને સાદાઈની નમ્રતાનો જોટો ભાગ્યે જ જડે. પ્રયાગના એક ધર્મનિષ્ઠ ખત્રી કુટુંબમાં સંવત ૧૯૩૯ના પુરુષોત્તમ માસમાં જન્મેલા હોઇ એમનું નામ પુરુષોત્તમદાસ પડેલું. પિતા રાધાસ્વામી સંપ્રદાયના સિદ્ધ સંતપુરુષ હતા. એવા ધર્મનિષ્ઠ પિતા તરફથી શુદ્ધ અને પવિત્ર જીવનના સંસ્કારો ગળથૂથીમાં જ પામેલા એ મેધાવાન બાળકે ૧૪ વર્ષની કાચી વયે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી દીધી અને બી.એ.માં ઊંચે નંબરે પાસ થઈ એમ.એ. પણ થયા.

એ જ અરસામાં તે પં૦ મદનમોહન માલવીયજીના પરિચયમાં આવતાં એ ઝવેરીએ આ પહેલ પાડયા વિનાના હીરાનું ઝવેરાત પારખી લીધું અને પોતે તાજેતરમાં શરૂ કરેલા 'અભ્યુદય' પત્રનું તંત્રસંચાલન એને સોંપ્યું, જે એણે દક્ષતાથી ચલાવ્યું. તે પછી પત્રકારત્વ છોડી એ વકાલતના ક્ષેત્રમાં પડયા અને પોતાની પ્રામાણિકતા તથા કાર્યદક્ષતાથી જોતજોતાંમાં પ્રતિષ્ઠિત વકીલોની હરોળમાં પહોંચી ગયા.

એ સમયે નાભા રાજ્ય (પંજાબ)માં કાંઈક ગેરવ્યવસ્થા ને ઝગડો ઊભો થતાં કાબેલ દીવાનની ત્યાં જરૂર પડી. લોકોએ ટંડનજીને જ એ માટે આદરપૂર્વક નાભા બોલાવ્યા; ને તેમણે ત્યાંનું કાર્ય એટલી તટસ્થ ન્યાયબુદ્ધિ ને કુશળતાથી પાર પાડયું કે રાજા ને પ્રજા બંને સંતોષ પામ્યાં.

ત્યાં તો ૧૯૨૦માં મહાત્માજીએ અસહકારનું રણશીંગું ફૂંક્યું. દેશદાઝથી તપ્ત ટંડનજીએ ઉત્સાહથી તેમાં ઝુકાવી દીધું, અને ભારે આવકવાળી વકાલતને તિલાંજલિ આપી તે આપી.

પાછળથી ઘણાએ કર્યું હતું તેમ એમણે ફરી એ તરફ જોયું સુદ્ધાં નહિ. એમની આર્થિક સ્થિતિ ઘણી વિષમ થવા છતાં એ મહાપુરુષે અડગ જ રહીને આજીવન દેશસેવા કરી. ૧૯૩૭માં કૉંગ્રેસે સમાધાનપૂર્વક પહેલા હોદ્દા સંભાળ્યા ત્યારે એ ઉત્તરપ્રદેશની ધારાસભાના સ્પીકર થયા, અને સ્વરાજ પછી કૉંગ્રેસના પ્રમુખપદ સુધી પહોંચ્યા. કેવી ઉગ્ર સિદ્ધાંતનિષ્ઠાથી એ પદનો તાજ જવાહરલાલને માથે મૂકી પોતે ત્યાંથી છૂટા થયા એ તો જાણીતી હકીકત છે. એમની આ આગ્રહી આદર્શચુસ્તતાને લીધે એમના વિચાર-વર્તનમાં ઘણાને વિચિત્રતાઓ પણ લાગતી. દૂધ એ પ્રાણીનિપજ હોઈને માંસાહારતુલ્ય ગણી તે દૂધ-ઘી-માખણ કદી ખાતા નહિ. સાત્ત્વિકતાને કારણે મરચાં મસાલાને તો અડકે જ શાના? એ જ રીતે ખનિજ દ્રવ્યો અને ખાંડ પણ એમને વર્જ્ય હતાં. લૂખી રોટલી, બાફેલાં મોળાં શાકભાજી ને ગળપણ અનિવાર્ય બને ત્યારે ગોળ, એ એમનો ખોરાક. રેંટિયો ને ઘંટી ઘરમાં ગુંજતાં જ હોય.

છેલ્લાં ત્રણેક વર્ષની બીમારીએ તેમને પથારીવશ ખોખા જેવા કરી મૂકયા હતા, તેમાં મૃત્યુ આવીને મુક્તિદાતા મિત્ર બન્યું. પણ ભારત તો પોતાનું એક પાણીદાર 'રત્ન' ગુમાવીને ખરેખર ગરીબ જ બન્યું.

દેહનાં દરદોના એટલા જ દેશના પ્રશ્નોના અગ્રણી અને યશસ્વી દાક્તર તરીકે કીર્તિ કમાનાર ડૉ. વિધાનચન્દ્ર રૉયનો જન્મ પટણાના ડેપ્યુટી મૅજિસ્ટ્રેટ શ્રી પ્રકાશચન્દ્ર રૉયને ત્યાં ઇ. ૧૮૮૨ના જુલાઈની ૧લી તારીખે થયેલો. માતા ને પિતા ચુસ્ત બ્રહ્મોસમાજી હોઈ તેમનો ઉછેર સામાજિક તેમજ નૈતિક સુધારાના વાતાવરણમાં થયો ને કદાચ એની જ અસરને કારણે તેઓ આજીવન અવિવાહિત રહેલા.

શાળા અને કૉલેજની ઝળકતી કારકિર્દી પછી ૧૯૦૧માં ગ્રૅજ્યુએટ થયા. તેમને તો એન્જિનીઅર થવું હતું છતાં અકસ્માત જ મેડિકલ કૉલેજમાં જોડાયા અને ૧૯૦૬માં ઉચ્ચોચ્ચ માન સાથે એમ.ડી.ની ઉપાધિ મેળવી ઈંગ્લંડ ગયા, જ્યાંથી તે એમ. આર. સી. પી. અને એફ. આર. સી. એસ. બંને થઇને ૧૯૧૧માં દેશ આવ્યા.

ચૌદ લાંબાં ને કંટાળાજનક વરસો લગી બ્રિટિશ સરકારના મેડિકલ ખાતામાં આસિસ્ટન્ટ સર્જન તરીકે ગાળ્યા બાદ આર. જી. કાર મેડિકલ કૉલેજમાં તે જોડાયા અને ત્યાં રહીને અધ્યાપન તથા શિક્ષણના ક્ષેત્રમાં કલકત્તા યુનિવર્સિટી આદિ અનેક સંસ્થાઓમાં અગ્રણી અને યશસ્વી કાર્ય કર્યું.


અસહકારના દેશવ્યાપી આંદોલનમાં બંગાળમાંથી દેશબંધુ ચિત્તરંજનદાસના અનુયાયી તરીકે તે રાજકારણમાં પડયા અને ૧૯૨૩માં ચોવીસ પરગણા જિલ્લામાંથી તે વખતના પ્રધાન અને પ્રખર વક્તા સુરેન્દ્રનાથ બૅનરજી જેવા એક વખતના ધરખમ પ્રજામાન્ય નેતાને જમીનદોસ્ત કરનારી હાર આપી ધારાસભામાં ચુંટાઇ આવ્યા. ત્યારથી તે અંત સુધી તે પ્રજામાંથી સદા એ રીતે જ ચુંટાતા આવ્યા છે. ૧૯૨૮-ની કલકત્તા કૉંગ્રેસ વખતે ત્યાંના સામાન્ય મંત્રી તરીકે અખિલ હિંદ નેતાઓના સંપર્કમાં આવતાં એ પાણીદાર મોતીની ચમક સૌને પ્રતીત થઈ. ૧૯૩૦માં તે બંગાળ કૉંગ્રેસના પ્રમુખ થયા અને પ્રાંત તથા શહેરની ઉજ્જ્વલ સેવા કરનાર તથા કીર્તિ અને કમાણીના ઉચ્ચ શિખરે પહોંચનાર પોતાના આ પુત્રની કદર કલકત્તાએ, સુભાષચંદ્ર બોઝના પ્રસ્તાવથી તેમને મેયર તરીકે પણ ચૂંટીને કરી.

ત્યાર પછીની એમની કારકિર્દી ઉત્તરોત્તર ઉજ્જ્વલ જ રહી છે. ગાંધીજીએ દેશબંધુના શાગિર્દ તરીકે એમને પ્રથમ જોયા ત્યારથી એમનામાં પ્રચ્છન્ન રહેલાં નેતાગીરીનાં બીજ પરખી કાઢેલાં, અને વિધાનબાબુ ગાંધીજીના અંગત દાક્તર ઉપરાંત અતિ વિશ્વાસુ સાથી જેવા બની રહેલા. ગાંધીજીના એકેએક ઉપવાસ એમની જ અંગત ને ચકોર દેખરેખ તરીકે પાર ઊતરેલા. વિધાનબાબુ હોય નહિ, ને ૧૯૪૩ના આગાખાન મહેલમાંના ૨૧ દિવસના ઉપવાસના ૧૩મા દિવસે ગાંધીજી બચે નહિ. ૧૯૫૧માં ટંડનજી અને જવાહરલાલ વચ્ચેની ફાટ સાંધવા એમણે જ તનતોડ મહેનત કરેલી; અને બીજે વરસે કિદવાઇ અને નેહરુ વચ્ચેના મતભેદો એમણે જ મિટાવી દીધેલા.

૧૯૪૭માં સ્વરાજ્ય બાદ ઉત્તર પ્રદેશના ગવર્નર તરીકે એમની નિમણૂક થઈ ત્યારે એ અમેરિકામાં હતા. આવીને, એક ક્ષણના પણ વિલંબ વિના એ પ્રસ્તાવને એમણે પાછો વાળ્યો. એમને એશનો હોદ્દો નહોતો જોઇતો, પ્રજાની નાડ પોતાના હાથમાં રાખવી હતી. ૧૯૪૮માં ભાગલાથી પીંખાએલા, નિર્વાસિતોના પૂરથી ઊભરાતા અને દેવાળિયા જેવી આર્થિક સ્થિતિથી ડામાડોળ, છિન્ન અને ક્ષુબ્ધ બંગાળનું મુખ્ય પ્રધાનપદ એમણે પી.સી. ઘોષ પાસેથી પોતાને હાથ લીધું અને અંતકાળ સુધી એના ઘા રૂઝાવતા, એને સ્થિર કરતા અને વિરોધો તથા મતમતાંતરોનું શમન કરતા એનું છત્ર બનીને રહ્યા.

અને આશ્ચર્યની વાત તો એ છે કે રાજકારણમાં પડેલા આવા નેતાઓ મોટે ભાગે પોતાના મૂળ વ્યવસાયને વિસરી જતા હોય છે; પણ વિધાનબાબુ તો ઠેઠ અંત લગી રોજ સવારે બે કલાક પોતાની દાક્તરી પ્રૅક્ટિસ ચાલુ રાખેલી, અને તે પણ કોઈની પાસેથી પાઈ સરખી લીધા વીના!

કહેવાય છે કે એમનું નિદાન અફર અને એમની ચિકિત્સા અજોડ હતાં—વૈદકના, શિક્ષણના કે રાજકારણના, કોઇ પણ ક્ષેત્રમાં. હજી ગયે વરસે જ દેશે એમને 'ભારતરત્ન'નું પરમોચ્ચ માન આપ્યું; અને દેશે એક જ દિવસ આવાં બે 'ભારતરત્ન' ગુમાવ્યાં! આના જેવું દુર્દૈવ બીજું કયું હોય?



શિકોતરીનાં બેસણાં અને સ્વરૂપ. ડાબી બાજુથી અનુક્રમે–મંદિરમાં બેસાડેલી, શીકામાં બેસારેલી ને ગોખલામાં પધરાવેલી શિકોતરી. છેલ્લાં બે ખીજડાના લાકડામાંથી કોરેલાં એનાં ફળાં છે, જે માત્ર મઠમાં જ બેસાડાય છે. (આલેખક: ખોડીદાસ પરમાર)

'શિકોતરી'

'અખંડાનંદ' તેમજ 'કુમાર'માં શ્રી પુષ્કર ચંદરવાકર અને શ્રી હરિવલ્લભ ભાયાણીના 'શિકોતરી' વિષેના લેખ તથા શબ્દકથા વાંચ્યાં. સૌરાષ્ટ્રમાં ખાસ કરીને કાંટિયાવરણમાં તેમજ કોઇક કોઈક ઊજળિયાત વર્ણોમાં 'શિકોતર્યં' પુજાય છે. ભરવાડ, કારડીઆ રજપૂત, રબારી, કોળી, આહિર કે કણબી વગેરેમાં શિકોતરીના તો નૈવેદ્ય થાય છે. આસો વદ ૧૪) કાળી ચતરદશીને દિવસે શિકોતરીને સવા પાલી કે વધારે ચોખાનાં નૈવેદ્ય કરાય છે. આ નૈવેદ્યના ચોખા માત્ર વહુઆરુઓથી જ ખવાય છે. ઘરની દીકરીઓને ખાવાની આડી હોય છે. વળી આ નૈવેદ્ય રસોડાની બહાર કઢાય નહિ.

સૌરાષ્ટ્રમાં શિકોતરી ઘરમાં જ બેસાડેલી હોય છે. કોઇ ઘરમાં વહુ કમોતે મરી ગઈ હોય ને તેનો જીવ છોકરાં, તેના ધણી કે ઘરમાં રહી ગયો હોય, તો મૂઆ પછી તે 'શિકોતર્યં' થઇને ખાસ કરીને ઘરની સ્ત્રીઓને કનડગત કરે છે. કોઈને ધૂણાવે, માંદા પાડે વગેરે. પછી તેને ઘરમાં બેસાડવામાં આવે છે ત્યારે જ તે માણસોનો કેડો મેલે છે એવી માન્યતા છે.

શિકોતરીને ઘરમાં બેસવાનું સ્થાન રહેણાકના મુખ્ય ઘરના બારસાખની બરોબર ઉપર હોય છે. (એટલા માટે કે દરેક માણસ ઘરમાં દાખલ થાય ત્યારે ચોકઠું જરા નીચું હોવાથી માથું નીચું નમાવી અંદર દાખલ થાય એટલે કે શિકોતરીને નમીને જ ઘરમાં જાય.) ઘણાં ઘરોમાં બારસાખ પર નાનો ગોખલો કોરી તેમાં શિકોતરીને બેસાડે છે. તો વળી ઘણાં સીંદરી, સૂતરની દોરી કે જાટનું શીકું ગૂંથી, વચ્ચે ઇંઢોણી રાખી, તે શીકાને ઘરના મુખ્ય બારસાખની ઉપર વચ્ચોવચ આવે તેમ ટાંગે છે. 'શિકોતરી' શબ્દ આ શીકામાં બેસાડેલી, તેના પરથી પણ ન આવ્યો હોય?

શિકોતરીના સ્થાપન–ગોખમાં નીચે સફેદ કપડું રાખે છે તેને 'જમણી' કહે છે. તેના ઉપર નાળિયેર મૂકીને એના ઉપર કસુંબાની ચૂંદડી ઓઢાડે છે. આ શિકોતરીની સ્થાપના. મઠમાં શિકોતરી બેઠી હોય તો ખીજડાના લાકડામાંથી જુદાજુદા આકારનાં તેનાં ફળાં (મૂર્તિઓ) બનાવેલાં હોય છે. ઘરમાંની શિકોતરીને દર ત્રણ કે પાંચ વરસે જમણી, નાળિયેર અને ચૂંદડી બદલાવે છે અને એ જૂની વસ્તુઓ જે જોગી માતાને ખડખડચ દેવા આવે (નવરાત્રમાં દેવી પાસે ડાક વગાડે) તે લઇ જાય છે. મૂએલી સ્ત્રી જે શિકોતરી થઈ હોય તેનો ધણી મરે ત્યારે, ચૂંદડી, જમણી ને નાળિયેર તેના ધણીની નનામી સાથે બાંધી તેની સાથે જ બાળી દેવામાં આવે છે. આમ શિકોતરી ધણી ભેગી જાય તો પણ તેના નૈવેદ્યના સવા પાલી ચોખા તો કરવા જ પડે છે.

ઘણાં ઠેકાણે શિકોતરીના મઠ અને સ્થાન હોય છે. ઘોઘા પાસે 'કૂડા' ગામમાં શિકોતરીનું મંદિર છે તેની સૌ માનતા કરે છે. વળી ઘણાં નાનાંનાનાં ગામડાંઓમાં શિકોતરીના મઠ પણ હોય છે.

શિકોતરી માટે આવી દંતકથા પ્રચલિત છે. જૂનાગઢના રાજા રા' નવઘણની જીભની માનેલી બેન જાહલ કાળ કાઢવા (દુકાળમાં રાહત મેળવવા) ખાડું લઈને સિંધમાં ગઈ. સૌરાષ્ટ્રની આ જોબનવંતી નારીનું રૂપ જોઈ સિંધનો સુમરો રાજા મોહાંધ બન્યો, ને જાહલને કેદ કરી પોતાની રાણી બનવા વિનવણી શરૂ કરી. જાહલે પોતાના ભાઇ રા' નવઘણને કાગળ લખીને મોકલ્યો કે 'તારી બેનડી જાહલને સિંધમાં સુમરાએ કેદ કરી છે, છ માસની અવધિ આપી છે. આ અવધિમાં મને નહિ છોડાવ તો હવે જીવ્યા–મૂઆના જુહાર.'

કાગળ વાંચી રા'નવઘણ માર માર કરતો સિંધ પર ચડી આવ્યો જેવો સિંધની સરહદમાં દાખલ થયો કે સિંધની શિકોતરીઓ સમળીના રૂપ લઇ ઊડીઊડીને ફોજના ઘોડાનાં માંસ તોડીતોડીને ઊડી જવા લાગી. ઘોડા નાસભાગ કરવા લાગ્યા. રા'નવઘણે પૂછ્યું 'હે માતાજીઓ, કોણ છો તમે? અને અમારી ફોજને શા માટે હેરાન કરો છો?

સમળીઓએ કહ્યું 'અમે સિંધની શિકોતરીઓ છીએ, સુમરો રાજા અમને બાર મહીને સવા પાલી કોંદર્યા (કાંગ)ના નૈવેદ્ય કરે છે.'

રા'નવઘણે કહ્યું 'હું તમને સવા પાલી ચોખાના નૈવેદ્ય કરીશ; અમારી ફોજને હેરાન કરશો નહિ. શિકોતરીઓ તરત પાછી પોતાના મૂળ સ્થાને જતી રહી. સિંધ જીતી રા'નવઘણ જાહલને છોડાવીને પાછો ફર્યો ત્યારે સિંધની શિકોતરીને સૌરાષ્ટ્રમાં સાથે લઇ આવેલો. આ સિંધની શિકોતરીનું મંદિર અત્યારે અયાવેજમાં છે. મૂળ શિકોતરી આવી છે તો સિંધમાંથી જ.

નવરાત્રમાં જોગી–પાવળિયો માતાજીને ખડખડચ દેવા આવે છે ત્યારે જે આણિયું (ડમરુ સાથે જોગી દેવીઓનાં પ્રશસ્તિ ગીત ગાય તે) ગાય છે તેમાં સિંધની શિકોતરીને બિરદાવે છે:

'ભલે રમે મા સંધની શિકોતર્યં. ધૂ ધૂ…ધૂ ધૂ'

—ખોડીદાસ પરમાર

આ ભયંકર વસતિવધારો

આ દુનિયામાં એક અજબની વસતિ થતાં લાખો વર્ષ લાગ્યાં: ઇ.સ. ૧૮૩૦માં એક અબજની વસતિ થઈ. બે અબજ થતાં માત્ર ૧૦૦ લાગ્યાં. ૧૯૩૦માં જગતની વસતિ બે અબજની થઇ; અને ૧૯૬૦માં ત્રણ અબજ થતાં ૩૦ વર્ષ લાગ્યાં! આ હિસાબે ૪૦ વર્ષ પછી ઈ. સ. ૨૦૦૦માં જગતની વસતિ છ અજબ હશે!

જગત પર ઝડપથી અને દ્દઢતાથી ભયંકર આફત ઊતરી રહી છે.



કેલ હાગેનબર્કનો પ્રાણીબાગ

જર્મનીના હામ્બુર્ગ શહેરનો 'કેલ હાગેનબર્ક'નો પ્રાણીબાગ ત્યાંના જગતભરમાં વિખ્યાત છે. ઈ. ૧૯૦૭માં કેલ હાગેનબર્કે એની સ્થાપના કરેલી અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો જઈ ત્યાંનો પ્રાણીસંગ્રહ પ્રથમ વિશ્વયુદ્ધ સુધીમાં તો લગભગ પૂર્ણતાએ પહોંચી ગયો. બીજા વિશ્વ યુદ્ધની હોનારતમાં અહીંનાં લગભગ એંશી ટકા જેટલાં પ્રાણીઓ નાશ પામ્યાં, પણ ૧૯૪૮ સુધીમાં તો એના પ્રતિનિધિઓએ દેશેદેશ રખડીને ફરી ત્યાં નવાં પ્રાણીઓ લાવીને વસાવ્યાં. આજે ત્યાં દુનિયાનું લગભગ પ્રત્યેક પ્રાણી જોવા મળે છે; અને એ પણ પાંજરાની ચાર દીવાલોના ખોખામાં કેદ થએલાં નહિ, પણ પોતપોતાના પ્રદેશ જેવા વિસ્તારોમાં મુક્તપણે ફરતાં હોય એ રીતે. —યુ.પ્રે.સ.

બત્રીસ લક્ષણો પુરુષ

સર્વોત્તમ પુરુષને બત્રીસ લક્ષણાં પુરુષ તરીકે ઓળખાવવામાં આવે છે. (માતાને ભોગ ધરાવવો હોય તો બત્રીસ લક્ષણો પુરુષ જોઇએ.) આ બત્રીસ લક્ષણો કયાં એ વિષે નીચેનો શ્લોક છે:

पञ्चदीर्घः पञ्चसूक्ष्मः सप्तरक्तः षडुन्नतः।
त्रिहस्व पृथुगंभीरो द्वात्रिंशल्लक्षणो महान्॥

પંચદીર્ઘ: પાંચ અવયવો લાંબા હોવા જોઇએ; નાક, હાથ, હનુ, હડપચી, આંખ અને જાનુ (ઘૂંટણ). શ્યેનપક્ષીની ચાંચ જેવું નાક સરસ મનાય છે. હાથ તો આજાનબાહુ (ઘૂંટણ સુધી પહોંચે એવા) હાથ શ્રેષ્ઠ મનાય છે. હાથીના જેવી હનુ એ વિપુલ બલયુક્ત પુરુષનું વિશેષણ છે.

પંચસૂક્ષ્મ: પાંચ અંગ સૂક્ષ્મ હોવાં જોઇએ: ચામડી, વાળ, આંગળીના વેઢા, દાંત અને રુંવાટી. મૃદુ અને સુંવાળી ચામડી એ આદર્શ છે. શરીરમાં હૃદયથી બીજા નંબરનો ઉપયોગી અવયવ કોઈ હોય તો તે ચામડી છે. વાળ પણ બહુ બારીક ને મુલાયમ હોવા જોઈએ. આંગળીઓના વેઢા બહુ લાંબા હોય એ ઠીક માનવામાં નથી આવતું. દાંત ઘાટીલા, નાજુક, દૂધ જેવા શ્વેત, દાડિમના શ્વેત દાણા જ્યમ ગોઠવાએલા જોઇએ. રુંવાટી-શરીર પરના વાળ ઓછા હોવા જોઇએ.

સપ્તરક્ત: આંખના ખૂણા, હાથની હથેળી, પગનાં તળિયાં, તાલુ, ઓષ્ટ, જીભ અને નખ. એ સાતે લાલ હોવાં જોઈએ. હાથ અને પગનાં તળિયાં માટે તો પાદારવિંદ કરારવિંદ વિશેષણો જ બસ છે. જીભ પણ બહુ જાડી ન હોવી જોઈએ. નખ ઉપર કાતરા કે ચીરા પડેલા ન જોઇએ.

ષડુન્નત: છ અવયવો ઉન્નત-ઊપડતા હોવા જોઇએ: છાતી, ખભા, નખ, નાક, કેડ અને મુખ. બેસી ગએલી છાતી પુરુષ માટે લજ્જાસ્પદ છે. પાટિયા જેવી મજબૂત છાતી આદર્શ પુરુષશરીરમાં હોય જ. ખભા સાંઢની કાંધ જેવા ઊંચા જોઇએ અને નખ પણ અંદર બેઠેલા ન હોવા જોઇએ.

ત્રિહ્રસ્વ: ડોક, જાંઘ અને ઉપસ્થ. આ ત્રણ કદમાં નાનાં હોવાં જોઈએ. ચરક કહે છે કે ગરદન પોતાનાં ચાર આંગળ જેટલી ઊંચી ને બાવીસ આંગળ ઘેરાવાવાળી હોવી જોઈએ. પુરુષનું લિંગ (ઉપસ્થ) પણ કદમાં નાનું (ષડઙ્ગુલદીર્ઘ પંચાઙ્ગુલપરિણાહ) હોવું જોઇએ. જાંઘ પણ ૧૮ આંગળ લાંબી અને ૧૬ આંગળ ઘેરાવાવાળી હોવી જોઇએ.

ત્રિપૃથ: કેડ, લલાટ અને છાતી, આ ત્રણ વિશાળ જોઈએ.

ત્રિગંભીર: નાભિ, સ્વર અને બુદ્ધિ ત્રણે ગંભીર જોઇએ.

આ બત્રીસ લક્ષણો ઉપર વિગતો લખવા બેસીએ તો ગ્રંથ ભરાય. પણ આવા બત્રીસ લક્ષણા (એટલે કે આદર્શ શરીરવાળા) પુરુષો અને આવા પ્રમાણવાળાં શરીરો જે દેશમાં વિશેષ હોય તે દેશમાં આયુષ, બલ, ઓજ, સુખ, ઐશ્વર્ય, ધન અને બીજા ઇષ્ટ ભાવો અવશ્ય હોય જ. (ભિષગ્ભારતી) —બા. ગ. વૈદ્ય

સમુદ્રમાં મીઠું પાણી

ખારા સમુદ્રમાં મીઠું પાણી હોઈ શકે?

હા, એ શકયતા છે. વિશાળ નદીઓ સમુદ્રમાં પડે ત્યાં માઇલો સુધી સમુદ્રમાં મીઠું પાણી હોય છે, ખાસ કરીને ઓટના સમયે. દા. ત. ગંગા-બ્રહ્મપુત્રનાં મુખો સુંદરવનમાં થઇને સમુદ્રમાં પડે છે ત્યાં ઓટ સમયે મીઠું પાણી હોય છે. પરંતુ દક્ષિણ અમેરિકાની મહાનદી એમેઝોનનું ૧૦૦ માઈલ સુધી દરિયાનું પાણી મીઠું બનાવી દે છે!

બીજી શકયતા ધ્રુવ પ્રદેશના સમુદ્રોમાં બરફરૂપે મીઠા પાણીની છે. દક્ષિણ ધ્રુવખંડ કે જ્યાં દુનિયામાં વધુમાં વધુ બરફ છે. તેના ઊંચા કાંઠા ઉપરથી હિમપ્રપાત રૂપે બરફ દરિયામાં પડે છે અને અનુકૂળ સંજોગોમાં તણાયા કરે છે. આ બરફ મીઠા પાણીનો હોય છે.

મોતની સાથે નિરંતર ખેલ કરતા શ્રી વૉલ્ટર મેજરનું કાર્ય છે—બૉમ્બને નિષ્ક્રિય બનાવવાનું. તેમણે ૧૭ વર્ષની સેવામાં લગભગ ૪૮૦૦ અગ્નિ-ગોળાને 'ઠંડા' પાડ્યા છે. આ કાર્ય કરતા આજે તેમના ૧૩૭૨ સહ-કાર્યકર્તાઓએ સદાને માટે નિવૃત્તિ લીધી છે ત્યારે એવા જીવલેણ જોખમમાંથી ઊગરી તાજેતરમાં નિવૃત્ત થતા શ્રી મેજરનું હેમ્પબર્ગમાં ભવ્ય સમ્માન થયું હતું. —ઈન્દ્રા



આ માસ (જુલાઈ) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : હેન્રી ડૅવિડ થૅારો

અમેરિકાના ઈતિહાસ, સંસ્કાર કે વિકાસમાં ન ભૂંસી શકાય એવી છાપ અંક્તિ કરી જનાર



વ્યક્તિવિશેષોમાંના એક તરીકે, ન્યૂ યૉર્ક યુનિવર્સિટીના કીર્તિ-ખંડમાં હમણાં જેમની સોમી મૃત્યુતિથિએ કાંસ્ય-પ્રતિમા મુકાઈ એ હેન્રી ડૅવિડ થૅારોનું વ્યક્તિત્વ વિવિધ લાક્ષણિકતાઓના એક અજબ સંયોજનસમું હતું.

બોસ્ટન નજીક કૉન્કૉર્ડ મુકામે ઇ. ૧૮૫૭ની ૧૨મી જુલાઇએ એમનો જન્મ થયો. પત્ની અને ત્રણ બાળકોના ભરણપોષણ માટે પિતા પેનસિલો બનાવવામાં સખત મહેનત કરતા. સોળ વર્ષની વયે હેન્રીએ લૅટિન, ગ્રીક, ફ્રેંચ અને અંકગણિતનું સંગીન જ્ઞાન મેળવી લીધું ને તે પછી હાર્વર્ડ વિદ્યાપીઠમાં જઈ અંગ્રેજી, જર્મન અને ઈટાલિયન સાહિત્ય તથા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી ઈ. ૧૮૩૭માં સ્નાતક થયા.

હાર્વર્ડ છોડયા પછી પોતાના ભાઇ જૉન સાથે એમણે એક શાળા શરૂ કરી, વ્યાખ્યાન આપ્યાં ને અવારનવાર લેખો પણ લખવા માંડયા. જૉનના અવસાન પછી તેઓ ઈમર્સન સાથે જઈ રહ્યા. ત્યાં કેટલાક અગમ્યવાદી યુવાન તત્વજ્ઞોના પરિચયથી અનુભૂતિથી યે પર એવા ચમત્કારો વિષેની માન્યતાની એમના પર ઊંડી અસર પડી. પરિવર્તન ઝંખતું એમનું મન નિરાંતે વિચારી શકે, પ્રકૃતિનો 'અભ્યાસ કરી શકે ને લખી શકે એવા કોઇ એકાંત સ્થળને ઢૂંઢવા લાગ્યું.

૧૮૪૫માં એમને એવું આદર્શ સ્થળ મળી ગયું. કૉન્કૉર્ડ નજીક વૉલ્ડન સરોવરને કાંઠે એક ઝૂંપડી બાંધીને ત્યાં જ રહી એમણે પ્રકૃતિની સાથે તાદાત્મ્ય સાધવા માડયું 'જીવનને જેની સાથે કશી લેવાદેવા ન હોય એવી બધી વસ્તુઓ ફગાવી દેવા' જેટલી સાદાઈને એમણે અપનાવવા માંડી. એમના આ અનુભવને એમણે 'વૉલ્ડન ઓર લાઇફ ઇન ધી વુડ્'માં રજૂ કર્યા છે. એ પુસ્તકને એ વખતે તો બહુ સારો આવકાર નહોતો મળ્યો, પણ પાછળથી એક ચિરંજીવ સાહિત્યકૃતિ તરીકે એને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી. એમાં ઠેરઠેર ભારતીય સાહિત્યના ઉલ્લેખો છે. આવું જ એક બીજું પુસ્તક 'એ વીક ઑન ધી કૉન્કૉર્ડ ઍન્ડ મૅરીમેક રીવર્સ' પણ એમણે લખ્યું હતું. એની પણ એ વખતે તો માત્ર ૩૦૦ નકલ જ વેચાઇ, પરંતુ આજે એમનાં એ બે જ પુસ્તકો પણ એમને જગવિખ્યાત બનાવવા માટે પૂરતાં છે. 'સવિનય કાનૂનભંગ' વિષે એમણે એક નિબંધ લખેલો. અન્યાયી રાજવહીવટ સામે સવિનય અસહકાર કરવાનો સૌ પ્રથમ વિચાર એમણે એમાં રજૂ કર્યો. પોતે ચુસ્ત પ્રોટેસ્ટંટ હતા, સાથોસાથ સર્વ ધર્મ પ્રત્યે સહિષ્ણુ હતા; પરંતુ અન્યાયી સત્તા સામે સવિનય પ્રતિકારના પ્રખર હિમાયતી હતા. અન્યાયી લાગતા કર ભરવાને બદલે એમણે જેલવાસ પણ ભોગવ્યો. એમના આ નિબંધે જ ટૉલ્સ્ટોયને અને ગાંધીજીને 'અસહકાર'ની લડતોની પ્રેરણા આપેલી. એ નિબંધમાં એમણે બધી વ્યક્તિઓ પ્રત્યે ન્યાયી વર્તન રાખતી સરકારની કલ્પના કરી છે.

જિંદગીનાં પાછલાં વર્ષોમાં એમણે પ્રવચનો આપ્યાં, નિબંધો લખ્યા ને સર્વેયર તરીકે કામ પણ કર્યું. ગુલામી વિરોધી આંદોલનોમાં સક્રિય ભાગ પણ લીધો. ગુલામી વિરોધી કૅપ્ટન જૉન બ્રાઉનની ધરપકડ થઇ ને તેમના પર કામ ચાલ્યું ત્યારે 'કૅપ્ટન જૉન બ્રાઉન માટેનું બચાવનામું' લખીને એમણે જ સૌ પ્રથમ જાહેરમાં એની તરફેણ કરેલી.

ઈ. ૧૮૬૦માં એમને ક્ષય થયો ને ઈ. ૧૮૬૨ની ૬ઠ્ઠી મેએ એમનું અવસાન થયું. અંતકાળ વખતના એમના કેટલાક ઉદ્‌ગારો બહુ વિખ્યાત થએલા છે.

તત્ત્વવેત્તા, સંત, પ્રકૃતિપ્રેમી, બળવાખોર, અમેરિકન ડાયોજિનીસ, પ્રકૃતિના કવિ, સ્વાતંત્ર્યના ફિલસૂફ, નિસર્ગયોગી, ક્રાંતિકારી વ્યક્તિવાદી ઈત્યાદિ અનેક વિશેષણોથી એમને વધાવવામાં આવે છે, પણ આ બધાંમાં ઈમર્સને આપેલી અંજલિ કદાચ સૌથી વધુ શ્રેષ્ઠ છે : 'ઉદાત્ત સમાજ માટે એમનો આત્મા સર્જાયો હતો. જ્યાંજ્યાં જ્ઞાન છે, સદ્‌ગુણ છે, સૌંદર્ય છે ત્યાં એમનો વાસ છે.'

પ્રસંગવિશેષ : નવાબ સિરાજુદ્દૌલાની કતલ, ૨જી જુલાઈ ઈ. સ. ૧૭૫૭

નવાબ સિરાજુદ્દૌલાએ કલકત્તા લીધા પછી એક વરસે ઇ. ૧૭૫૭ના જૂનની ૨૩મીએ માત્ર હિંદનું જ નહિ પણ એશિયાના લગભગ અડધા ભાગનું ભાગ્ય પરિવર્તન કરનારું પલાશીનું યુદ્ધ થયું. ઓચિંતા વરસાદને લીધે દારૂગોળો નકામો થઈ જતાં નવાબના ઉમદા અમલદારો મીર મદન, બહાદુરઅલીખાં, નૌવેસિંગ હઝારી વગેરે ખપી ગયા. કુરાનના સોગંદ પર નવાબને ધરપત આપનારો મીર જાફર મૂળથી જ અંગ્રેજોનો મળતિયો હોઈ અણીને વખતે ફરી બેઠો ને નવાબને યુદ્ધભૂમિ છોડી મુર્શિદાબાદ નાસી જવું પડ્યું. ત્યાંથી તે પોતાની સહાયે ફ્રેન્ચ સૈનિકો લઈ આવતા મિ. લૉને મળવા મહેલમાંથી દરવિશના વેશે ભાગ્યો, પણ એક બગીચામાં કોઈ ફકીરે એને ઓળખી કાઢી મીર જાફરને બાતમી આપી. નવાબ પકડાયો ને એને મુર્શિદાબાદ લઈ ગયા. ત્યાં એ જ રાત્રે એટલે કે બીજી જુલાઇએ મીર જાફરના પુત્ર મીર મીરનના હુકમથી એની કતલ કરી નાખવામાં આવી. ક્લાઈવની કૂટનીતિનો વિજય થયો. મીર જાફર નવાબ બન્યો. અનેક અંગ્રેજોને ધન મળ્યું અને બંગાળાની મસનદ પરથી નવાબને દૂર કરવામાં સૌથી વધુ સહાયરૂપ થઈ પડેલા પંજાબી વેપારી અમીચંદને શરત મુજબ કશું જ ન મળતાં એ ગાંડો થઈ ગયો. દોહળી પડી ગએલી મોગલાઈમાં અંગ્રેજોએ બંગાળામાં આ રીતે પોતાની સત્તા જડબેસલાખ કરી દીધી, જ્યાંથી ભવિષ્યમાં તેમણે હિંદુસ્તાન આખાને પચાવી પાડ્યો.

શતરંજ

1…Q × Bch (અહીં તેનો વિચાર હતો 2 Q × Q, R–R6; 3 K–N3, R × Q ch; 4 K × R. અને હવેની રમત કાળો સહેલાઇથી જીતે).

2 Q × Q, R–R6. (યોજના પ્રમાણે જ) પણ હવે સફેદ પાસે એક સુંદર ચાલ છે જે તેને હારમાંથી ઉગારી લે છે.

3 K–R4. હવે જો કાળો વજીરને હાથીથી મારે તો Stale mate થાય અને ન મારે તો હારે માટે 3…R × Q Stalemate.

હારવાની અણી ઉપર હોય તે ખેલાડી માટે આ સિવાય રમત ડ્રૉમાં લઈ જવા માટે બીજો રસ્તો છે, કાયમી શેહ. આનો દાખલો આપણે (સપ્ટે. ૬૧ના અંકમાં પૃ. ૩૩૭ ઉપર) જોઈ ગયા છીએ.

સુધારો : માર્ચના અંકમાં રાજાના ફૉર્કના બે ઉદાહરણોમાંથી એકમાં (જમણી બાજુનામાં) જ્યાં ઘોડાનું મહોરું છે ત્યાં હાથી જોઇએ.


> કબીર ધીરજ કે ધરે, હસ્તિ સવા મન ખાય;
> એક ટૂક કે કારને, શ્વાન ઘરોઘર જાય.
>
> —કબીર

ખેડામાં કપાસ ખરીદવા આવેલા એક જાપાની વ્યાપારીએ હિસાબ કરવા ખિસ્સામાંથી એક નાની પેન્સિલ કાઢી. અકસ્માત તે હાથમાંથી પડી ગઈ ને ઘણી શોધ કરતાં ન મળી. પાસે ઊભેલા ગૃહસ્થે એને પોતાની પેન્સિલ આપી, પણ જાપાનીએ તરતતે પરનું નામ વાંચી તેને પાછી આપી, કેમકે તે જાપાનમાં બનેલી ન હતી. એ જ વખતે એણે બજારમાંથી જાપાની પેન્સિલ મંગાવી ને એ વડે જ લખ્યું.

અનેકાર્થી શબ્દ: **થાપ**=જોરથી હાથ મારવો તે; ઝાપટ કે તમાચો; થેપ કે રથ્થડ; નરઘાં ઉપર વગાડાતો ઠેકો; નિશાન; છાપ; નુકસાનમાં આવી જવું તે; પચાયત; છેતરપિંડી; ગર્વ કે અભિમાન; પ્રતિષ્ઠા કે માન; કદર; મોજની છોળ; લીંપણ ઉપર હાથ મારવો તે; શપથ; સ્થિતિ; જમાવ; ઠરાવ.

ચોમાસામાં ભીના જોડામાં નકામાં છાપાંના ડૂચા ઠાંસીને ભરી રાખવાથી વહેલા સુકાશે ને કુમાશ પણ નહિ જાય.

ઘોડાને જેમ એક જ ખરી યા આંગળું છે, તેમ ઊંટને બે, ગેંડાને ત્રણ, હિપોને ચાર અને હાથી, માણસ વગેરેને પાંચ આંગળાં છે.



CENTENARY
HIGH COURT OF CALCUTTA
1862 - 1962

આ માસની પહેલી તારીખે કલકત્તા હાઈકોર્ટની સ્થાપનાની શતવર્ષી નિમિત્તે ભારતે બહાર પાડેલી નવી ટિકિટના ફર્સ્ટ-ડે કવર ઉપરનું આલેખન: જેમાં હાઈકોર્ટનું મકાન, ન્યાયની તુલા અને ભારતની રાજ્યમુદ્રાનું પીપળપાન આકારની બૌદ્ધ સ્થાપત્યની બારીની આકૃતિમાં સુશોભન-સંયોજન છે.


ગણિતગમ્મત

$\frac{૧}{૩}$ + ૫ + ૭૯ $\frac{૨}{૬}$ + ૮૪


સરવાળાની ઉપરની બે રકમોમાંની પહેલીમાં બધા જ એકી અંક (૧, ૩, ૫, ૭, ૯) અને બીજી રકમમાં બધા બેકી અંક (૨, ૪, ૬, ૮) એકેક જ વાર અને એવી ખૂબીથી વાપર્યા છે કે તે બંને રકમોનો જવાબ (સરવાળો) એક જ સરખો આવે છે: ૮૪$\frac{૧}{૩}$!

કહેવતોના અર્થ: 'દીઠા દેવ ને પહોંચી જાત્રા'—યાત્રાએ નીકળેલો માણસ દર્શન કરવા માત્રથી યાત્રા પતી ગયાનો સંતોષ લે, એ ઉદાહરણ પર રચાએલી આ કહેવત બે રીતે અર્થગર્ભ છે: ૧) પોતાનું કામ પતી ગયે, સ્વાર્થ સરી ગયે માણસ જે ઉપેક્ષા બતાવે છે તે દર્શાવવા માટે; અને ૨) કોઈ મોટી જણાતી વ્યક્તિ કે ભાવના અંગે પોતાનો ભ્રમ ભાંગતાં થતી નિરાશા કે ઉદાસીનતાનો ભાવ દર્શાવવા માટે.

જમણો હાથ ડાબા હાથ કરતાં વધુ સક્રિય છે ખરો, પણ ઠંડી-ગરમી વગેરે તો ડાબો હાથ જ વધુ કળી શકે છે!



કલાકણિકા: કાગળ કાપવાની છરીઓમાં પણ માનવે કલાનો પ્રસાદ પહોંચાડયો છે, તેની પ્રતીતિ આ સાથેના સાત વિશિષ્ટ ઘાટ ને તેનાં પરનાં સુશોભનો કરાવે છે. આ છરીઓ બંને બાજુ બુઠ્ઠીધારવાળી ને સળંગ એક જ ધાતુની યા હાથીદાંત કે ચંદનકાષ્ઠની બને છે એ તો જાણીતું છે.



વણઝારો

કલાકાર
પીરાજી
સાગરા

મુક્ત હાથની જોરદાર શૈલીથી પાત્રની અને એની વેશભૂષાની લાક્ષણિકતાને પ્રશસ્તરીતે ઉપસાવતી કૃતિ (બ્લૉક: ગુજરાત રાજ્યના સૌજન્યથી)





સંસાર-સોપાન

ફોટોકલા : ઝવેરીલાલ દલપતરામ મહેતા

સંસારનાં બે સોપાન – લગ્ન અને પ્રથમ શિશુનો જન્મ – નું મંગલ અને પ્રસન્ન આલેખન